

# વિહળ દર્શન

**પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર**
**મહંતશ્રી નિર્મળાબા ઉનડબાપુ**

## પૂ.શ્રી વિસામણબાપુની જગ્યા - પાળિયાદ

**તા.,જિ.બોટાદ.**
**મો.૮૪૬૯૧૦૪૦૪૦, ૮૭૫૮૧૦૪૦૪૦**

# વિહળ દર્શન

|| વિમોચન ||
પૂ.શ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે
શ્રી રામકથા
તા.૨૮-૧-૨૦૧૭ થી તા.૫-૨-૨૦૧૭

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી-૨૦૧૭ (વસંતપંચમી)

પ્રત : ૫૦૦૦

લેખક : દેવપ્રસાદ જોશી

:: પ્રકાશક ::
પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
મહંતશ્રી નિર્મળાબા ઉનડબાપુ
પ.પૂ.શ્રી વિસામણબાપુની જગ્યા, પાળિયાદ
તા.,જિ.બોટાદ
મો.૮૪૬૯૧૦૪૦૪૦, ૮૭૫૮૧૦૪૦૪૦

:: પ્રેરક ::
પૂ.શ્રી ભયલુબાપુ

:: મુદ્રક ::
હરિ:ૐ ઓફસેટ
પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૨૪૨૧૯૧૯૭



## મહંત સ્થાનેથી....

પૂ.વિસામણબાપુની જગ્યા - પાળિયાદ લાખો ભક્તોની આસ્થા ધરાવતું તીર્થસ્થાન છે. આ ઉજળી પરંપરા દ્વારા ભજન, ભોજન અને જનહિતના અનેક કાર્યો દ્વારા તેમજ ગાદી પર બીરાજતા મહાપુરૂષો દ્વારા ઉચ્ચ આચરણથી અનેક ભક્તો ત્રિવિધ તાપથી મુક્ત બની પ્રભુ પરાયણ જીવન જીવતા થયા. આ ઉજળી આધ્યાત્મિક પરંપરા માટે લોક જીભે અનેક કથાઓ, ગીતો, દુહાઓ દ્વારા ઠાકરના ચરિત્રો અને પરચાઓ ગવાતા હોય છે. અનેક જિજ્ઞાસુઓને આ જગ્યાના ઈતિહાસ માટે જિજ્ઞાસા પણ હોય તે સ્વાભાવિક છે, સૌ ભક્તોને અને જિજ્ઞાસુઓને પૂ.શ્રી વિસામણબાપુથી લઈ આજ પર્યંત વર્તમાન સમય સુધીના ઈતિહાસ અને પરંપરાનો પરિચય થાય એવા શુભ હેતુથી "વિહળ દર્શન" પ્રકાશીત થઈ રહ્યું છે એનો આનંદ છે.

"વિહળ દર્શન" માંથી પ્રેરણા મેળવી માનવ વધુ શ્રધ્ધાવાન, સદાચારી અને પ્રભુ પરાયણ બને એવી મંગલભાવનાઓ સાથે સૌને પરમ કૃપાળુ પરમાત્માશ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકરશ્રી વિહળાનાથના આશીષ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...

|| જય વિહળાનાથ ||

**પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર**
**મહંતશ્રી નિર્મળાબા ઉનડબાપુ**
**મહંતશ્રી,**
**પૂ.શ્રી વિસામણબાપુની જગ્યા - પાળિયાદ**

# પ્રસ્તાવના...

લોકોની શ્રધ્ધા અને આસ્થાનું જીવતું જાગતું પ્રતીક એવી આપા વિસામણબાપુના ભક્તિકર્મથી નિર્માણ પામીને આજ સુધી ધર્મ સેવાના કાર્યોમાં ઉત્તરોત્તર આગળ વધતી "પૂ.શ્રી વિહળાનાથની જગ્યા - પાળિયાદ" વિશે પુસ્તકનું પ્રકાશન કરવાનું નક્કી થયું ત્યારે મને આ દિવ્યકાર્ય સાથે સાંકળવાનો યોગ થતા ખૂબ જ પ્રસન્નતા અનુભવી.

સંતો નિર્વાણમાર્ગે સંચર્યા પછી પણ તેમની ચેતના બ્રહ્માંડમાં છવાયેલી રહે છે અને આ ચેતના તેમના ભક્તોના કાર્યમાં બળ પુરી તેમને રક્ષતી રહે છે.

આપા વિસામણના સમયથી અસ્તિત્વ ધરાવતી અને વિકસતી જતી આ સંસ્થા માટેનું કંઠોપકંઠ સિવાય કોઈ વિશેષ સાહિત્ય ઉપલબ્ધ થઈ શકે તેવું નથી, પરંતુ આપણા સદ્દભાગ્યે પૂ.ઉનડબાપુએ એક પ્રકાશન "શ્રી વિસામણ ચરિત્ર" નામથી સંવત -૨૦૧૪, વસંત પંચમીના દિવસે કર્યું હતું, જે ઉપલબ્ધ હતું. આ પુસ્તક વઢવાણના શ્રી છ.અ.રાઠોડે લખેલ છે. જેમાં શક્ય ઉપલબ્ધ પ્રસંગોનો સમાવેશ કરાયેલ છે. જેનો સંદર્ભ મને ખૂબ ઉપયોગી નીવડ્યો છે. આ લેખકનો હૃદયપૂર્વક આભાર માનવાની હું અહીં તક લઉં છું, એમનો હું ઋણી છું.

આ ઉપરાંત ટૂંકા સમયમાં જ પુસ્તકને પ્રકાશિત કરવાનું હોઈ મારો કાર્યબોજ ઉંમર થઈ હોવાથી વધી ગયો. જેમ જેમ કાર્ય આગળ ધપાવતો ગયો તેમ તેમ જાણે કોઈ હાથ પકડીને મને લખાવતું હોય એમ શબ્દો આવતા ગયા, વાક્યો રચાતા ગયા, અર્થ સમજાતા ગયા, પ્રકરણો લખાતા ગયા અને હું સાવ હળવાશ સાથે લખી શક્યો તેનો મને પરમ સંતોષ છે.

"શ્રી વિસામણ ચરિત્ર"માં એ સમયની ભાષાનો ઉપયોગ લેખકે કરેલ છે. જે તે સમયે બોલ ચાલની ભાષા હતી. વર્તમાન સમયમાં મને વિચાર આવ્યો કે કોઈપણ વ્યક્તિ સરળતાથી સમજી શકે એ માટે અનિવાર્ય ન હોય ત્યાં શુધ્ધ ભાષાનો ઉપયોગ કર્યો.

આજે લોકોને જીજીવિષાની દોડમાં સમય મળતો નથી એટલે મોટા ગ્રંથો વાંચનાર ઘટતા જાય છે. મોટા ભાગની માહિતી જ્યારે જોઈએ ત્યારે ઈલેક્ટ્રોનિક મિડીયાના માધ્યમોમાંથી મળી રહે છે, આથી બહુ લંબાણ કરવાનું ટાળ્યું છે. મહત્વ અનુસાર વિગતો વાચકને સુખકર લાગે એવો પ્રયાસ કર્યો છે.

આ પુસ્તક ધર્મગ્રંથની રીતે માર્ગદર્શક બની રહેશે તો સૌથી વધુ પ્રસન્નતા મને થશે.

"ધર્મના બળ સિવાય ટકી શકાય" એમ કોઈ કહેતું હોય તો એ ઈશ્વરીય શક્તિનો અનાદર છે. નૈતિકતાના માર્ગે દોરી જનાર ધર્મથી સબળ કોઈ પરિબળ આ જગતમાં નથી.

શક્તિ, મતિ અને સામર્થ્ય અનુસાર શબ્દો વહાવ્યા છે. એમાંથી કોઈ અંજલિ કોઈ ભક્તિહૃદયને

પાવન કરી જાય તો એ પૂ.વિહળાનાથની કૃપા સમજશો.

શ્રી નાનાભાઈ જેબલિયા, શ્રી બટુક મહારાજ અને અન્ય જે કોઈ મને માહિતી અને માર્ગદર્શન આપવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગી થયા છે તેમનો સૌનો આભારી છું. જગ્યાના સેવકો અને ભક્તોને જય વિહળાનાથ...

અંતમાં વર્તમાન ગાદી શોભાવતા મહંત પૂ.શ્રી નિર્મળાબાના ચરણોમાં ભાવવંદના કરતા ગૌરવ અનુભવું છું.

ઉપરાંત શ્રી ભયલુભાઈ કે જે આ જગ્યાના તમામ પ્રશ્નોને યોગ્ય રીતે હલ કરી, વિકાસના માર્ગે લઈ જવા નિષ્ઠાપૂર્વક રાત-દિવસ જોયા વિના શ્રમ કરે છે તે જોઈને હૃદયમાંથી સ્વયંભૂ સંસ્થા માટે દિવ્ય સદ્ભાવના પ્રગટે છે.

પૂ.વિહળાનાથ આપણા સૌના ઉપર કૃપા કરે, તેમના આરંભેલ આ ધર્મલક્ષી મહાયજ્ઞને આપણે વધુને વધુ ઉર્જાવાન બનાવવા ઠાકરને પ્રાર્થીએ...

|| અસ્તુ ||

- દેવપ્રસાદ

અધ્યક્ષ,
શ્રી આધ્યાત્મિક સંકુલ, બોટાદ.
મો.૯૪૨૬૨ ૧૧૭૬૦

તા.૪-૦૧-૨૦૧૭
બોટાદ.

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પેઈઝ નં. |
|---|---|---|
| ૧ | શ્રી રામદેવજી પ્રાગટ્ય | ૭ |
| ૨ | બાળ રામદેવજી | ૧૯ |
| ૩ | રામદેવજી વિવાહ | ૨૭ |
| ૪ | ચોપાટની રમત | ૩૨ |
| ૫ | સંત સમૈયો /સંમેલન/સમાગમ | ૩૮ |
| ૬ | સમાધિ પ્રકરણ | ૪૬ |
| | અમૃત અનરાધાર | |
| ૭ | આપા વિસામણ ચરિત્ર | ૫૩ |
| ૮ | સંતત્વ | ૬૨ |
| ૯ | ભક્તિનું ભાથું | ૭૦ |
| ૧૦ | શ્રી હનુમાનજી પ્રતિષ્ઠા | ૭૪ |
| ૧૧ | ગુરુ સ્થાન | ૭૯ |
| ૧૨ | ભક્તોના ભેરુ | ૮૫ |
| ૧૩ | રામદાસજી | ૯૯ |
| ૧૪ | શામળ બારહટ્ટ | ૧૦૪ |
| ૧૫ | સત્સંગ સુધા | ૧૧૪ |
| ૧૬ | માંડવધાર અને કેટલાક પ્રસંગો | ૧૨૬ |
| ૧૭ | ત્રિનેત્રેશ્વર - તરણેતર | ૧૩૮ |
| ૧૮ | સત્યનો જય | ૧૪૫ |
| ૧૯ | અઘોરી | ૧૫૦ |
| ૨૦ | રામમંદિર | ૧૫૫ |
| ૨૧ | મહાપ્રયાણ | ૧૬૦ |
| ૨૨ | પ.પૂ.શ્રી લક્ષ્મણજી મહારાજ | ૧૬૮ |
| ૨૩ | પ.પૂ.શ્રી મોટા ઉનડબાપુ | ૧૮૩ |
| ૨૪ | પ.પૂ.શ્રી દાદાબાપુ | ૧૮૪ |
| ૨૫ | પ.પૂ.શ્રી ઉનડબાપુ | ૧૯૧ |
| ૨૬ | પ.પૂ.શ્રી અમરાબાપુ | ૧૯૫ |
| ૨૭ | પ.પૂ.મહંતશ્રી નિર્મળાબા | ૧૯૮ |
| ૨૮ | બાળ ઠાકરશ્રી પૃથ્વીરાજબાપુ | ૨૦૨ |
| ૨૯ | શાસ્ત્રસાર | ૨૦૩ |

## શ્રી રામદેવજી પ્રાગટ્ય

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમ્ ધર્મસ્ય સંભવામિ યુગે યુગે ॥
- શ્રીમદ્ ભાગવદ્ ગીતા

કરોડો વર્ષોથી આ વિશ્વનું અસ્તિત્વ છે. અનેક સજીવો આ સૃષ્ટિ ઉપર આવે છે અને જાય છે. કોઈ પોતાના જીવનકાર્યથી વિશ્વને શાંતિ આપે છે તો કોઈ વિશ્વને હચમચાવી નાખે તેવી દુષ્ટતા પ્રગટ કરે છે. જગતમાં બે પ્રકારનાં માણસો હોય છે : એક જગતને પ્રેમ કરનાર અને બીજા જગતને પીડનાર. કહેવાય છે કે નબળું હોય ત્યારે જ સારાની કિંમત થાય.

જગતનું સંપૂર્ણ સંચાલન કર્મને આધિન હોય છે. કર્મફળ રૂપે સજીવો જન્મે છે, ફળ ભોગવે છે અને જીવનલીલા સંકેલે છે. કરોડો મનુષ્યો જન્મ - મૃત્યુના આ ચકડોળમાં ફરી રહ્યાં છે. જેમાંથી આજે આપણે કેટલાકને જ યાદ કરીએ છીએ. આપણે કોને યાદ કરીએ છીએ ? જેમનું જીવન દિવ્યતાથી ભરેલું હોય. આપણે કોને ભૂલી જઈએ છીએ ? જે પશુવત જીવન જીવી મૃત્યુની ગોદમાં સમાઈ ગયા હોય.

ભારત ભૂમિ દેવભૂમિ કહેવાય છે. તેમાં પણ રાજસ્થાન અને સૌરાષ્ટ્ર પ્રદેશ ભક્ત શિરોમણીઓના જીવન દૃષ્ટાંતોથી ભર્યા ભર્યા પ્રદેશ તરીકે વિશ્વ વિખ્યાત છે.

આપણો આ ચરિત્રગ્રંથ રાજસ્થાનથી શરૂ થઈ સૌરાષ્ટ્રની રસદાર અને કસદાર પંચાળ ભોમકા સુધી વિસ્તરે છે. અરાજકતા અને યવન આક્રમણોથી ઘેરાયેલા સમયમાં નરબંકાઓએ દેશને બચાવવા કરેલા વીરતાપૂર્ણ યુદ્ધોના ઈતિહાસથી રાજસ્થાનનો પ્રદેશ ગૌરવવંતો બની રહ્યો છે.

આવા કપરાકાળમાં તુંવરકુળના સૂર્યવંશી રાજા અજમલજી પોકરણ ગઢના જાગીરદાર હતાં. તેઓ જોધપુર પાસે બાલનાથજી નામના સંતમાં અડગ શ્રદ્ધા ધરાવતા હતાં. રાજા અજમલજી અવાર નવાર ૬૦ કોસ દૂરના તેમના ડુંગર ઉપરના નિવાસે જઈ સત્સંગ - સેવા કરી પાછા પોકરણ આવતા. બાલનાથના ડુંગરે થયેલા વિષ્ણુયાગમાં હાજરી આપી અજમલજી સંતને પ્રણામ કરી પોકરણગઢ માટે નીકળવા તૈયાર હતાં. પોકરણ નરેશ અજમલજી તથા તેમના નાના ભાઈ રણમલજી બંને સંતની રજા લેવા સંત સામે જઈ ઉભા રહ્યાં.

સાયંકાળનો સમય હતો. બંનેએ સંતને વંદન કરી વિદાય માગી. સંત બાલનાથે આશીર્વાદ આપતા કહ્યાં : "તુંવરાજી ! સંભાલકર ખબરદારી સે જાના."

અજમલજી બોલ્યા : "બાપજી હમ ખબરદાર રહેંગે ઔર ફીર આપ કે આશીર્વાદ હે।"

જોધપુરથી પોકરણ સુધીનો રસ્તો રાતભર ઘોડા ચલાવવા પડે તેટલો હતો. બંને ભાઈઓએ ઘોડે ચડી એડી અડાડતા જ જાતવાન અશ્વો પવનવેગથી ચાલી નીકળ્યા. ધીમે ધીમે રાત્રિનો અંધકાર પ્રસરવા લાગ્યો. બંને અશ્વો એકબીજા સાથે હોડ રમતા હોય તેમ ગતિપૂર્વક દોડી રહ્યાં હતાં. મધ્યરાત્રિ સુધીમાં અશ્વોએ અડધાથી ઉપરનો પંથ કાપી લીધો. બંને ભાઈઓ થોડો સમય ઘોડાને વિશ્રામ આપી પોતે પણ વિશ્રામ કરવાનું વિચારતા હતા. ત્યાં ઘોડાઓના કાન ચમક્યા. ઘોડા હણહણતાં બંને ભાઈઓ ખબરદાર થઈ ગયા. આજુબાજુ નજર કરતાં એક જળાશય નજરે ચડ્યું. વિશ્રામ યોગ્ય સ્થળ લાગતા ઘોડાઓને જળાશય પાસે થોભાવ્યા. પરંતુ અશ્વો ઉભા રહેતા નથી ; અને આગળ પણ ચાલવા તૈયાર નથી. એટલી જગ્યામાં જ આમતેમ ગુલાંટ મારતા રહે છે. અસવારોને થયું કે ચોક્કસ આગળ કોઈ જોખમ છે. ઘોડાઓને થોડા આડે માર્ગે ચલાવતા પોતાના હથિયાર સજ્જ કરી લીધા. ઝીણી નજર નોંધતા એક વૃક્ષ પાસે કાળમીંઢ પત્થર જેવી આકૃતિ જોવા મળી. જે ધમણની જેમ હાંફતી હતી. બંને ભાઈઓ સમજી ગયા કે તે આકૃતિ બીજા કોઈની નહીં પરંતુ પ્રજાને રંજાડતા ભૈરવ નામના રાક્ષસની હતી. અણસારમાં બંનેએ નક્કી કરી લીધું કે આજ આ ભૈરવનો કાંટો કાઢી નાખી પ્રજાને નિર્ભય કરવી. બંને અશ્વોને એ વૃક્ષ તરફ દોડાવતા તેની ઓથે બેઠેલ ભૈરવ મુઠ્ઠીઓ વાળીને ભાગ્યો. તેના પડછંદ શરીર પર રાય રણમલજીએ નિશાન લઈને ભાલો ફેંક્યો. રાક્ષસની સાથળ ચીરીને ભાલો વૃક્ષ પાસે પડ્યો. એક ભયંકર દર્દનાક ચીસ પાડીને ભૈરવ ભાગ્યો. બંને ભાઈઓએ પાછળ ઘોડા દોડાવ્યા. ભૈરવ ભયના માર્યો એટલી ઝડપથી ભાગ્યો કે ઘોડા પણ તેને પહોંચી શક્યા નહીં. છેવટ એક પર્વતની ગુફામાં તે સંતાઈ ગયો. અશ્વો ત્યાં પહોંચી શકે તેમ ન હોવાથી અને રસ્તો વિકટ હોવાથી બંને ભાઈઓએ જોખમ ન લેતા આટલેથી સંતોષ માન્યો. ભૈરવ રાક્ષસને રાત્રિનો અંધકાર અને ગુફાનો આશ્રય મળવાથી જીવનદાન મળી ગયું. પોકરણ પહોંચવામાં મોડું થશે એ ભાવથી તેને ગુફામાં જ છોડીને બંને ભાઈઓએ પોકરણના રસ્તે અશ્વોને દોડાવી મૂક્યા.

પ્રાતઃકાળની ગુલાબી ઉષાના કિરણો પૃથ્વીને અજવાળવા ઉમંગભેર પૃથ્વી પર ઉપર વિસ્તરી રહ્યા હતા. પક્ષીઓ પોતપોતાના માળામાંથી પાંખો ફફડાવતા આકાશને પોતાની હાજરીની જાણ કરાવતા હોય તેમ કિલકારીઓ કરતા ઉડી રહ્યાં હતાં. પનિહારીઓ વહેલી સવારે ઉટકેલા ચળકતા બેડા મસ્તક ઉપર ધારણકરી કૂવાકાંઠા તરફ ઉતાવળી ચાલે જઈ રહી હતી. સૂર્યના કિરણોએ થોડું તેજ ધારણ કર્યું. ત્યાં સુધીમાં બંને અશ્વસવાર ભાઈઓ પોકરણગઢના મુખ્ય દરવાજેથી ગામમાં દાખલ થયાં. અજમલજીનો અશ્વ રાજા હોવાથી આગળ ચાલી રહ્યો હતો. રણમલજી મોટાભાઈને અનુસરી રહ્યા હતા. સવારનો સમય હોવાથી રખેહર દંપતિ (સફાઈ કરનાર) સાવરણા લઈને શેરીની સફાઈમાં લાગેલા હતાં. રાજવીને આવતા જોઈ બંનેએ હાથમાંના સાવરણા પોતાના મુખ આડે રાખી દીધા. અજમલજીએ આ દૃશ્ય જોયું અને તેનું કારણ જાણવા પોતાનો અશ્વ તેમના તરફ દોર્યો. રાજવીને પોતાના તરફ આવતા જોઈ રખેહર દંપતિ ભયના માર્યા

થરથર ધ્રૂજવા માંડ્યું. તેમની પાસે જઈ અશ્વ ઉભો રાખતા રાય અજમલજી બોલ્યા :

"અમને આવતા જોઈ તમે સાવરણાથી તમારા મુખ કેમ ઢાંકી દીધાં ?"

પ્રશ્ન સાંભળીને સફાઈ કરનાર પતિ - પત્ની બંને ભયભીત બની ધ્રૂજવા લાગ્યા.

"તમને અભયવચન આપું છું." અજમલજી બોલ્યા : "જે કારણે તમે આવું વર્તન કર્યુ તેનું સાચું કારણ કોઈપણ જાતનો ભય રાખ્યા વિના મને જણાવો."

અભય વચન મળતાં તેમણે રાજવીને ઉત્તર આપવા વિચાર્યું. દંપતિમાના પુરૂષે બે હાથ જોડી નજર જમીનમાં ખોડી રાખતા કહ્યું : "મહારાજ ! આપ તો અમારા અન્નદાતા છો. પરંતુ લોકો કહે છે કે જેમને ઘેર સંતાન ન હોય તેમનું મુખ સવાર સવારમાં જોવાઈ જાય તો દિવસ સારો ન જાય એટલે લોકવાયકાને કારણે અમે અમારી આંખો આડે સાવરણો રાખ્યો."

અજમલજીના હૈયામાં દુઃખ અને શોકનો શેરડો પડી ગયો. રખેહર દંપતિ રાજાજી શું કહે છે ? એવા ભયથી હજુ પણ મુક્ત થયું નહોતું. રણમલજી પણ સાક્ષી ભાવે આ દૃશ્ય જોઈ રહ્યા અને મોટા ભાઈ આ વાત સાંભળી શું નિર્ણય કરશે તે વિચારી રહ્યાં. અજમલજીએ અસ્વસ્થ થયેલ મનને સ્વસ્થ કરતા રણમલજીને કહ્યું : "ભાઈ રણમલ, આ દંપતિને આપણી પાછળ મહેલમાં આવવાનું કહો." રાજાના આ શબ્દો સાંભળી દંપતિ સ્તબ્ધ બની ગયું.

રાજમહેલ સુધી પહોંચતા સૌને ખબર પડી ગઈ કે રાજવી બાલનાથજીના ડુંગરેથી રાજધાનીમાં આવી ગયા છે. રાણી મીનલદે રાજવીનું સ્વાગત કરી પ્રણામ કરે છે.

રાજવી સભાખંડમાં જઈ સિંહાસન પર બિરાજે છે. ભાઈ રણમલજી તેમના આસને સ્થાન લે છે. રખેહર દંપતિ સામે હાથ જોડીને ઉભું રહી જાય છે. પોતાને અહીં બોલાવીને રાજવી શું કરવા માગે છે એ વાત તેમને હજુ સમજાતી નથી.

અજમલજીના ચહેરા પરના વિષાદના ભાવ રાણીજી વાંચી શકે છે. તેમને પણ આ પરિસ્થિતિ સમજાતી નથી. અજમલજી વિચારે છે : ઈશ્વરે બધુ આપ્યું પરંતું ગાદીવારસની ખોટ શા માટે રાખી દીધી. હે દ્વારિકાધીશ ! જો સારો ગાદીવારસ ન હોય તો રાંક પ્રજાનું શું થાય ? ચારે બાજુથી યવન લૂંટારાઓ ગમે ત્યારે ધસી આવી બિચારી પ્રજાની ધન - સંપત્તિ લૂંટી, હિંસા કરીને પીડતા રહે છે. આવા સમયે રાજા તરીકે મારી પ્રજાનું હિત વિચારવાની મારી ફરજ છે. હે પ્રભુ ! હું તો મન મનાવી લઉં પરંતુ રાજરાણીના હૃદય ઉપરનો પત્થર જેવડો ભાર મને ચિંતામાં નાખે છે. ધન - સંપત્તિ - આયુષ્ય - બળ - બુદ્ધિ આ બધું જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કામનું છે. સંસારના બધા જ બંધન દેહ સાથે જોડાયેલા છે. માણસનો સ્વભાવ આવતી કાલની ચિંતા કરવાનો હોઈ આ બધા બંધનો પીડાદાયી બને છે. આ દંપતિ ગરીબાઈમાં જીવે છે પરંતુ મને લાગે છે કે મોટામાં મોટી પીડા વંશનો વારસ ન હોય તે જ છે. પ્રભુ ! શેર માટીની ખોટ પુરાય તો અમે તારી કૃપા દૃષ્ટિના અધિકારી બનીએ.

રાજાનું વિચારયુદ્ધ અટકતું નથી. ઉદાર મનના રાજવીના મનમાં સંકલ્પ ઉગે છે કે આ દંપતિનું જીવનભરનું દારિદ્રય ફેડી નાખવું.

અજમલજી કહે છે : “ભાઈ રણમલજી ! આ બંનેને જોઈએ તે ચીજ - વસ્તુ અને ધન આપી પ્રસન્ન કરો.”

ભાઈની ઉદારતાથી રણમલજી અને મિનલદે પ્રસન્નતા અનુભવે છે. રખેહર દંપતિને સૂચના મુજબ રાજી કરવામાં આવ્યા. સમાજની માન્યતાથી કંઈ જુદું જ બની ગયું. રાજાનું મુખ જોવાથી રખેહર દંપતિની જીવનભરની ભૂખ ભાંગી ગઈ. રાજી થતાં બંને વિદાય થયા. નિઃસંતાનનું મુખ વહેલી સવારે જોવાથી આ દંપતિની તો જીવનભરની પીડા દૂર થઈ ગઈ.

રાય અજમલજી સાંજના સમયે મહેલની અટારીમાં બેઠા અસ્તાચલના સૂર્યની લાલિમાપૂર્ણ સંધ્યા ઉપર નજર સ્થિર કરી વિચારનું વલોણું ફરતું રાખી રહ્યાં હતાં. ચહેરા પર ઉદાસી છવાયેલ હતી. રાણી મિનલદે પતિને વિચારગ્રસ્ત જોઈને અટારીમાં આવતા બોલ્યા :

“શું વિચારી રહ્યાં છો ?”

અજમલજી રાણી સામે સ્નેહપૂર્ણ દૃષ્ટિ નાખતા બોલ્યા : “મિનલદે આજ મને લાગ્યું કે જેમને સંતાનસુખ મળ્યું છે તે સૌથી સુખી માણસ ગણાય. આપણે ન હોઈએ ત્યારે આપણો અંશ પૃથ્વી પર હોય તે આપણા હોવા બરાબર છે. હું જાણું છું કે તમે પણ આ સુખ ઝંખી રહ્યાં છો. મારો જાદવનાથ આપણી આ એક ખામી પુરી કરી દે તો જીવન કેટલું મીઠું લાગે ?”

રાજવીની વાત સાંભળી મિનલદેએ પણ હૃદયનું દુઃખ દબાવતા કહ્યું : “મહારાજ ! જીવનમાં બધુ આપણી ઈચ્છા મુજબ તો કંઈ થતું નથી. મને ખબર છે આપણા જીવનના આ અભાવ તો મારી જેમ જ તમારા ઉપર પણ ભાર છે. પરંતુ શ્રીકૃષ્ણની કૃપા થયે જ આપણી આ ઈચ્છા પૂર્ણ થશે. આ બાબતમાં બહુ ચિંતા ન સેવવી.”

બંને પતિ-પત્નીની આ સ્થિતિનો અણસાર જોધપુર પાસે બાબા બાલનાથજીને સમાધિ સ્થિતિમાં આવ્યો. આ તપસ્વી સંત પણ અજમલજીની ખૂબ ચિંતા રાખતા. તેમના ચહેરા પર સ્મિત ફરકી ગયું. મનોમન બોલ્યા : “યદુનાથ ! તારી લીલા પણ અપરંપાર છે. મારા આ ભાવિક ભક્તનું ભાગ્ય તે કેવું લખ્યું છે ! બધા સાધનથી તેને શણગાર્યો અને એક ખામી રાખી દીધી ? હવે બહુ થયું. પ્રભુ ! તેની અંતરની ઈચ્છા પુરી કરો.”

જ્યારે તપ પાકે છે ત્યારે જ સંતની કૃપા અવતરે છે. કહેવાય છે કે આપણી પ્રાર્થના કદાચ પ્રભુ ન પણ સાંભળે પરંતુ આપણા માટે જ્યારે બીજા પ્રાર્થના કરે ત્યારે તે પ્રભુએ સાંભળવી જ પડે છે અને તેમાં પણ જ્યારે સંત આપણા માટે પ્રાર્થના કરે ત્યારે પ્રભુ કોઈ જાતની આનાકાની કરી શકતા નથી.

આ બાજુ રાજરાણીનો સંતાન અને વંશવારસ પ્રાપ્ત કરવાનો વલોપાત અને પેલી બાજુ સંત

બાલનાથજીની પ્રાર્થનાએ પ્રભુને વિવશ બનાવ્યા હોય તેમ બાલનાથજીના હૈયે શાંતિ પ્રગટી અને પોતાના ભક્ત સેવકને સુખી થતો અનુભવ્યું.

સંધ્યા ઢળી ગઈ. રાત્રિ આરંભાઈ. રાજા અજમલજી પોતાના શયનખંડમાં શરીર લંબાવી આડા પડખે થયા છે. નેત્ર ખુલ્લા છે. એવામાં મહેલના દરવાજેથી 'અહાલેક, જય ગિરનારી'નો પડછંદ ધ્વનિ તેમના કાને અથડાયો. રાજા એકદમ ઉઠીને બેઠક ખંડમાં આવ્યા. કર્મચારી 'અહાલેક' પોકારનારને આદર સાથે પોતાની પાસે લઈ આવવા કહ્યું. રાણી મિનલદે પણ અહાલેક નાદ સાંભળી રાજા પાસે આવી બેઠા.

કર્મચારી 'અહાલેક' નાદ કરનારને રાજા પાસે દોરી લાવ્યો. એક નહીં પરંતુ ચાર - ચાર દિવ્ય તપસ્વીઓ જટા અને કોપીન ધારણ કરેલા રાજા સન્મુખ આવી ઉભા. તેમની ચરણ-વંદના કરી રાજાએ આદર સાથે આસન આપ્યા. વધુ ઉંમરના લાગતા તપસ્વી બોલ્યા : "રાજવી, હવે તમારા અધૂરા મનસુબા પુરા થવાનો સમય આવી ગયો છે. તમારી ગુરુભક્તિ, રાજભક્તિ અને પ્રજાવત્સલતાની વાત સાંભળી તમારા દુ:ખનો અંત લાવવા અમને જગદાધારે મોકલ્યા છે."

તપના તેજથી પ્રકાશિત ભાલ પ્રદેશના તેજ કિરણો સમસ્ત સભાખંડને અજવાળી રહ્યાં. રાજા-રાણી દિવ્યવાણીની પ્રસાદી માણી રહ્યા. સાદર વંદન કરતા અજમલજી બોલ્યા : "હે સંતશ્રી, આપની વાણીથી મારા સંતપ્ત મનને શાંતિ મળી. કહો, મારા માટે શું સેવા છે ?"

સંત બોલ્યા : સેવા તો તારો ધર્મ છે. રાજા પ્રજાની સેવા ન કરે તો તેનો ધર્મ લાજે. આજે તને એક આદેશ આપવા માટે અમારું આગમન થયું છે. ગંગાજળથી કાશી વિશ્વનાથને સ્નાન કરાવી અને પછી યદુનાથજીને દ્વારિકાતીર્થમાં ગંગાજળથી પ્રક્ષાલન કરવા માટેની યાત્રાનું આયોજન કરો. આમ કરવાથી તમારી દરેક મનોવાંછના પૂર્ણ થશે."

"બાપજી !" અજમલજી બોલ્યા : "આપ કહો છો તેવી યાત્રા હું ત્રણ વખત કરી ચૂક્યો છું. પણ યદુનાથે મારી સામે જોયું નથી."

રાજાની વાત સાંભળી સન્યાસી મંદ મંદ હસતા બોલ્યા : "રાજન ! આ યાત્રા તારા માટે ભાગ્ય લઈને આવી છે. માટે કોઈ સંશય વિના પ્રભુ આજ્ઞા માનીને અવશ્ય કરજે."

અજમલજીએ સંન્યાસીનો આદેશ શિરે ધારણ કરતા કહ્યું : "જેવી આપની આજ્ઞા." સન્યાસીઓની યોગ્ય રીતે આગતા સ્વાગતા કરી તેમને વિદાય આપી ત્યારે રાજા-રાણીના હૃદય આનંદથી પુલકિત થઈ ઉઠ્યા.

ચારેય સંન્યાસીઓ અજમલજીને આશીર્વાદ સાથે ફરી એકવખત દ્વારિકાની યાત્રા માટે પ્રેરણા આપીને ગયા ત્યારે બાલનાથજીના ચહેરા ઉપર તેમના સ્થાનકે બેઠા પ્રભુ માટે આભારનું સ્મિત ફરકી ગયું. ગુરુ બાલનાથજીના તપોબળથી હવે અજમલજી માટે સોનાનો સૂરજ ઉગવાનો હતો. રાય અજમલજીની આસ્થા આ સંતપુરૂષમાં એટલી દૃઢ હતી કે સંત દ્વારા તેમનું ઈચ્છિત પ્રાપ્ત થયા વિના રહે નહીં !

સંન્યાસીઓને વિદાય કર્યા પછી સંતોષનું સ્મિત વેરતા અજમલજીએ મિનલદેને સ્મિત સાથે કહ્યું : “અર્ધાંગિની, હવે આપણો ઠાકર આપની સામે જોવાનો હોય એમ મારું હૈયું હરખે છે. સંતોએ ફરી એક વખત યદુરાયના દર્શને જવા પ્રેરણા આપી તે પાછળ મારા ઠાકરની કોઈ ગણત્રી અવશ્ય હશે. ત્રણ - ત્રણ યાત્રા કરતા દ્વારિકાની આ યાત્રા જરુર વિશેષ હશે.”

રાણી મિનલદે પતિના પ્રસન્ન ચહેરા ઉપર નજર નોંધતા બોલ્યા : “મહારાજ, આપના ચહેરા ઉપરનો આનંદ જોઈને મને પણ આનંદનો અનુભવ થાય છે. આપણી અવસ્થા યાત્રા કઠીન બનાવે તેવી હોવા છતાં સંતોએ કહેલ શબ્દો પાછળ અવશ્ય કોઈ રહસ્ય હશે. આપ તેમના આદેશ અનુસાર યાત્રાની તૈયારી કરો.”

રાય અજમલજીએ રાજ્યના કેન્દ્રરુપ પ્રધાન, કારભારી, ભાઈ રણમલજી, મહત્વના શ્રેષ્ઠીઓ, રાજ્યગુરૂ સૌને બોલાવી તેમની પાસે પોતાની ઈચ્છા રજૂ કરતાં કહ્યું : “સજ્જનો, મારું અંતર કહે છે કે હજી એક વખત કાશી જઈ કાશી વિશ્વનાથનો ગંગોદકથી અભિષેક કરું. ત્યાંથી ગંગોદક લઈ સીધા જ દ્વારિકાના નાથને પણ ગંગોદક સ્નાન કરાવું. આ માટે મને સંતપ્રેરણા થઈ છે. સમય વિકટ છે. યવનોથી પ્રદેશની સુરક્ષા કરવાની છે પરંતુ તમે સૌ અનુમતિ આપી રાજ્યભાર ઉપાડી લો તો મારી યાત્રા સરળ બને.”

રાજવીની વાત સાંભળી સૌ પ્રસન્ન થયા અને રાજ્યની કોઈ ચિંતા રાખ્યા સિવાય મનમાં ઉગેલા સંકલ્પ મુજબ યાત્રાએ જવાની સૌએ સંમતિ આપી. અજમલજી સૌનો ભાવ જોઈ ગદગદિત થઈ ગયા. જરુરી તૈયારી સાથે યાત્રા પ્રારંભનો દિવસ નક્કી થઈ ગયો. રાજ્યભરમાં યાત્રાના સમાચાર વાયુવેગથી પ્રસરી ગયા. પ્રજામાં પણ આનંદ આનંદ છવાઈ ગયો.

પોકરણગઢની ગલીએ ગલી પ્રજાએ શણગારવા માંડી. રાજ્યભવનમાં યાત્રાની તૈયારીઓ આરંભાઈ. યાત્રા માટે આવશ્યક પસંદગીનાં કર્મચારીઓ. સીધુ સામાન, અન્ય સગવડો પશુઓ, વાહનો તેમજ રક્ષકોની વ્યવસ્થા ગોઠવાઈ. યાત્રાનો નિશ્ચિત દિવસ આવતાં તમામ તૈયારી સાથે યાત્રા સંઘ પોકરણગઢથી કાશી પ્રસ્થાન માટે તૈયાર થઈ ગયો. ભાવિક પ્રજાજનો સીમાડા સુધી વળાવવા ગયા અને ત્યાંથી અજમલજીના આશીર્વાદ લઈ સંઘને વિદાય આપી.

અજમલજીના હૃદયમાં આનંદના ઓઘ ઉછળતા હતા. તેઓ વિચારી રહ્યા : “મારા કેવા સદ્‌ભાગ્ય કે ગુરુની કૃપાથી ચોથી વખત દ્વારિકાધીશના ચરણોમાં મસ્તક ટેકવવાનો અવસર મને મળ્યો ! કાશી વિશ્વનાથને ગંગોદકથી અભિષેક કરવાનો આવો લ્હાવો પણ ફરી એક વખત મારા ઠાકરે આપ્યો.” રાજાની યાત્રા હજુ પ્રારંભ થઈ છે તેમનું ખોળિયું હજુ તો રસ્તામાં છે ત્યાં તેમના મન અને હૃદય કાશી વિશ્વનાથ અને દ્વારિકાધીશના ચરણોમાં પહોંચી ગયા છે.

યાત્રા અને પ્રવાસમાં ઘણો ફેર હોય છે. પહેલા યાત્રા અને પ્રવાસ બંને સમયે અનેક પ્રકારની અણધારી મુશ્કેલીનો સામનો કરવા તૈયાર રહેવું પડતું. અત્યારના સમય જેવી સગવડો ન હોવાથી ખરેખર

યાત્રા કરવી એ ઘણું કઠિન કામ હતું. અત્યારે પ્રમાણમાં વાહન અને અન્ય સગવડોને લીધે યાત્રા સરળ બની ગઈ છે. યાત્રા એક તપ હતું એવું હવે રહ્યું નથી માટે યાત્રામાં પ્રવાસનું તત્વ ભળી ગયું છે. પ્રવાસ મનના આનંદ માટે હોય છે. યાત્રા આત્મા અને હૃદયના આનંદ માટે હોય છે. હવે એટલી સગવડો યાત્રા દરમ્યાન મળી રહે છે કે તેની કઠિનતા કે જે એક તપસ્યા જેવી હતી તેવું રહ્યું નથી. સામાન્ય માણસ માટે તો પહેલા યાત્રાએ જવું એ નસીબની વાત હતી. કાચા રસ્તા, ધર્મશાળા કે મંદિરમાં રાત્રિ નિવાસ, ભોજનની અપુરતી વ્યવસ્થા, જંગલી રસ્તાઓ અને ગાડા મારગ, હિંસક પશુઓનો ભય જેવા અનેક વિઘ્નો યાત્રામાં અવરોધ ઉભો કરતાં. લાંબી યાત્રાએ નિકળેલા યાત્રાળુઓ તો વર્ષે બે વર્ષે પાછા ફરતા. કેટલાક માર્ગમાં જ દેહ છોડી દેતા. યાત્રાળુઓ જ્યારે કઠિન યાત્રામાંથી પરત આવતા ત્યારે સૌ તેમનું સામૈયું કરતા. ગંગાપૂજનની ધાર્મિક વિધિ થતી. ગામ સમસ્ત નાત-જાતના ભેદ ભૂલી સાથે પ્રસાદ લેતા. યાત્રાએ ન જઈ શકેલા લોકો યાત્રાળુઓના પગ પુજીને જાણે પોતે યાત્રા કરી આવ્યા હોય તેવો આનંદ અનુભવતાં.

પોકરણગઢથી પ્રારંભ કરી યાત્રાળુ સમુદાય કાશીની પવિત્રભૂમિ તરફ ચાલી નીકળ્યો. કાશી પહોંચતા સુધીમાં અનેક જાતની યાત્રાની કઠિનતાનો અનુભવ કરતા અને પ્રભુકૃપાથી પાર ઉતરતા સંઘ કાશી જઈ પહોંચ્યો. શિવજીના ત્રિશુલ પર ઉભેલી આ મોક્ષદાયિની નગરીનું મહાત્મ્ય બહુ ઉંચુ છે. મોક્ષ આપનાર નગરી તરીકે તે ઓળખાય છે. પ્રાચીન સમયમાં એવી દૃઢ શ્રદ્ધા હતી કે જે કાશીએ જઈને કરવત મુકાવી મૃત્યુનું વરણ કરે તેને પછી બીજો જન્મ લેવો પડતો નથી અને મોક્ષનો અધિકારી બની શિવનું સાંન્નિધ્ય પામે છે.

રાય અજમલજી પોતાના અનુચરો સાથે કાશી પહોંચીને કાશી વિશ્વનાથનો ગંગોદકથી અભિષેક કરે છે. સૌની પ્રસન્નતા ક્યાંય સમાતી નથી. કાશી એટલે શિવાલયોનું નગર. શહેરભરના તમામ શિવાલયોને ગંગોદકથી સન્માનિત કરી ગરીબ ગુરબાને દાન દક્ષિણા - વસ્ત્ર - અન્ન વગેરે વહેંચી પ્રસન્ન કરવામાં આવ્યા. જરૂર જણાય ત્યાં મંદિરનાં જીર્ણોદ્ધાર માટે દાન આપ્યું.

કાશી વિશ્વનાથ સમક્ષ હાથ જોડીને અજમલજી આર્ત સ્વરે પોતાની ઈચ્છા વ્યક્ત કરતા પ્રભુને પ્રાર્થે છે.

“હે કાશી વિશ્વનાથ ! હે મહાદેવ ! હે જગતપિતા ! તું તો સર્વજ્ઞ છે. તારાથી કાંઈ છૂપુ નથી. ભક્તના હૃદયની વાત જાણવી એ તારા માટે રમતવાત છે. આપના દર્શન પૂજન માટેની આ યાત્રા મારા જીવનની છેલ્લી યાત્રા છે. તારી કૃપાથી હવે શ્રી દ્વારિકાધીશને મળવા જવું છે. શિવ અને વિષ્ણુ તારા જ અલગ અલગ રૂપ છે. મને આ કઠિનયાત્રા પૂર્ણ કરવાનું બળ આપજે.”

ભગવાન શિવને આવી હૃદયથી વિનવણી કરી દંડવત પ્રણામ કરી અજમલજીએ ગંગોદક સાથે લઈ શિવના આશીર્વાદ સાથે દ્વારિકા તરફનો માર્ગ પકડ્યો. સકળસંઘ કાશી વિશ્વનાથનું સ્મરણ કરતાં દ્વારિકાના માર્ગે પ્રસન્નતાપૂર્વક નીકળી પડ્યો.

ક્યાં કાશી ? ક્યાં દ્વારિકા ? અને ક્યાં પોકરણગઢ ? આટલી લાંબી યાત્રા પ્રભુકૃપા અને પ્રારબ્ધ હોય તો જ મનુષ્ય કરી શકે. શ્રદ્ધા અને આસ્થા વગરની યાત્રા પ્રવાસ બની જાય છે. આપણે જાણીએ છીએ કે

પ્રવાસનું કોઈ પુણ્યફળ મળતું નથી. યાત્રા ધર્માશ્રિત બને અને હૃદયના ભાવથી જ્યારે પ્રભુ તરફ પગલું પડે ત્યારે જ માણસ પુણ્યફળનો અધિકારી બની શકે છે. પ્રવાસના હેતુથી કરાયેલ યાત્રા માત્ર દેશાટન કહી શકાય. આપણા શાસ્ત્રો યાત્રાને ધર્માચરણનો એક ભાગ માને છે.

"કનકકોટ ઝલકારા કરે માણેકરત્ન જડ્યા કાંગરે" એવા શબ્દોથી કવિએ વર્ણવેલ દ્વારિકાનગરીની ધજા - પતાકાઓ ફરફરતી જોઈ અજમલજીનું હૃદય આનંદથી નાચી ઉઠ્યું. દ્વારિકાના ગોંદરે પહોંચતા જ અજમલજીની આંખોમાંથી હર્ષના આંસુના ધોધ વછૂટ્યા. યાત્રા સંઘના બધા જ સેવકો, સૈનિકો, ભાવકોના મન પણ કૃષ્ણમય બની રહ્યા. ગોમતીના તીરે સૌ પવિત્ર સ્નાન કરીને સમુદ્રવંદના કરી દ્વારિકા નગરમાં શ્રી કૃષ્ણના "જય જયકાર" સાથે પ્રવેશ્યા. બાવનગજની ધજાને વંદન કરતા અજમલજીને કૃષ્ણદર્શન થયા હોય તેવું સુખ સાંપડ્યું. દ્વારિકાની શોભા નિહાળીને સૌ આનંદ અનુભવી રહ્યા. યોગ્ય સ્થાને સમગ્ર ઉતારા વ્યવસ્થા ગોઠવી રાય અજમલજી એક હજૂરીને સાથે લઈ, પૂજા સામગ્રી, પ્રસાદ અને ગંગાજળ સાથે શ્રી કૃષ્ણદર્શનની ઉત્કૃષ્ટ ઈચ્છા સાથે ઉંચા પગથિયા ચડીને મંદિરના પ્રવેશદ્વારે પહોંચ્યા ત્યારે કૃષ્ણમય બની ગયા. આંખનાં આંસુથી જાણે અભિષેક કરતાં હોય તેમ ગંગા - જમનાના પ્રવાહની જેમ આંખો ઉભરાઈ આવી. અજમલજીનો કૃષ્ણપ્રેમ જોઈ અન્ય દર્શનાર્થીઓ પણ વિચારી રહ્યાં : "આ કેવો ભાગ્યશાળી અને પરમ કૃષ્ણભક્ત છે ! જેની આંખો અનાયાસ હર્ષથી છલકે છે." શ્રી કૃષ્ણનું જીવન, વ્યક્તિત્વ અને મોહિની જ કંઈક એવી છે કે આપણા હૃદયમાં પ્રેમ છલકાઈ આવે છે. વૃંદાવનની ગોપીઓ, અષ્ટ પટરાણીઓ, સુદામા - વિદૂર અને સૂરદાસ - મીરાં જેવા ભક્તો જ્યારે કૃષ્ણમય બનતા ત્યારે જગતને ભૂલી જતા. રાધાના કૃષ્ણપ્રેમનો તો જોટો જડવો મુશ્કેલ છે. પ્રભુએ તેની ભક્તિ જોઈને જ પોતાના નામથી આગળ તેમનું નામ રાખ્યું છે. રામ અવતારમાં સીતાજીના પ્રેમ અને સમર્પણે જ રામને ગૌરવ અપાવ્યું હતું. આજે પણ જ્યાં આ બંને યુગલના નામ લેવાય છે ત્યારે કૃષ્ણ - રાધા કે રામ - સીતા નહીં પરંતુ 'રાધે - કૃષ્ણ' અને 'સીતા - રામ' કહેવાય છે.

કૃષ્ણ મંદિરના પટાંગણમાં પગ મૂકતા સાથે જ રાય અજમલજી પોતાનું દેહભાન ગુમાવી કૃષ્ણમય બની જાય છે. પગમાં પહેરેલ મોજડીઓ કાઢવાનું પણ વિસરી જઈ કૃષ્ણ ભક્તોની ભીડમાં અભિષેક માટે આતૂર થઈ દોડી જાય છે. ગર્ભગૃહના દ્વાર પાસેથી ગંગોદક સાથે અંદર પ્રવેશવા જતા ગુગળી (પૂજારી) ની નજર તેમના પગમાં પહેરેલ મોજડી ઉપર પડતા તે ગુસ્સે થતાં બોલે છે : "પગમાંથી મોજડી તો ઉતારો. મંદિરમાં પગરખા પહેરીને ન અવાય એટલી પણ ખબર નથી." અજમલજીના કાને આ શબ્દો પણ પડતા નથી અને તેઓ પ્રયત્નપૂર્વક ગર્ભગૃહમાં પ્રવેશવા મથે છે ત્યારે અન્ય દર્શનાર્થીઓ તેમનું પગમાં પહેરેલ મોજડી તરફ ધ્યાન ખેંચે છે. અજમલજીનું ધ્યાન જતાં તેઓ દુ:ખી થઈ ભગવાનની માફી માગતા મોજડી કાઢી આવે છે. તેમના આવા ઘેલછાપૂર્ણ વર્તનથી અન્ય દર્શનાર્થીઓ તેમની હાંસી કરે છે પરંતુ તેમને તો શ્રીકૃષ્ણ પ્રભુની દિવ્ય પ્રતિમા સિવાય બીજું કંઈ પણ દેખાતું નથી. તેઓ ફરી વખત ભીડમાંથી માર્ગ બનાવી

ગર્ભગૃહમાં ધસી જાય છે. પૂજા સામગ્રીમાં લાવેલ ગંગોદકથી પ્રભુને નવડાવી દે છે. પૂજારીને ફરી વખત ગુસ્સે થવાનો અવસર મળે છે તે તાડુકે છે : "અરે ભાઈ ! આ શું કર્યું ? ભગવાનના વાઘા પલાળી શોભા બગાડી નાખી. બહાર નીકળો." ગુગળીના શબ્દો સાંભળી બીજા પૂજારીઓ દોડી આવે છે. દર્શનાર્થીઓને તમાશો જોતા હોય તેવું લાગે છે. કોઈ બોલી ઉઠે છે કે "આ કોઈ પાગલ માણસ લાગે છે." પરંતુ રાયને આ બાબતની કાંઈ ખબર નથી. ગંગોદકથી દ્વારિકાધીશને સ્નાન કરાવ્યાનો આનંદ તેમના રુંવે રુંવે પ્રસરી જાય છે.

ગુગળીઓ સાથે મળી તેમને બહાર લાવવા મથે છે. પરંતુ ફરી એક વખત પ્રસાદનો લાડુ હાથમાં લઈ તે કૃષ્ણ પ્રભુને પ્રસાદ આરોગવા વિનવે છે. ત્યારે પૂજારી બોલી ઉઠે છે કે "ભાઈ ! આ તો પ્રભુની પત્થરની પ્રતિમા છે તે કંઈ તમારો પ્રસાદ આરોગશે નહીં. તમારે પ્રભુને પ્રસાદ ખવડાવવો હોય તો જ્યાં સાચી દ્વારિકા છે ત્યાં જાવ તો પ્રભુ પ્રસાદ ગ્રહણ કરશે."

પૂજારીના આવા શબ્દો સાંભળી અજમલજી હાથમાં રહેલાં પ્રસાદના લાડુનો મૂર્તિના કપાળમાં ઘા કરતાં બોલે છે. "હે કૃષ્ણ ! આ લે પ્રસાદ મેં તો આપ્યો ખાવો હોય તો ખા." અને રિસામણા મુખે ઉદાસ બની જાય છે. દર્શનાર્થીઓના સમૂહને તો રાયની આ બધી વર્તણુંક જોઈને આનંદ આવે છે. ગાંડા માણસની કક્ષાની તેમની વર્તણુંકથી ગુગળીઓ પણ ત્રાસી જાય છે.

અજમલજીને પૂજારીના શબ્દો યાદ આવતા પુજારીને પૂછે છે કે "ભાઈ, સાચી દ્વારિકા ક્યાં છે જ્યાં મને શ્રી કૃષ્ણ મળે ?"

પૂજારી કંટાળીને આ ગાંડા માણસથી છૂટકારો મેળવવા કહે છે : "સાચી દ્વારિકા સમુદ્રના તળિયે છે ત્યાં જઈએ તો શ્રીકૃષ્ણ અવશ્ય મળે."

પૂજારીના શબ્દો સાંભળી અજમલજી દોડ મૂકીને સમુદ્રના જળમાં કુદી પડે છે. આ દશ્ય જોઈને સૌ હેબતાઈ જાય છે. પૂજારીને ઠપકો આપે છે. પૂજારી પણ પસ્તાઈ રહ્યાં.

ક્ષણમાત્રમાં ધાંધલ - ધમાલ વચ્ચે બની ગયેલ આ ઘટનાથી સૌ ચિંતાતુર બની ગયા. સમુદ્ર કિનારે દોડી જઈને "આ શું થઈ ગયું ?" એવા પ્રશ્ન સાથે સૌ સમુદ્ર કિનારે શોધખોળ કરવા લાગ્યા. પૂજારીને પોતે આવા શબ્દો કહેવાની જરુર નહોતી એવો પશ્ચાતાપ ઉભરાઈ આવ્યો. કૃષ્ણભક્તો પૂજારી ઉપર માછલાં ધોવા લાગ્યા. બધાને એક જ ચિંતા સતાવવા લાગી કે આ ગાંડા - ઘેલા કૃષ્ણભક્તનું શું થયું હશે ?

બીજી તરફ શ્રી દ્વારિકાધીશના રંગે કણકણ રંગાઈ ગયો. અજમલજી જેવા સમુદ્રમાં પડ્યા કે જાણે કોઈએ ઝીલી લીધા હોય તેમ સમુદ્રના પેટાળમાં ઉતરી ગયા. સમુદ્રમાં મુકેલ પછડાટથી તેમની આંખો ખૂલી ત્યારે કોઈ અલૌકિક સૃષ્ટિમાં આવી ચડ્યા હોય તેવું અનુભવ્યું.

સમુદ્રના પેટાળમાં સુવર્ણની નગરી હતી. બાગ-બગીચા નગરીની રમણીયતામાં વધારો કરતાં હતાં. દેવ - દેવીઓ જેવા લોકો માર્ગ ઉપર આવી જઈ રહ્યાં હતાં. અજમલજી આવું અદ્‌ભૂત દશ્ય જોઈ અચંબામાં પડી ગયા. થોડે દૂર નજર કરતા એક સુવર્ણનો મહેલ નજરે ચડ્યો. તેમણે વિચાર્યું : “આ તો હું મારા પ્રભુની દ્વારિકામાં આવી ગયો. ભલું થજો પેલા પૂજારીનું જેણે મને આ માર્ગ બતાવ્યો. તેમણે સુવર્ણ મહેલ તરફ દોડ મૂકી. દરવાજે પહોંચતા દ્વારપાળોને જોઈ અટકી ગયા. “આ મહેલમાં મને કોણ જવા દેશે ?” એવું વિચારે છે ત્યાં તેમના કાને મધુરસથી ભરેલા શબ્દો સંભળાયા.

“ચાલ્યા આવો અજમલજી વિચાર ન કરો ભક્ત માટે ભગવાનના દ્વાર હંમેશા ખુલ્લા હોય છે. દ્વારપાળો ભક્તોને અટકાવતા નથી.”

અજમલજીનું રોમરોમ પુલકિત થઈ ઉઠ્યું. “મારો વ્હાલો મને બોલાવે છે. આજ મારું જીવન સફળ થઈ ગયું.”

તેમણે મહેલના દરવાજેથી અંદર દોટ દીધી. સભાખંડમાં પ્રવેશતા જ સુવર્ણના અભાયુક્ત સિંહાસન પર દ્વારિકાધીશજી બિરાજીત થયેલ જોયા. તેમના તેજસ્વરૂપથી ક્ષણભર આંખો અંજાઈ ગઈ પરંતુ જેનું જીવનભર સ્મરણ - કિર્તન કર્યું છે તેવા કૃષ્ણ પ્રભુને મળવા ફરી એક વખત ઉતાવળે પગ ઉપાડ્યા. સિંહાસન સુધી પહોંચતા જાણે કેટલોય સમય લાગ્યો હોય એમ આતુરતાથી પોતે પ્રભુના સિંહાસન સમક્ષ સાક્ષાત દંડવત પ્રણામ કરી રહ્યાં.

પ્રણામ કરી ઉભા થતાં અજમલજીની નજર શ્રીકૃષ્ણના ચહેરા પર પડી. સુંદર મુખારવિંદની શોભા વચ્ચે તેમને પ્રભુના મસ્તક પર બાંધેલ પાટો દેખાયો. અજમલજીએ પ્રભુને કહ્યું : “પ્રભુ ! આપને પણ વાગે એવું બને ? આ પાટો મસ્તક પર કેમ બાંધ્યો છે ?”

પ્રભુએ મધુર સ્મિત સાથે અજમલજીને આવકારતા કહ્યું : “શું વાત કરું ! મારા કેટલાક ભક્તો આગ્રહ કરીને મને ખૂબ જ જમાડે છે. ના કહું તો પ્રસાદનો મારા પર ઘા કરે છે !”

શ્રીકૃષ્ણની વાત સાંભળી અજમલજી ક્ષોભ પામી ગયા. પોતે દ્વારિકાધીશ ઉપર લાડુનો કરેલ ઘા યાદ આવતા બોલ્યા : “ક્ષમા કરજો પ્રભુ પણ ભાવાવેશમાં મારાથી તમને ઈજા પહોંચી.”

કૃષ્ણ સ્મિત સાથે બોલ્યા : “ચિંતા ન કરો ભક્તરાજ ! તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. આપના મનમાં જે ઈચ્છા હોય તે માગી લો.”

પ્રભુના શબ્દો સાંભળી અજમલજી બોલ્યા : “પ્રભુ આપના સાક્ષાત દર્શન થયા પછી ભક્તની કઈ ઈચ્છા અધૂરી રહે ! મારે કંઈ જોઈતું નથી પરંતુ એક ઈચ્છા છે કે આપ મારે ઘેર પુત્ર રુપે અવતાર ધારણ કરો.”

પ્રભુએ 'તથાસ્તુ' કહેતા અજમલજીને કહ્યું : "તમે તો થોડામાં ઘણું માગી લીધું. તમારી ઈચ્છા અવશ્ય પુરી થશે. જો તેમ ન થાય તો મારું 'ભક્ત વત્સલ ભગવાન'નું બિરુદ લાજે. હું તમારે ત્યાં અવશ્ય આવીશ. તમારે ત્યાં પુત્ર જન્મ થશે. એ પુત્રનું નામ વિરમદેવ રાખજો. ત્યાર પછી તેની છઠ્ઠીના દિવસે હું તમારે ત્યાં આવી વિરમદેવ સાથે પારણામાં ઝુલીશ. મારું નામ રામદેવજી રાખજો. તમારી ભક્તિથી હું અતિપ્રસન્ન છું."

પ્રભુના શબ્દો નતમસ્તકે સાંભળી રહેલા અજમલજી હજુ કંઈ આગળ વિચારે તે પહેલા તેમની નજર સામેની સમગ્ર સૃષ્ટિ ક્ષણમાત્રમાં અદૃશ્ય થઈ ગઈ. આખું દૃશ્ય જાણે કોઈ સુંદર સ્વપ્ન જોયું હોય તેવું લાગ્યું. સમુદ્રમાં પડ્યા પછી ક્ષણમાત્રમાં તેઓ કિનારા ઉપર હતા. તેમને જોઈને પૂજારીઓ, તેમના હજૂરિયાઓ અને અન્ય લોકો આનંદમાં આવી ગયા. સૌ આશ્ચર્યથી વિચારી રહ્યા હતા કે આ પાગલ જેવો લાગતો માણસ આપણી નજર સામે સમુદ્રમાં કુદી પડ્યો હતો. પરંતુ તેના કપડા તો કોરાકટ છે. પાણીમાં પડ્યો તો પણ સહેજે ય ભીંજાયો નથી. સ્વયં અજમલજી પણ આ સત્ય હતું કે સ્વપ્ન તે સમજી શક્યા નહીં.

પુજારીઓ તથા લોકોનું ટોળું હર્ષભેર તેમના તરફ દોડી ગયું. તેમને સમુદ્રમાંથી હતા તેવા જ બહાર આવેલા જોઈ કોઈ તેનું કારણ સમજી શક્યા નહીં. પરમ કૃષ્ણભક્ત સમજીને સૌએ તેમને ઉંચકી શ્રીકૃષ્ણનો જયજયકાર કર્યો. ઘડીક પહેલા ગાંડા માણસ જેવું વર્તન કરતા આ ભક્તરાજને પરમ કૃષ્ણભક્તની પદવી આપી તેમને પણ જયજયકાર કરી અશ્વ ઉપર બેસાડી સમગ્ર દ્વારિકાની શેરીઓમાં ફેરવ્યા. દ્વારિકાવાસી નગરજનો અજમલજી જેવા ભક્તના દર્શન પામી કૃતકૃત્ય બની ગયા. સર્વત્ર આનંદ આનંદ વરતાઈ રહ્યો. અજમલજીનું હૃદય પણ ધબકારા ચુકી જતું હતું. સાક્ષાત શ્રીકૃષ્ણના દર્શનનું દૃશ્ય તેમની નજર સામેથી ક્ષણભર માટે પણ ખસતું નહોતું. પ્રભુનું વચન, પ્રભુના શબ્દોનું સ્મરણ કરીને તેમના શરીરના રૂંવાડાઓ ખડા થઈ જતાં હતાં.

ભક્ત જ્યારે ભગવાન માટે પોતાની જાતને વિસરી જાય છે ત્યારે ભગવાન અવશ્ય આવે છે. આ સત્ય કોઈ શાસ્ત્ર - પુરાણોનું નથી. આ સત્ય તો જીવનનું સત્ય છે. પાનબાઈ જેવી અભણ સ્ત્રી માત્ર બાવન ભજનોમાં સમગ્ર વેદવાણી સમાવી શકે. મીરાંબાઈ ભક્તિના પદોમાં કૃષ્ણને ખડા કરી શકે. આપણી સામે અનેક ભક્તોના એવા દૃષ્ટાંત છે કે જે સામાન્ય અને અજ્ઞાની કહી શકાય તેવા હતાં. પરંતુ તેમના હૃદયમાંથી પ્રગટની વાણી જાણે પ્રભુ સ્વયં બોલી રહ્યાં હોય એવી પ્રભાવી હતી. અજમલજીનો કૃષ્ણપ્રેમ તેમને ફળ્યો હતો. આજે પ્રસન્નતાથી પણ વિશેષ તેમના અંતરમાં સંતોષના ઓઘ ઉછળતા હતા. પ્રભુએ મને કેટલું ગૌરવ આપ્યું એવો વિચાર આવતા પોતાની જાતને ધન્ય સમજતા હતાં.

પ્રભુકૃપાથી તેમની કાશી વિશ્વનાથ અને દ્વારિકાની યાત્રા સફળ થઈ હતી. આ છેલ્લી યાત્રા તેમના હૃદયને પરમ આનંદ પમાડતી હતી.

રાય અજમલજીના ઉતારે આવ્યા પછી સૌ કૃષ્ણનો જય જયકાર કરતાં થાકતાં નહોતાં. લોક

સમુદાય હેલે ચડ્યો હતો. અજમલજીએ વિચાર્યું : "ગુરુદેવના આદેશ મુજબ મારી યાત્રા સારી રીતે પૂર્ણ થઈ. હવે દ્વારિકાધીશના ફરી એક વખત દર્શન કરી પોકરણગઢ પાછા વળીએ."

પાછા ફરવાનો સમય નક્કી કરી દ્વારિકાધીશના દર્શન કરવા અજમલજી પોતાના માણસો અને નગરજનો સાથે જ્યાં મંદિર તરફ ચાલ્યા ત્યારે દ્વારિકા છોડવાનું દુ:ખ અને પોતાના ઘરે જવાનો આનંદ એવી મિશ્ર લાગણીઓથી રંગાઈ ગયા.

મંદિરનાં મુખ્ય દ્વારે પહોંચતા સુધીમાં જે લોકોએ આ કૃષ્ણભક્તની વાત સાંભળી હતી તેઓ પણ તેમની સાથે ચાલ્યા. મુખ્ય દ્વારે શ્રી હરિને વંદન કરી 'જય દ્વારિકાધીશ' 'જય રણછોડરાયના' સમૂહમાં પોકારો કરતાં સૌ ભક્તજનો અજમલજીની પાછળ પાછળ મંદિર પ્રવેશ કરે છે. અજમલજીને પ્રસંગ યાદ આવી જતાં પગમાંથી મોજડી કાઢવા જાય છે ત્યાં ગર્ભગૃહમાંથી અવાજ આવે છે. "પહેરી રાખો મનનો મેલ ધોવાયા પછી તનનો મેલ ટકી શકતો નથી." જન સમુદાય આ શબ્દો સાંભળીને આશ્ચર્યમાં પડી ગયો. અજમલજી મોજડી ઉતારી શ્રી પ્રભુ સમક્ષ વંદન કરતા ઉભા રહ્યાં. શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા અજમલજીએ હજૂરી પાસેથી પ્રસાદ લીધો. ગુગળી બ્રાહ્મણો અને ભક્તજનો તેમને નીરખી રહ્યાં હતાં. સૌના મનમાં આ ભક્ત માટે અહોભાવ અને આદર ઉભરાતો હતો. સૌના આશ્ચર્ય વચ્ચે અહીં એક બીજો ચમત્કાર સર્જાયો. અજમલજીએ હાથ લાંબો કરી પ્રભુને પ્રસાદનો લાડુ ધર્યો. પ્રભુની પ્રતિમાએ તેમના હાથમાંથી લાડુ લઈ લીધો અને આરોગવા લાગ્યા. આ ચમત્કાર નજરે જોનાર સૌ કોઈ ભાગ્યશાળી હતા. 'જય દ્વારિકાધીશ' નો ફરી એક વખત સૌએ જયઘોષ કર્યો. અજમલજીની આંખોમાંથી પ્રભુનો અનુગ્રહ જોઈને પ્રેમાશ્રુ વહી રહ્યાં.

પ્રભુના ચરણમાં મસ્તક ટેકવી આપેલ કોલ પાળવાની ફરી એક વખત વિનંતી કરી અજમલજી બહાર આવ્યા ત્યારે લોકોએ તેમની ચરણવંદના કરવા પડાપડી કરી મુકી.

કાશી વિશ્વનાથ અને દ્વારિકાધીશની યાત્રા સુપેરે સંપન્ન થવાના આનંદ સાથે અજમલજી તથા તેમની સાથે આવેલા સૌ પોકરણગઢનો માર્ગ પકડવાની તૈયારીમાં લાગી ગયા.

દ્વારકાના લોકો અને યાત્રાળુઓએ તેમને ભાવભીની વિદાય આપી. ગુગળી બ્રાહ્મણોએ ફરી એક વખત ક્ષમાયાચના કરી શુભ આશીર્વાદ આપ્યા. સકળ સંઘ જ્યારે પોકરણગઢ જવા માટે રવાના થયો ત્યારે અજમલજી રસ્તામાં વારંવાર વળી વળીને મંદિર ઉપર ફરકતી બાવનગજની ધજાને જ્યાં સુધી દેખાઈ ત્યાં સુધી વંદન કરતાં રહ્યાં.

ગુરુ આદેશ અને ગુરુકૃપાથી પોતાના જીવનની આ છેલ્લી યાત્રા અજમલજી માટે યાદગાર બની રહી. દ્વારિકાધીશનો કૃપા પ્રસાદ પામીને તેમનું જીવન ધન્ય બની ગયું. યાત્રાથી તેમને એવું જીવનનું ભાથું શ્રી કૃષ્ણના આશીર્વાદ સ્વરુપે પ્રાપ્ત થયું હતું કે જેનું મૂલ્ય ચૂકવી શકાય તેમ નહોતું.

● ● ●

## બાળ રામદેવજી

પોકરણગઢ પહોંચી અજમલજી રાજકાજમાં પડી ગયા. રાજકાજનો મોટા ભાગનો ભાર ભાઈ રણસિંહજી ઉપાડી લેતા હતાં. પ્રજા સુખી હતી. રાક્ષસ ભૈરવના ત્રાસ સિવાય આ સમયમાં અન્ય કોઈ ભય નહોતો. કાળિનાગને કૃષ્ણે નાથ્યો. તાડિકાનો શ્રી રામે વધ કર્યો. રામદેવજી પણ ધર્મ સ્થાપના માટે અવતાર ધારણ કરીને આવવાના હતા. અજમલજી તથા મિનલદે સંતાન પ્રાપ્તિના આશીર્વાદથી પ્રસન્ન હતાં. દિવસો સુખમાં નિર્ગમન થઈ રહ્યા હતા. અવતાર પુરૂષ પધારવાના હોય ત્યારે સૃષ્ટિ પણ પ્રસન્નતા અનુભવે છે. ખેડૂતો માટે વરસાદ, વૈશ્યો માટે વેપાર, શુદ્રો માટે માપસરની સેવા, બ્રાહ્મણો માટે જ્ઞાન પ્રાપ્તિની તકો તેમજ ક્ષત્રિયો માટે શાંતિનો સમય એવી પરિસ્થિતિનું નિર્માણ થવા લાગે છે.

યથા સમયે કૃષ્ણ કૃપાથી વિરમદેવજીનો જન્મ થયો. મહેલ અને રાજ્યભરમાં આનંદ છવાઈ ગયો. વિધાતા છઠ્ઠીના દિવસે નવજાત શિશુના લેખ લખવા પધારે છે. વિરમદેવજીની છઠ્ઠીની ધામધૂમથી ઉજવણી થઈ રહી હતી. સંતાનના જન્મ સાથે માતાનું ગૌરવ વધી જાય છે. મિનલદેને સ્નાન કરાવતા સખીઓ અને દાસીઓ મંગળગીતો ગાઈ રહી છે. અજમલજી રાજ્ય સભામાં બિરાજ્યા છે. સ્નાન શણગાર સજી મિનલદે પુત્રના પારણા પાસે જાય છે. તેમના આશ્ચર્ય વચ્ચે પારણામાં એક નહીં પણ બે પુત્રો રમતા નજરે ચડે છે. બંને જાણે બદલાઈ જાય તેવા સમાન સ્વરૂપના છે. આ દશ્ય જોઈને મિનલદે મૂંઝવણમાં મુકાઈ જાય છે. દાસીને બોલાવી સૂચના આપે છે કે, "જાઓ, જલદીથી જઈને રાજાજીને બોલાવી લાવો."

રાજસભામાં આવી દાસી રાણીજીનો સંદેશ આપે છે. અજમલજીને પ્રભુના શબ્દો બરાબર યાદ છે. તેઓ વિચારે છે કે જરુર મારા વ્હાલોજી પધાર્યા હશે, નહીંતર ચાલુ સભાએ રાણીજી મને બોલાવે નહીં. રાજાજી રાણીવાસમાં જવા નીકળે છે.

રાણીવાસમાંથી દાસીને રાજાજીને બોલાવવા મોકલી મીનલદે કોઈ કામમાં લાગે છે. રસોઈઘર ઓરડા પાસે જ છે જ્યાં કડાઈમાં દૂધ ઉકળી રહ્યું છે. આજુબાજુ કોઈ હાજર નથી. દાસી કોઈ કામે ગઈ છે. દૂધ ગરમ થઈ જતાં તેના સ્વભાવ પ્રમાણે ઉભરાય છે. પારણામાં સુતેલા રામદેવજી આ ઘટના જોઈ પારણામાંથી ઉતરી ચૂલા પાસે જઈ દૂધ ઉભરાય અને ઢોળાય તે પહેલાં તપેલું નીચે ઉતારી લઈ પાછા પારણામાં જઈ પોઢી જાય છે. તેઓ પારણાથી ચૂલા સુધી ગયા અને આવ્યા તેની સાબિતી હોય તેમ નાના - નાની પગલીઓના કંકુવર્ણા આકાર ઓરડામાં છપાઈ જાય છે. અચાનક મિનલદેને યાદ આવતા ચૂલા પાસે આવે છે તો કડાઈ ચૂલાની પાસે પડી છે. બાજુમાં નજર કરતાં પારણાથી ચુલા સુધી અને ચુલાથી પારણા સુધી કંકુની નાની નાની પગલીઓ પડેલી દેખાઈ. આ પગલીઓ જોઈ તેઓ વિચારમાં પડી ગયા. રાજાજી આવી

પહોંચતા તેમણે આ દૃશ્ય તેમને બતાવતાં આશ્ચર્ય વ્યક્ત કર્યું. અજમલજી પ્રસન્નતાનું સ્મિત વેરતા બોલ્યા : "આ પગલીઓ તો ચૌદ ભુવનના નાથની છે. મને આપેલ વચન પાળી પૃથ્વીને પાવન કરવા આવ્યા ખરા ! મને તેમણે કંકુ પગલાની નિશાની આપી હતી માટે તમે કોઈ શંકા કરશો નહીં."

મિનલદે પતિના વચન સાંભળી બોલ્યા : "પારણામાં બે બાળક છે. બંનેનું એકસરખું સ્વરૂપ છે. મારે તેમને ઓળખવા કેમ ?"

રાજાજીએ પારણામાં બંને બાળકને ઝીણી નજરે નીરખતા કહ્યું : "એક બાળક જ્ઞાન ગંભીર અને બીજું તરવરાટવાળું દેખાયું. રામદેવજી તરફ નજર કરતાં તેમને શ્રી કૃષ્ણના સ્વરૂપના દર્શન થયા. મિનલદેને તે બાળકનો પરિચય કરાવતા બોલ્યા : "જુઓ, બંનેને નીરખીને જુઓ." આ બાળક મારા વ્હાલાનું સ્વરૂપ છે. તેના કપાળમાં ઉર્ધ્વપુંડ છે. આ નિશાનીએ તેને ઓળખજો."

મિનલદેએ પ્રસન્ન થતા કહ્યું : "હવે હું તેને બરાબર ઓળખી શકીશ."

વાયુવેગે આ સમાચાર સમગ્ર રાજસભા અને નગરમાં પ્રસરી ગયા. સૌનો આનંદ બેવડાઈ ગયો. ભેટ સોગાદ અને આશીર્વાદ સાથે બંને રાજકુમારોનો હર્ષ વ્યક્ત કરવા પ્રજાજનોની શ્રેષ્ઠીઓની અને અમીર ઉમરાવોની હાર લાગી ગઈ.

મિનલદેને તો બેવડા માતૃત્વનો લ્હાવો એકસાથે મળી જતાં તેમના આનંદનો કોઈ પાર નથી. બંને ઉપર વાત્સલ્યભાવથી ઓળઘોળ થતાં તેમના લાલન-પાલનમાંથી પળવાર પણ નવરા થતા નથી. દિવસ અને રાત્રિ ક્યાં પસાર થઈ જાય છે તેની ખબર પડતી નથી. એક ક્ષણ માટે પણ પોતાનાથી સંતાનોને દૂર થવા દેતા નથી. બંનેની બાળ ચેષ્ટાઓ જોઈ અજમલજી અને મિનલદે સદા પ્રસન્નતાના મહાસાગરમાં ઝોલા ખાય છે. તેમની કાલી - ઘેલી બોલી આ રાજવી દંપતિને સાંભળ્યા જ કરવાનું મન થાય છે.

સમય ક્યારેય સ્થિર રહેતો નથી. સમય અનુસાર બાળ, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધમાં ખબર ન પડે તેવી રીતે આપણને ફેરવી નાખે છે. જીવન અતિ ટૂંકું છે તેની ક્ષણેક્ષણનો સદુપયોગ કરી શકાય તો જ સફળ જીવન ગણી શકાય. બંને રાજકુમારો રાત દિવસ વધીને ત્રણેક વર્ષની ઉંમરના થાય છે. સોએક ગામનું આ નાનકડું પણ સુખી સમૃદ્ધ અને માનવતાથી મહેકતું રજવાડું પોતાની આગવી ઓળખ ઉભી કરવાનું છે એ વાત જગતને આગળ જતાં સમજાવવાની છે.

રાજા-રાણી બંને બાળકોની બાળરમતો જોઈને પોતાનો સમય આનંદપૂર્વક પસાર કરે છે. કોઈપણ બાળક હોય તે પાંચ વર્ષનું થાય ત્યાં સુધી ઈશ્વરનું સ્વરૂપ હોય છે. જગતનાં પ્રપંચથી મુક્ત હોય છે. ઘડીમાં રમતો, ઘડીમાં ઝગડતું, ઘડીમાં રીસાતું તો ઘડીમાં માની જતું જોવા મળે છે. પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેનામાં ઈશ્વર વસે છે. જગતનાં સંપર્કમાં આવતા તેનામાં 'મારું તારું' પ્રવેશી જાય છે. જન સાધારણના બાળકોની આ વાત છે. "પુત્રના લક્ષણ પારણામાંથી" એમ કહેવા ખાતર નથી કહેવાતું. આવી જ બીજી એક કહેવત સંસ્કૃતમાં છે "આકૃતિ ગુણાન કથયતિ" વ્યક્તિના ચહેરા ઉપરથી તેના ગુણ પારખી શકાય છે.

'ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈજનિયા ।' જેવા કવિત સાંભળતા દશરથજી સામે ચાલતા બાળ રામચંદ્રનું ચિત્ર આપણી નજર સામે ખડું થાય છે. 'છનન છનન પૈંજનિયા બાજે ।' સાંભળતા માં યશોદા સામે ઠુમકતા શ્રી કૃષ્ણની દિવ્ય બાળલીલા યાદ આવી જાય છે. રામદેવજી પણ પોતાની બાળસહજ રમતો દ્વારા માતા-પિતાને આનંદ આપે છે.

આમ કરતાં બંને કુમારો સાત વર્ષ આસપાસની વયે પહોંચ્યા. શ્રી કૃષ્ણ બળદેવની જેમ પોતાના બાળસખાઓ સાથે મેદાની રમતો રમતા થયા. રામદેવજીના બાળ સખામંડળમાં ઉમરાવોથી માંડીને સાધારણ લોકોના પુત્રો પણ હતા. તેમને ગેડીદડાની રમત અતિશય પ્રિય હતી. સૌ સાથે મળીને શેરી, પાદર અને જંગલ સુધી આ રમત રમ્યા કરતાં. સૌ સખાઓ રામદેવજીનો પડ્યો બોલ ઝીલતા. સખાઓનો સાદ પડતાં જ રામદેવજી રાજમહેલના બધા જ પગથિયા એક છલાંગે ઉતરીને રાજમાર્ગ પર દોડી જતા. તેમની આવી છલાંગ જોઈને દાસ-દાસીઓ આશ્ચર્યમાં પડી જતાં. રામદેવજીની રીતભાત એક શ્રેષ્ઠ રાજા જેવી હતી.

રમત રમતી વખતે રામદેવજી નિયમો બનાવતા અને સૌ સખાઓ તેનું પાલન કરતાં. ગેડીદડાની રમતમાં રામદેવજી અને એક સાધારણ ઘરનો બાળક સ્વારથીયો એક પક્ષે રહેતા અને બીજા પક્ષે વિરમદેવજી અને બીજા બધા જ બાળસખાઓ રહેતા. રામદેવજી અને સ્વારથીયો બંને સામેના ગમે તેટલા ભેરુબંધ હોય તો પણ રમતમાં કોઈને તેમની સાથે થવા ન દેતા. રામદેવજી અને સ્વારથીયો બંને જાણે કે સાંદિપની ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરતા કૃષ્ણ અને સુદામાની જોડી જેવા હતાં. બંને વચ્ચે પરમ મિત્રતા હતી. એકબીજા વગર તેમને ઘડી પણ ચાલતું નહોતું.

એક દિવસ બધા મિત્રો આવી ગયા પરંતુ પરમસખા સ્વારથીયો ન આવ્યો. સ્વારથીયા વિના રમતમાં પોતાનો ભેરુ કોણ થાય ? બીજા ભેરુબંધો તેમના ભેરુ બનવા તૈયાર હતા, પરંતુ રામદેવજી તે માટે તૈયાર નહોતા. રામદેવજીએ કહ્યું :

"ચાલો, આપણે સૌ સ્વારથીયાને ઘેર જઈ તેને બોલાવી લાવીએ."

સહુને લઈ રામદેવજી સ્વારથીયાના ઘર તરફ ચાલ્યા. શેરીમાં પહોંચતા જ વાતાવરણ ગંભીર લાગ્યું. દરેકના ચહેરા ઉપર ઉદાસીનતા છવાયેલી હતી. આવું દશ્ય જોઈને સૌ ભેરુબંધ વિચારમાં પડી ગયા. રામદેવજી બધી સખાટોળીને લઈ સ્વારથીયાના ઘરમાં પ્રવેશ્યા.

સ્વારથીયાના માતા-પિતા કુંવરજીને જોઈ ઉભા થયા અને બે હાથ જોડી પ્રણામ કર્યા. બંનેની આંખમાંથી આંસુની ધારા વહી રહી છે.

પિતા બોલ્યા : "પધારો કુંવર, તમારો સખો આજે મૃત્યુ પામ્યો છે. અમ દુઃખિયાની ગઢપણની લાકડી ભગવાને છીનવી લીધી."

વાત સાંભળીને રામદેવજી બોલ્યા : "દુઃખી ન થાઓ. મારો મિત્ર તો ઉંઘી રહ્યો છે."

આમ કહીને રામદેવજી સ્વારથીયા પાસે ગયા. તેના જમણા પગનો અંગૂઠો પકડીને બોલ્યા : અરે

મિત્ર ! આવા ઢોંગ કરીને તારા માતા-પિતાને દુઃખી કેમ કરે છે ? ઉઠ, ઉભો થા આપણે ગેડીદડે રમવા જવાનું છે. આજે તું આવ્યો નહીં એટલે અમે સૌ તને તેડવા આવ્યા છીએ. મને મારા ભેરુ વગર રમવું ન ગમે, ઉઠ."

રામદેવજીએ આમ કહેતા જાણે કે ચમત્કાર થયો હોય એમ સ્વારથીયો ફટ દઈને ઉભો થયો. આંખો ખોલી આજુબાજુ જોવા લાગ્યો. સૌની આંખમાં આંસુ જોઈ તેને કંઈ સમજાયું નહીં. તેને એમ જ લાગ્યું કે પોતે સૂઈ ગયો હતો ; તે જાગ્યો.

થોડીવાર પહેલા જ્યાં કલ્પાંત ચાલતું હતું ત્યાં સૌના ચહેરા તાજા પુષ્પની જેમ મલકી રહ્યા. હાજર લોકો અને રામદેવજીના મિત્રો સૌ આનંદથી નાચી ઉઠ્યા.

બાવાના આ ચમત્કારની વાત વાયુ વેગે પ્રસરી ગઈ અને સૌ તેમના દિવ્ય જીવનને વંદી રહ્યાં.

રામદેવજી અને તેમના મિત્રો કોઈપણ દીન-દુઃખીયાને સદાય ઉપયોગી થતા રહે છે. વસંત પંચમીના દિવસનું મારવાડમાં ઘણું મહત્ત્વ છે. પોકરણગઢના રાજદરબારમાં અને શહેરમાં આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. રાજા - મહારાજાઓને આમંત્રણ આપી તેમની રાજવટ પ્રમાણે મહેમાનગતિ કરવામાં આવે છે.

રાજ દરબાર ભરાયો છે. અજમલજી સિંહાસન પર બિરાજમાન છે. તેમની બંને બાજુ બંને કુંવર વિરમદેવજી અને રામદેવજી નાના પણ કલાત્મક રાજદંડ લઈને બેઠા છે. અન્ય આમંત્રિત રાજા - મહારાજાઓ, શ્રેષ્ઠીઓ, અમીર - ઉમરાવો પોત પોતાના મોભા મુજબના આસને બેઠા છે. આમ પ્રજા પણ હેકડેઠઠ ઉત્સવ માણવા રાજસભામાં અને બહાર જ્યાં જગ્યા મળે ત્યાં ગોઠવાઈને આનંદથી ઉત્સવ માણી રહી છે. કવિઓ પોતાના કવિત અને છંદગાન દ્વારા રાજવીની પ્રસંશા કરી રહ્યા છે. દરબારીઓ તેમને દાદ દઈ રહ્યા છે. સૌ સૌની પાત્રતા મુજબ રાજ તરફથી ઈનામ અકરામ અપાઈ રહ્યા છે. સર્વત્ર પ્રસન્નતાની લહેર વસંતના પુષ્પોની જેમ પ્રસરી રહી છે.

આ સમયે એકદમ એક વેપારી બંને હાથ જોડતો સભામાં ધસી આવ્યો. અજમલજીએ તેને આવતો જોઈ સમજી ગયા કે આ કોઈ ફરિયાદી લાગે છે. તેને સાંત્વના આપી પોતાની સર્વ હકીકત કહેવા કહ્યું.

વેપારી બોલ્યો : "મહારાજ, મારું નામ લાખો વણઝારો છે. હું પોઠ લઈને પ્રદેશ - પ્રદેશમાં જુદો જુદો માલ પહોંચાડવાનો વેપાર કરું છું. સાકરની પોઠો ભરીને હું પોકરણના પાદરમાંથી પસાર થતો હતો તેવામાં કુંવરજી અને તેમના સખાઓ મને સામા મળ્યા. કુંવરજીએ મને પૂછ્યું "આ પોઠોમાં શું ભર્યું છે ?"

મારા મનમાં કપટ જાગ્યું અને જૂઠું બોલતા મેં કહ્યું કે "પોઠોમાં દરિયાનું મીઠું ભર્યું છે. મનમાં થયું કે આમ કહું તો વેરો ન ભરવો પડે. કુંવરજીએ ઘણું કહ્યું કે "તારી પાસેથી કંઈ લેવાનું નથી પરંતુ જે હોય તે સાચું બોલી દે." પરંતુ મેં મારી વાતને પકડી રાખીને સાચું કહ્યું નહીં. એટલે કુંવરજી બોલ્યા : "ભલે, તો તારા ફળ તું ભોગવ." એમ કહી ચાલ્યા ગયા. આગળના ગામે મુકામ કર્યો. રસોઈમાં સાકરની જરૂર પડી એટલે ગુણમાંથી સાકર કાઢી લાવવા ગયા તો તેમાં સાકરને બદલે મીઠું નીકળ્યું. મને વહેમ પડ્યો. નોકરોને બધી

ગુણ તપાસવા કહ્યું તો તેમણે આવીને વાત કરી કે બધી ગુણો મીઠાથી ભરેલી છે. મને થયું : "હું પોકરણના રાજકુમાર રામદેવજી સામે જૂઠું બોલ્યો હતો તેનું જ આ ફળ છે. મહારાજ, મારી ભૂલ માફ કરો અને મને મારી સાકર પાછી મળે તેમ કરો."

વેપારીની વાત સાંભળી સૌ સભાજનો સ્તબ્ધ થઈ ગયા. વેપારીની આ ફરિયાદનો શું રસ્તો નીકળી શકે તે વિચારવા લાગ્યા.દાદા રણસિંહજીએ કુંવર રામદેવજીને કહ્યું કે "કુંવરજી, આ વણઝારો તમારા તેજને ઓળખી ન શક્યો માટે તેને ક્ષમા કરો."

દાદાજીની આજ્ઞા સાંભળી રામદેવજી ઉભા થતાં કહેવા લાગ્યા : "પોતાનું કપટ પોતાને નડે એ નિયમ છે." આપણે તેનું કોઈ નુકસાન કર્યું નથી. એવું કર્યું હોય તો તે આપ મને કહી શકે. આ તો તેના અસત્ય આચરણનું ફળ તેને મળ્યું છે એમાં રાજ્ય શું કરે ?"

કુંવરજીની વાત સાંભળી સૌને થયું કે કુંવરજી જે કહે છે તે યોગ્ય જ છે. વણઝારો વેપારી તો બરાબર સમજી ગયો હતો કે કુંવરજી કોઈ સાધારણ માણસ નથી પરંતુ દેવતાઈ ગુણોથી ભરેલા છે. એટલે કુંવરજીને વિનંતિ કરતા બોલ્યો :

"કુંવરજી, હું અજ્ઞાની અને મૂઢ સંસારી માણસ તમને ક્યાંથી ઓળખી શકું. મને સમજાઈ ગયું કે આપ પોકરણના કુંવર નહીં પરંતુ દેવતાઈ આત્મા છો. હવે મારે કંઈ કહેવાનું નથી. મને મારો કે તારો એ માટે તમે સમરથ છો."

વેપારીએ ખોટું બોલ્યાની ભૂલ સ્વીકારી તે જાણીને રામદેવજી પ્રસન્ન થયા અને બોલ્યા :

"તો પછી હું કહું તેમ તું કર. તારી જેટલી સાકર હોય તેના ત્રીજા ભાગની સાકર પ્રભુના કામમાં વાપરી નાખ. તેના જેટલા નાણાં થાય તેટલી રકમ સાધુ, સંત તેમજ ગરીબ ગુરબાઓને ભોજન કરાવવામાં ખર્ચી નાખ તો તારી ગુણીઓમાં મીઠામાંથી ફરી સાકર થઈ જશે."

વેપારી બોલ્યો : "ભલે કુંવરજી, આપ કહો છો તે રીતે મને તમારી વાત મંજુર છે."

વણઝારો વેપારી રાજી થતો સૌને વંદન કરીને સભામાંથી નીકળી ગયો. પોતાની પોઠો તપાસતા મીઠાના સ્થાને સાકરથી ભરેલી જોઈ. દોડતા આવી રાજસભામાં સૌને ખબર આપી. બધા સભાજનો આ સમાચાર સાંભળીને મનોમન રામદેવજીને વંદી રહ્યા. વણઝારાએ સાધુ, સંત, ગરીબોને જમાડવામાં ત્રીજા ભાગની સાકર જેટલી રકમ વાપરી. લાખો વણઝારો આ ઘટના પછી રામદેવજીનો ભક્ત બની ગયો.

ભગવાન શ્રીકૃષ્ણે જેમ અગિયાર વર્ષની ઉંમરે પોતાના મામા કંસનો વધ કરીને મથુરાના લોકોને તેના ત્રાસમાંથી મુક્ત કર્યો તેમ રામદેવજી હવે ભૈરવનો રસ્તો કરવા વિચારે છે. તેર વર્ષની ઉંમરે તેમના ગુણ, બુદ્ધિ, વિવેક, શાણપણ અને પરાક્રમ જોઈને પોકરણગઢની પ્રજા તેનામાં દૈવી ગુણોનો પરચો પામવા લાગી છે. તેમની અત્યાર સુધીની નાની - મોટી લીલાઓની ચર્ચા ચોરે ને ચૌટે રાત-દિવસ ચાલતી રહે છે. રામદેવજી લોકોનો પ્રેમ અને શ્રદ્ધા જોઈને તેમના દુઃખ નિવારણના માર્ગો વિચારી દુઃખ મુક્ત કરતા રહેતા.

માતા મિનલદે એક વખત રાજપુરોહિત પાસે બેસીને વાલ્મિકી રામાયણની કથા સાંભળી રહ્યા છે. તેર વર્ષની વયના રામદેવજી પણ તેમની બાજુમાં બેસી રામકથા એક ચિત્તેથી સાંભળી રહ્યા છે. કથા દરમ્યાન પુરોહિતજીને જીજ્ઞાસાથી ભરેલા પ્રશ્નો પૂછીને પોતે કંઈન જાણતા હોય અને વધુ જાણવા ઈચ્છતા હોય તેવું દર્શાવી રહ્યા છે. તેમના બુદ્ધિયુક્ત પ્રશ્નોથી માતા અને પુરોહિતજી ખૂબ પ્રસન્નતા અનુભવે છે. આટલી નાની ઉંમર છતાં ધર્મ વિશેની તેમની રુચિથી આનંદિત થાય છે.

કથાનું દોહન ચાલી રહ્યું છે. તેવામાં એક બાઈ એકાએક આવીને રાણી મિનલદેને ફરિયાદના સ્વરમાં કહે છે :

"માતાજી, મારો પતિ મૃત્યુ પામ્યો."

બાઈના શબ્દો સાંભળી રામદેવજી બોલી ઉઠ્યા."

"કેમ કરતાં ? કોણે માર્યો ?"

"રાક્ષસ ભૈરવે" આટલું બોલતા તે સ્ત્રી આક્રંદ કરવા લાગી. ભૈરવનું નામ સાંભળતા જ રામદેવજી ક્રોધનો આવેશ દર્શાવતા આકાશ સામે મીટ માંડી રહ્યા. મનમાં નિશ્ચય કરી લીધો કે આજે પ્રજાને પીડતા આ પાપના વૃક્ષને મૂળ સાથે ઉખાડી ફેંકવું છે. એક શબ્દ પણ બોલ્યા વિના માતાની ચરણવંદના કરી. તેમના આશીર્વાદ મેળવી વીર ગેડીઓ હાથમાં લઈ મહેલમાંથી નીચે ઉતર્યા. પોતાના મોટાભાઈ વીરમદેવજી તથા સૌ સખાઓને સાથે લઈ દૂર દૂર ભૈરવના નિવાસ જેવા વનમાં ગયા. ત્યાં જઈને ગેડીદડાની રમત શરુ કરી. રામદેવજીને આજે જુદી જ રમત રમવી હતી એટલે બોલ્યા :

"ભેરુઓ, આજની રમતમાં એક નવો નિયમ રાખવાનો છે. તે સૌ સાંભળી લ્યો. એ નિયમ એવો છે કે જેના હાથે દડી ખોવાય તેણે પોતે જ દડી શોધી લાવવાની રહેશે." સૌએ આ શરત પાળવા તૈયારી બતાવી. રમત શરુ થઈ એટલે લાગ જોઈને રામદેવજીએ એવી ગેડી ફટકારી કે દડી ક્યાં ગઈ તે કોઈ સમજી શક્યા નહીં. પોતે ગેડી ઉંચી કરતા બોલ્યા :

"ચાલો હવે ઘેર જઈએ. દડી વિના કેમ રમત આગળ ચાલે."

તેમની વાત સાંભળી સૌ બોલ્યા : "એવું ન ચાલે. તમે જ નિયમ બનાવ્યો અને તમે જ તે તોડો એ વાત ખરી નથી. તમારા હાથે દડી ખોવાઈ છે તો તમારે જ શોધી લાવી રમત ચાલુ રાખવી જોઈએ."

વિરમદેવજી બોલ્યા : "આપે બનાવેલ નિયમ અમારી ઉપર લાગુ કર્યો અને પોતાની વાત આવતા નિયમ તોડવાની વાત કરી તો હવે પછી અમે સૌ પણ તમારી આજ્ઞા નહીં માનીએ."

રામદેવજીને તો ભાવતું હતું ને વૈદ્યે તે ખાવાનું કહ્યું તેના જેવું થયું. બધા સાથે સંમત થતાં તે બોલ્યા :

"સારું ભાઈ, હું દડી લેવા જાઉં છું. પરંતુ મને શોધતા સમય લાગે અને હું મોડો પાછો ફરું તેમ પણ થાય. તમે બધા થોડો સમય રાહ જોઈ સૌ સૌના ઘરે જજો. આપણે આગળની રમત કાલે રમીશું."

સૌએ તેમ કરવા તૈયારી દર્શાવતા રામદેવજીએ ભાઈ વિરમદેવજીને કહ્યું : "ભાઈ, માતાજીને મારી

ચિંતા ન કરવા કહેજો. કદાચ હું સવારે પાછો આવું એમ પણ બને.”

આ રીતે ભૈરવવધ માટેનું કારણ ઉભું કરવા ગેડીદડાની રમતની લીલા રચી. સૌને રમતના બહાને રોકી રાખી પોતે એકલા જવાનો માર્ગ બનાવી લીધો. જેમ શ્રીકૃષ્ણ દડાના બહાને યમુનાજીના ધરામાં કાળિનાગને નાથવા કૂદી પડ્યા હતા તેમ રામદેવજી ભૈરવવધ માટે ઢૂંઢણવનમાં જવા તૈયાર થયા. ભૈરવ રહેતો તે ઢૂંઢણવનમાં રામદેવજીએ પ્રવેશ કર્યો ત્યારે સૌને ચિંતા થવા લાગી કે રામદેવજી પાસે આપણે શરત પળાવવાની જરુર નહોતી. આપણે રાજકુંવરને મોતના મુખમાં મોકલી દીધા. હવે કશું થઈ શકે તેમ નહોતું. તીર કમાનમાંથી છૂટી ગયું હતું. સૌ સારા એવા સમય સુધી રાહ જોઈને શહેર તરફ ચાલી નીકળ્યા. સૌને ચિંતા હતી પરંતુ સાથે સાથે વિશ્વાસ પણ હતો કે કુંવરમાં દૈવી અંશ છે તેમને કંઈપણ થાય નહીં.

ભૈરવ રાક્ષસનો પ્રજા ઉપર એટલો બધો ત્રાસ હતો કે ઢૂંઢણવનના રસ્તે કોઈ નીકળતું નહીં. કોઈને ખબર ન હોય તેવા વટેમાર્ગુ નીકળતા તો ભૈરવ તેમને કાળનો કોળિયો બનાવતો. તેના નામ માત્રથી આજુબાજુના ગામની પ્રજા થથરતી રહેતી.

રામદેવજી બાવા બાળનાથની મઢીએ પહોંચ્યા ત્યારે સાંજ પડવા આવી હતી. નીચા નમીને મઢીની અંદર પ્રવેશતાં જ સામે બાળનાથજીને બેઠેલા જોયા. રામદેવજીએ તેમને વંદન કર્યું. બાળનાથજીએ મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. ધીમે ધીમે સૂર્ય અસ્તાચલ તરફ જઈ રહ્યો હતો. બાળનાથજી સુંદર સ્વરુપના આ બાળકને જોઈને બોલ્યા :

“હે બાળક, તું કોણ છે ? અત્યારે સંધ્યા સમયે અહીં ક્યાંથી આવી ચડ્યો ? તું ક્યાંનો રહેનાર છે ? તારા માતા - પિતાનું નામ શું છે ?”

એક સાથે પૂછાયેલ બધા પ્રશ્નોના રામદેવજીએ વિવેકપૂર્વક મીઠી ભાષામાં જવાબ આપ્યા. ફરી બાળનાથજીને પાય લાગતાં કહ્યું : “રાત્રિ થવા આવી છે એટલે મને આજની રાત્રિ અહીં ગાળવાની રજા આપો. સવાર થતાં હું મારા માર્ગે ચાલ્યો જઈશ.” પોતાને ડર લાગતો હોય તેવો દેખાવ કરીને ફરી વિનંતી કરતા બાળનાથજીને લાગ્યું કે આમાં પણ કોઈ પ્રભુની મરજી સમાયેલ હશે તેમણે કહ્યું :

“ભલે બાળક રામદેવ !” મઢીના ખૂણામાં પડેલ એક ગોદડી બતાવતા આગળ કહ્યું : “પેલી ગોદડી ઓઢીને ખૂણામાં સૂઈ જા.”

રામદેવજી પગથી માથા સુધી ઓઢીને સૂઈ ગયા. ખરેખર તો ઉંઘવાનો ડોળ કરવા લાગ્યા.

થોડી રાત્રિ પસાર થતા જાણે કે વરસાદ ગાજતો હોય તેવો હડૂડાટ જેવો અવાજ સંભળાયો. તેને માણસના લોહીની ગંધ આવી જતી. તોફાનની જેમ તે બાળનાથજીની મઢી સુધી ધસી આવ્યો. બાળનાથજીએ રામદેવજીને ચેતવતા કહ્યું : “રાક્ષસ ભૈરવ આવી રહ્યો છે. જાગતો રહેજે એ માનવભક્ષી છે.”

રાક્ષસે આવીને મઢીનું દ્વાર ખોલી નાખતા કહ્યું : “અહીં તમારા સિવાય બીજું કોઈ માણસ છે. જલદી બતાવો મને ખૂબ ભૂખ લાગી છે.”

બાળનાથજીએ ઘણું કહ્યું કે અહીં કોઈ નથી પરંતુ ભૈરવ ન માન્યો ત્યારે તેમણે ઈશારાથી ગોદડી બતાવતા કહ્યું કે ત્યાં જોઈ જો."

ભૈરવે રામદેવજીએ ઓઢેલી ગોદડી ખેંચી ત્યાં જોવા પ્રયાસ કર્યો. તે જેમ જેમ ખેંચતો ગયો તેમ તેમ ગોદડી લાંબી થતી ગઈ. ભૈરવ થાકી ગયો. ગોદડીનો છેડો આવતો નથી. તેને ચિંતા થઈ કે આવું તો ક્યારેય બનતું જોયું નથી.

રાક્ષસનું બળ અને મનોબળ બધું તુટતું જોઈને રામદેવજી ગોદડી ફેંકી હાથમાં ખડગ લઈને લાલઘૂમ આંખ સાથે વીજળીના ચમકારા જેમ ઉભા થઈ ગયા. તેમનું પડછંદ શરીર અને આંખમાંથી નિકળતી ક્રોધની જ્વાળાઓ જોઈને ભૈરવ ભાગ્યો. બાવા બાળનાથજી તો શાંત ઉભા જોઈ રહ્યા. રામદેવજી ભૈરવની પાછળ દોડતા બોલ્યા : "ઉભો રહે દુષ્ટ ! તે અનેક નિર્દોષ લોકોને માર્યા છે. આજ તારા એ કૂકર્મોનું ફળ દેવા જ હું આવ્યો છું. આજે તારી શું દશા થાય છે તે જો."

ભાગતા ભૈરવના પગે ઘા કરી રામદેવજીએ તેને ભોંય પર પાડી દીધો. રાક્ષસની હિંમત જવાબ દઈ રહી. રામદેવજી ક્રોધના આવેશમાં લાલઘૂમ આંખો સાથે તેને ડારી રહ્યા. ભૈરવ ભયનો માર્યો થરથર ધ્રૂજી રહ્યો હતો. તે કરગરીને બોલ્યો : "હે નાથ ! આજે મારા આ પાપી જીવનનો ઉદ્ધાર થયો. કેટલાય વર્ષોથી હું પાપયુક્ત જીવન જીવતો હતો. આજ મને મુક્તિ મળશે. મારું આત્મસ્વરૂપ હું ભૂલી ગયો હતો. જગતના લોકોએ મને ખૂબ પજવ્યો હતો. આથી પૂર્વ અનુભવને લીધે હું આવો દુષ્ટ બની ગયો હતો. ઘાતકીપણું મારો સ્વભાવ નથી. પરંતુ જગતથી પીડાયેલો હું ઘાતકી બની ગયો. આજે આપના દર્શન થતા મારા પૂર્વ સંસ્કાર જાગી ગયા છે. હવે મને લેશમાત્ર પણ કોઈ માટે વેરઝેર નથી. મારા મનમાં માત્ર આપનું દિવ્ય સ્વરૂપ સ્થિર થઈ ગયું છે. આજ સુધી હું અંધકારની ગર્તામાં પડી સડી રહ્યો હતો. આપની દિવ્યજ્યોતિએ મને પ્રકાશ આપ્યો છે. આજે મારું મૃત્યુ નજીક આવ્યું ત્યારે મને સત્ય સમજાયું છે કે સંસારરૂપી બગીચામાં પ્રભુએ ઉગાડેલા ફળ-ફૂલને નુકસાન કરનાર ખરેખર તો પોતાની જાતને જ નુકસાન કરે છે."

રાક્ષસના શબ્દો સાંભળી રામદેવજીએ તેનો સંહાર ન કરતા અભયદાન આપ્યું. કારણકે પાપીને હણવા કરતા પાપને હણવું વધુ યોગ્ય છે એમ કઠોપનિષદ્ કહે છે. ભૈરવનું પાપ શમી ગયું હતું અને તે પાપમુક્ત બન્યો હતો. રાક્ષસને એક ઉંડા ભોંયરામાં ભંડારી તેના મુખ આડે વિશાળ શીલા ગોઠવી ત્યાં કેદ કરી દીધો. તેના ખોરાક-પાણીની વ્યવસ્થા કરવાનું વચન આપી પોતે બાળનાથજી પાસે આવ્યા. બાળનાથજીએ પ્રસન્ન થઈ રાજ્યમાં જવાની આજ્ઞા આપી. ભૈરવનો ત્રાસ બંધ થયાના સમાચાર સાંભળી પ્રજાજનો અત્યંત પ્રસન્ન થયા. રાજકુમારના પરાક્રમથી પ્રજાજનો તેનામાં રહેલા દિવ્ય ગુણોથી વધુ પ્રભાવિત થયા. રામદેવજીની દિવ્ય પ્રતિભાએ પ્રજામાં નવા પ્રાણ પુર્યા.

● ● ●

# રામદેવજી વિવાહ

જીવનના ચાર આશ્રમ શાસ્ત્રોએ વર્ણવ્યા છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યસ્તાશ્રમ. વિદ્યાભ્યાસ અને જ્ઞાન પ્રાપ્તિ અથવા જીવન કૌશલ્ય પ્રાપ્ત કરવામાં આ આશ્રમના ૨૫ વર્ષ પસાર કરવા જોઈએ તે છે બ્રહ્મચર્યાશ્રમ. ગૃહસ્થાશ્રમમાં વિવાહ સંબંધથી બંધાઈ સંસાર માંડી સંતાન અને સંપતિ માટે બીજા ૨૫ વર્ષ પસાર કરવા જોઈએ. ૫૦ વર્ષની વય થતાં સંતાનો પર ધીમે ધીમે જવાબદારી નાખી, સંપત્તિની યોગ્ય વ્યવસ્થા કરવામાં પછીના ૨૫ વર્ષ વાનપ્રસ્થ જીવન જીવવું જોઈએ. ભાગ્યવશ જીવનના આ ૭૫ વર્ષ પ્રભુકૃપાથી પસાર થઈ જાય તો આયુષ્યના બાકીના વર્ષો વ્યક્તિએ સંન્યાસ લઈ, સંસાર સાથેના સંબંધો આટોપી સંન્યાસી જીવન જીવવું જોઈએ.

શાસ્ત્રોના વિચાર મુજબ મનુષ્યને પ્રાપ્ત ૧૦૦ વર્ષના આયુષ્યનો આ રીતે ઉપયોગ કરવામાં આવે તો મનુષ્ય અવતાર ધન્ય થઈ જાય. મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. ૮૪ લાખ યોનીઓમાંથી કર્માનુસાર જન્મ ધારણ કરતાં કરતાં જે પુણ્ય સંચય થાય તે મુજબ મનુષ્ય જન્મ મળે છે. જ્યારે આવા એકસો મનુષ્ય જન્મના પુણ્ય એકઠા થાય ત્યારે સિદ્ધપુરૂષ કે અવતારી પુરૂષ તરીકે જગતમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. શાસ્ત્રાનુસાર એટલે જ દિવ્ય વિભૂતિઓ જગતમાં આવે છે. પોતાની દિવ્યતા દ્વારા અનિષ્ટનો નાશ કરી ઈષ્ટનું બળ વધારે છે.

સમયના વહેવા સાથે રામદેવજીની વય ૨૦ વર્ષની થાય છે. તેમના માટે ગૃહસ્થાશ્રમના વિષયમાં વિચારવાનો સમય આવવા છતાં તેઓને એવો કોઈ વિચાર સ્પર્શી શકતો નથી. તેઓ તો પોતાના જીવનકાર્યને લક્ષ્યમાં રાખી જનકલ્યાણના કાર્યમાં ઓતપ્રોત રહે છે.

યુગધર્મી પુરૂષોને આ જગતનાં સુખમાં વિશેષ રુચિ હોતી નથી, પરંતુ માનવજન્મ ધારણ કર્યા પછી સમાજમાં રહેવું આવશ્યક બની જાય છે. આવા પુરૂષોના વિવાહ દિવ્ય હોય છે. વાસના અને વિકાર રહિત રહેવા સાથે તેઓ સંસાર ધર્મને પણ વિવેકપૂર્વક સ્વીકારતા હોય છે.

બધાં જ સજીવોમાં ઈશ્વરે મનુષ્યને શ્રેષ્ઠ બનાવ્યો છે. મન, બુદ્ધિ અને આત્માના સંયોજનથી બનેલ મનુષ્ય જ્યારે બુદ્ધિ અને આત્માના સ્થાને મનની વાત માનવા લાગે છે ત્યારે તેનું પતન થાય છે. બુદ્ધિ અને આત્માને જાગૃત કરી જ્યારે તે મનને મારે છે ત્યારે જ સાચા અર્થમાં મનુષ્ય બની શકે છે.

મનુષ્યના અધઃપતનને રોકી તેનામાં ફરીથી માનવીય ગુણો રોપવા ઈશ્વર સ્વયં કે પછી તેના દિવ્ય સંદેશવાહકો આ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે.

રામદેવજીની ખ્યાતિ સારા યે પ્રદેશમાં વધતી ગઈ. મારવાડ-મેવાડના રાજા મહારાજાઓ પણ

રણુજા જેવા રામદેવજીએ વસાવેલા નાનકડા સુરાજ્યની નોંધ લેતા થયા. રાક્ષસ ભૈરવને વશ કર્યા પછી રામદેવજીએ પોકરણને બદલે રણુજા વસાવી ત્યાં પોતાનો નિવાસ કર્યો છે.

હવે તેમના જીવનમાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો સમય આવી રહ્યો છે. ઉપરકોટના સોઢા રજપૂતો સુધી તેમની પીરાઈની વાત પહોંચી. આ રજપૂતો અહંકારી અને અભિમાની હોવાથી રામદેવજીની કીર્તિ સહી શકતા નહોતા. આ સોઢા કુટુંબમાં નેત્રાદે નામની એક અષ્ટવૃક કુંવરીનો જન્મ થયો હતો. મથુરાની કુબ્જાની જેમ તેનું શરીર બેડોળ હતું. સોઢાઓને ચિંતા હતી કે આ કન્યાનું કોણ વરણ કરશે ? શ્રીકૃષ્ણે જેમ કુબજાનો ઉદ્ધાર કર્યો હતો તેમ તેના ભાગ્ય મુજબ જે થવાનું હશે તે થશે. એવું સાંત્વન લઈ આ કન્યાને ઉછેરતા હતા. રામદેવજીની પીરાઈની વાત સાંભળી અહંકારી સોઢાઓના મનમાં એક વિચાર આવ્યો.

એક વૃદ્ધ વડીલ બોલ્યા : "ભાઈઓ, આપણી કન્યા વિવાહ માટે યોગ્ય થઈ છે. તેનું શ્રીફળ લઈને રામદેવજી પાસે જઈએ. જો તે પ્રતાપી હશે તો આપણું વચન સાંભળશે. જો પાછું ઠેલશે તો તેની પીરાઈની કસોટી થઈ જશે."

વૃદ્ધની વાત સાંભળી સોઢાઓ આનંદમાં આવી ગયા. તેના ઉપર અમલ કરવા પાંચ સોઢાઓ ઘોડા ઉપર સવાર થઈ રણુજા તરફ રવાના થયા.

રામદેવજી પોતાના રોજના ક્રમ મુજબ રોઝા ઘોડા ઉપર સવાર થઈ સૂર્યોદય થતાની સાથે જ રાજ્યની વાડી તરફ જવા નીકળ્યા. વાડીએ પહોંચી રોઝાને ઝાડ સાથે બાંધી જાજમ બિછાવી આરામથી બેઠા. થોડીવાર થતાં દૂરથી ધૂળની ખેપટ ઉડતી દેખાઈ. નજીક આવતા જોયું તો પાંચ ઘોડે સવાર આવી રહ્યા હતાં. રામદેવજી સમજી ગયા કે આ સોઢા રાજપુતો આવી રહ્યા છે. નજીક પહોંચતા તેમને આદરપૂર્વક સત્કારી યોગ્ય આસન પર બેસાર્યા. સોઢાઓના અહંકારી સ્વભાવને જાણતા તેમના રાજીપા માટે સામસામા કસુંબા લીધા. રામદેવજીએ પુછ્યું : "શું કામ અંગે રણુજા પધારવાનું થયું છે ? કે પછી ક્યાંય આગળ જઈ રહ્યાં છો ?"

સોઢાઓ પ્રશ્ન સાંભળી એકબીજાની સામે જોવા લાગ્યા. એટલે રામદેવજી બોલ્યા : "જે કહેવાનું હોય તે વાત કરો. હું તમને વચન આપું છું કે મારાથી થઈ શકે તેવું કામ હશે તો તમારું કામ કરી આપવામાં મને આનંદ થશે."

રામદેવજીની વિવેકપૂર્ણ વાણી સાંભળી સોઢાઓને શાંતિ મળી. અહંકાર ઓગળી ગયો અને રામદેવજી માટે આદર પ્રગટ થયો. સૌ તેમને મનોમન વંદી રહ્યા. મોવડી સોઢાએ વાતની શરૂઆત કરતાં કહ્યું :

"પ્રભુ, અમે સાંભળ્યા મુજબ આપ દીન - દુઃખીના બેલી છો. અમારું દુઃખ આપ સરળતાથી દૂર કરી શકો તેમ છો. અમારી કન્યા નેત્રાદે હવે વિવાહ યોગ્ય થઈ છે. અમારી ઈચ્છા છે કે આપ તેનું શ્રીફળ સ્વીકારો."

સોઢાઓની આ ઈચ્છા તો રામદેવજી તેઓ આવ્યા ત્યારે જ જાણી ગયા હતા. પોતાના કુળ અને વ્યક્તિત્વને શોભે તેવો જવાબ આપતા બોલ્યા :

"આ નિર્ણય વડીલોને કરવાનો હોય છે. તમે મહેલ પર જઈને આ વાત પિતાજીને કરો ત્યાં હું વાડીના જરુરી કામની સૂચના અહીંના માણસોને આપી મહેલે આવું છું."

સોઢાઓ રાજદરબાર તરફ ઘોડા હંકારી ગયા. રાજાજી તથા અન્ય દરબારીઓ તેમને આવતા જોઈ આશ્ચર્ય પામ્યા. સૌને મળી ખબર અંતર પૂછ્યા. સૌ તેમના આવવાનું કારણ જાણવા ઉત્સુક હતા. દાદા રણસિંહજીએ જે હોય તે વાત કરવા સોઢાઓને કહ્યું. એટલે મુખ્ય સોઢાએ ઉભા થઈને તેમના આવવાનું કારણ વિવેક સાથે વિગતવાર વર્ણવ્યું. આ વાતચીત ચાલતી હતી ત્યાં રામદેવજી રાજદરબારમાં પ્રવેશ્યા. તેમના પ્રવેશથી દરબારીઓના હૈયા હરખી ઉઠ્યા. સૌને થયું કે હવે સોઢાઓ ઘડીપળ પણ ઉભા નહીં રહે. વાતવાતમાં કોઈ અપમાન જેવું લાગશે તો આ તુમાખીથી ભરેલા સોઢાઓ સાથે ઝગડો પણ મંડાઈ શકે. રાજાએ દરબારમાં પ્રવેશી રહેલા રામદેવજી સામે દૃષ્ટિ કરી તો તેમણે સાનમાં આ સંબંધને સંમતિ આપવા સમજાવી દીધું. રાજાજીએ કહ્યું : "ભાઈઓ, અમને આ સંબંધ મંજૂર છે."

રાજાજીના આ શબ્દો તેમના મુખમાંથી નિકળતા જે સૌ દરબારીઓના હૈયા આનંદથી નાચી ઉઠ્યા. સગપણનાં શ્રીફળની આપ - લે થઈ. નોબત - નગારા અને શરણાઈઓ ગાજી ઉઠી. સમગ્ર પ્રજાજનોને નગરમાં જાણ થતા ઉત્સવ જેવું વાતાવરણ રચાઈ ગયું.

શ્રીફળનો સ્વીકાર થવા છતાં સોઢાઓના મનમાં શંકા હતી કે કન્યાની ખોડખાંપણની જાણ થઈ જાય અને કોઈ વિઘ્ન ઉભું થાય તો ? એટલે ઘડિયા લગ્નનું મૂહુર્ત પણ જોવડાવીને જાહેર કરી દેવામાં આવ્યું.

ટુંકા સમયમાં જેટલું સુશોભન થઈ શકે તેટલું રાજદરબાર અને સમગ્ર નગરમાં થવા લાગ્યું. રામદેવજીના બહેન સગુણાબહેનને પીંગળગઢ પરણાવ્યા હતા. બહેન માટે રામદેવજીને અતિશય પ્રીતિ હતી. તેમણે તેમને વચન આપ્યું હતું કે તમારા આવ્યા પહેલા મારા લગ્ન નહીં થાય. રામદેવજીએ રાયકા અને સમરથગોરને સાંઢણી લઈ બહેનને તેડવા પીંગળગઢ રવાના કર્યા. સાસુ - સસરાએ બહેનને મોકલવામાં થોડી આનાકાની કરી પરંતુ રામદેવપીરની પીરાઈને કારણે છેવટે રજા આપી. રાયકો અને સમરથગોર સાથે રણુજા આવતા હતા, ત્યારે રસ્તામાં લૂંટારાઓએ તેમને લૂંટી લીધા. બહેને આ ઘટનાથી દુ:ખી થઈ રામદેવજીને પોકાર કર્યો. રામદેવજીએ તેમને અદૃશ્ય સહાયતા કરી અને લૂંટારાઓ પાસેથી તેમનો લૂંટાયેલ માલ પાછો અપાવ્યો. બહેનની વ્હારે આવેલા ભાઈની આ ઘટનાથી પીરની પીરાઈમાં વધુ એક ઘટના ઉમેરાઈ. ઉપરકોટના સોઢાઓએ ટુંકા સમયમાં પ્રસંગની તૈયારી કરી લીધી. લગ્નનો દિવસ આવી ગયો.

સૌ ઉત્સુકતાથી જાનની રાહ જોઈ રહ્યા હતા. જાન આવી પહોંચતા સામૈયા થયા. મંગળગીતો ગવાયા. ખૂબ ધામધૂમથી પ્રસંગની ઉજવણીમાં કોઈ ખામી ન રહે તેવી સુંદર વ્યવસ્થા સાથે લગ્ન સમારંભ

શરુ થયો.

રાજ્યપુરોહિત લગ્નના દિવ્ય સંસ્કારને રાજ્યને છાજે તેવા વ્યવહારો સાથે એક પછી એક વિધિ આટોપવા લાગ્યા. રામદેવજી તો સત્ય જાણતા હતા. 'કન્યા પધરાવો સાવધાન' કહેવાયું. કન્યાના મામા કન્યાને લગ્નમંડપમાં દોરી લાવ્યા. સોઢાઓના હૃદય ઘડીભર ધબકારો ચુકી ગયા. અષ્ટવક્રા કન્યાને જોઈ લગ્નમાં કોઈ વિઘ્ન તો નહીં આવે ને ? પરંતુ એવું કશું જ ન થતા તેમણે રાહત અનુભવી. હવે સૌને રામદેવજીની પીરાઈનો એક નવો ચમત્કાર જોવાનો હતો. એક પછી એક ધાર્મિક વિધિઓ ચાલતી ગઈ. વર - કન્યાની છેડાછેડી બાંધવાનો ક્રમ આવ્યો. જેવી છેડા છેડી બંધાઈ કે સૌના આશ્ચર્ય વચ્ચે નેત્રાદેના અષ્ટાવક્ર શરીરમાં ચમકારો થયો. નેત્રાદેની શારીરિક ખોડ અદશ્ય થઈ ગઈ અને તેમનું શરીર સર્વાંગ સુંદર લાવણ્યથી દૈદિપ્યમાન બની ગયું. લગ્નમાં હાજર સૌ માંડવીયા, જાનૈયા અને તમામ ઉપસ્થિત લોકો આ ચમત્કાર જોઈને દંગ થઈ ગયા.

લગ્નના ફેરા ફરવાનું શરૂ થયું. બે ફેરા પુરા થતાં જ રામદેવજીનું મન ઉદાસ થઈ ગયું. કોઈ અમંગળની આશંકા જન્મવાથી તેમણે સોઢાઓને કહ્યું : "મારા ઘેર બધુ કુશળ નથી. તમે મને રજા આપો મારે જવું પડશે." સોઢાઓ તેમના શબ્દો સમજીને અને તેમની પ્રભુતાનો ચમત્કાર જોઈને કશું બોલી ન શક્યા.

રામદેવજી મારતે ઘોડે રણુજા જવા નીકળી ગયા. રણુજા પહોંચીને મૃત્યુ પામેલ ભાણેજને સજીવન કરી બહેનને પુત્ર વિયોગના દુઃખમાંથી મુક્ત કર્યા. પોકરણનું રાજ્ય ભાણેજ ગગુભાને આપ્યું.

રામદેવજી પોતાના જીવનકાર્ય દ્વારા લોકોના દુઃખ દૂર કરી સુખ - શાંતિ પ્રદાન કરવા અવતાર ધારણ કરીને આવ્યા હતા. તેમના જીવનની ચમત્કારિક ઘટનાઓ અને તેમનું દૈવી સામર્થ્ય તેમના જીવનકાળ દરમ્યાન લોકો અનુભવતા રહ્યા. તેમની કૃપા જ્યાં જરુરિયાત હોય અને શ્રદ્ધા હોય ત્યા અનાયાસે જ વરસતી.

સંસાર ધર્મનું પાલન કરવા નેત્રાદે સાથે લગ્નગ્રંથીથી જોડાઈને જીવનમાં દાંપત્ય, પ્રસન્ન દાંપત્ય પણ અનિવાર્ય છે એવું દર્શાવાયું. ઈશ્વરે રચેલ સૃષ્ટિને સમતોલ રાખવા, સતત વિકસતી અને સાતત્યપૂર્ણ રાખવા, પુરુષ અને પ્રકૃતિનું મિલન આવશ્યક છે. સુખ - દુઃખ મિશ્રિત માનવ જીવનમાં સુખ સાથે જોડાયેલા રહી દુઃખની નિવૃત્તિ કેવી રીતે થઈ શકે તે પોતાના જીવન દ્વારા સમજાવ્યું.

અન્યાય અને શોષણથી ખદબદતા સમાજમાં આવશ્યકતા હોય ત્યાં અણીના સમયે મદદ કરતા રહ્યાં.

રામદેવજીના હેલામાં આ બાબત સરસ રીતે વણેલી જોઈ શકાય છે. કપાયેલા મસ્તકને જોઈ વિલાપ કરતી વેપારીની પત્નીનું સૌભાગ્ય પાછું આપ્યું અને હત્યારા, લૂંટારાઓને યોગ્ય સજા આપી. આવી અનેક સત્યને પડખે ઉભા રહ્યા અંગેની ઘટનાઓ આપણે જાણીએ - સાંભળીએ છીએ. પ્રભુના દિવ્ય અંશ તરીકે પૃથ્વી ઉપર આવતા આવા દેવદૂતો જ જગતને જીવવા જેવું રાખે છે.

દાંપત્યમાં પ્રવેશ કરીને રામદેવજીએ એક કુરુપતાનો અભિષાપ લઈને જન્મેલી સંસ્કારી પ્રકૃતિને યોગ્ય સ્થાન આપી આપણને દર્શાવ્યું કે બાહ્ય સ્વરૂપ મહત્વનું નથી. કોઈપણ વ્યક્તિના આંતરિક સ્વરુપને મહત્વ આપવું જોઈએ.

મનુષ્ય જીવનમાં જે તે વ્યક્તિનું આંતરિક સ્વરુપ જ મહત્ત્વનું છે. જે વ્યક્તિ આંતરિક રીતે સમૃદ્ધ હોય તેને બાહ્ય બાબતો સ્પર્શી શકતી નથી.

● ● ●

## ચોપાટની રમત

ઈશ્વરે બનાવેલ આ સમગ્ર વિશ્વ એક મોટી ચોપાટ જેવું છે. ચોપાટની રમત રમતા ચોપાટ રસિયાઓએ કદાચ સૃષ્ટિમાંથી પ્રેરણા લઈને આ રમત બનાવી હશે. ચોપાટમાં જેમ રંગબેરંગી સોગઠાઓ અને પાસાઓ હોય છે તેમ સૃષ્ટિમાં તેથી અનેકગણું વૈવિધ્યપૂર્ણ આયોજન જોવા મળે છે. ચોપાટની રમત તો તેનો માત્ર નાનો એવો નમૂનો જ છે. અનેક પ્રકારના લોકો, અનેક પ્રકારના દાવ સતત ખેલતા રહે છે. જ્યારે દાવ સફળ થાય ત્યારે આનંદ પામે છે અને દાવ નિષ્ફળ નિવડે ત્યારે દુઃખ અને શોક પામે છે. સંસારની આવી રમતનું માણસને ખૂબ આકર્ષણ છે. જેમ ચોપાટની રમતમાં રસ પડે તેમ ભગવાને રચેલ આ સૃષ્ટિની ચોપાટમાં પણ માણસ ગળાડૂબ રહે છે. જો પ્રભુએ આવી વ્યવસ્થા ગોઠવી તેમાં રસ ન મૂક્યો હોત તો જીવન કંટાળાજનક બની જાત.

ઈશ્વરે મનુષ્ય ઉપર એક બીજો ઉપકાર પણ કર્યો છે. આ ઉપકાર એટલે ભૂલી શકવાની શક્તિ. સમયનું પરિવર્તન પછી ભલે તે સારું કે ખરાબ હોય તેને સ્વીકારી લેવા સિવાય માણસના હાથમાં કશું જ નથી. “દુઃખનું ઓસડ દહાડા” કહેવત મુજબ ગમે તેવા દુઃખનું સમય જતાં વિસ્મરણ થઈ જાય છે. એ પ્રભુની મનુષ્ય ઉપર મોટી કૃપા છે. સારા સમયની મનમાં સચવાઈ રહેલી સ્મૃતિઓને વાગોળીને પણ માણસ દુઃખનો સમય પસાર કરી જાય છે.

જીવનની જેમ ચોપાટની રમત પણ ખૂબ આનંદ આપનાર છે. હાર - જીત પણ જાણે યુદ્ધની હાર - જીત હોય તેવો આનંદ રમનારને મળે છે. મહાભારત કાળ અને તે પહેલાના સમયથી આ રમત રાજા - રજવાડા અને જન સાધારણમાં ખૂબ જ લોકપ્રિય રહી છે.

રામદેવજીને ત્રણ બહેનો હતા. લાસા, લક્ષ્મી અને સગુણા. સગુણા સૌથી નાના બહેન હતા. માતા - પિતા અને બંને ભાઈઓને સગુણા બહેન માટે ખૂબ જ સ્નેહ હતો.

રામદેવજીના લગ્ન પ્રસંગે સગુણા બહેનને આનાકાની સાથે લગ્નમાં મોકલેલા અને તુંવરકુળ માટે અપમાનજનક શબ્દો ઉચ્ચારેલા એટલે બહેનને પિંગળગઢ મોકલ્યા નહીં. પોતાના ભાણેજને પોકરણગઢનું રાજ્ય આપી બહેનને ત્યાં વસાવ્યા. બાવા બાળનાથજીની સ્મૃતિમાં રામદેવજીએ જંગલમાં રણુજા વસાવી ત્યાં રાજધાની બનાવી. સુંદર તળાવ - વાવ - બગીચાથી ધીરે ધીરે રણુજાને વિકસાવ્યું.

મારવાડમાં અનેક નાના - મોટા રાજ્યો ત્યારે હતા. આ બધામાં રણુજાની નોંધ લેવાતી થઈ. ધીમે ધીમે રાજા અને રાજ્યની કીર્તિ વધતી ચાલી. આમ થવાથી કેટલાક મોટા અને ગર્વિષ્ઠ રાજવીઓ રામદેવજીની ઈર્ષ્યા કરવા લાગ્યા. કોઈ કોઈ તેમની પીરાઈની કસોટી કરવાના પ્રયત્નો પણ કરતા. છેવટ તે

બધાને જે અનુભવ થતો તેના કારણે રામદેવજીના પરમભક્ત બની જતાં.

સાધુ, સંતો તેમજ ધર્મપ્રેમી સાધકો અને લોકોને તો રણુજા સાથે એવો નાતો જોડાઈ ગયો કે રણુજા જાણે તેમનું પિયર હોય. આમ રણુજાની ધજા નીચે સજ્જનો અને ભક્તોનો સમુદાય નિર્ભય બની ધર્માચરણની વિદ્યા શીખવા અને જીવવા લાગ્યો. જીવનમાંથી મુક્તિ અપાવનાર રણુજા જાણે કે શ્રીકૃષ્ણની દ્વારિકાપુરી હોય તેવું સ્થાન ભોગવવા લાગ્યું. તેના રાજા રામદેવજી તેના રક્ષક હતા અને સમગ્ર પ્રજા તેમના શિરછત્ર નીચે સુરક્ષિત હતી.

આવા રણુજામાં રામદેવજી રાજમહેલની દોઢીમાં સૌ ડાયરા સાથે ચોપાટની રમત આદરીને બેઠા છે. ઉનાળાના લાંબા અને કંટાળાજનક દિવસોને પસાર કરવા આ રમત રમવામાં આવે તો સમય પસાર કરવો સહેલો બની જાય છે. ડાયરો રંગમાં છે. પાસાઓ ફેંકાય છે અને વાહવાહીના અવાજોથી દોઢી ગાજી ઉઠે છે. જેના પાસા પોબાર પડે તેને સૌ બિરદાવે છે. કોઈવાર વિરમદેવજી કોઈવાર હરભુજીને તો કોઈવાર બારહટ્ટ શેષમલજીને ડાયરો પાણી ચડાવતો રહે છે.

શેષમલજીએ પાસા ફેંક્યા અને તેમના પાસા પોબાર પડતા સૌએ આનંદની કિલકારીઓ કરી. બધાં આનંદ પામ્યા પણ શેષમલજી કશું બોલ્યા નહીં. વિચાર કરીને પછી તેમના મુખમાંથી શબ્દો સર્યા.

"ભાઈઓ, હરખાવમાં હજી બાવાનો દાવ બાકી છે."

સૌએ કહ્યું : "બાવા, શું કરશે તમારા દાવનું હવે કોઈ મારણ નથી."

આ સાંભળીને શેષમલજીએ કહ્યું : "ભાઈઓ, સાંભળો વામન ભગવાને ત્રણ ડગલામાં પૃથ્વી માપી લીધી હતી. વરાહ ભગવાન પૃથ્વીને સમુદ્રમાંથી બહાર લઈ આવ્યા હતા. કૂર્મ ભગવાને મેરુ પર્વતનો રવૈયો પીઠ પર રાખી દેવ - દાનવ પાસે સમુદ્રમંથન કરાવ્યું હતું. એજ રીતે આપણે સૌ જાણીએ છીએ કે નૃસિંહ ભગવાન, રામચંદ્રજી, શ્રી કૃષ્ણ ભગવાને શું કર્યું હતું ! ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ હલતું નથી. જ્યારે આપણે થોડું કંઈ કરીએ ત્યા અભિમાન કરવા મંડી પડીએ છીએ."

શેષમલજીની વાત સાંભળી ડાયરાના મોં સિવાઈ ગયા અને સૌ મરક મરક હસવા લાગ્યા. શેષમલજીને થયું કે તુંવરાઓ પણ અભિમાની થતા જાય છે. જીવનમાં પ્રાપ્ત થયેલ સફળતા પણ નિષ્ફળતામાં ફેરવાતા વાર લાગતી નથી.

શેષમલજી બોલ્યા : "સાંભળો, બાવા સાથે એક વખત હું સાંજના સમયે ફરવા જઈ રહ્યો હતો. નગરની બહાર નીકળવા જતા દરવાજા પાસે ધમળા શહેરનો વાણિયો બેઠો હતો. આ વાણિયો આંધળો હતો. દૃષ્ટિથી તે જોઈ શકતો ન હોવાથી તેણે આસપાસ રમતા બાળકોને કહી રાખ્યું હતું કે બાવા, અહીંથી નીકળે ત્યારે મને કહેજો. મારે તેમનું કામ છે. હું તમને સૌને રાજી કરીશ." આથી બાવાને આવતા જોઈ બાળકોએ અંધ વાણિયાને કહ્યું કે "બાવા આવી રહ્યા છે."વાણિયાએ બાળકોને પાઈ - પૈસો આપી રાજી કર્યા. બાવા નજીક આવતા તેણે તેમના પગ પકડી લીધા.

અચાનક તેને બાવાના પગ પકડતા જોઈ બાવા બોલ્યા.

"વાણિયા, તારે શું જોઈએ છે ? મારા પગ કેમ પકડે છે ?"

ત્યારે ચતુર વાણિયો બોલ્યો : "બાવા, ત્રીજા માળની મેડીએ વચેટ દિકરાની વહુને સોનાની ગોળીમાં છાસ વલોવતી જોવાની મારી ઈચ્છા છે."

આમ, વાણિયાએ એક સાથે અનેકગણું માંગી લીધું. પ્રથમ તો તેની દૃષ્ટિ આવે તો જ તે પુત્રવધુને જોઈ શકે. બીજું વચેટ દિકરાની વહુને જોવાનું કહ્યું અર્થાત્ ત્રણ દિકરાઓ માંગી લીધા તેમજ સોનાની ગોળીમાં છાસ વલોવતી પુત્રવધુને જોવાની ઈચ્છા કરીને ધન - દોલત અને સમૃદ્ધિ પણ માગી લીધી. આપણામાં લોકવાયકા છે કે 'વાણિયો ડાહ્યો અને વાણિયાણ ગાંડી.' બીજી લોકવાયકા એ પણ છે કે 'ભરવાડ ગાંડો અને ભરવાડણ ડાહી' આ બધી લોકવાયકાઓ અનુભવમાંથી જન્મે છે. વાણિયાની ચતુરાઈપૂર્વક માંગણી સાંભળી બાવા હસ્યા અને બોલ્યા : "જા એમ જ થશે પરંતુ મારા પગ મુકી દે."

વાણિયો બાવાના પગ મૂકી બે હાથ જોડી વંદન કરતા એક બાજુ ખસી ગયો. અમે આગળ વધ્યા ત્યારે બાવા બોલ્યા :

"વાણિયો ચતુર ઘણો પણ તેની શ્રદ્ધાના આપણે વખાણ કરવા જોઈએ."

આ શ્રદ્ધાના પરિણામે ધમળા શહેરનો એ વાણિયો આજે ધનમલ શેઠ તરીકે ઓળખાય છે અને લાખોમાં રમે છે તે તમે સૌ શું નથી જાણતા ?"

શેષમલજીની વાત પૂરી થતા બાવા બોલ્યા :

"હવે એ બધી વાત છોડો શેષમલજી, બહુ વાર થઈ ગઈ, બહુ વાર થઈ ગઈ. હમણાં બીચારો બુડી જશે."

બાવાના મુખેથી નિકળેલા આ શબ્દો કોઈ સમજે તે પહેલા શેષમલજીએ કહ્યું : "હાં, બાવા ફેંકો પાસા"

"લ્યો ત્યારે શેષમલજી" કહીને બાવાએ પાસા ફેંક્યા.

પાસા તો પટમાં પડ્યા પણ સાથોસાથ સમુદ્રના ફીણથી ભરેલું પાણી બાવાની બાંયમાંથી ચોપાટ ઉપર ઢોળાયું. ચોપાટ પલળી ગઈ. આ દૃશ્ય જોઈને શેષમલજી સમજી ગયા. સહુનું આ ઘટના પર ધ્યાન દોરતા બોલ્યા :

"લ્યો ત્યારે જુઓ, એક જ પાસામાં બાવાએ પરિણામ લાવી દીધું."

"પણ શેષમલજી, આ દાવમાં કંઈ સમજાયું નહીં, ભાઈ રામદેવજી કંઈ છુપા ખેલ ખેલે છે." વિરમદેવજીએ કહ્યું.

"બાવા, આમાં કોઈને કાંઈ સમજાણું નહીં. કંઈ સમજાય તેવું કહો તો ઘેડ બેસે." હરભુજી બોલ્યા.

હરભુજી રામદેવજીના માસિયાઈ ભાઈ હતા.

"ચાલો ભાઈઓ. હવે બહુ મોડું થયું છે. આ વાતની સમજણ ધનમલ શેઠ આવીને વાત કરશે ત્યારે પડશે."

રામદેવજી આમ કહી હરભુજીને સાથે લઈ ફરવા નીકળી ગયા. બંનેના અશ્વો ઘડીક ધીમે તો ઘડીક પૂરપાટ ચાલ્યા જાય છે. બંને કોઈ વિષય મળતાં વાતચીત કરતાં ખુલ્લા પ્રદેશ અને ઝાડીઓ વચ્ચેથી પસાર થઈ રહ્યાં છે. એકાએક રામદેવજીએ લગામ ખેંચી ઘોડાને ઉભો રાખ્યો. હરભુજીએ પણ પોતાનો અશ્વ ઉભો રાખ્યો. તેમને એકાએક ઉભા રહેવાનું કારણ ન સમજાયું, પરંતુ તેઓ કંઈ પ્રશ્ન કરે તે પહેલા બાવાએ આંગળી ચિંધી એક વૃક્ષ દેખાડતાં ત્યાં તપાસ કરવાનું કહ્યું.

હરભુજીએ ત્યાં જઈને જોયું તો એક નાનકડું બાળક ઝાડની બખોલમાં પડ્યું પોતાનો અંગૂઠો ચૂસતા ઘૂઘવાટ કરતું રમતું હતું. હરભુજી આ દૃશ્ય જોઈ આશ્ચર્યમાં પડી ગયા. પ્રભુએ અંગૂઠામાં એવો તે કેવો સ્વાદ મૂક્યો છે કે કોઈપણ બાળક અંગૂઠો ચૂસ્યા વિના મોટું થઈ ગયું હોય તેવું જાણમાં નથી. હરભુજીએ ત્યાં નાનકડું બાળક હોવાની જાણ રામદેવજીને કરી. રામદેવજીએ બાળકને તેડી લાવવાનું કહી તેનું ભવિષ્ય જાણી લીધું. બાળકને તેડી લાવતા હરભુજી વિચારવા લાગ્યા કે આ બાળકનું બાવા શું કરશે ? બરાબર આજ સમયે રણુજાનો એક મેઘવાળ ત્યાંથી પસાર થતો હતો. આ મેઘવાળ નિઃસંતાન હતો. બાવાએ તેને ઉભો રાખતા કહ્યું : "મેઘવાળ, પ્રભુ તને સંતાન આપે તો તને કેવું લાગે ?" આવું સાંભળતા મેઘવાળ તો ખુશી થઈ જતાં બોલ્યો :

"તો તો બાપુ મારા ઘણા દિવસના ઓરતા પુરા થાય. કુટુંબના સૌના આનંદનો પાર ન રહે."

"તો લે મેઘવાળ." એમ કહેતા બાવા આગળ બોલ્યા : "પ્રભુ તને કન્યા આપે છે. હવે તું દીકરીવાળો થયો. તારું વાંઝિયામેણું ભાંગી ગયું. પરંતુ હું તને જે કહું તે બરાબર ધ્યાનથી સાંભળ. આ દીકરીને તું કંઈપણ ખવરાવીશ નહીં. તે પોતાનો અંગૂઠો ચૂસીને આપોઆપ મોટી થશે. આ બ્રાહ્મણની પુત્રી છે માટે અભડાવીશ નહીં વૃક્ષની ડાળના પોલાણમાંથી મળી એટલે તેનું નામ ડાળીબાઈ રાખજે. તે આઠ વર્ષની થાય ત્યારે જગ્યામાં આવી મૂકી જજે."

"ભલે બાવા જેવી આજ્ઞા" મેઘવાળનો તો આનંદ ક્યાંય સમાતો નહોતો. તે આ નાનકડી બાળકીને લઈ ઉતાવળે પગલે તેના ઘર તરફ ચાલતો થયો. ક્યારે ઘેર પહોંચીને સૌને આ સમાચાર આપું એવી ઉત્સુકતાએ તેના પગમાં જોર પુરી દીધું હતું.

બાવાએ ફરી પોતાનો રોઝો અશ્વ મારી મૂક્યો. હરભુજી પણ પોતાના અશ્વ સાથે તેમને અનુસર્યા.

ઘણા સમયથી હરભુજી અવાર - નવાર બાવા સાથે ફરતા હોવાથી બાવાના જીવનના ઘણા ચમત્કારીક પ્રસંગોથી તેઓ પુરા માહિતગાર હતા. તેમને રામદેવજીમાં સાક્ષાત પ્રભુના દર્શન થતા. બાવા વિના તેમને ચેન પડતું નહીં. બે - ત્રણ દિવસે પોતે રણુજા આવે અથવા બાવા રોઝા પર સવાર થઈ પોતાના

માસિયાઈ ભાઈની પરોણાગત માણવા તેમના ગામ ખેરકર પહોંચી જાય. આમ બંને ભાઈઓ વચ્ચે અતિશય પ્રેમ હતો. હરભુજીના મનમાં વિચાર આવ્યો કે બાવા જગતમાં ન સમજી શકાય તેવા કેટલા ખેલ ખેલે છે ! કોઈ વખત મને જણાવ્યા વિના આ જગતમાંથી જતા રહે તો મારી શું સ્થિતિ થાય !''

આવો વિચાર આવતા જ હરભુજીએ લગામ ખેંચી પોતાના અશ્વને ઉભો રાખ્યો. અશ્વ પરથી ઉતરી જમીન ઉપર જાજમ બીછાવી. બંને ભાઈઓએ તેના ઉપર બેસી હેતથી કસુંબો લીધો. બાવા ઉપર પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાખતા હરભુજી બોલ્યા : "બાવા, તમારી રમત સમજી શકાતી નથી.'' બાવા તેમના મનના વિચાર જાણી ગયા. તેમની શંકાનું નિવારણ કરતા બોલ્યા :

"ઓહો... હરભુજી ! તમને કેમ લાગ્યું કે હું તમને છેતરીશ. જે પ્રેમથી તમે મને કસુંબો પીવરાવો છો. તેવા જ પ્રેમથી તમને કસુંબો પીવરાવીશ. ત્યાર પછી જ હું મારી બાજુ સંકેલીશ. બોલો મારું આ વચન છે હવે કાંઈ...?''

"બસ બાવા બસ ! મારા ઉપર બહુ મોટી કૃપા કરી. ઘણી ખમ્મા રણુજાના રાયને...'' બાવાના શબ્દો સાંભળીને હરભુજીના રૂંવે રૂંવે આનંદના દિવા પ્રગટ્યા.

બંને ઘોડા ખેલવતા ફરીને પાછા વળ્યા. સાંજે મશાલ સળગાવવાનો સમય થવા આવ્યો. રસ્તામાં મક્કા અને મદીનાના ઓલિયા ફકીરોનો સમૂહ સામે મળ્યો. પીર- ફકીરોની બાવાને મળવાની ઈચ્છા બાવા સમજી ગયા. સામ-સામા એક બીજાને સલામ-જુહાર કરી સાથે સાથે સત્સંગવાર્તા કરતા સૌ રણુજા પહોંચ્યા.

ત્યાં પહોંચતા જ રામદેવજીએ સવા હાથની જાજમ બિછાવરાવી. પાંચ, દસ, પચ્ચીસ, પચાસ કરતાં ઓલિયાઓનો આખો સમૂહ જાજમ ઉપર બેઠો તો પણ જાજમ સવા હાથ ખાલી રહી ! મોટી દેગ ચૂલા ઉપર ચડાવી તેમાં સવાશેર ચોખા રાંધવા મૂક્યા. બધા જમી રહ્યા તો પણ સવાશેર વધ્યા. કોઈએ જુદા જુદા પકવાન ખાવાની ઈચ્છા કરી તો તેમને પસંદગીના પકવાન મળ્યા. રામદેવજીએ પોતાના હાથ લંબાવતા એક મુલતાન અને બીજો મક્કા - મદીના સુધી લંબાયો.

આ બધી ઘટનાઓથી પીરો આશ્ચર્ય સાથે પ્રસન્નતાનો અનુભવ પામ્યા. આખી રાત્રિ પીરોએ ખુદાની બંદગીમાં પસાર કરી. બાવાએ પરોઢ થતા સુધીમાં પીરોની ઈચ્છા પૂરી કરવાનો નિર્ણય કરી લીધો હતો. પરોઢ થતાં બાવા દોઢીમાં આવી ઉભા રહ્યાં. બાવાની સૂચનાથી પાંચ હાથની જાજમ બિછાવવામાં આવી. બધા જ ઓલિયા અને ડાયરો બેસવા છતાં જાજમ સવા હાથ વધી પડી. તેના ઉપર બેઠા પછી કસુંબો ઘૂંટાવા લાગ્યો. પીરના ખરલ-ખેટા મદીના હતા. તે દરેકની ઝોળીમાં આવી ગયા. સૌ ફરી એકવાર આ ચમત્કાર જોઈને રાજી થયા. બાવાએ પોતાના હાથે સૌને પ્રેમથી કસુંબો પાયો. રામદેવજી હિન્દુ - મુસ્લીમ વચ્ચે કોઈ ભેદ નહોતા કરતા. મુસ્લીમ ઓલિયાઓને થયું કે રામદેવજીના મનમાં કોઈ ભેદભાવ નથી. જગતના પ્રશ્નોની ચાવીઓને જાણી તેને ઉકેલવાની શક્તિ તેમનામાં છે. સૌએ એકી અવાજે સાથે મળીને રામદેવજીને "હિંદવા પીર''નું બિરુદ આપ્યું અને રામદેવજીને મળી, જાણી, પોતાની ઈચ્છા પૂર્ણ કરી સૌએ વિદાય લીધી.

કોઈપણ રીતે જે પ્રભુમાં મન સ્થિર કરી તેની ઉપાસના કરે છે તે પરમયોગી કે પરમભક્ત થઈને પ્રભુને વ્હાલા થઈ શકે છે.

ચોપાટની રમતમાં સમુદ્રફીણ દેખાવા અને બાવાની બાંય પાણીથી ભીંજાવાની ચોપાટ રમતા બનેલી ઘટના કે જે કોઈ સમજી શક્યું નહોતું તેની હવે સ્પષ્ટતા થવાની હતી. થોડા દિવસોમાં ધનમલ શેઠ પોતાના ગામ આવી પહોંચ્યા. વહાણ ખાલી કરી કરાવી બાવાના દર્શને રણુજા આવ્યા. ડાયરા વચ્ચે જઈને શેઠે બાવાને વંદન કર્યા. બારહટ્ટ શેષમલજી શેઠને જોઈ બોલ્યા :

"ભાઈઓ, આ ધનમલ શેઠ ધામળા શહેરના છે. સૌની વચ્ચે બેઠેલ રામદેવજી ધનમાલ શેઠ સામે સ્મિત કરતા બોલ્યા :

"ધનમલ, આ શું લઈને આવ્યો છે ?"

"વાણિયાએ જવાબ આપતા કહ્યું : "બાવા, આ તો હરિ અર્થે જે કાંઈ મારાથી બને તે કર્યું છે."

વાણિયાની ચતૂરાઈ જાણી રામદેવજીએ કહ્યું :

"આખું વહાણ ડૂબી ગયું હોત તો શું થાત ? ધનમાલ પ્રભુનો ભાગ ઘરમાં ન રખાય. વહાણની કિંમતનું અડધુ ધર્મ અર્થે વાપરી નાખ."

વાણિયો શરમાઈ ગયો. બાવાના પગ પકડીને કરગરવા લાગ્યો : "મને માફ કરી દો બાવા, મારામાં સ્વારથ આવી ગયો. તમે જે કહો છો તે જ હવે હું કરીશ."

ડાયરો આ બધું જોઈ રહ્યો હતો. ધનમલ શેઠ ડાયરા તરફ ફરીને બોલ્યા : "બાવા, મેં સમુદ્રમાં બધા દેવ-દેવીઓને યાદ કર્યા પરંતુ કોઈ સહાય કરવા ન આવ્યા. પછી જેણે મારું દારિદ્રય મટાડ્યું હતું એવા તમારું સ્મરણ કરતા મારું વહાણ ડૂબતા બચી ગયું."

"તોય છેવટ વાણિયો થયો ને ?" કહેતા બાવાએ ધનમાલ શેઠને ટપાર્યા.

"બાવા, મને લોભ થયો પણ આપે આજે મારી આંખોના અંધકારની જેમ બુદ્ધિનો અંધકાર પણ દૂર કર્યો." ધનમલ શેઠે આમ કહેતા બાવા પ્રસન્ન થયા.

ધનમલની વાત સાંભળી ડાયરાને ચોપાટનો પ્રસંગ યાદ આવ્યો. શેષમલજીના આકરા શબ્દો સમજાયા. જેને આ વચન આરપાર નીકળી ગયા તેમને બાવાની આ ચોપાટ સમજમાં આવી અને જેમને સમજ ન પડી તે એમના એમ કોરાધાકોર રહી ગયા. બાવાની અલૌકિક શક્તિને જે જાણી ગયા તે તરી ગયા અને જેમની બુદ્ધિને કાટ લાગેલ હતો તે કટાયેલા જ રહી ગયા. રામદેવજીતો પૃથ્વી પરના દિવ્ય અંશ તરીકે અવતરિત થયા હતા. તેમની દિવ્યતા સમજી શકનાર સંસાર સાગર તરી ગયા.

• • •

# સંત સમૈયો /સંમેલન/સમાગમ

પ્રભુને પ્રાપ્ત કરવાના બે માર્ગ છે. (૧) યોગમાર્ગ અને (૨) ભક્તિમાર્ગ. યોગ માર્ગે ચાલવું કઠિન છે. તેમાં યોગભ્રષ્ટ થવાનો ભય છે જ્યારે ભક્તિમાર્ગ સરળ છે. આથી રામદેવજીએ સામાન્ય પ્રજાને સરળ પડે તેવો ભક્તિમાર્ગ દર્શાવ્યો છે. ભક્તિમાર્ગમાં સત્યવચન, સત્ય આચરણ અને દંભ વગરની ભક્તિ હોવી એ મૂળતત્ત્વ છે. ઈશ્વર ભક્ત સત્યને વળગી પ્રભુનું સ્મરણ કરતો રહે તો તેને પ્રભુ તેની ભક્તિની કક્ષા પ્રમાણે અવશ્ય ફળ આપે છે.

બીજી રીતે જોઈએ તો જપ, તપ, દાન અને યજ્ઞ એ કળિયુગમાં ધર્મના ચાર પુરુષાર્થ છે. બાકીના ત્રણ યુગોની તુલનામાં આ ચાર પુરુષાર્થ દ્વારા પ્રભુને પામી શકાય છે.

જપ અને તપના પુરુષાર્થ કોઈપણ વ્યક્તિ કરી શકે છે કારણકે તેના માટે ધન આવશ્યક નથી. અંતઃકરણથી પ્રભુનું નામ આ બંનેમાં લેવાનું હોય છે. જપ કરતાં તપનો માર્ગ થોડો કઠિન છે. જપ કરતાં તપનું ફળ પણ વિશેષ છે. કોઈ એક સારા સંકલ્પ માટે તપ કરી પ્રભુને તે સંકલ્પ પુરો કરાવવા માટે વિનંતી કરી શકાય છે.

જપ એ મુખેથી પ્રભુનામનું રટણ કરવાની ક્રિયા છે. આવું રટણ નાભિમાંથી થવું જોઈએ. પોપટીયા જપથી કોઈ વિશેષ ફળ પ્રાપ્ત થતું નથી.

તપ એ દેહદમનનો માર્ગ છે. શરીરને કષ્ટ આપવા સાથે પંચેન્દ્રીયને વશ રાખવી પડે છે. પંચેન્દ્રીય નિયંત્રણમાં આવે અને પ્રભુ સાથે એકતાર બની શકાય ત્યારે ઈચ્છિત વરદાન દ્વારા પ્રભુ તેનું ફળ આપી આપણી ઈચ્છા પૂર્ણ કરે છે.

અન્ય બે પુરુષાર્થ દાન અને યજ્ઞ માત્ર રાજાઓ અને શ્રીમંતો કરી શકે છે કે જેમની પાસે વિપુલ માત્રામાં ધન હોય. એટલે જ સંત પ્રતિભાઓ કહે છે કે દરિદ્ર માણસે પ્રભુને નામસ્મરણથી ભજવા જોઈએ અને શ્રીમંતોએ ધનથી તેમને પ્રસન્ન કરવા જોઈએ. અર્થાત્ સત્કાર્યમાં પોતાના ધનનો ઉપયોગ કરવો જોઈએ.

બાવાની યશપતાકા વિશાળ વિસ્તારમાં ફરકવા સાથે બાવાને વિચાર આવ્યો કે અત્યારે જુદાં જુદાં પ્રદેશમાં અનેક સંત વિભૂતિઓ ધર્મ માટે કાર્ય કરી રહી છે. તેમને મળવાથી અને જ્ઞાનચર્ચા કરવાથી ધર્મના સારા સારા તત્ત્વો સુધી પહોંચાડી ધર્મ દ્વારા લોકકલ્યાણનું કાર્ય સારી રીતે થઈ શકે. રામદેવજીએ આ હકીકત સત્ય બને તે માટે એક સંત સમૈયાનું આયોજન વિચારી લીધું.

જ્ઞાન અને ભક્તિના માર્ગ હિમાલયના કૈલાસ શિખર પરથી ભારત વર્ષમાં અને પછી સમગ્ર વિશ્વમાં જન કલ્યાણ અર્થે વિસ્તરી રહ્યા છે. કૈલાસના શિખરોમાં સૌ પ્રથમ શિવજીએ ઉમા / પાર્વતીને ઉપદેશ રુપે

જ્ઞાન આપ્યું. પાર્વતીજીની જિજ્ઞાસાએ તેમને પ્રશ્ન પૂછતા કર્યા અને શિવજીએ એ પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે જ્ઞાન આપ્યું. આવી રીતે શિવ પાર્વતી સંવાદ સમયે એક મોટા વૃક્ષની બખોલમાં શુક એટલે કે પોપટનું બચ્ચુ બેઠું હતું. તે પણ આ દિવ્ય યુગલનો સંવાદ સાંભળતું હતું. જે ઈંડા રુપે સેવાતું હતું ત્યારથી આ ક્રમ ચાલતો હતો. સેવાઈ જતા તે બચ્ચુ ઉડીને ચાલતું થયું. સમગ્ર ઉપદેશ આ બચ્ચાએ શુકમુનિ સ્વરૂપે આપણને સૌને આપ્યો.

રામદેવજીના ધર્મવિચારો આજ રીતે સંતો-મહંતો અને વિશાળ વિસ્તારમાં ફેલાવા લાગ્યા. સંતો-મહંતો, સાધુ-સંન્યાસીઓ અને સન્નારીઓ તપના બળે પ્રગટાવેલ દિવ્ય ચેતનાના પ્રભાવથી નિર્મોહી અને નિષ્કલંક વાતાવરણ સર્જાવા લાગ્યું. ઠેર ઠેર ભજન, સત્સંગ, ધર્માચરણ અને ભક્તિ થવા લાગી. આવા ધર્મ સંબંધી આયોજનના અગાઉથી વાયક (સંદેશા દ્વારા નિમંત્રણ) મોકલવામાં આવતા. આમંત્રણ આવતા ધર્મનાયકો અને ધર્મ પ્રેમીઓ જે તે સ્થળે અને સમયે એકઠા થઈને ભક્તિ યજ્ઞ આદરતા.

આ વાયકના કોટવાલ ઢેલડીનગર (મોરબી)ના ખીમડો હતો. તેમણે મનનો બધો જ મેલ ચામડા ધોવાના કુંડમાં ધોઈ નાખી ચામડાને રંગ્યા હતાં. આ ચામડાની મોજડી સીવડાવી બાવાને પહેરાવી હતી. આમ, ખૂબ જ કષ્ટ વેઠીને તેણે ભક્તિ પ્રાપ્ત કરી હતી. તેની ભક્તિ જોઈને બાવા તેના પર પ્રસન્ન થયા અને ભક્તિના શિરપાવ રુપે બાવાએ તેમને કોટવાળપદ આપ્યું હતું.

મેવાડ અને મારવાડમાં બાવાએ અનેક વખત ભજન મંડપો રચી પ્રેમ અને શ્રદ્ધા રુપી ભક્તિનું મહાત્મ્ય વધાર્યું. કોઈપણ વિકાર વગરના સ્ત્રી કે પુરુષ જેનું મન વશ થઈ ગયું હોય તે આવા ભજન - મંડપોમાં રસપૂર્વક ભાગ લેતા.

અહીં એક વાત જાણી લઈએ કે રામદેવજીના સમયમાં જ જેસલ - તોરલ, માલદે - રૂપાદે જેવા ભક્ત યુગલો પણ તેમના સમકાલીન હતા. આમ, ચારે તરફ ભક્તિયોગ તેના પૂર્ણ સ્વરૂપે છવાઈ ગયો હતો. આ ઉપરાંત બીજા અનેક સાધુ - સંતો પણ પોતપોતાની શક્તિ અને મતિ મુજબ ધર્મ માર્ગને પ્રશસ્ત કરી રહ્યાં હતા. સાધુ - સંત, તપસ્વી, વક્તા, ભક્ત, કવિઓ વગેરે સમાજનું એક એવું અંગ છે કે જે ધારે તે દિશામાં સમાજને પ્રેરણા આપી આગળ વધારી શકે.

એક સમયે અંજાર શહેરમાં કચ્છ વિસ્તારમાં આવો જામો જેસલજીએ રાખ્યો હતો. બધે વાયક મોકલ્યા પણ તેમાં શરત હતી કે બધાએ જોડકામાં આવવું. રામદેવજીએ તેમના અર્ધાંગિની નેત્રાદેજીને સાથે આવવા કહ્યું પરંતુ પોતે લાજ મર્યાદા વિના બધાની વચ્ચે બેસવાની નામરજી દર્શાવી. એટલે બાવાએ ડાળીબાઈને કહ્યું : “ડાળીબાઈ, તમે વાયક મુજબ જેસલજીને ત્યાં જામામાં મારી સાથે અંજાર પધારશો ?” ડાળીબાઈ (વૃક્ષમાંથી મળી આવેલ બાળકી) એ સમયે બારેક વર્ષની ઉંમરના હતાં. શરત મુજબ તેઓ આઠ વર્ષના થયા ત્યારે મેઘવાળ તેમનો બાવાના ચરણોમાં મૂકી ગયો હતો. ડાળીબાઈ ગૌસેવા કરતા અને બાવાની સેવા કરતાં. બાવાએ તેમને આમ કહેતા તેમણે હુકમને શિરોમાન્ય ગણી તેઓ વાયકમાં જવા તૈયાર થયા.

રામદેવજી અને ડાળીબાઈ સાથે અંજાર ગયા. ડાળીબાઈના મસ્તકે સત્‌ની ચૂંદડી પડી અને તેમના દિવ્ય ચક્ષુઓ ઉઘડી ગયા. એક પળમાં ચૌદ બ્રહ્માંડના જ્ઞાનના અધિકારી બની રહ્યાં.

જેસલ - તોરલના કોડ પૂરા કરી બાવા કાઠિયાવાડમાં પધાર્યા. પાટણ, મોરબી, થાન અને કંડોળામાં મંડપો રચીને બાવાએ કાઠિયાવાડની ભલી ભોળી અને ભાવક પ્રજાને જાગૃત કરી. બીજા પ્રદેશ કરતાં બાવાને કાઠિયાવાડની ભૂમિ વિશેષ પસંદ પડી. તેના માણસોમાં પ્રેમ અને ભક્તિભાવના ઉભરા અને સાચી ધર્મપ્રિયતા જોવા મળી. પોતે ગિરનારની યાત્રાથી ગુરુદત્તની વંદના કરી પાછા રણુજા પધાર્યા.

રણુજામાં દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે જમવાનું આયોજન થતું હતું. સંતો - ભક્તો - સેવકો વર્ષમાં એક વખત સાથે મળીને ભક્તિ - સત્સંગ કરતા. બાવાના તેજથી હળવાશનો અનુભવ કરી પોતાનું જીવનનાવ વધુ સારી રીતે ચલાવવાની શક્તિ પ્રાપ્ત કરતાં. સૌ આ દિવસે રામદેવમય બની જતા અને પોતાની જાતને ધન્ય અને ભાગ્યશાળી અનુભવતા.

કોઈ જાણતું નહોતું પણ બાવાએ રણુજામાં છેલ્લી વારનો 'સવરો મંડપ' રચ્યો. આ માટેના આમંત્રણના બીડા અગાઉથી તૈયાર કરી કોટવાળ ખિમડાને સોંપ્યા જેથી બધા સ્થળે સમયસર આમંત્રણ પહોંચી શકે. ખિમડો ધૂપ-ધ્યાન કરી બાવાની ચરણ-વંદના કરી. હાથમાં ધર્મની ધજા લઈ આમંત્રણના બીડા પહોંચાડવા માટે નિકળી ગયો. મેવાડ - મારવાડ અને સોરઠની ધરતી ખિમડો ખૂંદી વળ્યો અને જે જે સ્થળે વાયક પહોંચાડવાના હતા ત્યાં બધે જ પહોંચાડી દીધા. પહેલું બીડું ખિમડે બાવા બાલનાથજીને પહોંચાડ્યું. મારવાડના હેમા ભગત, અચળા ભગત, મેવધારવો અને સુર રાજાએ બાવાની કંકોત્રી મસ્તક પર ચડાવીને આદરપૂર્વક સ્વીકારી. આબુગઢમાં કુંભા રાણા અને નીલમબાઈએ વાયકનું બીડું વધાવ્યું તથા બાવાની ધજાનું પૂજન કર્યું. ખિમડો અંજાર પહોંચ્યા ત્યાં જેસલજીએ અને તોરલજીએ આદર સત્કાર કરી બીડું વધાવ્યું. ગરવા ગિરનારમાં બાવા મલ્લીનાથ બીડાને સત્કારી ખિમડાને પ્રેમથી ભેટી પડ્યા. તેમનો પ્રેમભાવ જોઈને ખિમડાનો બધો જ થાક ઓગળી ગયો. પાટણમાં બાવા ઉગમશી અને જયમલરાયને બીડું પહોંચાડ્યું. મજેવડીમાં સંત દેવતણખી અને તેમના પુત્રીને ખિમડાએ વાયક પહોંચાડ્યું. કોળાંભામાં સારા સૂરાને જાણ કરી. ગૌમાતાના શેરકટા દૂધ પાઈને ખિમડાને તાજો માજો કરી વિદાય આપી. વંથળીમાં પંડિત દેવાયત તથા દેવલદેએ આનંદ વ્યક્ત કરતા ખિમડાને કહ્યું : "આવો દેવદુર્લભ સાવરા મંડપનો અવસર તો કેમ ચુકાય. પછી ફરી આવો અવસર કેમ અને ક્યારે આવે." ખિમડાને આવી ભવિષ્યવાણીના શબ્દો સાંભળવા ગમ્યા નહીં. છેલ્લું વાયક ઢેલડી નગર રાવત રણસિંહને પહોંચાડી ખિમડો મારવાડના રસ્તે ચડી રણુજા તરફ વળી નિકળ્યા. રણુજાથી નિકળતા તેનામાં જે ઉત્સાહ હતો તે દેવાયત પંડિતના શબ્દોથી ઓગળવા માંડ્યો. રણુજા પહોંચતા પહેલા તેને રસ્તામાં વારે વારે વિસામાં લેવા પડ્યા. તે વિચારી રહ્યો : "પંડિતજી આમ કેમ બોલ્યા હશે?" પરંતુ કોઈ નિર્ણય પર ન આવી શક્યો. શંકાશીલ મન સાથે તે રણુજા પાછો ફર્યો.

ખિમડો રણુજા પહોંચ્યા. રામદેવજીને પ્રણામ કરી ધજા ધરીને સન્મુખ તેમના ચરણમાં બેસી ગયો.

બાવા જાણી ગયા કે દેવાયત પંડિતના શબ્દો સાંભળી ખિમડો દુઃખી છે. ખિમડા સાથે દૃષ્ટિ મેળવી બાવા બોલ્યા : "ખિમડા, આ જગત તો આદિ - અનાદિથી છે. જે ભગવાનની વ્યવસ્થા મુજબ ચાલ્યા કરે છે. પ્રભુના શબ્દોથી ખિમડાના અશાંત મનને શાંતિ મળી. ઉત્સાહ સાથે સાવરા મંડપની રચનાના કાર્યમાં લાગી ગયા.

દરબારગઢના વિશાળ પ્રાંગણમાં શમિયાણો ઉભો થવા માંડ્યો. ચારે તરફ શમિયાણાની શોભા વધારતા વસ્ત્રો બંધાવા લાગ્યા. એકાવન સ્થંભ ઉભા કરાયા અને તેને વાંસની કમાનો લગાડાઈ. જ્યાં જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં લીલી ધરો રોપવામાં આવી. કેવડો અને આસોપાલવના તોરણ વચ્ચે ત્રણ ત્રણ મીંઢળ બાંધ્યા. મંડપની વચ્ચે સવા ગજ ઉંચી ઉભણી ઉપર ચોવીસ ગજ લાંબો અને અઢાર ગજ પહોળો પાટ ઢળાણો. પાટની મધ્યમાં કુંભ મુકીને લીલું રેશમી વસ્ત્ર વિંટેલું લીલું શ્રીફળ પધરાવાયું. કુંભની ચારે બાજુ માટીનો ક્યારો કરી જવ વાવવામાં આવ્યા. ક્યારાની ચારે તરફ સાત ધાન, અબિલ અને ગુલાલથી સાથિયા રચવામાં આવ્યા. ત્રિવેણી સંગમની રચના કરી ઉપર કેસરબિંદુનું તિલક કરી ૐ કારનું પ્રતિક ગોઠવાયું. દરેક સ્થંભને રેશમી વસ્ત્ર (લીલા રંગનું) વિંટાળીને ઉપર નાડાછડીથી બંધ બાંધ્યા. વચ્ચેના સ્થંભ ઉપર બીજના ચંદ્રની નિશાનીવાળો બાવનહાથનો લીલો નેજો ફરકાવવામાં આવ્યો. મંડપ ફરતા જૂઈ, મોગરો અને ગુલાબ રોપી ફૂલવાડી રચવામાં આવી. આ રીતે સૌ પ્રજાજનો, સેવકો અને આસ્થાળુ ભક્તોએ દિવસ - રાત પરિશ્રમ કરી પ્રસંગને દીપાવવામાં કોઈ કમી ન રહેવા દીધી.

મંડપના સમય પહેલા સમયસર પહોંચવા કોઈ પગપાળા કોઈ રથમાં કે દૂરથી આવનાર ઘોડા કે ઊંટ પર સવાર થઈને બાવાના દર્શને આ પરમ પુનિત પ્રસંગ માટે પોતપોતાના સ્થાનેથી નીકળ્યા.

મેવાડથી માલદે - રૂપાદેએ જેસલ - તોરલને મળી શકાશે એવી આશા સાથે રવાના થયા. અંજારથી જેસલ - તોરલે રથ સાબદો કરી માલદે - રૂપાદેને મળવાની ઈચ્છા સાથે પ્રયાણ કર્યું. મેવાડ અને સિંધની સરહદે બંને સંત યુગલો મળ્યા. એકબીજાને મળીને અત્યંત પ્રસન્ન થયા. સંતોએ સંતોને પારખી, મળી પ્રેમભર્યા વાર્તાલાપથી વાતાવરણને દિવ્યતાથી તરબતર કરી દીધું.

સૌ સંતો સાથે મળીને રણુજાને રસ્તે આગળ ચાલ્યા. રસ્તામાં બળદ તરસ્યા થયા. મરુભૂમિમાં પાણીની તકલીફ તો કાયમ માટે રહે છે. રસ્તામાં એક કૂવો આવતા સૌ રોકાયા. સ્થાનિક લોકોએ કહ્યું : "આ કૂવાનું પાણી કડવું છે તે પીવાના કામમાં લેવા જેવું નથી." સંતો આ શબ્દો સાંભળી એકબીજા સામે મર્માળુ હસ્યા. રૂપાદેએ અલખને આરાધના કરી અને કૂવાના પાણી મીઠાં પીવાલાયક થઈ ગયા. સંતોએ ખારા રણમાં કૂવાને મીઠો કરીને ટોપરા જેવું મીઠું પાણી સર્જી દીધું. સંતોના પગલા થાય અને લોકકલ્યાણ ન થાય એવું કદાપિ બની જ ન શકે. સંતમાં ઈશ્વરનો વાસ હોવાથી તેઓ સિદ્ધ હોય છે. આથી જ સંતોમાં રિદ્ધિ - સિદ્ધિ આપવાનું સામર્થ્ય હોય છે. તેમનું જીવન જ લાભ - શુભ માટે હોય છે.

તોરલદે એ સત્ પ્રકાશ્યું અને મેઘગર્જના થઈ. રણમાં બારે મેઘ ખાંગા થઈ વરસી રહ્યાં. સંતો અને

સાથેના લોકોએ ધનવા ડુંગર ઉપર આશ્રય લીધો. સૌએ સાથે મળીને આરાધ ઉપાડ્યો. આરાધ થવાથી ધનવો ડુંગર પણ ધન્ય થઈ ગયો. પોતાનો આનંદ વ્યક્ત કરવા તે ખળભળી ઉઠ્યો. સંતો આ ડુંગર ઉપર આવ્યા હતા તેની નિશાની રૂપે જેસલે પીપર અને માલાએ જાળના વૃક્ષ અહીં વાવ્યા. વૃક્ષોએ પશુ - પક્ષીને અહીં કાયમી વિસામો આપ્યો.

સંત સમુદાય રણુજા તરફ આગળ વધ્યો. એકમના દિવસે સૌ રણુજા પહોંચી ગયા. ખિમડા કોટવાળે સહુના સામૈયા કર્યા. અજમલજીએ સંતોના ચરણ ધોઈને ચરણામૃતનું પાન કર્યું. સૌએ પરસ્પર ઓળખાણ કરી અને એકમના રાત્રિ - દિવસ વિશ્રામ લીધો.

બીજના દિવસનો સૂર્યોદય થયો. પ્રાતઃ વિધિઓ આટોપી આમંત્રિત સમુદાય સવરા મંડપના દર્શન કરવા ગયો. સતનો મંડપ સ્થાપિત થયેલ હોઈ સૌ સંતોએ શ્રીફળ અને ચોખાથી મંડપને વધાવ્યો. જોગંધર સંતોએ 'અહાલેક' નો નાદ પોકાર્યો. સંતો - ભક્તો પરસ્પર દૃષ્ટિ મેળવીને એકબીજામાં ઈશ્વર નિરખવા લાગ્યા.

સાંજ પડતાં પ્રસાદની પંગત પડી. પંગતમાં જગન્નાથજીનો ભાત પીરસવામાં આવ્યો. ભાત અલખનો ખોરાક છે. કળિયુગમાં શાસ્ત્રોએ "અન્ન સમા પ્રાણ" કહ્યા છે. ભોજન વિના આ સમયમાં શરીર ટકાવવું મુશ્કેલ છે. અન્ન જ સૃષ્ટિના પ્રાણીઓમાં ચેતન પુરે છે. દેહમાં શક્તિ, ઓજ, તેજ અને જ્ઞાન સઘળું અન્નગ્રહણ કરવાથી ચૈતન્યને જાગૃત રાખે છે. સ્વાદિષ્ટ ભોજન અને અન્નમાં એક મૂળભૂત ભેદ છે. શાસ્ત્ર કહે છે : "સ્વાદે રોગ ભયો" એટલા માટે સ્વાદ અનુસાર નહીં, પરંતુ સાત્વિક ભોજન લેવાથી જ મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો સંયમમાં રાખી શકાય છે.

મહાપ્રસાદ લઈ સૌ રાત્રિના ભજન - ધૂનના કાર્યક્રમ માટે તૈયાર થઈ ગયા. સવરા મંડપની ફરતે સૌ હાજર થઈ ગયા. ખિમડો કોટવાળ મંડપના પ્રવેશદ્વાર પાસે ઉભા રહ્યા. દૂરના દરેક સ્થંભ પાસે ચોકીઓ ગોઠવાઈ ગઈ. ભજનની રમઝટ દ્વારા ભક્તો - ગાયકોના મુખેથી ભજનની સરવણી વહેવા લાગી. એક પછી એક સંતો, ભક્તો અને સતિઓ પધારવા શરુ થયા.

પ્રથમ બાવો બાળનાથ મુખ્ય દ્વાર પર પધાર્યા. અહાલેકના બુલંદ નાદથી મંડપને ગજાવ્યો. ખિમડાએ તેમનેવંદન કર્યા. યોગી મંડપમાં દાખલ થઈ પાટ પાસે જમણીબાજુના આસને બેઠા. ગિરનારી સંત મલ્લીનાથ પધાર્યા. ખિમડાએ તેમને વંદનથી આવકાર્યા. જય ગુરુદત્તનો નાદ જગાવી પાટની નજીક ડાબી બાજુના આસને બેઠા. પછી બાવા ઉગમશી ખિમડાના પ્રણામ સ્વીકારી જમણી બાજુના પાટના બીજા આસને બેઠા. સંત દેવતણખી આવ્યા. ખિમડાનું સ્વાગત સ્વીકારી પાટની ડાબી બાજુના બીજા આસને બેઠા.

માલદેજી આવ્યા એટલે ખિમડો કોટવાળ બે હાથ જોડીને બોલ્યા : "હે માલદેજી, તમારા સાચા માતા - પિતા અને ગુરુ કોણ ? તમે કોના હુકમથી પધાર્યા છો ? તે જણાવો તો તમને મંડપમાં પધારવાનો અધિકાર મળશે."

ખિમડાનો પ્રશ્ન સાંભળી માલદેજીએ પોતાની આંખો બંધ કરી વિવેકપૂર્વક કહેવા લાગ્યા : "હે ખિમડા, શિવજી મારા સાચા પિતા અને પાર્વતિજી મારા માતા છે. ગોરખનાથ મારા ગુરૂ છે. હું આત્માની પ્રેરણાથી આવ્યો છું. માટે મને બંધનમુક્ત જાણી અંદર જવાની રજા આપ."

માલદેજીના સત્ય વચન સાંભળી ખિમડો તેમને પગે લાગ્યો અને મંડપમાં પ્રવેશવા વિનંતી કરી. માલદેજી ભક્તોના જયઘોષ સાથે મંડપમાં પ્રવેશ્યા.

તેમની પાછળ સતિ રૂપાદે આવ્યા. ફરી ખિમડાએ પોતાની કોટવાળની ફરજ બજાવતા તેમને કહ્યું : "હે રૂપાદેજી, તમે કોના સતિ ? તમારો ઉદભવ કેવી રીતે અને કોનાથી થયો તે જણાવો. મારા પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપી ખુશીથી મંડપમાં પધારો."

ખિમડાનો પ્રશ્ન સાંભળી નેત્ર બંધ કરી વિવેક સાથે રૂપાદેજી બોલ્યા : "હે ખિમડા, માલદેજીમાં જે મૂળ સ્વરૂપ સત્ છે તેની હું સતિ છું. ઈશ્વર એકમાંથી અનેક થયો છે. ઈશ્વરના આ માયા સ્વરુપનું હું પ્રતિક છું. આત્માના આવાસ માટે પંચ મહાભૂતના એકીકરણથી આ શરીર રુપી મંદિર બનાવ્યુ છે. આ શરીરમાં જે પૂરક પ્રાણ છે તે પુરુષ છે અને જે રેચક છે તે માયારુપ છે. આથી કોઈ સંશય ન રાખતા મને અંદર જવાની રજા આપો."

રૂપાદેનો ઉત્તર સાંભળી ખિમડાએ તેમને વિવેકથી બે હાથ જોડી મંડપમાં પધારવા વિનંતી કરી. તેવી જ રીતે સત્‌ને વરેલા સૌ આમંત્રિત સંતોની કસોટી કરી ખિમડે સૌને મંડપમાં પ્રવેશ આપ્યો.

મંડપ સંતો - ભક્તોથી ભરાઈ ગયો. મંડપની ચારે બાજુ બહારના ભાગે કડક ચોકી હતી. મંડપમાં રાત્રી થઈ હોવાથી ઘોર અંધકાર હતો. પાટની ચારે બાજુની ચાર દીવીઓ અને પાટની સામે એક મોટી દીવી પણ પ્રગટ્યા વિનાની એમ જ પડી હતી. ચારે તરફ ચાર યોગીના આસન પર બેસણા છે. સૌ બાવાના મંડપમાં પધારવાની રાહ જોઈ રહ્યું છે. વાતાવરણ શાંત અને શૂન્યતાથી ભરેલું ભાસે છે. રાત્રિના બારનો સમય થયો અને આરાધ શરુ થયો. આરાધ સાંભળી બાવો પધાર્યા. ખિમડો તેમને પાય લાગી તેમની સેવામાં સ્થિર ઉભા રહ્યાં. બાવાએ ખિમડાને કહ્યું : "હે ખિમડા, તારી ઉત્પત્તિ શાથી થઈ ? તેનું મૂળ શું ? તથા તને આ સદ્‌બોધ કોણે આપ્યો ? તું કેવી રીતે કોટવાળ બન્યો ? તે વિગત કહે જેથી તારી અડગતાનું પ્રમાણ મળે."

બાવાના પ્રશ્નના ઉત્તરમાં બે હાથ જોડી બાવાને વંદન કરતા ખિમડો બોલ્યો : "હે પ્રભુ, ધરતી મારી માતા છે અને આકાશ પિતા છે. આકાશમાંથી વર્ષા રુપે અમૃતબિંદુ ટપકે છે અને ફૂલ - ફળ - અનાજથી ધરતી માતા સમૃદ્ધ બને છે. આ બધું ગ્રહણ કરી જગતના જીવો પોષણ મેળવે છે. સૃષ્ટિનો આ ક્રમ અખંડ ચાલ્યા કરે છે. એટલે મારી ઉત્પત્તિનું કારણ ભૂત દ્રવ્ય અલિલ છે. અલિલ દ્વારા રચાયેલા આ પંચભૂતાત્મક શરીરને ટકાવનાર દેવ તે પ્રાણ છે. જ્યારે આપ મહાપુરુષનું કેટલાય વર્ષ સુધી ભજન કર્યું ત્યારે હું આ આદિ - અનાદિ વગરના પ્રાણતત્ત્વને સમજી શક્યો. ત્યાર પછી મારામાં કોઈ ભેદ કે ભ્રાંતિ ન રહ્યા. જ્યારે આમ થયું ત્યારે મને મહાપુરુષોએ કોટવાળની પદવી આપી." પોતાની વાત અહીં સુધી સૌને સંભળાવ્યા પછી ખિમડો

બોલ્યા :

"હે પ્રભુ ! આપ નિરંજન સ્વરુપે પાટ ઉપર પધારો અને મને પણ આપના જ્યોતિર્મય સ્વરુપના દર્શન કરવાની રજા આપો.

ખિમડાના વચનો સાંભળીને બાવા મંડપમાં પધાર્યા. રામદેવજીએ મંડપમાં ચરણ મૂકતા જ પાટ સામેની મુખ્ય દીવીમાં સવા હાથની શિખરવાળી સુવર્ણરંગી સ્થિર જ્યોત પ્રગટ થઈ. બાવો પાટ પધારતાની સાથે જ ચારેય છેડાના જોગંધરોએ પોતપોતાના ધ્વનિ પ્રમાણે ચારેય છેડે સતની જ્યોતો પ્રગટાવી. આખાય મંડપમાં સતનો દિવ્ય પ્રકાશ પથરાઈ ગયો. સંતો ભક્તો સૌ આ દિવ્ય પ્રકાશના અજવાળે શ્રદ્ધા અને આસ્થાથી આનંદ, દિવ્યાનંદનો અનુભવ માણી રહ્યા. સંસાર ચક્રને ભૂલીને જાણે કે સૌ કોઈ ધર્મચક્રના અધ્યાત્મ જ્ઞાનથી તરબોળ થઈ ગયા. મંડપમાં આરંભ કરાયેલ ભજનના સૂરો દૂર દૂર સુધી સૃષ્ટિ ઉપર અમીવર્ષા કરતા વિસ્તરી રહ્યાં.

એક પછી એક ભજનો ગવાતા રહ્યા. રાત્રિના એક પછી એક પ્રહર આવતા ગયા અને પુરા થતાં ગયા. બાવાની આજ્ઞાથી જેસલજી સત્ પ્રકાશિત કરવા માટે બોલ્યા : "હે પ્રભુ ! જેમ અંતરિક્ષમાં આપે પવનથી અગ્નિ, અગ્નિથી જળ અને જળથી પૃથ્વીને બાંધી ચેતનનું નિર્માણ કર્યું છે. પીંડમાંથી પ્રકાશ સ્વરૂપમાંથી જળ સ્વરુપ અને જળ સ્વરુપમાંથી અન્ન ઉત્પન્ન કર્યું છે તેમ હે દયાળું, પૃથ્વી ઉપરના આ પાટે સવરા મંડપમાં પણ ઉપર કહ્યા મુજબ મંડપમાં વાવેલ જવ પાક રુપે ઉત્પન્ન થાઓ અને સૌ સંતોને તેની પ્રસાદી પ્રાપ્ત થાઓ." જેસલજીએ બે હાથ જોડી બાવાને વિનંતી કરતા આગળ કહ્યું : "હે નાથ ! હું તો તમારો દાસાનુદાસ છું. બધા જ બ્રહ્માંડો જેના આધારે ટકી રહે છે તેવું જે સત્ છે તે જ મારા ગુરુ સ્થાને છે. માટે હે દીનબંધુ, સત્‌ના સાથી અલખ સ્વરુપી રામ ! મારી આ વાત સાંભળી જવના ક્યારામાં જવની કોળી પ્રગટ કરો.

આટલું કહીને જેસલજીએ આરાધ ઉપાડ્યો. જેમ જેમ આરાધ ગવાતો ગયો તેમ તેમ કુંભ ફરતા ક્યારામાં વાવેલ જવ વધવા લાગ્યા. આરાધ પુરો થયો અને જવ પાકીને કોળી બાંધવા યોગ્ય થઈ ગયા.

બાવાએ રૂપાદેને આજ્ઞા કરી અને રૂપાદેએ આરાધ ઉપાડ્યો. "હે પ્રભુ ! સમાધિમાંથી જ્યારે શિવજી જાગૃત થયા અને કૈલાસ ગયા ત્યારે ગણેશજીને દ્વારપાલ તરીકે જોઈ ઉમાને પ્રશ્ન કર્યો કે "આ બાળક કોણ છે ?" ઉમાના જવાબથી ક્રોધ કરીને તેમણે ગણેશજીનું મસ્તક છેદી નાખ્યું. પરંતુ તેમણે શીઘ્ર સમાધિ લગાવીને જોયું ત્યારે ઉમાનું સ્વરુપ તેમના પોતાનામાં જ ભળી જતું જોયું. તેમની સ્થિતિ નિર્વિકલ્પ થઈ જતાં શિવજીને ઉમા જડ્યા નહીં. ઉમા વગરના શિવજીમાં પ્રકૃતિ વિલય થઈ જતાં તેમને અનહદ આનંદ થયો. સત્ - ચિત્ત - આનંદ સ્વરુપ ગણેશજીને ગુરુ સ્થાને જોયા. પુરુષ અને પ્રકૃતિના મિલનથી જન્મતો આનંદ બાળક સ્વરુપે અવતરતો હોવા છતાં પણ તે બાળક પિતાનો પણ પિતા છે અને ગુરુનો પણ ગુરુ છે."

"બ્રહ્માંડની જેમ શરીરના પણ ઉર્ધ્વ - મધ્ય અને અધઃ પ્રદેશ પૈકી અન્યય પ્રદેશથી મસ્તક વાઢીને

પોતાની આનંદ ભૂમિ બનાવી. અંતરિક્ષને પોતાની ચેતન શક્તિ દ્વારા જળથી ભરી શિવ સાધનામાં લીન બન્યા. આમ, હે પ્રભુ ! આ જે દૈવી પ્રક્રિયા છે તે જ પ્રક્રિયા દ્વારા જવ રુપી આનંદની કોળી અને આપનું ચરણોદક આપી અહીં પધારેલા સૌ સંતો ઉપર કૃપા કરી તેમને કૃતાર્થ કરો.''

"હે પ્રભુ ! માલદેજીના મૂળભૂત સતની હું સતિ છું. આનંદવન વૃત્તિ એ મારી ચૂંદડી છે. આ ચૂંદડીનું સત્ રાખવું તે આપના હાથની વાત છે કારણ કે તમે પોતે સત્ ચિત્ત આનંદ સ્વરુપ છો.''

રૂપાદેનો આરાધ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ જવના ફૂટી નીકળેલા ડુંડા આપોઆપ લણાતા ગયા. આરાધ પૂરો થયે જવ કોળી સ્વરુપે તૈયાર થઈ બાજઠ પાસે મુકેલા થાળમાં એકઠા થતાં ગયા. થાળ જવથી ઉભરાઈ ગયો.

બાવા બાળનાથજીએ થાળ પાસે આવી પોતાની ઝોળી ઠાલવી. ઝોળીમાં સાકર થાળમાં પડતા થાળ જવ - સાકરથી ભરાઈ ગયો. આરાધ પુરો થવાથી જેમ તાજા વાવેલ જવ દાણા સ્વરુપે થાળની અંદર આવ્યા તેમ કુંભ ઉપર મુકેલું લીલું શ્રીફળ પાકી ગયું. બાવાની આજ્ઞા લઈને ખિમડે મંત્ર ભણી શ્રીફળ વધેર્યું. જવ સાકર અને શ્રીફળના પ્રસાદથી સૌને પરમ તૃપ્તિ પ્રાપ્ત થઈ. સહુના ભાવથી કોડ પૂરા કરીને બાવાએ ગતગંગાની શીખ લીધી. ગતગંગાએ બાવાની શીખ માગી અને રણુજાનો સવરો મંડપ સૌ સંતોના હૃદયમાં અલૌકિક અને અદ્‌ભૂત સંભારણા રુપે અનાદિકાળ સુધી સ્મૃતિમાં કોરાઈ ગયો.

જે ધર્મનું જ્ઞાન ભગવાને સૂર્યદેવને આપ્યું તે જ જ્ઞાન સૂર્યદેવે મનુને આપ્યું. મનુએ રાજા ઈશ્વાકુને આપ્યું. સમયાંતરે આ જ્ઞાન લુપ્ત થતા પ્રભુ શ્રીકૃષ્ણે અર્જુનને આપ્યું. ગીતા રુપે આ જ્ઞાન આજે પણ ધર્મના માધ્યમથી આપણા ઉપર કૃપા વરસાવી રહ્યું છે. શ્રી કૃષ્ણ પ્રભુના માધ્યમથી જનસાધારણ સુધી પહોંચાડ્યું. રામદેવજીના દિવ્ય અવતાર રુપે શ્રી કૃષ્ણ પધાર્યા અને અજમલજીને દિગ દિગંતમાં પિતા તરીકે પ્રસિદ્ધિ અપાવી તેમનો જન્મ સાર્થક કર્યો.

રામદેવજીનો સંદેશ છે કે "જેઓ સમજણપૂર્વક ધર્મ પ્રતિ દૃષ્ટી રાખીને જીવે છે તે સદૈવ મોક્ષને પ્રાપ્ત કરે છે, પરંતુ સમજ્યા વિના અહંકાર, મમતા કે અન્ય કોઈ મહંતાઈ મેળવવાના બહાને ધર્મનો ઉપયોગ કરીને તેવું આચરણ કરે છે. તેને તેના ફળ ભોગવવા જ પડે છે.''

• • •

## સમાધિ પ્રકરણ

સવરો મંડપનો ધર્મોત્સવ પરોઢ થતાં પૂર્ણ થયો. આમંત્રિત સંતો - ભક્તો સવાર થતા પોતપોતાના સ્થાને પ્રસ્થાન કરવા તૈયાર થઈ બાવા પાસે રજા માગી. દેવાયત પંડિતના શબ્દોની વાત ખિમડાએ સૌને શાનમાં સમજાવી હતી એટલે બાવાના દર્શન કરતાં સહુની આંખો ભીંજાતી હતી. બાવાએ સૌને બોધ આપી, સલાહ સૂચન કરી સૌને શીખ આપીને વિદાય કર્યા. સહુ પોતપોતાના માર્ગે બાવાના આશીર્વાદ લઈને નીકળ્યા.

આપણા જીવનને દૈવી અને આસૂરી પ્રભાવ નીચેથી પસાર થવું પડે છે. દૈવી પ્રભાવ પ્રબળ બને ત્યારે આપણે જીવનમાં સારા કાર્યો કરવાની પ્રેરણા મેળવીએ છીએ. આસૂરી પ્રભાવ પ્રબળ બને ત્યારે નબળા કાર્યો આપણાથી થઈ જાય છે. જે વ્યક્તિમાં દૈવી પ્રભાવ વિશેષ હોય તે દૈવી વૃત્તિથી શુભકાર્યો સાથે સંકળાય છે. અને પ્રભુપરાયણ રહી ભક્તિયુક્ત કર્મ દ્વારા જીવનને સફળ કરે છે. આસૂરી વૃત્તિની પ્રબળતા ધરાવનાર ઈશ્વરથી વિમુખ રહી નબળા કાર્યો કરતો રહે છે. અંતઃ પોતે પીડાય છે અને અન્યને પણ પીડતો રહે છે. કૌરવો, યાદવો, રાવણ અને અન્ય અનેક રાક્ષસોના દૃષ્ટાંત આપણી સામે હોવા છતાં સંસાર ચક્રના ભ્રાંતિરુપ સુખને પ્રાપ્ત કરવામાં આપણે વિવેક રાખતા નથી. રામદેવજી સ્વરુપે બાવાએ સતત પ્રયત્નો કર્યા. અનેકના જીવન ઉજાળ્યા. દિવ્ય કર્મો દ્વારા લોકોને ધર્મના માર્ગે વાળ્યા.

આમ, છતાં તેમના જ તુંવરકુળમાં ધર્મની સરવાણીના સ્થાને અશ્રદ્ધાના પૂર ઉમટતા રહ્યા. મોટાભાગના તુંવરોના મનમાંથી અજ્ઞાનનો અંધકાર ઓગળ્યો જ નહીં. સવરો મંડપ અને બાવાની લીલાને સમજવાને બદલે અશ્રદ્ધાથી જ જોતા રહ્યા. તેમની સારી બાજુને પણ ખરાબ ચિતરતા રહ્યા.

પ્રભુને સમર્પણ ગમે છે. સમર્પણ હોય ત્યાં શ્રદ્ધા પ્રગટે છે. પ્રભુને પ્રેમ ગમે છે. ભક્તિ હોય ત્યાં પ્રેમ પ્રગટ થાય છે. રામદેવજી પોતાના કૂળના આવા વ્યવહારથી વ્યથિત રહેતા હતા. તેમણે જેટલા પોતાના હતા તેમને સન્માર્ગ બતાવી પોતે સંસાર ચક્રમાંથી મુક્ત થવાનો સંકલ્પ કર્યો.

જોધપુરના જાગીરદાર ચંપાસિંહને સાથે લઈ રામદેવજી દ્વારિકાની યાત્રાએ ચાલી નીકળ્યા. રામદેવજી યાત્રા પર ગયા છે. એમ જાણી ગુજરાતના બાદશાહે રણુજા ઉપર ચડાઈ કરી. માતાજીના રૂદનથી બાવાને દ્વારિકામાં આ ચડાઈની જાણ થઈ. આમ થતાં રામદેવજી ચંપાસિંહ સાથે રણુજા પહોંચી ગયા. બાદશાહના સૈન્ય ઉપર ગેબી રીતે ગોળીઓ છૂટી આથી તેની સેના ભાગવા લાગી. આ જોઈને બાદશાહ પણ યુદ્ધ અધુરું મૂકીને ચાલ્યો ગયો. આ ઘટના બન્યા પછીથી બાવાનું મન સંસારલીલા પૂર્ણ કરવા તરફ ઢળતું ગયું. તેમણે અજમલજીને કહ્યું :

"પિતાજી, મારું જીવનકાર્ય પૂર્ણ થયું છે. આવતા ભાદરવા સુદ અગિયારસના દિવસે હું સમાધિ લેવા માગું છું."

અજમલજીને તેમની આ વાત ગમી નહીં. રામદેવજીનો સંકલ્પ જાણ્યા પછી બાવા સાથે આત્મિય સંબંધ ધરાવતા ફકીર કુતુબશાહ પાસે જઈ તેમણે તેમને બાવાનો સંકલ્પ જણાવ્યો. સવરો મંડપનો ઉત્સવ થયો ત્યારે ફકીર અને હુરાબાઈ પ્રવાસમાં ગયા હોવાથી તેમાં આવી શક્યા નહોતા. કારણકે તેમને તેઓ ક્યાં છે ? એ ખબર ન હોવાથી વાયક તેમના સુધી પહોંચી શક્યું નહોતું. અજમલજીની વાત સાંભળી કુતુબશાહ અને હુરાબાઈ રણુજા આવ્યા. બાવાને વંદન કરી ખબર - અંતર પૂછ્યા પછી મુદ્દાની વાત ઉપર આવ્યા. બાવા કુતુબશાહનો ખૂબ આદર કરતા એટલે પોતે શા માટે સમાધિનો નિર્ણય કર્યો તેની માર્મિક વાત તેમને સમજાવી. સાંઈ જ્ઞાની હોવા છતાં રામદેવજીની અર્થપૂર્ણ વાત સમજવા છતાં તેમના નેત્રો સજળ બન્યા.

રામદેવજી બોલ્યા : "સાંઈ ! આંસુને રોકો. સુખ - દુઃખ, હર્ષ - શોક અજ્ઞાની કરે છે. આપ જ્ઞાની થઈને આવું ન કરો. તમને મારા માટે પ્રેમ હોય તો આપણે પશ્ચિમ ધરામાં પાળિયાદ ફરીથી મળીશું."

બાવાનું વચન સાંભળી કુતુબશાહનું મન અને આત્મા મળી પોતાની જાતના સૌભાગ્ય અંગે વિચારવા લાગ્યા. છેવટ પોતે પણ બાવાની જેમ જ સમાધિ લેવાનો નિર્ણય જાહેર કરી દીધો. તેમણે અજમલજીને કહ્યું :

"રાજાજી, આ તો અલખના ખેલ છે. હવે તો મારે પણ સમાધિસ્થ થવું છે."

આમ, કુતુબશાહ પોતાના સ્થાનકે આવ્યા. સૌને પાસે બોલાવી જણાવ્યું કે "રામદેવજી, ભાદરવા સુદ ૧૧ ના દિવસ સમાધિ લઈ રહ્યા છે. આથી પોતે પણ તે જ દિવસે સમાધિ લેશે." આત્મિય જોડાણ ધરાવતા આ બે મહાન આત્માઓ વચ્ચે હિન્દુ - મુસ્લિમનો કોઈ ભેદ નહોતો. ધર્મ જ્ઞાન આપે છે. જીવન જીવવાની પદ્ધતિ શીખવાડે છે. જુદા જુદા ધર્મની ક્રિયાઓ ભલે જુદી જુદી હોય, ભક્તિ કરવાની પદ્ધતિમાં ભલે તફાવત હોય, આચારમાં ભલે જુદી જુદી નિયમાવલિઓ હોય, પરંતુ ધર્મના મૂળ તત્ત્વમાં કોઈ ભિન્નતા નથી. દરેક ધર્મ પોતપોતાના માર્ગે આપણને ઈશ્વર, અલ્લાહ, ગોડ કે અન્ય કોઈપણ નામથી ઓળખાતા ભગવાન સાથે મેળવી આપે છે. પૃથ્વી પરના તેના અંશાવતાર આપણને એ દિશામાં દોરી જાય છે.

રામદેવજીએ સમાધિ સંકલ્પ કર્યા પછી પોતાના માતા-પિતાને શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલા વિષ્ણુ સ્વરૂપમાં દર્શન આપ્યા. તેમની સમાધિની વાત અને સમય ભક્તગણમાં ફેલાઈ ગઈ. અજમલજી અને મિનલદેએ વિષ્ણુ સ્વરૂપ પ્રત્યક્ષ જોવાથી પુત્રમોહની સંસારી ભાવનામાંથી મુક્તિ પ્રાપ્ત કરી અને મોહજાળથી વિમુખ થયા. સગા - સંબંધી, સંતો, ભક્તો સૌને જાણ થવાથી સારાયે મેવાડ - મારવાડ અને અન્ય પ્રદેશોમાંથી લોકો ઉમટી પડ્યા. બાવાના છેલ્લા દર્શન માટે શ્રીફળ, ધૂપ, અબિલ, ગુલાલ જેવી પૂજા સામગ્રી લઈ આવતા લોકોની દુકાનો પર લાઈન લાગી ગઈ.

ભાદરવા સુદ અગિયારસનું પ્રભાત પ્રગટ્યું. ગુલાબી ઉષાએ સુમધુર વાતાવરણ ખડું કરી દીધું.

બાવાએ દિનચર્યાના પ્રાત:કર્મથી નિવૃત્ત થઈ હાથમાં શ્રીફળ ગ્રહણ કર્યું. આતુર લોકોની મેદનીએ બે હાથ જોડી વંદન કરતા તેમનો જય જય કાર કર્યો. ઢોલ, ત્રાંસા અને શરણાઈઓના સૂરથી વાતાવરણ મંગલ બની ગયું. અબિલ - ગુલાલની છોળો ઉડવાથી લોકો સહુ ગુલાલના રંગે રંગાઈ ગયા.

બાવાએ પોતાના સ્થિર અને ગંભીર ડગલા માંડતા ચાલવાનું શરુ કર્યું. વિદાયના હૃદયછેદી શબ્દો દ્વારા વાતાવરણ ગંભીર બન્યું. બાવાને શ્રદ્ધાળુઓએ પુષ્પો અને પુષ્પ પાંદડીથી વધાવ્યા. તળાવની પાળે આવીને બાવા ઉભા રહ્યા. પુરોહિતોએ શાસ્ત્ર મંત્રો ભણ્યા. સમગ્ર દેખાવ ધર્મમય બની ગયો. બાવાએ પોતાના અશ્વ રોઝાને પ્રેમપૂર્વક પંપાળી છૂટો મુક્યો. ઘોડાને મુક્ત કરતાં જ એક અદ્ભૂત ચમત્કાર સૌને જોવા મળ્યો. સહુ જુએ તેમ ઘોડો આકાશમાં ગતિ કરીને અદૃશ્ય થઈ ગયો.

બાવાએ ઉપસ્થિત જનમેદની ઉપર કૃપા પૂર્ણ દૃષ્ટિ નાખીને સૌને સંદેશ આપવો શરુ કર્યો.

વિશ્વભરની કરુણા પોતાની દૃષ્ટિમાં વ્યક્ત કરતા બોલ્યા :

"સંતો ! ભક્તો અને સૌ શ્રદ્ધાળુઓ, તમારી વચ્ચે હું ચોપન વર્ષ સુધી રહ્યો. આ સમય દરમ્યાન આ શરીરથી કોઈને પણ મનદુ:ખ થયું હોય તો તે આવરણથી મને મુક્ત કરજો. આ સંસાર કર્મને આધીન છે. જીવનમાં કર્મની પ્રબળતા રહેલી છે. જાણતા કે અજાણતા જો જીવનમાં આ શરીરથી કોઈ અયોગ્ય કર્મ થઈ જાય છે. તો તેમાંથી મુક્ત ન થઈ શકાય ત્યાં સુધી જીવને ઋણાનુબંધમાં રહેવું પડે છે. માટે કોઈપણ કાર્ય કરતાં પહેલાં વિચાર કરજો. વિચાર કરતા જો લાગે કે આ કાર્યથી કોઈ જીવને નુકસાન થશે તો તે કાર્ય કરવાથી દૂર રહેજો. કારણ કે તમારા કે મારા સર્વ કોઈમાં એક જ પ્રભુ વસેલો છે. જેમ કુંભાર જુદા જુદા ઘાટ ઘડી તેને જુદા જુદા નામ આપે પરંતુ છેવટ તો તે બધા એક જ માટીમાંથી બનેલા હોય છે. તેમ દરેક જીવનું સ્વરૂપ નાનું - મોટું કે અલગ અલગ હોય પરંતુ તેમાં પ્રાણ તો એક જ વસેલો છે. પ્રભુને જાણવા - સમજવા માટે તમારે પ્રાણને જાણવો જોઈએ. પ્રાણને જાણવાથી મનને જાણી શકાય છે. અને આ મન ઉપર જીત મેળવી શકાય તો પછી આપણા હાથે કોઈ ખરાબ કામ થતું નથી. હંમેશા સત્કર્મ જ થશે અને જીવ પ્રભુની ભક્તિ તરફ વળશે. આમ, થવાથી તમારા આલોક અને પરલોક બંને સુધરશે. અંત સમયે દેહત્યાગ કરવામાં કોઈ તકલીફ નહીં પડે."

આટલો સંદેશો આપી તેઓ લખમાજી ઉપર દૃષ્ટિ નાખી તેમને કહેવા લાગ્યા :

"હે લખમાજી ! તમે રાત્રિ - દિવસ મારી જ ઉપાસના કરી છે. તમને તથા જે મારા બનીને રહ્યા છે તેમને સૌને હું જ્યાં જ્યાં અવતાર ધારણ કરીશ ત્યાં સાથે જ રાખીશ. તમે સૌ જ્યાં સુધી આ પૃથ્વી ઉપર રહો ત્યાં સુધી 'નજીયા' ના સિદ્ધાંતો જગતમાં વ્યાપક રીતે લોકો સુધી પહોંચે તેવા કાર્યમાં સમય ગાળી તમારા દેહથી આ કર્તવ્ય પુરું કરજો."

પછી અજમલજીને કહ્યું :

"હે પિતાશ્રી, આજ આપણો પિતા - પુત્રનો સંબંધ પુરો થશે. મારી સમાધિ ઉપર તમે દેવળ ચણાવી

ધૂપ - ધજા ચડાવવાની વ્યવસ્થા કરજો. દર ભાદરવા સુદી અગિયારસનો મેળો ભરીને સંત, સાધુ અને અભ્યાગતને જમાડજો. આ દિવસે સૌ સાથે મળી ભજનભાવ કરજો. નોમના દિવસે 'નજીયા ધર્મ'નો નેજો ચડાવજો. દશમના દિવસે હું દર્શન આપીશ."

પિતાજીને આટલું કહી રામદેવજી પોતાના કુટુંબના તુંવરાઓ તરફ ફરીને બોલ્યા :

"હે તુંવરાઓ ! હંમેશા દયા - ધર્મમાં મન રાખજો. અભિમાન અને ઈર્ષ્યાથી દૂર રહેજો. આ દુર્ગુણો તમારો નાશ કરશે. માટે નામ રટણથી નજીયાને સ્વીકારી ધૂપ - ધ્યાનથી તમે સેવા કરશો તો હું સદાય પ્રસન્ન રહીશ. પરંતુ ક્યારેય પણ અશ્રદ્ધા લાવશો નહીં. તમને કોઈ ગમે તેમ કહે પરંતુ સમાધિ લીધા પછી મારી સમાધિ ઉખાળશો નહીં."

તુંવરાને આટલું કહી બાવા આગળ ચાલ્યા. બારહઠ્ઠ શેષમલજી રડી પડ્યા. તેમને આશ્વાસન આપતા બાવા બોલ્યા : "શેષમલજી શા માટે રડો છો. જ્યાં હું ત્યાં તમે. તમે હવે પશ્ચિમ ધરામાં પાળિયાદ આવજો. બાલ સ્વરુપે હું તમને ત્યાં મળીશ. લીલી સોપારી તથા અમલપોતાથી મને ઓળખી લેજો."

બાવાના શબ્દોથી શેષમલજીને આશ્વાસન મળ્યું અને તેઓ સ્વસ્થ થયા. બાવાએ સમાધિ ગાળવા આજ્ઞા કરી. સમાધિ ગાળવા માટેના સાધનો માણસોએ ઉપાડતાં જ વગડામાં વાછરુ ચારવા ગયેલા ડાળીબાઈ આવી પહોંચ્યા.

શરીર તથા મસ્તકના રૂંવાડા ઉભા થઈ ગયેલા જોઈ બાવાએ ડાળીબાઈના સત્‌ને ઓળખી લીધું.

બાવા બોલ્યા : "ડાળી શું છે ?"

ડાળીબાઈએ ઉત્તર આપતા કહ્યું : "બાવા, આ સમાધિ મારી છે. તેની સાબિતી આપું છું કે તેમાંથી આંટી, દોરો અને કાંગસી નીકળશે."

સમાધિ ગાળતા તેમાંથી ઉપરની ત્રણે વસ્તુઓ નીકળી આવી. બાવાની પહેલા ડાળીબાઈ સમાધીમાં બેઠા.

બીજી સમાધિ બાજુમાં તૈયાર કરવામાં આવી. બાવાએ સૌને જુહાર કરી સમાધિમાં પ્રવેશી પોતાના પ્રાણને સંકેલી લીધા.

સમાધિના દર્શન કરી સૌ ભારે હૃદય લઈને પાછા ફર્યા. શહેર અને સમગ્ર પ્રદેશ આ સમાચારથી શોકગ્રસ્ત બની ગયો.

સમાધિના ત્રીજે દિવસે ખેરકર ગામના હરભુજીને સ્વપ્ન આવ્યું કે બાવાએ સમાધિ લીધી પરંતુ બાવાએ તેમને વચન આપ્યું હતું એટલે તેમણે આ વાત માની નહીં.

હરભુજીએ સ્વપ્નની વાત તેમના પત્નીને કરતા કહ્યું : "લોકો રામદેવજીની સમાધિની વાતો કરે છે પરંતુ મને આ વાત સાચી લાગતી નથી. મને મળ્યા વિના તેઓ લીલા નહીં સંકેલે એવું તેમણે મને વચન આપ્યું છે. હું આ વાત માનવા તૈયાર નથી."

હરભુજીનો ભ્રાતૃપ્રેમ જોઈ તેમના પત્ની બોલ્યા : "હે નાથ ! તો તમારા મનના સમાધાન માટે રણુજા જઈ આવો.

હરભુજીનું મન અને આત્મા રામદેવજીના સ્મરણમાંથી મુક્ત થઈ શકતું નહોતું. પોતાના અશ્વ પર સવાર થઈ પૂરપાટ ઝડપે તેઓ રણુજાના રસ્તે ચડ્યા.

તેઓ ભુજીયા તળાવ પાસે પહોંચ્યા અને જોયું તો ઘોડા ઉપર સવાર રામદેવજીનું તેજસ્વી લલાટ સાથેનું દર્શન થયું. પોતાનો અશ્વ રોકી તેઓ રામદેવજીને વંદન કરી ભેટી પડ્યા. બાવાએ તેમને બાથમાં ભરી લીધા. જાજમ બીછાવી ભુજીયા તળાવને કિનારે બંને ભાઈઓ બેઠા. અમલ ઘૂંટીને સામસામા કસુંબા લીધા - દીધા.

રામદેવજી બોલ્યા : "હે હરભુજી આ લીલા અવતારનો આપણો સંબંધ પુરો થયો, પરંતુ જે જે મને ઓળખી શક્યા છે, મારા માટે પ્રાણપણથી સાથે રહી સેવા કરી છે તે સૌ મારા દરેક લીલા અવતારમાં મારી સાથે હશે. માટે તમે કોઈ શોક કરશો નહીં. તમને હું મળ્યો હતો એવી વાત તુંવરાઓ માનશે નહીં. તમને સૌ હસશે એટલે આપણે મળ્યાની નિશાની તમને આપુ છું."

આમ કહીને રામદેવજીએ કનક કટોરો, ઘડી - ગેડીઓ અને અમલના પોતા હરભુજીને આપતા કહ્યું : "હરભુજી, આ કનક કટોરો માતા મિનલદેને આપજો. ઘડી - ગેડીઓ ભાઈ વિરમદેજીને અને આ અમલના પોતા તુંવરાઓને આપજો." આમ કહી આ બધી વસ્તુઓ રામદેવજીએ હરભુજીને આપી. આટલી આ વચન પ્રમાણેની મુલાકાત કરી બાવાએ અંતરિક્ષમાં અશ્વ ઉડાડ્યો અને ક્ષણમાત્રમાં અદૃશ્ય બની ગયા.

હરભુજીની આંખોમાં દુઃખ અને હર્ષના મિશ્ર આંસુઓ તરવરી રહ્યા. હરભુજી આ સ્વપ્નવત્ પરંતુ પ્રત્યક્ષ મુલાકાતનું દૃશ્ય હૃદયમાં સંઘરી રણુજા પહોંચ્યા. ભુજીયા તળાવને કિનારે તેમને બાવા મળ્યાની વાત કરી બાવાની સુચના મુજબ બધી નિશાનીઓ મિનલદે, વીરમદેવજી અને તુંવરાઓને આપી. હરભુજીની વાત સાંભળીને તુવરાઓને તેમની વાતમાં વિશ્વાસ ન બેઠો. ખાત્રી કરવા બાવાની સમાધિ ખોલવાનો તેમણે નિર્ણય લીધો. સૌએ ના પાડવા છતાં તુંવરાઓએ સમાધિ ખોલી તો સૌના આશ્ચર્ય વચ્ચે તેમાં જુઈ, જાવંત્રી અને મોગરાના પુષ્પ સિવાય કંઈ જોવા ન મળ્યું. તુંવરાઓના આ અવિવેકથી તેમને શાપ મળ્યો.

"હે તુંવરો ! તમારા કુળમાં મારે વારંવાર જન્મ લેવો હતો પરંતુ તમે શ્રદ્ધા વગરના છો. આથી હવે હું તમારા કુળમાં અવતાર લઈશ નહીં. તમે હવે લુંટારાઓ થઈને લૂંટફાટ કરી ખાઓ. ગુગળનો ધૂપ કરી સંતોષ માનો. હવે હું પશ્ચિમ ધરામાં પાળિયાદ ગામમાં પ્રગટ થઈશ."

આવી આકાશવાણી સાંભળી તુંવરો ખૂબ જ પસ્તાયા. મોટા ભાગનાને હવે સત્ય સમજાયું પરંતુ પાણી વહી ગયા પછી પાળો બાંધવાથી શું લાભ ?

આ પછી દર વર્ષે ભાદરવી અગિયારસે મેળો ભરી ધૂપ - દીપથી બાવાનો ભજનભાવ કરવા લાગ્યા.

દશમના દિવસે બાવા શ્રદ્ધાળુ ભક્તોને દર્શન આપી કોઢિયાના કોઢ દૂર કર્યા અને અંધને આંખો આપી. હજુ પણ મેળામાં લોકો કિડીયારાની જેમ ઉભરાય છે. પોતપોતાના દુઃખ બાવાના સ્થાનકે રડે છે. બાવાની કૃપાથી સાચા ભક્તો દુઃખમાંથી મુક્ત બની ધર્મમય જીવન જીવે છે. જેઓ હૃદયની આસ્થા સાથે બાવાને ભજે છે તેમના કાર્ય આજે પણ સિદ્ધ થાય છે.

જાણવા જેવી વાત તો એ છે કે સંવત ૧૫૧૫ માં બાવાએ પોતે સમાધિ લીધી. તે જ વર્ષમાં તેમના સમકાલિન સંતોમાંથી મોટા ભાગના એ પણ સમાધિ લીધી. આમ આ સંવત સંતોની સમાધિનું સંવત બની ગયુ. કુતુબશાહ, હુરાબાઈ, જેસલ તોરલ, માલદે - રૂપાદે દેવાયત પંડિત, દેવલદે, સારોસુરો, ઢાંગો વનવીર અને બાવા ઉગમશીએ આ સાલમાં જ થોડા થોડા સમયના અંતરે સમાધિ લીધી. આ સૌ બાવાના અંતરિક્ષના સાથીદાર બન્યા. પાછળથી બાવાએ જ્યાં જ્યાં સ્થૂળ સ્વરૂપ ધારણ કર્યા ત્યાં આ બધા ભક્તો પણ કોઈને કોઈ સ્વરુપે સાથે રહ્યા.

બસો વર્ષ સુધી બાવા અંતરિક્ષમાં રહીને સાધુ સ્વરુપે મળી કેટલાય સંતો અને ભક્તોને મુશ્કેલીમાંથી પાર ઉતારતા રહ્યા. મારવાડના એશિયા ગામના એક ભાથીના દીકરાને બાવા મળ્યા. છોકરો બકરીઓ ચરાવી રહ્યો હતો. બાવાએ તેની પાસે સાધુવેશે જઈને દૂધ માગ્યું. છોકરા સાથે જે બકરીઓ હતી તેમાંથી એકપણ દૂઝણી નહોતી એટલે તે મુંઝાયો. પૂર્વના સંસ્કાર અને બાવાનો પૂર્વનો ભક્ત અને સાથીદાર હોવાથી બાવાએ પાંકડી બકરીના આંચળમાં દૂધ પ્રગટ કર્યુ. છોકરો આ ઘટના જોઈ આનંદમાં આવી ગયો.

ફરી પાછું બાવાએ છોકરા પાસે પાણીની માગણી કરી. આજુબાજુમાં કે તેની પાસે પાણી નહોતું એટલે તે સાધુની માંગણી પૂરી ન કરી શકવાથી નિરાશ થયો. બાવાએ આંગળી ચીંધી છોકરાને સરોવર બતાવ્યા. છોકરો ત્યાં જઈ પાણી લઈ આવ્યો અને બાવાએ તેના મસ્તક પર આશીર્વાદ રૂપે હાથ મૂક્યો.

છોકરાના મસ્તકને બાવાના હાથનો સ્પર્શ થતાંની સાથે જ તેને ત્રણભુવન નજર સામે દેખાયા. તે બાવાના પગમાં પડી ગયો બાવાએ તેને ઝોળી, ઝંડો અને ઘોડો આપ્યો. નજીયા ધર્મના એક મજબૂત પ્રચારકને જગતમાં કાર્ય સોંપી બાવાએ અંતરિક્ષનો માર્ગ લીધો.

આ દિકરો કુશલા ભાઠીનો હતો. તેનું નામ હરજી હતું. હરજી ભાઠી બાવાની કૃપાથી રામદેવજીના મહાન ભક્ત તરીકે પ્રસિદ્ધિ પામ્યા તે આપણે સૌ જાણીએ છીએ. ચારે બાજુ પાટ તથા ભજન ભાવથી આ નજીયા ધર્મને ગાજતો કર્યો.

એક વખત જોધપુર નરેશના બગીચામાં તેમણે આસન લગાવ્યું. તેમનો ભજનભાવ જોઈ લોકો એકઠા થવા લાગ્યા. વિઘ્ન સંતોષીઓએ રાજાની કાન ભંભેરણી કરી. વજેસિંહજી રાજાએ તેમની કસોટી કરવાનો નિર્ણય કર્યો. લૂગડાનો ઘોડો બનાવી તેની સામે લોઢાના ચણા મુકી હરજી ભાઠીને કહ્યું :

"જો રામદેવજી સાચા હોય તો આ ઘોડો ચણા ખાશે."

હરજી ભાઠીએ બાવાને આરાધ કરી આ કસોટીમાંથી પાર ઉતારવા પ્રાર્થના કરી. બાવાએ

અંતરિક્ષમાંથી ભક્તને પાર ઉતારવા માટે કૃપા કરી. સૌના આશ્ચર્ય વચ્ચે લૂગડાનો ઘોડો લોઢાના ચણા ખાવા લાગ્યો. રાજાને આવી કસોટી કરવા બદલ પસ્તાવો થયો. હરજી ભાટી રામદેવજીના ગુણગાન ગાતા સારા યે રાજસ્થાનમાં ફરતા રહ્યાં. આ મુજબ બાવાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નજીયા ધર્મનું રહસ્ય લોકોને સમજાવ્યું.

આ જ રામદેવજી બાવા તેમના વચન મુજબ સમય પાકતા પશ્ચિમ દિશામાં સૌરાષ્ટ્રના ગોહિલવાડ પ્રાંતના પાળીયાદ ગામે ફરીથી ધર્મરક્ષા અને સેવાવ્રતના કાર્ય માટે પ્રગટ થયા. જય રામદેવપીર

હવે આગળ આપણે આપા વિસામણબાપુનો વૃતાંત જોઈએ.

• • •

અમૃત અનરાધાર

# આપા વિસામણ ચરિત્ર

**સંત પરમ હિતકારી**
**ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીર**
**તુલસીદાસ ચંદન ઘીસે તિલક કરે રઘુવીર**

સંત તુલસીદાસ રચિત "રામચરિત માનસ" આપણું ગૌરવવંતુ ઘરેણું છે. "યોગ વાસિષ્ઠ રામાયણ" અને "વાલ્મિકી રામાયણ" પ્રજા સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ કાર્ય આ સંત દ્વારા થયું છે. શાસ્ત્રો માત્ર શિક્ષિત બ્રાહ્મણ વર્ગ પુરતા મર્યાદિત હતા અને અન્ય પ્રજા બ્રાહ્મણના માધ્યમથી જ શાસ્ત્રો જાણી શકતી. તુલસીદાસે લોકબોલીમાં માનસની રચના કરી અને સાદી ભાષામાં રામાયણ દરેક રામભક્તના ફળિયા સુધી પહોંચાડ્યું. સંત પ્રગટે છે સંતકાર્ય કરવા. સંતોના આવા કાર્યો લાંબા સમય સુધી પ્રજાને સન્માર્ગ બતાવતા રહે છે. આ સંત પરંપરામાં વિસામણ બાપુનું જીવન આજે પણ આપણને પ્રેરણાનું રસપાન કરાવી માણસમાંથી મનુષ્ય બનવાના માર્ગે દોરી રહ્યું છે.

પૂ. વિસામણ બાપુના જીવનને જાણતા પહેલા આપણે સંતજીવન વિશે જાણવું જરુરી છે. જગતમાં કરોડો માણસો જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. પ્રકૃતિનો આ અટલ નિયમ છે. રાત્રે આકાશ દર્શન કરીએ તો ખ્યાલ આવે કે કેટલાક તારાઓનું તેજ સ્થિર હોય છે અને કેટલાક ઝળહળતા હોય છે. જીવન જીવવા ખાતર જીવતો મનુષ્ય સ્થિર તારો છે. પરંતુ જીવનને જાગૃતિ સાથે જીવનાર પોતાના સ્વયં તેજથી ઝળહળતો રહે છે. જે ઝળહળે તે સંત.

આ માટે તુલસીદાસનું જીવન આપણે જાણવું જોઈએ. પોતાના સ્વરૂપવાન પત્ની પ્રત્યે તેમને મોહની હદે પ્રેમ હતો. એક વખત તેમના પત્ની પિયર ગયા અને તુલસીદાસથી તેમનો વિરહ સહન ન થતા તે પણ તેમની પાછળ ગયા. ભયંકર વર્ષાનું તોફાન થયું. રસ્તામાં નદી આવી. નદી કેમ પાર કરવી એ વિચારતા નદીમાં કશું લાકડા જેવું તણાઈ આવતું દેખાયું. તુલસીદાસ તેના આધારે સામા કાંઠે પહોંચી ગયા. પત્નીના ઘર પાસે પહોંચતા પહેલા માળે તેના ઓરડા સુધી કેમ પહોંચવું એ વિચારતા એક દોરડું દેખાતા તે પકડીને તેમના ઓરડા સુધી પહોંચ્યા. પતિને આ રીતે આવેલા જોઈ પત્ની ડઘાઈ ગયા. "આવા તોફાનમાં તમે કેવી રીતે આવ્યા ?" એમ પૂછતા તુલસીદાસે વિગતે વાત કરી. હકીકતે જેને લાકડુ સમજી નદી પાર કરી તે કોઈનું શબ હતું અને જે દોરડું પકડી તેઓ ઉપર આવ્યા તે સાપ હતો.

સાચી હકીકતની જાણ થતા તુલસીદાસના પત્ની માત્ર એટલું જ બોલ્યા : "જે મોહ અને પ્રેમ મારા

આ હાડચામના ખોળિયામાં રાખ્યો છે તે ઈશ્વરમાં રાખ્યો હોત તો બેડો પાર થઈ જાત.'' પત્નીએ તો સાદા ભાવથી આ શબ્દો કહ્યાં પરંતુ તુલસીદાસ ઉપર આ શબ્દો એવી અસર કરી ગયા કે ત્યાર પછીનું તેમનું જીવન રામમય બની રહ્યું.

તેમના ભક્ત જીવનમાં રામદર્શન કરવાનો એવો ઉછરંગ આવ્યો કે રામનું જ ચિંતન દરેક ક્ષણે કરવા લાગ્યા. ક્યારેક કોઈ ભક્તજનોને વાત કરતા સાંભળ્યા કે,

''રામના દર્શન તો હનુમાનજી જ કરાવી શકે.'' આ શબ્દો સાંભળી તુલસીદાસ હનુમાનજીની ઉગ્ર તપસ્યામાં લાગી ગયા. છેવટ તેમના તપ - ભક્તિથી હનુમાનજી પ્રકાશપૂંજ રૂપે તેમના પર પ્રસન્ન થઈ બોલ્યા : ''તુલસીદાસ, હું તારા પર પ્રસન્ન છું જોઈએ તે વરદાન માગ.''

તુલસીદાસે રામ દર્શન સિવાય તેમને કંઈ જોઈતું નથી તેમ કહેતા હનુમાનજીએ તેમને ચિત્રકૂટ જવા જણાવ્યું. ચિત્રકૂટમાં જઈ તેઓ રામસેવામાં લાગી ગયા. રામ નવમીના પવિત્ર દિવસે તેઓ ચંદન ઘસીને દર્શનાર્થી ભક્તોને તિલક કરી રહ્યા હતા. દર્શનાર્થીઓની લાઈનમાં રામ પણ હતા. હનુમાનજીએ પ્રગટ થઈ ઈશારાથી તુલસીદાસને ભગવાન રામ બતાવ્યા. રામ તિલક કરાવવા તુલસીદાસ પાસે આવતા જ તુલસીદાસે તેમના પગ પકડી લીધા. પ્રભુ રામના દર્શનની ઈચ્છા હનુમાનજીના આશીર્વાદથી પૂર્ણ થઈ. તુલસીદાસનું જીવન ધન્ય બની ગયું. તેમણે ''રામચરિત માનસ'' ગ્રંથની રચના કરી અને આ કાર્યથી તેઓ અજર અમર બની ગયા.

આપણા જીવનમાં સંતનું આ મહત્વ છે. વાલિયો લુટારો, અંગુલિમાલ કે ગમે તેવા ભયાનક માણસો પણ સંત કૃપાથી તરી ગયાના અનેક દાખલા છે. જેનો ગણવા બેસીએ તો ક્યારેય પાર ન આવે.

આ દૃષ્ટાંત દ્વારા આપણે તો માત્ર એટલું જ સમજવાનું છે કે સંત ઈશ્વરના પ્રતિનિધિ છે. સંતની કૃપા કે સંતના આશીર્વાદ સિવાય પ્રભુદર્શન કરવું સરળ નથી. ઈશ્વર આપણી વાત માને કે ન માને પરંતુ જ્યારે આપણા ઉપર સંતની કૃપા થાય છે ત્યારે સંતની વાત પ્રભુ જરુર સાંભળે છે અને આપણા આધિ - વ્યાધિ - ઉપાધિ સર્વ દૂર થઈ જાય છે. આમ, ''પરહિત સરિસ ધરમ નહીં ભાઈ'' આ સંતની ઓળખ છે.

સંત એક અર્થમાં સમાજના ચોકીદાર છે. સંસ્કૃતિ, સંસ્કાર અને નીતિ સંતો જ સાચવી શકે છે અને સમાજને તેનાથી સુસંસ્કૃત બનાવે છે. પાળિયાદના સંત શિરોમણી વિસામણ બાપુના જીવનની વાત કરતા જઈશું તેમ તેમ તેમના સંતત્વની સાચી ઓળખ આપણે પામીશું. આ દેહાણ જગ્યા માં આપણી સૌની શ્રદ્ધા અતૂટ પણે અનેક વર્ષોથી ટકી છે, વધી છે અને અનેક લોકો સુધી વિસ્તરી રહી છે એ કોઈ ચમત્કાર નથી. તેમના દિવ્ય આત્મા દ્વારા આપણી સૌની સંભાળ આજે પણ તેઓ લઈ રહ્યા છે તેનો પુરાવો છે. ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે ''યોગ ક્ષેમ વહામ્યહમ્'' (તારા ક્ષેમકુશળનું હું ધ્યાન રાખું છું.) એ રીતે આજે પણ આપણી શ્રદ્ધાને અહીં જવાબ મળે છે. આપણે પામર મનુષ્યો જીવનમાં અનેક પ્રકારના પ્રશ્નોનો સામનો કરતા રહીએ છીએ. જ્યારે કોઈ દિશા ન સૂઝે, અકળામણ થાય ત્યારે ''હે પાળિયાદના પીર ! હે

વિહળાનાથ'' કહીને પોકાર કરીએ છીએ. આ પોકાર સાંભળીને ઠાકરધણીના આ પનોતા પુત્ર આપણને રસ્તો બતાવવા કૃપા કરે છે. આ અનુભવ ઘણાં ભક્તોએ કરેલ છે એવું લોકોની આ જગ્યામાં આસ્થા જોઈને કહી શકાય.

જગતમાં બે પ્રકારના માણસો આદિકાળથી જોવા મળે છે જેને આપણે દેવ અને દાનવ તરીકે ઓળખીએ છીએ. કલ્યાણ કરે તે દેવ અને અકલ્યાણ કરે તે દાનવ. જગતમાં સાદા સરળ માણસોની સાથે વાંકદેખા માણસો પણ હોય છે. આવા માણસો સંતને ઓળખી શકતા નથી અને તેની ટીકા નિંદા કરતા રહે છે. સાચા અર્થમાં આ માણસો દ્વારા જ આપણને સંતની ઓળખ થાય છે. અને છેવટ આવા માણસો પણ સમજણ પડ્યે સંતના ચરણોમાં આવી બેસે છે. એટલે જ કહેવાયું છે કે,

નિંદક નિયરે રાખીએ, આંગન કુટિ છવાય
બિન પાની, સાબૂન બિના, નિર્મલ કરે સુભાય.

(અર્થ : નિંદા કરનારને આપણા આંગણામાં ઝૂંપડી કરી દઈને રાખવા જેથી સાબુ અને પાણી વિના આપણને શુદ્ધ બનાવે.)

સૌરાષ્ટ્ર પંથકને ''સંત - શૂરાની ભોમકા'' તરીકે જગત ઓળખે છે. અહીં સંત પરંપરામાં મોટા ભાગની જ્ઞાતિઓમાંથી સંતો પ્રગટ્યા છે. આ વાત મહાભારતના સિદ્ધાંતનું સમર્થન કરે છે કે, ''મનુષ્યનો પરિચય જન્મથી નહીં પરંતુ કર્મથી થવો જોઈએ.'' ઈશ્વરે તો સૌ મનુષ્યને એક સરખુ શરીર આપ્યું છે. શરીરનો સદુપયોગ કરે તે સંત અને દુરુપયોગ કરે તે અસંત. બુદ્ધિ શરીરને પ્રેરે છે આથી સુબુદ્ધિ એ પ્રભુ તરફથી આપણને મળેલું દૈવી વરદાન છે.

સમગ્ર ભારત વર્ષમાં સૌરાષ્ટ્ર એકમાત્ર એવો પ્રદેશ છે કે જ્યાં અન્નદાનનું વિશેષ મહત્ત્વ. આ સંત પરંપરાની દરેક જગ્યામાં જોવા મળે છે. અહીંનું સૂત્ર છે : ''ટૂકડો ત્યાં પ્રભુ ઢૂકડો'' સંસ્કૃત શાસ્ત્રો વર્ણવે છે કે ''બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્ ।'' એટલે કે ''ભૂખ્યો માણસ ક્યું પાપ નથી કરતો ?'' કળિયુગમાં શાસ્ત્રો ''અન્ન સમા પ્રાણ'' બતાવે છે. આથી અન્ન વિના કળિયુગમાં ટકી રહેવું મુશ્કેલ છે. સતયુગમાં માત્ર હવા ઉપર ઋષિઓ શરીર ટકાવી શકતા. ત્રેતાયુગમાં માત્ર જળ ઉપર પ્રાણ ટકાવી શકાતા, દ્વાપર યુગમાં ફળાહાર અને જળથી જીવી શકાતું પરંતુ હવે કળિયુગમાં અન્ન સિવાય શરીર ટકાવી શકાતું નથી. જ્યારે આવો સમય છે ત્યારે સંત પરંપરાની આ બધી જગ્યાઓ કેટલું મહત્ત્વનું કાર્ય કરી રહી છે તે સમજાવવાની જરુર ખરી ? આ બધી જગ્યાઓના સ્થાપક સંતોનું તપોબળ અત્યારના કપરા સમયમાં પણ ક્યારેય સેવા સાધનની ઉણપ નથી આવવા દેતું.

સંતનું હૃદય કમળ જેવું કોમળ બની જાય છે. વિશાળ બની જાય છે. તેના હૃદયકમળની હજારો પાંખડીઓ સૌને સ્વીકારીને પોતાનામાં સમાવી પોતાના જેવા કરી નાખે છે. સંતના વરદ હસ્તના સ્પર્શ માત્રથી દુઃખી માણસને જે બળ મળે છે તે અનુભવ સિવાય સમજી શકાય તેવી વાત નથી.

એક સમયના ઉગ્ર સ્વભાવના વિસામણ બાપુ સંતત્વ પામી આજે પૂજાઈ રહ્યા છે. તેમની ગાદી પરંપરામાં પણ એક પછી એક એવા વિરલ પુરુષો આવતા રહ્યા છે. જેમણે ધર્મની કેડીને એક મોટા રાજમાર્ગમાં ફેરવી દીધી છે. પંચાળનું એક નાનકડું ગામ પાળિયાદ આજે દેશ વિદેશમાં પ્રસિદ્ધિ અને પ્રેમ મેળવી રહ્યું છે. મોટા ભાગે માણસ પૈસામાં સુખ શોધતો આવ્યો છે પરંતુ સુખ અનુભવનો વિષય છે. સાચુ સુખ શરણાગતિમાં છે એ આપણે ક્યારે સમજીશું ? આપણે જ્યારે કહી શકીએ કે,

"અબ સૌંપ દિયા ઈસ જીવન કા સબ ભાર તુમ્હારે હાથોંમેં।"

- અને એ જ રીતે જીવી શકીએ તો સંતોના અને ઈશ્વરના રખવાળા મળે તેમજ સાચા સુખનો અનુભવ પ્રાપ્ત થાય.

પંચાળની ભૂમિ દેવભૂમિ કહેવાય છે. દ્રૌપદીના પિયર પંચાળની પોતાની આગવી ઓળખ છે. આ પથરાળ પણ કસદાર ભૂમિના માનવી પણ કસદાર અને રસદાર છે. ધર્મ અહીં મજબૂત પગદંડો જમાવીને બેઠો છે. નાના પર્વતોની હારમાળા ધૂણો ધખાવીને બેઠેલા જટાધારી જોગંદરોની જેમ આ ભૂમિના સૌંદર્ય અને શાંતિને ઉજાગર કરે છે. પંચાળ એટલે સંતોની તપોભૂમિ.

સંતના આગમન અને ગમન એની ઈચ્છા અનુસાર થતા હોય છે. બોટાદ પંથકમાં આવેલ ધ્રૂફણિયા નામે નાનકડું ગામ આપા વિસામણના આગમનનું કારણ બનવાનું ગૌરવ લઈ જાય છે. ધ્રૂફણિયામાં પાતા મન નામે ખુમાણ કાઠી વસે છે. આ દિવ્ય પુરુષનો આત્મા પ્રભુમય છે. ગામ લોકો આ ક્ષત્રિય પુરુષનો જીવ ભક્તિમાં પરોવાયેલો જોઈને આશ્ચર્ય પામે છે. પાતા મન પોતાના નિજાનંદમાં મસ્ત રહે છે. ગાયોની સેવા એ એમનું મનગમતું કામ છે. તેમના જીવનમાં દુઃખ કહો કે અસંતોષ એક જ વાતનો છે કે તેમના ઘેર શેર માટીની ખોટ છે. આવા પવિત્ર જીવને ત્યાં કોઈ સંતાન નથી. પાતા મનની આંખના ખૂણેથી આ કારણે ક્યારેક આંસુના ટીપા સરી પડે છે પરંતુ "જેવી ઠાકરની મરજી" એવું સમજીને આંસુને હળવા હાથે લૂછી નાખે છે. ફરી પ્રભુના નામ સ્મરણમાં જીવ પરોવી આ દુઃખને હડસેલી દે છે.

ગામ આ ભગત માણસનો ખૂબ આદર કરે છે. પરંતુ લોકનિંદામાં રચ્યા પચ્યા રહેનાર ગામના નિંદારસીયાઓ તેમની ઠેકડી પણ ઉડાવતા રહે છે. પાતા મનને આ વાતની કોઈ નવાઈ નથી.

પાતા મન પ્રાતઃકાળમાં બ્રાહ્મ મૂહુર્તમાં જાગીને ચંદનગીરી ડુંગરની તળેટીમાં આવેલા નાનકડા તળાવના શીતલ જળમાં સ્નાન કરે છે. ગામના ગોંદરે બેસી તળાવ કાંઠે પોતાની નાનકડી પૂજા કાઢે છે. ભગવાન સૂર્ય નારાયણ અને શેષ નારાયણની નાનકડી છબીઓમાં તેમની પૂજા સમાઈ જાય છે. બંને છબીઓ સન્મુખ ગોઠવી પ્રભુનું ધ્યાન ધરી બંધ આંખોથી બંને સ્વરુપોને પોતાના અંતરમાં ઉતારે છે. ભોળા ભાવે અને શુદ્ધ હૃદયથી થતી પૂજા ભગવાન સામે ચાલીને સ્વીકારે છે. પાતા મનનું તપ પાકવાની તૈયારી છે. જ્યારે તપ પાકે ત્યારે જીવ સુખની દિશામાં દોટ દેવા માટે પ્રેરાય છે.

પાતામન પૂજા આટોપી દિવસભર ગૌ સેવા કરે છે. તેમનો આ નિત્યક્રમ ક્યારેય તુટતો નથી. બીજા

ક્ષત્રિયોની જેમ તેમનો કોઈ ઉપદ્રવ નથી. આથી ગામલોકો તેમને આદરની દષ્ટિથી માન પૂર્વક સન્માને છે. આવા પવિત્ર જીવને ત્યાં જ પ્રભુને કે તેના અંશને જન્મ લેવાનું મન થાય. એમાં શું નવાઈ ?

ગામ નજીક આવેલા ચંદનગીરી ડુંગરની ગુફામાં એક બાવાજી રહે છે. લાંબી મોટી જટા, લાલઘૂમ આંખો, ભસ્મનો લેપ અને માળાઓના ગંજથી ભયાનક દેખાતા આ સાધુ પાસે જતાં પણ ગામલોકો ડરે છે. ગામ સાથે આ સાધુને કોઈ વ્યવહાર કે સંબંધ નથી. ક્યારેય ગામ પાસે કોઈ યાચના કરતા નથી છતાં આ તપસ્વી કઈ રીતે રહી શકે છે તે ગામલોકો સમજી શકતા નથી. આશ્ચર્યની વાત તો સૌને એ લાગે છે કે કોઈ ગુફા તરફ જાય ત્યારે સાધુ મોજમાં હોય તો સત્સંગ કરે નહીંતર ગાળો આપીને ભગાડી મુકે.

ગામ લોકો માટે રહસ્યમય એવા આ સાધુ પાતામન માટે ગુરુ સમાન થઈ ગયા હતા. એક માત્ર પાતામન પાસેથી દરરોજ એક લોટો દૂધ તેઓ ગ્રહણ કરતા. અખંડ પ્રગટતા ધૂણા પાસે બેસી સાધુ તેમની સાધનામાં મસ્ત રહેતા.

નિઃસંતાન હોવું એ બહું મોટું દુઃખ છે. પાતામન તેમના પત્નીના ચહેરા પર તરવરતું આ દુઃખ વાંચી શકતા પરંતુ 'જેવી ઠાકરની ઈચ્છા' એવું મનોમન બોલવા છતાં પત્નીના દુઃખને પોતીકું ગણી દુઃખી રહેતા. તેઓ ગૌસેવા અને સંતસેવામાં શ્રદ્ધા રાખી ધીરજ ધરતા.

પાતામન દિવસભર ગાયો ચરાવીને સાંજે ઘેર આવી કપિલા નામની ગાય દોહીને તેના દૂધનો એક સ્વચ્છ લોટો ભરતા. દરરોજ આ દૂધનો લોટો સાંજે ચંદનગીરી ડુંગર પર રહેતા સાધુને પહોંચાડતા. આખા દિવસમાં આ સાધુનો નિર્વાહ એક લોટા દૂધ પર ચાલતો. પાતામન દૂધ આપવા જાય ત્યારે આવો અને પાછા વળે ત્યારે આવજો થી આગળ તેમની વચ્ચે કોઈ સંવાદ થતો નહીં. સાધુ જ્યારથી ધ્રૂફણિયાના ચંદનગિરી ડુંગર પર આવ્યા ત્યારથી આ ક્રમ ચાલતો આવતો હતો. ગુરુ - શિષ્ય વચ્ચે કોઈ પૂર્વ જન્મની લેણદેણ હોય તેમ નિયમિત આ ક્રમ જળવાઈ રહેતો. તાપ, ઠંડી, કે વરસાદના દિવસોમાં પણ પ્રભુકૃપાથી આ ક્રમ ક્યારેય તુટતો નહીં.

ત્રણ વર્ષ જેટલા લાંબા સમય સુધી પાતામન દ્વારા પોતાની સેવા જોઈને સાધુ વિચારી રહ્યાં : "કેવો નિષ્કપટ અને ભાવુક માણસ છે આ ! આટલા સમયથી મારી સેવા કરી રહેલ પાતામને ક્યારેય મારી પાસે કોઈ માગણી કરી નથી. તેની સેવાના બદલામાં મારે તેને કશુંક આપવું જોઈએ. પ્રભુ તો મને સુઝાડે છે પરંતુ એક છેવટની કસોટી કર્યા પછી આપીશ." આમ વિચારીને સાધુએ મનોમન કોઈ નિશ્ચય કર્યો.

બીજા દિવસે પાતામન જ્યારે દૂધનો લોટો લઈને આવ્યા ત્યારે પહેલી વખત સાધુએ તેમને ગુફામાં પોતાની સાથે આવવા કહ્યું. પાતામનને આશ્ચર્ય થયું પરંતુ તેમની પાછળ પાછળ ગુફામાં ગયા. સાધુ ધૂણા પાસે બેઠા અને પાતામનને પણ બેસવા કહ્યું.

સાધુના તપ - તેજના પ્રતિક જેવો ધૂણો લાલચોળ અંગારાઓથી ધખી રહ્યો હતો. પાતામન તો સાધુના વર્તનથી ઉંડા આશ્ચર્યમાં હતા. સાધુએ ચિપીયો હાથમાં લઈ અહાલેકના નાદ સાથે ધૂણાની અગ્નિમાં

રોપી દીધો. ઘડીભર આંખો બંધ કરી અને કશુંક ગણગણ્યા. એક આંચકા સાથે જ્યારે ચિપીયો ધૂણામાંથી ખેંચી કાઢ્યો ત્યારે તેમાં કશુંક હતું. ચિપીયામાં આવેલી વસ્તુ જમીન પર મુકતા સાધુ બોલ્યા : "પાતામન, તુમને મેરી બહુત સેવા કી હૈ તેરી સેવા સે મેં ખુશ હું. આજ મૈં તેરા દુઃખ દર્દ મિટા દૂંગા તુમ્હે પતા હૈ યે ક્યા હૈ ?

ધગધગતી વસ્તુને જોતા પાતામન બોલ્યા : "આપ સમર્થ હૈ બાપુ, મૈં ક્યા જાનુ ક્યા હૈ ?"

સાધુ હસીને બોલ્યા : "પાતામન યે વો ચીજ હૈ જીસ કે પીછે દુનિયા દિવાની હૈ, અબ તુઝે ગૌઆ નહીં ચરાની હોગી, આરામ સે રહ સકેગા ! યહ સોના હૈ ઈસે લે જા ઔર આનંદ કર."

પાતામન ઉપર જાણે વીજળી પડી. બે હાથ જોડીને બાપુને વંદન કરતા બોલ્યા : "બાપુ, ક્યા મુઝે મોહમાયામેં બાંધતે હૈ ! ભગવાન કે નામ સે બઢકર મેરે જીવનમેં કિસી ભી ચીઝ કા કોઈ મોલ નહીં હૈ । મુઝે સોના નહીં ચાહિયે."

હવે આશ્ચર્ય પામવાનો વારો સાધુનો હતો. પાતામન તેમની કસોટીમાં પાર ઉતર્યા હતા. મનમાં આશીર્વાદ અને ધન્યવાદ આપતા સાધુએ જમીન પર મુકેલ સોનાનો ગઠ્ઠો ફરીથી ધૂણાના અગ્નિમાં પધરાવી દીધો.

સામે ચાલીને સહજતાથી વિના પરિશ્રમે પ્રાપ્ત થતું સુવર્ણ કોને ન ગમે ? લેવાની કોણ ના પાડે ? સાધુ વિચારી રહ્યા. મનોમન કોઈ સંકલ્પ કરીને બોલ્યા : "તૂ ધન્ય હૈ પાતામન, તેરી સેવા ધન્ય હૈ. મૈં પ્રસન્ન હું. ઈશ્વર કી કૃપા કે તુમ અધિકારી હો. મેરી બાત ધ્યાન સે સુનો - કલ જબ તુમ મેરે લિયે દૂધ લેકર આઓ તબ સાથ મેં એક મુઠ્ઠી ચાવલ ભી લેતે આના."

પાતામને સાધુની આજ્ઞા સ્વીકારી લીધી અને પોતાના ઘેર પહોંચવા ડુંગર ઉતરવા લાગ્યા. ગુરુ - શિષ્ય બંને પ્રસન્ન હતા. સૂર્ય અસ્તાચળમાં જઈ રહ્યો હતો પરંતુ આવતીકાલનો સૂર્યોદય કોઈ નવીન ઘટનાને આકાર આપવાનો હતો એ નિશ્ચિત હતું. સાધુ પોતાની ગુફામાં પ્રવેશી સાધનામાં લીન થઈ ગયા. પાતામનનું ભાગ્ય પડખું ફેરવવાનું હતું. સંતની કૃપા અશક્યને પણ શક્ય બનાવી શકે છે. પાતામન ગુરુદેવના કૃપા પ્રસાદના અધિકારી હતા.

બીજે દિવસે સાંજે જીજ્ઞાસા સાથે ભોળા ભાવે સાધુની સૂચના મુજબ એક લોટા દૂધ સાથે મુઠ્ઠી ચોખા લઈને ચંદનગીરી ડુંગર ઉપર જ્યારે પાતામન પહોંચ્યા તો સાધુ ગુફાની બહાર તેમની રાહ જોઈને બેઠા હતા. પાતામને દૂધ - ચોખા તેમના ચરણે ધરતા મહાત્મા ઉઠીને ધૂણા પાસે ગયા. દૂધના વાસણમાં દૂધ - ચોખા નાખી ધૂણાની આગ ઉપર ગોઠવી દીધા. થોડીવારમાં ખીર તૈયાર થઈ. ખીરને લોટામાં ભરતા સાધુએ પાતામનને કહ્યું : "પાતા, યહ પ્રભુકા પ્રસાદ હૈ ઈસે તુમ પતિ - પત્ની દોનો ગ્રહણ કરના. તુમ્હારે ઘર રણુજા કે પીર રામદેવ જન્મ લેનેવાલે હૈ."

સાધુના શબ્દો સાંભળતા પાતામનના હૃદયમાં સહસ્ર કમળ ખીલી ઉઠ્યા. પોતાના જીવનની અપૂર્ણતા પૂર્ણ થશે અને તે પણ દિવ્ય આત્માના આગમનથી એવું જાણીને પાતામન હર્ષવિભોર બની ગયા.

સાધુ આગળ બોલ્યા : "તુમને મેરી બહુત સેવા કી હૈ અબ કલ સે તુમ્હે દૂધ લેકર મેરે પાસ નહીં આના હૈ।"

સાધુની આ વાત પાતામનને ન ગમી. દુઃખી સ્વરથી તેઓ બોલ્યા : "બાપુ, મેરે નિયમ વ્રત કો ચાલુ રહેને દો. કૃપા કરકે ઐસા મત કહો."

પાતામનની વાત સાંભળી સાધુએ અન્ય આજ્ઞાઓ કરતા કહ્યું : "ઔર સુનો, કલ સુબહ તુમ્હે યહ ગાંવ છોડ દેના હૈ જહાં શામ હો ઉસકે આસપાસ નજદીક કે ગાંવ મેં તુમ્હે જાકર રહેના હૈ।"

સાધુ બોલી રહ્યા હતા. પાતામન ગુરુ આજ્ઞા શિરોમાન્ય ગણીને સાંભળી રહ્યાં હતાં.

"મેરી ઈસ આજ્ઞા કે અનુસાર તુમ નિકલ પડો. ભગવાન સબ ઠીક કરેંગે અબ તુમ્હે મેરે લિયે દૂધ લાના નહીં હૈ।"

પાતામને સાધુના ચરણોમાં વંદન કર્યા. મન ભરીને તેના દર્શન કર્યા. સાધુની છબી પોતાના અંતરમાં સ્થિર કરી. આનંદ અને વિષાદના મિશ્ર ભાવ સાથે ચંદનગીરી ડુંગરની કેડીએથી ઉતરી ગામ તરફ વળી નિકળ્યા.

બંને પતિ -પત્નીએ સાધુની પ્રસાદી રુપી ખીરનું શ્રદ્ધા ભક્તિ સાથે સેવન કર્યું. જીવનમાં સાધુની કૃપા સ્વરુપે ઉગી નીકળેલા આશાના અંકુરને આદર ભાવથી આમંત્રી રહ્યા. આજે તેમને પોતાની જાત સમૃદ્ધ લાગતી હતી. હૃદયના ખૂણે પડેલી પુત્રૈષણા એકાએક પુરી થવાની આશા બંધાતા પતિ - પત્ની બંનેના હૃદયમાં આનંદના ઓઘ ઉછળી રહ્યા.

પાતામન ગામ છોડી રહ્યા છે એ વાત જાણીને ગામ લોકોને દુઃખ થયું. ધ્રૂફણિયાના ધણી આપા ગોવાળિયાએ પાતામનને ઘણું સમજાવ્યા ગામ ન છોડી અહીં જ રહો એવો અતિશય આગ્રહ કર્યો. પાતામનના નિર્ણયને કોઈ ફેરવી ન શક્યું. સાધુના આદેશ મુજબ તેમણે બધી તૈયારી કરી લીધી.

બીજે દિવસે વહેલી પરોઢે ઘરવખરીનો સંચ અને પશુધન લઈને પાતામન ચાલી નીકળ્યા. ભગવાન સૂર્ય નારાયણના ગુલાબી કિરણો ધરતીને અજવાળવા ઉતર્યા ત્યારે આ ભક્ત દંપતિ ધ્રૂફણિયાની સીમ ઓળંગી ચૂક્યું હતું. પાતામન સાધુના ચમત્કાર અને આદેશનું ચિંતન કરતા, ઠાકરનું નામ સ્મરણ કરતા પંથ કાપ્યે જાય છે. તેમના ધર્મ પત્ની અને પશુધન પણ તેમને અનુસરી રહ્યું છે. સમય થયે રસ્તામાં વિરામ કરીને સાથે લીધેલ ભોજન કર્યું. વૃક્ષોના છાંયડે થોડો વિશ્રામ કરી આગળ ચાલી નીકળ્યા.

ધરતી પરના પ્રત્યક્ષ દેવ સૂર્ય નારાયણ પોતાના ક્રમમાં કોઈ બાંધછોડ કરતા નથી. ધીમે ધીમે પશ્ચિમ દિશામાં ઢળવા લાગ્યા. પાતામન વિચારી રહ્યા કે સૂરજ નારાયણ અસ્ત પામે ત્યારે જે ગામ નજીક હોય ત્યાં રોકાવાનો ગુરુ આદેશ છે. પંથ કપાતો રહ્યો. સૂર્ય ભગવાને કેસરીયો રંગ ધારણ કરી સંધ્યા દેવીનો સત્કાર કર્યો. આ સમયે પાતામનનો કાફલો પાળિયાદની સીમમાં પ્રવેશી ગયો હતો. પાળિયાદના આપા નાજા ખાચર, રાણા ખાચર અને રામા ખાચર સાંજ ટાણે ઘોડાના પગ છૂટા કરવા નીકળ્યા હતા. પાતામને દૂરથી

આ ત્રણે અસવારોને આવતા જોયા. પાસે આવતા સૌએ એકબીજાને ઓળખ્યા. "રામ રામ" કરીને વાતે વળગ્યા.

નાજા ખાચર બોલ્યા "પાતામન આ બધી ઘરવખરી સાથે ક્યાં જવા નીકળ્યા છો?"

"હવે ગામ બદલવાનો ઠાકરનો હુકમ છે. એટલે નીકળી પડ્યો છું." પાતામને કહ્યું.

ત્રણેય પાતામનને સારી રીતે ઓળખતા હતા. સાનમાં વાત કરી લઈ રાણા ખાચર બોલ્યા : "તો પછી પાળિયાદ શું ખોટું છે. અહીં જ રોકાઈ જાવ."

રામા ખાચર વાત આગળ વધારતા બોલ્યા : "ઠાકરની દયા છે. ઓતરાદા બારનું બે ઓરડાનું મારું મકાન છે ત્યાં જ ઉચાળા ઉતારો."

પાતામન ત્રણેયનો ભાવ જોઈને ભીંજાઈ ગયા અને ઠાકરની ઈચ્છા સમજી સામાન રામા ખાચરના ઓતરાદા ઓરડા વાળા મકાનમાં ઉતાર્યો. પાતામન જેવા પવિત્ર માણસ પાળિયાદમાં રહે તેને પોતાના અને પાળિયાદના ભાગ્ય સમજી સૌ મનોમન ખૂબ રાજી થયા.

સૌરાષ્ટ્રમાં સંતોની એટલી પ્રસાદી છે કે દરિયાના છીપલામાંથી સાચા મોતીની જેમ ઠેર ઠેર સંતોની કથાઓ અને જગ્યાઓ જોઈ શકાય છે. પાતામન તો પાળિયાદમાં આવીને રામમય બની ગયા. દરબાર ડાયરા સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયા. તેમનો પ્રભુ ભક્તિનો ક્રમ યથાવત હતો. ઈશ્વર પરાયણ જીવન જીવતા આ દંપતિને સૌ આદર આપતા.

સમયના વહેવા સાથે સાધુના આશીર્વાદ ફળવાનો સમય આવ્યો. પાતામનના પત્નીએ સંવત ૧૮૨૫ ના મહા મહિનાના સુદ પક્ષમાં પાંચમને રવિવારે - વસંત પંચમીના પવિત્ર દિવસે માતા સરસ્વતિના આશીર્વાદ સાથે પુત્ર રત્નને જન્મ આપ્યો. રામદેવજીએ સમાધિ સમયે કહ્યા મુજબ પશ્ચિમ દિશામાં પાળિયાદ ગામમાં સૂર્યોદય થયો. રામદેવજી નવા અવતારે લોક કલ્યાણના કાર્યો કરવા માનવ દેહ ધારણ કરી પવિત્ર દંપતિના ઓરતા પુરવા અને વાંઝિયામેણાથી મુક્ત કરવા અવતરીત થયા. માતા - પિતા અને સગા સંબંધીનો હર્ષ ક્યાંય સમાતો નથી. ગામલોકો પણ આ દિવ્ય દંપતિને પુત્ર પ્રાપ્તિ થતા આનંદ વિભોર થઈ ગયા.

આમ, સંત પરંપરામાં એક નવો અધ્યાય શરુ થયો. સૌનો વિસામો પાળિયાદમાં પધાર્યો હતો. બાળકનું 'વિસામણ' નામ રાખવામાં આવ્યું. કોઈ જાણતું નહોતું કે આ બાળક આગળ જતાં સૌનો વિસામો બનવાનો હતો. સૂર્ય પૂજકોને ત્યાં જાણે કે સાક્ષાત સૂર્ય નારાયણનું આગમન થયું હતું.

પોતે દુઃખ, તકલીફ,પીડા વેઠીને પણ જે જગતના લોકને આજીવન સુખી કરવા, સન્માર્ગે વાળવા મથતા રહે તેને જ સંતપણા સાંપડે છે. સંતનું જીવન પોતાના માટે નહીં પરંતુ જગત માટે હોય છે. આપણામાં કહેવાય છે કે જેવું વિચારીએ તેવા આપણે થઈએ. જેનું મન મોટું તે જ મહંત કહેવાય અને જેનું સત મોટું તે જ સંત કહેવાય. કહેણી અને કરણી જેના એક હોય તેને જ જગત વંદન કરે છે. પાળિયાદમાં સોનાનો સૂરજ

ઉગ્યો. સૂરજ સૌને આકરા તાપમાં શેકે પછી જ વર્ષાની હેલી થાય છે. વિસામણ બાપુનું જીવન પણ કંઈક આવું જ હતું. જ્યાં સુધી અંદરથી આનંદ ન પ્રગટે ત્યાં સુધી અહાલેકનો નાદ જાગતો નથી. સંતત્વ કંઈ બજારમાં મળતું નથી. અંદરથી ઠાકરધણી પ્રગટાવે ત્યારે જ પ્રગટે છે. માટે...

"સંત પરમ હિતકારી જગત મેં સંત પરમ હિતકારી.."

સંતનું સાંનિધ્ય ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. ભાગ્ય કર્મથી ઘડાય છે અને કર્મ ? સંતની કૃપાથી સત્કર્મમાં ફેરવાય છે.

• • •

## સંતત્વ

આપણી ભારતીય જીવન પરંપરા ઉપર પ્રથમથી જ ધર્મનો પ્રબળ પ્રભાવ રહ્યો છે. વેદ આધારિત આપણી જીવન પધ્ધતિ અતિશય વિચારપૂર્વક ઋષિ - મુનિઓએ નિર્માણ કરી છે. આપણી વર્ણાશ્રમ વ્યવસ્થાનો જગતમાં ક્યાંય જોટો મળે તેમ નથી. ઈશ્વરની પ્રતિમા મનુષ્ય જેવી જ પરંતુ મનુષ્યથી અનેકગણી સુંદર રીતે કરીને આપણી અને ઈશ્વર વચ્ચે કોઈ ભેદરેખા શાસ્ત્રોમાં રહેવા દીધી નથી. 'પિન્ડે સો બ્રહ્માંડે' 'અહં બ્રહ્માસ્મિ' 'પ્રજ્ઞાનં બ્રહ્મ' અને છેવટ 'નેતિ નેતિ' કહીને ઈશ્વરના સ્વરુપને આપણા જીવન સાથે અભિન્ન રીતે મનિષીઓએ જોડી દીધું છે.

વર્ણાશ્રમ અનુસાર બ્રાહ્મણો બ્રહ્માના મુખમાંથી, ક્ષત્રિયો બાહુમાંથી, વૈશ્યો જંઘા અને ઉદરમાંથી જ્યારે શુદ્રો પ્રભુના ચરણમાંથી પ્રગટ થયા છે. પ્રાગટ્યના સ્થાન મુજબ તેમને સૌને જીવનના મૂલ્યો સાથે જોડવામાં આવ્યા છે. બ્રાહ્મણો મુખમાંથી પ્રગટ થયા હોવાથી જ્ઞાન અને વિદ્યાનું ક્ષેત્ર સંભાળે, ક્ષત્રિયો બાહુમાંથી પ્રગટ થયા હોવાથી યુધ્ધ, રાજ વહીવટ અને પ્રજાના સંરક્ષણનું કાર્ય સંભાળે, વૈશ્યો ઉદર અને જંઘામાંથી પ્રગટ્યા હોવાથી પ્રજાનું પોષણ અને વેપાર - વણજ તેમજ ખેતીકાર્ય સંભાળે જ્યારે શુદ્રો પગમાંથી પ્રગટ થયા હોવાથી ઉપરના ત્રણે વર્ણ માટે સેવા ધર્મ બજાવે જેના બદલામાં ઉપરના ત્રણે વર્ણ તેમની જરુરિયાતો પુરી કરે.

આ વ્યવસ્થા દ્વારા ઘણા લાંબા સમય સુધી સમાજ વ્યવસ્થા સુયોગ્ય રીતે જળવાતી આવી. ક્રમશઃ તેમાં પરિવર્તનો આવવાથી ધીમે ધીમે આ વ્યવસ્થા અવરોધક બની રહી. પરિવર્તન એ જીવનનું સત્ય છે. અત્યારે પરિવર્તનથી વધેલી ઝડપને લીધે આપણને એવું લાગે છે કે જાણે સમાજ વ્યવસ્થા કડકભૂસ થતી ભાંગી પડશે. ધર્મ વ્યવસ્થાની પણ એજ સ્થિતિ થશે.

આવા ભય વચ્ચે એક આશાનું કિરણ એ છે કે પરિવર્તન સાથે પોતાના સ્વરુપમાં ફેરફાર કરીને પણ બધી જ વ્યવસ્થાઓ હજી સુધી પોતાનું સ્વરુપ જાળવી રહી છે. દરેક પ્રજાની સાચી ઓળખ તેની સંસ્કૃતિ સાથે જોડાયેલ હોય છે. વિવિધ પ્રજાઓની સભ્યતામાં પરિવર્તન જોવા મળે તેટલી ઝડપથી સંસ્કૃતિમાં પરિવર્તન આવવું શક્ય નથી.

આ બધા જ પ્રશ્નોના પાયામાં સંતચરિત્ર ઉડીને આંખે વળગે છે. સમયાંતરે ઈશ્વરના અંશ ગણી શકાય તેવા સંતો આ પૃથ્વીપર પર આવતા રહે છે અને પોતાના તપ, તેજ, કરુણાથી સ્મૃતિના દિપકમાં નવું તેલ પુરી તેને પ્રજ્વલિત કરતા રહે છે. સંત એવી નિસરણી છે જેના આધારે આપણને સ્વર્ગદ્વારના દર્શન થઈ શકે છે.

આજથી દોઢસો - બસ્સો વર્ષ પહેલા કાઠિયાવાડ પ્રદેશમાં નાના - મોટા અનેક રાજવીઓના રાજ્ય ચાલતા હતા. ભાવનગર રાજ્ય એ સમયમાં મોટું રાજ્ય ગણાતુ. ત્યાં વજેસિંહજી નામના રાજવી પોતાના દિવાન ગૌરીશંકર ઓઝા દ્વારા રાજ્ય વહીવટ ચલાવતા હતા. અંદરોઅંદર રાજાઓમાં નાના - મોટા ઝઘડાને કારણે અનેક નાની - મોટી લડાઈઓ ચાલ્યા કરતી. પ્રજાની કોઈ સલામતી નહોતી. પોતે જ પોતાનું રક્ષણ કરવું પડે  એવી સ્થિતિ હતી. લુંટારાઓનો ત્રાસ રહેતો. આ સમયમાં અન્નક્ષેત્રો દ્વારા ધર્મસંસ્થાઓ પ્રવાસીઓની સેવા કરતા. વટેમાર્ગુઓ અહીં ટુકડો પામતા અને ક્ષુધા શાંત કરતા. આવી સંસ્થા પૈકી સોનગઢની સંસ્થામાંથી આપો ગોરખ અને આપો દાના એક વખત પાળિયાદ પધાર્યા. સમાચાર મળતા પાળિયાદના કાઠી દરબારો અને ગ્રામજનો તેમના દર્શન - સત્સંગ માટે પધાર્યા. ડાયરામાં સત્સંગનો રંગ જામતો ગયો. આ ઘટના કોઈ સારા પરિણામ માટે સર્જાઈ હોય તેમ વાતારણ મંગલમય બનતુ ગયું. વાતવાતમાં આપા ગોરખ બોલ્યા "રામભાઈ અહીં વિસામણ મન રહે છે ને ?"

" હા, અમારા જ ખોરડામાં રહે છે. ધ્રુફણિયાથી આવ્યા ત્યારથી વાડી - ખોરડા એમને આપેલ છે." રામભાઈએ જવાબ આપ્યો.

"સારું કર્યુ... તમે તેમને ટેકો આપ્યો તે."

"ટેકો તો ઠાકરે અપાવ્યો. આપણે શું ટેકો કરવાના ! પાતામન જેવા માણસ આપણે ત્યાં ક્યાંથી ?

"તમે બધા આવ્યા છો અને પાતામનના પુત્ર વિસામણ કેમ દેખાતા નથી ?" આપા ગોરખે સવાલ કર્યો.

"તમે પધાર્યા છો એવી એમને ખબર નહીં હોય."

"એવું બને નહીં. આટલી ધામધૂમથી તો નાના છોકરાઓને પણ ખબર પડી જાય."

"તો મહારાજ તેમને સંભારશો નહીં" આપા રામે કહ્યું "પાતામન દેવલોક પામ્યાને પાંચ વરસ થયા પણ આખા પંથકમાં વિસામણની બઘડાટી બોલે છે."

"હા બાપ, શૂરાનું એ જ કામ પણ આ શૂરાતન ભક્તિમાં વાપરે તો અમ જેવાની આંખ્યુ ઠરે." અગમવાણી ઉચ્ચારતા હોય તેમ આપા ગોરખ બોલ્યા.

"તમે ધારો તો શું ન થાય" આપા રામે કહ્યું ."મહારાજ તમારાથી શું ન થાય ? ઠાકર સારુ કરશે"

ડાયરામાં રસપૂર્ણ વાતો ચાલે છે. કોઈનું ધ્યાન નથી ત્યાં આપા વિસામણ ધીમે પગલે ડાયરા તરફ આવી રહ્યા છે. તેમના ઉપર આધેડ ઉંમરના આપા ગોરખની દષ્ટિ પડી. લીંબુની ફાડ જેવી રતાશપૂર્ણ આંખો, ચળકતું વિશાળ લલાટ, માથે આંટીબંધ કિનારી વાળી લીલી પાઘડી, સુદઢ કસાયેલું શરીર, કસબંધ કેડીયું, ચોરણો અને પગમાં વિશોરી મોજડીના અવાજથી વાતાવરણ બાંધતા આપા વિસામણ આવી રહ્યા હતા. ઢીંચણ સુધી પહોંચતા આજાનભૂજ બાહુ - એક હાથમાં શ્રીફળ અને બીજા હાથમાં ડાંગ - આવું તેમનું સ્વરુપ જોઈને સૌ ડાયરાની નજર તેમની તરફ મંડાઈ ગઈ.

થયું એવું કે આપા વિસામણ પાળિયાદની બજારમાં બેઠા હતા. વાણિયાની દુકાને બેઠેલા આપાએ સૌને ત્યાં આવી આવીને શ્રીફળ ખરીદતા જોયા. તેમણે એક જુવાનને પૂછ્યું : "આ તમે સો નાળિયેર લઈને ક્યાં જાઓ છો ? કોઈ જાત્રાળુ આવ્યા છે ?"

જુવાને કહ્યું : " ના આપા ! આતો આપો ગોરખ અને આપો દાના પધાર્યા છે. સૌ નાળીયેર ધરીને પગે લાગવા જાય છે."

"કેમ ? આપો ગોરખ કોઈ દેવ છે તે સૌ હાલી મળ્યા છે."

" ઈ તો ત્યાં આવો તો ખબર પડે." જુવાને કહ્યું અને પોતાનું નાળિયેર લઈ ચાલતો થયો.

આપાને થયુ : "આ પીરાણાનું પારખું કરવું જોઈએ. તેમણે વાણિયાને કહ્યું : "શેઠ, મને ય એક નાળિયેર આપી દે. પણ તે પાણી વગરનું પડતર અને ગડગડીયું આપજે. પીરાણું હશે તો ખબર પડી જાશે."

વાણિયાએ આપાએ કહ્યા મુજબનું નાળિયેર શોધીને આપ્યું. તે જાણતો હતો કે નાળિયેરના પૈસા આવે ય ખરા અને ન પણ આવે ! ઉઘરાણી કરીએ તો પીઠમાં કડિયાળી ડાંગે ય પડે ! વાણિયાએ આપેલ નાળિયેર હાથમાં લઈ બીજા હાથમાં કડિયાળી ડાંગ સાથે આપા વિસામણ રામભાઈની ડેલી તરફ ચાલી નીકળ્યા.

ઢોલિયા ઉપર ઓસરીમાં બંને સંતો બેઠા છે. ફરતે ગ્રામજનો બેઠા છે. સત્સંગની વાતો ચાલી રહી છે. સંતો હુક્કાની ગડગડાટી કરી રહ્યા છે. વિસામણે જોયું તો સંતો બેઠા છે એ ઢોલિયો તેમને જમીનથી એક હાથ ઉંચે દેખાયો ! આ દશ્ય જોઈને આપા વિસામણને જુવાનની વાત સાચી લાગી. તેમને થયું ગમે તેમ પણ સંતોમાં સત તો છે જ . સાથોસાથ એવો વિચાર પણ આવી ગયો કે "કામણ- દૂમણુ કે કાળો જાદુ પણ જાણતા હોય !" તેમણે પોતાના હાથમાં રહેલ ગડગડીયું નાળિયેર કાન પાસે લઈ જઈ ખખડાવ્યું. તેમના આશ્ચર્ય વચ્ચે તેમાં પાણીનો ખખડાટ સંભળાયો.

આ દશ્ય જોઈને આપા ગોરખ ઢોલિયેથી ઉભા થતા બોલ્યા." શ્રીફળ સાચું થઈ ગયું. હવે ચાલ્યા આવો વિસામણ તમારા માટે તો અમે અહીં આવ્યા છીએ."

આપા ગોરખના શબ્દો સાંભળી તેમણે ફરીથી શ્રીફળ ખખડાવ્યું. નાળિયેરમાં પાણી બોલતુ હતુ. આપા વિસામણનો અહંકાર ઓગળી ગયો. નાળિયેર પગમાં મૂકી બંને સંતોને પગે લાગ્યા. ડાયરો આ પ્રગટ સત્ય સ્તબ્ધતાથી જોઈ રહ્યો. આપા દાનાના કહેવાથી વિસામણે શ્રીફળ વધેર્યું. મીઠા અમૃત જેવા જળનું સૌએ ચરણામૃત લીધું અને નાળિયેરની શેષ કરીને ઠાકરથાળનો પ્રસાદ લીધો. પ્રસાદ ઉદરમાં જતાં જ વિસામણને હૃદયમાં પ્રેમ પ્રગટ્યો. તેમણે મહારાજોને મહેમાન બની પોતાના ઘરને પાવન કરવા નિમંત્રણ આપ્યું. વિસામણ બોલ્યા. "મહારાજ, કાલે મારુ ય માન રાખો અને મારે ત્યાં પધારો."

"હા ભાઈ, તમારુ ય માન રાખીએ પરંતુ તમારે અમારુ માન રાખવું પડે." ગોરખ બોલ્યા.

"શું મહારાજ !" વિસામણે પ્રશ્ન કર્યો.

"અમારે સાધુને બીજુ શું હોય ? પરંતુ જીવ કલ્પાવવા મુકીને અમારું મન રાજી થાય એમ ભક્તિ

ભાવે રહો, કોઈક દિવસ ઉગારો થઈ જાય.''

"ભલે મહારાજ, એ કઈ મોટી વાત છે'' વિસામણ બોલ્યા.

તેમના આ શબ્દો સાંભળી આખા ડાયરાને નવાઈ લાગી. ડાયરો વિચારી રહ્યો. આ તો કાંઈ પીરોની જ રમત છે. નહીંતર આપા વિસામણ તેમની વાત માની લે એ બનવા જોગ નથી. આમ સંતત્વ પ્રગટ થવાનું નિમિત ઉભુ થયું. આજ સુધી પોતાના જીવનના હેતુથી અજાણ આપા વિસામણનો આ સંતો સાથે યોગ થવો એ પરિવર્તનનું પહેલું પગથિયું હતું. ગમે તેવી ભક્તિ હોય પરંતુ તેનું ભાગ્ય જાગવાનું હોય ત્યારે સંત સમાગમના રૂપે તેના જીવનમાં કોઈ એવી ઘટના આપોઆપ બને છે જે તેના સમગ્ર જીવનને પલટી નાખે છે. માણસ જ્યાં સુધી અજ્ઞાનમાં રાચે છે ત્યાં સુધી આ જગત તેને લોભામણું લાગે છે. પરંતુ જ્યારે જ્ઞાન પ્રગટે છે ત્યારે ભક્તિનો ધર્મ અને મર્મ તેને મહામાનવ બનાવી શકે છે. આપા વિસામણમાં જાણે કોઈ એવો દિપક આજે પ્રગટી ગયો હતો કે જેણે તેમના અંતરને અજવાળવાનું શરુ કરી દીધુ હતું. સંતત્વ દરેકમાં જોઈએ. દયા, ધર્મ, કરુણા અને ઉપકારભાવ સાથે જીવન જીવી જતા આવા સંતો જ જગતનું છાપરું બની સૌને રક્ષવાનો પુરુષાર્થ આજીવન કરતા રહે છે. આ જ છે સાચું સંતત્વ.

રામનવમીના દિવસે યોગાનુયોગ આપા વિસામણના ઘેર સંતોની પધરામણી થવાનું નક્કી થયું. આવા ઉત્તમ દિવસે આપા વિસામણના ઓતરાદા બારના બે ઓરડા અને વીસ ફુટ જેટલી લાંબી ઓસરીમાં સંતોના સ્વાગત અને બેઠકની તૈયારી થઈ ચૂકી હતી. બે ઓરડાના દ્વાર વચ્ચે ગાદલા - તકિયા સાથેની સંતોની બેઠક રચવામાં આવી હતી. સંતોના સમાગમ પછી આપા વિસામણમાં જાણે કે ધરમૂળથી પરિવર્તન આવી ગયું છે. સંતોની પ્રસન્નતા માટે પોતાનાથી થઈ શકે તેવી તમામ જોગવાઈ ઉત્સાહપૂર્વક કરાવી રહ્યા છે. જ્યારે સમય પાકે છે ત્યારે બધું જ શુભ - શુભ બનવા લાગે છે.

સંતો પધારીને પોતાના આસને બિરાજે છે. સૌ ડાયરો પોતાના મોભા મુજબના સ્થાને સંતોની ફરતે બેઠક લઈ લે છે. સૌના ચહેરા ઉપર પ્રસન્નતા અને પરમ આનંદની અનુભૂતિ તરવરી રહી છે.

આપા ગોરખે સાન કરી આપા વિસામણને પોતાની પાસે બોલાવતા કહ્યું : "પૂજન સામગ્રીની જે સગવડ કરી હોય તે લાવો. ઠાકરની વંદના કરી સત્સંગના શ્રીગણેશ કરીએ.''

ઓરડામાં તૈયાર કરી મૂકેલ સામગ્રીનો થાળ મંગાવી આપા ગોરખ પાસે મુકવામાં આવ્યો. આપા ગોરખની વાણી વહેવા લાગી.

"આજના દિવસે મારો ઠાકર પાળિયાદ ઉપર ખૂબ જ પ્રસન્ન છે. રામની કંઠીમાં ત્રણેય ભુવન સમાયેલા છે. રામરક્ષાની ધરપત સાથે ધર્મનું આચરણ કરતા રહીએ તો રામ જરુર આપણી પત રાખે છે.''

આટલું કહીને તેમણે આપા વિસામણને ગળામાં કંઠી બાંધી મસ્તક પર આશીર્વાદનો હાથ મૂક્યો. વિસામણે રૂપિયો અને શ્રીફળ ગુરુના ચરણમાં મૂકી વંદન કર્યા. દાનાબાપુ અને સૌ ડાયરાને ચોમેર ફરીને વંદન કર્યા. આપા ગોરખ તેમની સામે નજર માંડતા બોલ્યા." આપા વિસામણ આજથી હવે કોઈ જીવને

દુઃખ થાય એવું કંઈ પણ ન કરશો. રામનામની કંઠી તમને એ માટેનું બળ આપશે.''

"ના, મહારાજ હવેથી કોઈ જીવને દુઃખ થાય એવું મારાથી નહીં બને.'' વિસામણના હૃદયમાંથી અવાજ નિકળ્યો.

"તો બાપ, અહીં નીમ લઈ લ્યો એટલે મને સંતોષ થાય'' આપા ગોરખ બોલ્યા.

ગુરુની વાણી સાંભળી આપા વિસામણમાં જાણે કોઈ અલૌકિક તે જ પ્રગટયુ હોય તેમ તેઓ પરમશાંતિનો અનુભવ કરી રહ્યા. પોતાના અસલ સ્વરુપનું ભાન થયું હોય તેમ તેમના અંતરમાં તે જ કિરણ પ્રગટી રહ્યું.

અચાનક તેમને પોતાની એક ટેક યાદ આવી ગઈ. છૈડાના માલા કાઠીની ઘોડી લેવાની પોતે ટેક લીધેલી એટલે એ ગાંઠ મનમાં રાખી ઉપરથી બોલ્યા : " મહારાજ, હવે કોઈના જીવ નહીં કલપાવું !'' તેમના આ શબ્દોથી આખાય ડાયરામાં આનંદનું મોજુ ફરી વળ્યું.

વિસામણ બોલ્યા : "હા શું થયું ? સૌ કેમ મોજમાં આવી ગયા ?''

નાગ ખાચરે જવાબ આપતા કહ્યું " એ તો તમે જાણે અને આ તમારા ગુરુ જાણે.''

ગુલાબશાહ ફકીર વાતને આગળ વધારતા બોલ્યા :

"મૈં તો કભી સે કહતા આયા હું કિ યે રામદેવજી કા અવતાર હૈ. લોગ મેરી બાત માનતે હી નહીં મૈં ક્યા કરુ ?'' (રામદેવજીના વખતમાં ફકીર કતીબશાહ તે જ પાળિયાદમાં ફકીર ગુલાબશાહનો અવતાર મનાય છે. રામદેવજીએ રણુજામાં જ્યારે સમાધિ લીધી તે જ દિવસે કતીબશાહે પણ સમાધિ લીધી હતી.)

ગુલાબશાહની વાત સાંભળી ફરી ડાયરો મોજમાં આવી ગયો. ડાયરામાં હજુ ઘણાના મનમાં સંશય હતો કે અત્યારે બની રહેલ પ્રસંગ ખરેખર હકીકતમાં સાચોસાચ બનશે ખરો. મંદિરમાં આરતીના વાજીંત્રો વાગવા શરુ થયા. ડાયરો સૌ રામજન્મના દર્શન માટે ઉભો થવા ખળભળવા લાગ્યો ત્યાં આપા ગોરખ બોલ્યા : "ધીરજ રાખો બાપ દર્શન સહુને થશે. ભગવાનનો જનમ તો થઈ ગયો. બધા અહીંયા જ પ્રસાદ લઈ લ્યો એટલે આપણી રામનવમી અહીં જ થઈ જાય.''

આપા ગોરખના શબ્દો સાંભળી ડાયરો બેસી રહ્યો. આપા વિસામણ મનમાં વિચારવા લાગ્યા કે ચોખા તો સવાશેર જ ઓર્યા છે અને ગુરુએ તો નાત નોતરી હવે થાય તે ખરુ !''

આપા ગોરખ બોલ્યા : " બાપ વિસામણ એમાં કઈ ચિંતા છે. ઠાકર સમરથ છે. પંગત પાડી દો આજના રૂડા દિવસે સૌને પ્રસાદ મળી જાય.''

પથરણા ગોઠવાઈને પંગત પડી ગઈ. ઘી- ચોખા અને ગોળનો સૌને પ્રસાદ પીરસાયો. સૌ આનંદથી પ્રસાદ લેવા લાગ્યા. છેવટ આપા વિસામણે પોતાના ગુરુ ગોરખને કોળિયો આપ્યો અને ગુરુના હાથે પોતે કોળિયો લીધો.

આપા વિસામણને ત્યાં રંધાયેલા સવાશેર ચોખામાં આખોય ડાયરો જમી રહ્યો. બધા જમ્યા પછી પણ ચોખા વધ્યા એટલે આઈ ધનબાઈએ ભગત ભેખધારી સૌને બોલાવી બોલાવી પંગત ચાલુ જ રાખી. સાંજ સુધીમાં આવનાર સૌ જમ્યા તેમ છતાં ચોખા તો એટલા ને એટલા જ વધ્યા !

પંચાળના પીરોની આ રમતથી સૌ આશ્ચર્ય પામ્યા. સંતોના બોધને હૃદયમાં ધારણ કરી સૌ પ્રસન્નતાથી પોત પોતાના ઘેર જવા લાગ્યા. સૌના મોઢે એક જ વાત હતી કે "આપા ગોરખ અને આપા દાના જેવા સંતોના સમાગમથી આપા વિસામણમાં ઘણું બધુ પરિવર્તન આવી ગયું. એમણે કોઈ પણ જીવને દુઃખ ન આપવાનું નીમ લઈ લીધું. આજનો દિવસ તો સૂરજ મહારાજેય પ્રસન્ન હશે."

પાળિયાદ કાઠી દરબારોનું રાજ્ય. ક્ષત્રિય સમાજની ઉગ્ર પ્રકૃતિ આ પ્રજાનું લક્ષણ. આ સમયે વાહન વ્યવહારમાં ઘોડા જ હતા. દરબારોના ઘેર ઘોડા - ઘોડીઓ આંગણામાં બાંધેલા બધાને ત્યાં જોવા મળે. નાના છેડાના માલા કાઠીની ઘોડી લેવાની ટેક મુજબ આપા વિસામણ છેલ્લી ટેક પુરી કરવા ત્યાં રાત્રે પહોંચી ગયા. ફળિયામાંથી ઘોડી છોડીને ડેલીએ પહોંચ્યા ત્યાં જ ઘોડીએ તેના પ્રાણ ત્યાગી દીધા. વિસામણ અચંબામાં પડી ગયા. આવું કેમ બને ? તરત જ ગુરુના શબ્દો અને પોતાનું નીમ યાદ આવ્યું. તેમણે વિચાર્યું કે નીમ તોડવાનું તો આ ફળ નહીં હોય." આ વિચાર આવતાં જ તેમનો ધર્માચરણ માટેનો ભાવ દૃઢ થઈ ગયો. ગુરુએ ચિંધેલા માર્ગ સિવાય હવે કોઈ આડા રસ્તે પગ માંડવો નહીં એવો સંકલ્પ વધુ દૃઢ થઈ ગયો.

ભક્તિ ખાંડાની ધાર પર ચાલવા જેવું કામ છે. પણ જ્યારે પ્રભુકૃપા અને ગુરુઆશિષ સાંપડે છે ત્યારે જીવનનું દરેક પગલું દૃઢતાપૂર્વક ભક્તિ મારગે મંડાય છે. આજે આપણી શ્રધ્ધા પાળિયાદના પીરાણામાં આટલા વર્ષો પછી પણ દૃઢ છે. આપણા દુઃખ- દર્દ અને પીડા માટે આપણી નજર આ સ્થાન પર મંડાય છે એ જ વસ્તુ દર્શાવે છે કે આ સ્થાનનું મહત્વ શું છે ? જે સ્થાન પર તપ, સેવા, દાન, ભક્તિના આંદોલન પ્રસરેલા હોય તે સ્થાન જનસાધારણ માટે વિસામાનો ઓટલો બની જાય છે. પાળિયાદના પગથારે ગયેલ શ્રધ્ધાળુ ભક્તોના કામ આજે પણ આ સ્થાનના પુણ્યપ્રતાપે પુરા થાય છે. તુલસીદાસની ભક્તિએ તેમને રામદર્શન કરાવ્યા તેમ આપા વિસામણની ભક્તિએ અનેક દુખિયાઓના દુઃખ દૂર કરી તેમને રામભક્તિમાં વાળ્યા.

સંતની કૃપાથી પત્થર પણ દેવ થઈ જાય છે. ચિત્રકુટના ઘાટ ઉપર સંત તુલસીદાસને શ્રી રામ - લક્ષ્મણ - જાનકીજીના દર્શન કરાવવાની કૃપા કરી હનુમાનજીએ તુલસીદાસના આત્માને સંતોષનું સુખ આપ્યું. તુલસીદાસે રામ દર્શનની તીવ્ર ઈચ્છાથી હનુમાનજીની સાધના - ભક્તિ કરી અને હનુમાનજીએ પ્રસન્ન થઈ તેમને કહ્યું : "રામનવમીના દિવસે તમે ચિત્રકુટ આવજો. હું તમને ત્યાં રામદર્શન કરાવીશ." તુલસીદાસે ચિત્રકુટ પર જઈ રામકથાનો પ્રારંભ કર્યો. કથા પૂર્ણ થાય ત્યાં સુધી એક ચિંથરેહાલ વયોવૃધ્ધ એકાગ્રતાથી કથા શ્રવણ કરતા અને કથા પૂર્ણ થયે સૌથી છેલ્લે ઉભા થતા. તુલસીદાસે આ વાતની નોંધ લીધી. રામનવમીના દિવસે કથાની પૂર્ણાહૂતિ સમયે તુલસીદાસે આ વૃધ્ધના ચરણ પકડી લીધા. કહ્યું : 'મહાત્મન, આપ કોણ છો ? ભાવથી કથા સાંભળતા જોઈને મને લાગે છે કે જરૂર આપ કોઈ દૈવી આત્મા છો." તેમની

વાત સાંભળી વૃધ્ધ સ્વરુપે રહેલા હનુમાનજી સ્વયં સ્વરુપમાં પ્રગટી આશીર્વાદ આપતા બોલ્યા : "તુલસીદાસ, ધન્ય છે તારી શ્રધ્ધાને કે તેં મને ઓળખી લીધો. હવે સાંભળ હમણાં જ ચિત્રકુટના ઘાટ ઉપર તમે જાઓ. ચંદન ઘસીને ત્યાં આવતા સૌને તિલક કરો. પ્રભુ શ્રી રામ તિલક કરાવવા આવશે ત્યારે હું સંકેત આપીશ. તમે તેમના પગ પકડી લેશો. આજે મેં તમને આપેલ રામદર્શન કરાવવાનું વચન પૂર્ણ થશે."

હનુમાનજીની વાત સાંભળી તુલસીદાસના મન અને હૃદયમાં અનહદ આનંદ છવાઈ ગયો. હનુમાનજીને વંદન કરી તેમણે ચિત્રકુટના ઘાટ તરફ દોટ મૂકી.

ઘાટ પર બેસી ચંદન ઘસવા લાગ્યા. તિલક કરાવવા માટે ભક્તોની કતાર લાગી ગઈ. કતારમાં બે સુંદર બાળકો પણ હતા. હનુમાનજી વૃધ્ધના સ્વરુપે થોડે દૂર ગોઠવાઈને ઉભા રહ્યા. તુલસીદાસ સૌને તિલક કરતા જતા અને હનુમાનજી તરફ દૃષ્ટિ કરતા રહેતા. ધીમે ધીમે પેલા બંને સુંદર બાળકોનો વારો આવ્યા. બંને તુલસીદાસ સામે આવી ઉભા રહ્યા. તે જ સમયે હનુમાજીએ ઈશારો કરતાં તુલસીદાસે તિલક કરી બંને બાળકોના પગ પકડી લીધા. હનુમાનજી પણ આ સમયે નજીક આવી બંને બાળકોને વંદી રહ્યા. આમ સંતત્વના જોરે તુલસીદાસ રામદર્શન કરવા ભાગ્યશાળી થયા. આપા ગોરખના પ્રભાવે કરી વિસામણનું હૃદય ભીંજાઈ ગયું અને કોઈ મોટુ પરિવર્તન તેમનામાં આવી રહ્યું હોય તેવી તેમની સ્થિતિ નિર્માણ થઈ.

છૈડાથી ઘોડી મેળવવાનો મનસૂબો પુરો ન થતા આપા વિસામણ ગુરુઓના પલંગ વચ્ચે કરેલ પોતાની પથારીમાં આવી સૂઈ ગયા. તેમના કાને ગુરુઓની વાતચીત પડી. ગુરુ ગોરખ બોલ્યા : "વિસામણ ભલે સૂતો. હમણાં ખૂબ કામ કર્યું તેથી થાક્યો હશે" આપા દાનાએ જવાબ આપતા કહ્યું : "ના, ના, આ તો છૈડાની ઘોડી લેવા જવાનો થાક છે." બંનેની વાત સાંભળી વિસામણના મનમાં પસ્તાવો થયો. પથારીમાંથી ઉભા થઈને એકાએક ગુરુના ચરણ પકડી લીધા અને પોતાને માફ કરવા વિનવણી કરવા લાગ્યા. ગુરુ ગોરખ તેમના મસ્તક પર હાથ મૂકતા બોલ્યા : "હોય બાપ આ તો મનના કારણ છે હવે એક વધુ પ્રયત્ન કરી લે. લાખીયાણીના પાદરે ચોખાની ગુણો આવી રહી છે. એ લઈ આવ અને સાધુની પંગત કરી નાખ એટલે અમારુ કામ પુરુ."

ગુરુના વચનમાં શ્રધ્ધા રાખીને વિસામણ લાખીયાણીના પાદરમાં આવ્યા. આવીને જોયું તો વેપારી સામે આવ્યા જાણે કે ઠાકર પોતે જ ચોખા લઈને આવ્યા હોય તેમ વેપારી બોલ્યો : "આપા, આ ચોખા પ્રસાદીના છે અને તમને જ અર્પણ કરવા પાળિયાદ આવતો હતો. છાલકામાં ચોખા, ગોળ, અને ઘી છે. તમે સંભાળી લ્યો એટલે મારુ કામ પુરુ થઈ જાય." વેપારીના શબ્દ સાંભળી વિસામણ અચરજ પામ્યા અને પોતાના સમર્થ ગુરુને મનોમન વંદી રહ્યા. પાળિયાદ આવી ચોખા, ગોળ અને ઘીનું સદાવ્રત ગુરુ આજ્ઞા મુજબ ચાલુ કર્યુ. ત્યારથી અત્યાર સુધી આ સદાવ્રત એજ રીતે સતત ચાલી રહ્યું છે. આ પ્રસંગે આપા વિસામણમાં રહી ગયેલ થોડીઘણી દુનિયાદારીથી પણ તેઓ મુક્ત બની ગયા.

આ રીતે બંને મહારાજે એક અઠવાડિયું પાળિયાદને સંત્સગ કરાવી, ડાયરાને આનંદ આપી રજા

લીધી. સૌ ગામ ઝાંપા સુધી વળાવવા ગયા. ગામ ઝાંપે સૌ ઉભા રહ્યા ત્યારે આપા ગોરખે વિસામણ સામે જોયું તો વિસામણ દીન ભાવે હાથ જોડીને વંદન કરી રહ્યા હતા. આ દૃષ્ય જોઈને સંતનું હૃદય દ્રવી ગયું. પોતે ઘોડો હંકાર્યો પરંતુ પોતાની સન્મુખ રામ - લક્ષ્મણના દર્શન થતા તે પછી જ તેઓ પ્રવાસ આદરતા. આપા ગોરખ બોલ્યા :

"ભાઈ, મારો ઠાકર તો અહીં રોકાઈ ગયો હવે હું ક્યાં જાઉં ?" તેમણે ઘોડા પાછા વાળ્યા. બે દિવસ વધારે રોકાયા. ત્યાર પછી પોતાને સ્થાનક પધાર્યા.

આપા ગોરખે પાળિયાદને પાવન કરી એક મહાન જ્યોતિને પ્રજવલિત કરી. સંતોના યોગથી સાંપડેલ સંતત્વ આપા વિસામણ માટે આનંદઘન બની ગયું. તેમનામાં પડેલ બ્રહ્મવિદ્યાની જાગૃતિ થતાં સમસ્ત બ્રહ્માંડ તેમને પોતિકું લાગવા માંડ્યુ. જેમ જેમ આપા વિસામણના તેજ કિરણો પૃથ્વી પર પ્રસરતા ગયા તેમ તેમ અનેક પ્રભુપ્રેમીઓ તેમની સંગત પામવા આવતા ગયા. ધીમે ધીમે રાજા - મહારાજા, શેઠ - શાહુકાર પણ તેમના તેજના પ્રભાવે દર્શનાર્થે આવવા લાગ્યા. ધીમે ધીમે પાળિયાદ એક દિવ્ય તીર્થસ્થાન બનવા લાગ્યું.

આપા વિસામણે પોતાનો પહેલાનો પોષાક અને રીતભાતનો ત્યાગ કરી દીધો. ભક્ત શિરોમણી તેમના પિતા પાતામનની પુજામાં લીન રહી ચોવીસે કલાક અખંડમાળામાં મન પરોવી દીધું. બેઠક પાસે નાનો ધૂણો બનાવ્યો. ધૂણાના તેજ પ્રકાશમાં પોતે અલખનું આરાધન કરવા લાગ્યા. આ પરિવર્તન જેમણે જોયું તેમની શ્રધ્ધા વધતી ગઈ. શ્રધ્ધા જ માણસમાંથી સંત પ્રગટાવે છે. ગામ હોય ત્યાં ઉકરડો હોય તેમ કેટલાક લોકો તેમની ભક્તિને તૂત માનતા હતા.

ધ્યાન- પૂજા પુરી કરીને એક દિવસ આપા વિસામણ બેઠા હતા. ફરતાં પાંચ - પંદર ભક્તો સાથે સત્સંગ ચાલતો હતો. તેવામાં બે જણ આવી બેસતા બોલ્યા. "આપા, તમે ભક્તિ તો આદરી પરંતુ માનવું કઈ રીતે ?"

વિસામણે વિચાર્યું કે છે તો પાખંડી ! પરંતુ પાખંડને ઠાકર પાઠ નહીં ભણાવે તો પાખંડ વધતું જશે. એમ વિચારીને કંઈ બોલ્યા વિના ઉભા થયા. ઢોરના છાંયા માટે બનાવેલ થાંભલીને પાણી રેડ્યુ અને કહ્યું કે "ભાઈ, આ પીપળાની ડાળ સૂકાયેલ છે તેમ છતાં પણ તેમાં કૂંપળો ફૂટે તો માનજો કે મારી ભક્તિ સાચી છે. બીજુ તો શું કહું ?

સૌના આશ્ચર્ય વચ્ચે થોડા સમયમાં થાંભલીના ઠૂંઠાને નવી કૂંપળો ફૂટી. બોલનારના મોઢે તાળા લાગી ગયા અને સૌનો વિશ્વાસ આપાની ભક્તિમાં વધુ દૃઢ થયો.

આજે પણ આ પીપળો જગ્યામાં જોઈ શકાય છે અને અનેક નિર્દોષ પક્ષીઓનો વિસામો બની રહ્યો છે. સંતત્વ છાનું - છપનું રહી શકતું નથી. સંતો જાણે કે લોહચુંબક હોય તેમ દીન - દુ:ખિયા શ્રધ્ધાને આસ્થા સાથે તેમની કૃપા મેળવતા રહે છે. જીવનના પ્રશ્નોમાં સુખ મળે તેવું ઈચ્છતા હોઈએ તો સંતનું શરણ તેનો ઉપાય છે. સંત અવશ્ય શરણાગતને તારે છે.

# ભક્તિનું ભાથું

ભક્તિ મનુષ્યને મળેલું અદ્‌ભૂત વરદાન છે. એક સમયે પ્રવાસમાં કે યાત્રામાં જનાર લોકો તૈયાર રાંધેલુ ભાથું અથવા સીધુ - સામાન ઉદર પોષણ માટે સાથે લઈ જતાં જેને લોકો ભાથું કહેતા. અન્ન વિના શરીર ટકતું નથી. એવી જ રીતે ભક્તિ વિના મન ભટકતું બંધ થતું નથી.

આપણા તીરના ભાથામાં ભક્તિનું બાણ એક અમોઘ શસ્ત્રનું સ્થાન ધરાવે છે. માત્ર મનુષ્ય જન્મ જ મુક્તિનું સાધન મેળવી આપે છે. અન્ય જન્મોમાં આ તક મળવી દૂર્લભ છે. આથી ભક્ત પરંપરામાં ભક્તિ મારગે મુક્તિ મેળવનાર સંતો અનુકરણીય છે. વિસામણ બાપુની બાળલીલાની વિશેષ વિગતો ઉપલબ્ધ નથી. પરંતુ પાતામનના આ પનોતા પુત્રના જીવનનું સત્ય તેમને ભક્તિ માર્ગે દોરવાનું હતુ એટલે જ તેમને સંતોનો સમાગમ મળ્યો.

ધર્મની આરાધનાના યોગ, ધ્યાન, તપ, દેહદમન જેવા અનેક માર્ગો છે. પરંતુ આપણે જાણીએ છીએ કે આ માર્ગો પર ચાલતા વ્યક્તિગત લાભ અને સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે જ્યારે ભક્તિમાર્ગ સૌને સાથે લઈને ચાલવાનો માર્ગ છે. આથી સમાજ માટે તે વધુ હિતકારી છે.

પારસના સ્પર્શથી જેમ લોઢું સુવર્ણ બને તેમ આપા વિસામણના વ્યક્તિત્વમાં રહેલી દુન્યવી તૃષ્ણાઓને હવે પોતાના માર્ગે જવાનું હતું. અંતર જાગૃતિની સાથે સાથે આપા વિસામણમાં ભક્તિના લક્ષણો વધુને વધુ પ્રગટતા ગયા. જગતના રંગમંચ પર નાટક રમી રહેલા અનેક પ્રકારના લોકો વિસામણના આ પરિવર્તનથી આશ્ચર્ય પામવા સાથે તેમના તરફ વળતા ગયા. સૌને તેમનો સહવાસ વધુને વધુ ગમવા લાગ્યો. વિસામણ એક નાનકડા ધૂણા પાસે બેસી હાથમાં માળા લઈ નારાયણનું નામ રટતા રહ્યા. આસપાસ આવીને બેસી જતા ધર્મપ્રેમી ઉત્સુકોને ધર્મનો માર્ગ પ્રબોધવા લાગ્યા. ભક્તિ પરમાર્થનો માર્ગ છે જેમાં પોતાનું કલ્યાણ સહજ રીતે થતું જાય છે.

ભક્તિમાર્ગમાં પ્રભુ અનેક કસોટીઓ કરે છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા કે કોઈપણ આદરણીય સંતોના જીવન તપાસીએ તો દરેકના જીવનમાં દુઃખ, સંઘર્ષ અને કસોટીઓ ડગલે ને પગલે જોવા મળે છે. આમ છતાં આ ભક્તોએ પ્રભુમાં વિશ્વાસ દ્રઢ રાખીને આ કાંટાળામાર્ગને રાજમાર્ગની જેમ પસાર કર્યા. વંદન, પાદપૂજા, શ્રવણ- કીર્તન, ક્ષમા અને ઈન્દ્રિયનિગ્રહ, યમ, નિયમ - પ્રાણાયમ અને સમાધિ, દાન - દયા - તપ - યજ્ઞ - દેવત્વ અને ઉપકારભાવ, કલ્યાણકાર્યો અને શ્રીપ્રભુની શરણાગતિ જેવા ભક્તિના નવ પ્રકાર શાસ્ત્રોએ કહ્યા છે ; જે નવધાભક્તિ તરીકે ઓળખાય છે. આ નવધાભક્તિમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ સર્વોત્તમ છે. કારણે તેનાથી જ સંતો - ભક્તો સહેલાઈથી મુક્તિ પામ્યા છે. આથી જ ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે

કે, "જે મને પ્રેમથી અને કોઈપણ આસક્તિ વિના ભજે છે તે મને સૌથી વધુ વહાલો છે."

આપા વિસામણ રામદેવજીના અને રામદેવજી શ્રીકૃષ્ણના અવતાર મનાય છે. પાળિયાદમાં સાધુ - સંતો - ભક્તો સૌ વિસામણના તપ અને સત્કાર્યોથી આકર્ષાઈને આવવા લાગ્યા. ભજન, સત્સંગ વાર્તાથી આનંદની પ્રાપ્તિ થતા ભક્તિનો અધિક ને અધિક રંગ જામવા લાગ્યો. કોઈ નવાઈ સમજીને કૌતુકથી તો કોઈ પ્રેમથી આવતું . સૌને એકસરખો જ આદર મળવાથી સૌ પ્રસન્ન થતા અને અન્ય સુધી આ સ્થાનનું મહત્વ પહોંચાડતા.

ગ્રીષ્મ ઋતુના સમયમાં વહેલી પરોઢના ખુશનુમા પવનથી વાતાવરણ સુંદર હતું. ગોમા કિનારાના ઘટાદાર વૃક્ષોમાં પક્ષીઓનું કુંજન ગુંજી રહ્યું હતું. કર્મપ્રધાન દિવસના પ્રારંભે સૌ કોઈ પોતપોતાના કામની તૈયારી કરી રહ્યા હતા. ધીમે ધીમે વાત સૌ સુધી પહોંચી હતી કે આપા વિસામણે થાંભલીના ઠુઠાને પાણી રેડ્યું અને આ થાંભલી પીપળાના વૃક્ષની હોવાથી પીપળાના પાનની કૂંપળો ફુટી ! પાળિયાદમાં ડાયરો જામ્યો છે. સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણેની વાતથી ડાયરાને રાજી કરવામાં પડ્યા છે. આવા સમયે ડાયરામાં બેઠેલ એક ગઢવીએ એવી વાત કરી કે ડાયરો આશ્ચર્યમાં પડી ગયો. ગઢવી મરમમાં બોલ્યા કે "આજ તો આપા વિસામણે ઉગાડેલા પીપળાની ડાળ ઉપર ઓળ કોળામણી રમવી છે માટે સૌ ડાયરો તૈયારી કરો." ગઢવીની વાતથી સૌને કુતુહલ થયું આથી આપા વિસામણનું સત્ તપાસવા સૌ ખરલ - પોતા સંકેલી તૈયાર થયા.

આપા વિસામણ સ્નાન - ધ્યાન પૂર્ણ કરીને ઓસરીના પગથારે બેઠા છે. બાવાજી લાલદાસજી કસુંબો તૈયાર કરી રહ્યા છે. કસુંબો તૈયાર થયે આપા વિસામણે કસુંબો લીધો. થોડીવાર પછી બોલ્યા."ભાઈ લાલદાસ કોઈ દોરડું હોય તો તે મને આપો."

લાલદાસે નવાઈ પામતા કહ્યું : "દોરડાને શું કરશો ?" લાલદાસજીનો પ્રશ્ન સાંભળી વિસામણ બોલ્યા." આ પીપળો તો જો એની ડાળે હીંચકો બાંધી દઉં. ગઢવો ય ભલે હીંચકા ખાઈ લે."

લાલદાસજીની થાંભલીમાંથી ફુટેલા પીપળા ઉપર નજર પડી તો સૂકા ઠુઠાને કુંપળો સાથે સવા - સવા હાથની બે ડાળ ફુટેલી જોઈ. આ દશ્ય જોતાં બાવાજીને અપાર આનંદ થયો. તેઓ વિસામણના ચરણોમાં માથું મુકીને અશ્રુધારા વહાવી રહ્યા અને બોલ્યાં :

"હે આપા વિસામણ ! હે ઠાકર ધણી ! આજ સુધી અંધકાર અને અજ્ઞાનથી મેં જે કંઈ વિચાર્યુ હોય તે બધુ માફ કરજો. મને આપની આવી સમર્થતાની ખબર નહોતી. હું તો તમને મન જાતના શૂરવીર કાઠી જ માનતો હતો. પરંતુ આજે મને સત્ય સમજાઈ ગયું હવે મને આપનાથી ઘડીભર પણ અળગો ન કરશો."

આપા વિસામણે લાલદાસને બેઠા કરતા કહ્યુ : "ભલે લાલદાસ, હવે તૈયાર થઈ જાઓ. ડાયરો હવે સતના પારખા કરવા અહીં આવે છે. ધન્ય ઘડી આપણું આંગણું પાવન થાશે. ડાયરા માટે ઘોળો કસુંબો તૈયાર કરો.

લાલદાસ કામે લાગ્યા.થોડીવારમાં ડાયરો આવી પહોંચ્યો. સહુ બેસવાની તૈયારી કરતા હતા ત્યાં

લાલદાસજીએ પોતાના હાથમાનું દોરડું નથા ગઢવીને આપતા કહ્યું :

"ભાઈ, આ દોરડાનો હીંચકો બાંધી સૌ વારાફરતી હિંચકતા આવો પછી કસુંબા કરીએ."

સહુની નજર ફળિયામાં ઉભેલા પીપળા ઉપર નોંધાણી. સવા સવા હાથની ડાળીઓ ઉપર લીલી - પીળી કૂંપળો ભર ઉનાળે ચળકતી જોઈ. ગઢવીનું અભિમાન ઓગળી ગયું. જે ડાયરો સતની કસોટી કરવા નીકળ્યો હતો તે આપા વિસામણના દર્શન કરી પગે પડવા લાગ્યો. છેલ્લે ગઢવી આવીને આપા વિસામણના ચરણોમાં ઢળી પડ્યા અને પોતે કરેલા અવિશ્વાસની વારંવાર માફી માગવા લાગ્યા.

આપા વિસામણ ગઢવીને ઉભા કરતા બોલ્યા : "અહો હો ગઢવી ઉભો થા. જે કર્યું એ ભલું જ કર્યું છે એનો રંજ કર મા. આ તો સૂરજદાદા સમરથ છે."

આટલું કહી આપા વિસામણે ગઢવીને પોતાની પાસે બેસાડયા. કસુંબા ઘૂંટાઈને લેવા - દેવામાં આવ્યા. ડાયરાના મનની ભ્રાંતિ તૂટી ગઈ. આપા વિસામણ માટે ઘસાતી વાતો કરનારની આંખો પણ ઉઘડી ગઈ. પોતાના સગા, મિત્ર કે અન્ય માનવાને બદલે સૌ ડાયરો વિસામણને કોઈ અલૌકિક ભાવથી નીરખવા લાગ્યા. તેમને સૌ અવતારી પુરુષ માની વંદન કરી રહ્યા. આજના કુસંબાનો રંગ જુદો હતો. સૌએ મન મૂકીને ખોબે ને ધોબે માણ્યો. કસુંબા ઉપર કઢીયેલ દૂધના કટોરા આવ્યા. ડાયરો મોજના હિલ્લોળે ચડ્યો. આનંદ - કિલ્લોલ અને મજાક - મશ્કરીની વાતોથી સમગ્ર વાતાવરણ આનંદમય બની ગયું. કોઈને જાણે કે ડાયરામાંથી ઉઠવાનું મન જ થતું નહોતું. ખૂબ આનંદ - મંગળ કરી આપા વિસામણને પગે લાગીને સૌ ઉઠ્યા. ગઢવીની આંખોમાંથી બે અશ્રુબિંદુઓ સરી પડ્યા. પછી તો આપાની જગ્યામાં ડાયરાનો ક્રમ રાસ થઈ ગયો.

નરસિંહ મહેતાએ ગાયું છે કે,

ભૂતળ ભક્તિ પદારથ મોટો ...
બ્રહ્મલોકમાં નાંહી રે ...

આમ - આપા વિસામણમાં પ્રગટેલ ભક્તિના ધૂણો તેના તેજથી સમાઈને પ્રકાશિત કરવા લાગ્યો. ભક્તના જીવનમાંથી પ્રેરણા લઈને અનેક લોકો પોતાના જીવનને સુધારે છે. ભક્તિનું ભાથું જેની પાસે હોય છે તેને પછી આ જીવનની કોઈ ચિંતા કે મુશ્કેલી રહેતી નથી.

ભગવાન ભક્તના પણ ભક્ત છે. તમે એક પગલું આ માર્ગે મૂકશો એટલે પ્રભુ બે પગલાં સામે આવે છે. ભક્ત અને ભગવાન એકરુપ બની જાય છે. એટલા માટે જ ભગવાન ભક્તના કામ કરે છે. આપણે જે વસ્તુ ભગવાન પાસે ન કરાવી શકીએ તે ભક્તિ ક્ષણમાત્રમાં કરાવી લે છે.

શુધ્ધ હૃદયમાં પ્રગટેલ ભક્તિ આપણને જરુર પ્રભુનો સાક્ષાત્કાર કરાવવા સમર્થ છે. આથી જ્ઞાન, ચર્ચા કે બીજા કોઈ તર્ક કર્યા સિવાય આપણી જાતને ભક્તિભાવે ઈશ્વરને સમર્પિત કરી શરણાગત બની શકાય તે જરુરી છે. આપણે સૌ જાણીએ છીએ પ્રભુ શરણાગતને ક્યારેય નિરાશ કરતા નથી. મગરના મુખમાંથી હાથીને છોડાવવા ગરુડ પર ચડીને દોડી આવે છે. એક કમળના ફૂલને સૂંઢમાં લઈને કરેલી હાથીની પ્રાર્થના

**પણ તે સાંભળે છે.**

**આપણો ભાવ, આપણી ભક્તિ, નિષ્કપટ ભાવે પ્રભુના ચરણે ધરીને જીવનને ઉત્તમ બનાવીએ તે જ સાચો ધર્મ છે. ભક્તિથી પ્રભુ સરળતાથી સહાયે આવે છે.**

● ● ●

# શ્રી હનુમાનજી પ્રતિષ્ઠા

ભક્તિરસ રુપી સત્સંગમાં રમમાણ રહેતા આપા વિસામણના મનમાં દેવમૂર્તિના સ્થાપન - પ્રતિષ્ઠાના વિચારો વારંવાર આવતા હતા. શ્રી સૂર્યનારાયણ અને શ્રી બજરંગબલીના સ્વરુપો તેમના ચક્ષુ સામેથી ખસતા નહોતા.

પોતાને નિવાસસ્થાન માટેના બે ઓરડા હતા. આગળ બે ઓરડાની લંબાઈ જેટલી ઉંચા પડથારવાળી ઓસરી હતી. આગળ થોડા ફળિયાના ભાગ પછી બે લાકડા ખોડીને ઝાંપો બનાવેલ હતો. ભજન - સત્સંગ માટે થોડે દૂર (હાલ જ્યાં સભામંડપની બેઠક છે) એક મોટો ઓટો બનાવી ઉપર છાજલીથી છાંયો કરેલ હતો. ઓટાની વચ્ચે ધૂણાની સ્થાપના કરી હતી. કોઈ સાધુ- સંત, પ્રવાસી કે અભ્યાગત આવે તો તે ઓટા ઉપર ઉતારો કરતા. ધૂણા પાસે અહર્નિશ સત્સંગ ચાલુ રહેતો. દિવસે સત્સંગ અને ડાયરો સતત ચાલતો રહેતો.

આપા વિસામણે પોતાના વિચારને અમલમાં મૂકવા નિશ્ચય કર્યો. રહેણાંકના ઉગમણા ઓરડામાં સૂરજદેવ તથા વાસંગી પધરાવવાનું નક્કી કર્યું. ઓટાની બાજુમાં હનુમાનજી પધરાવવાનો નિર્ણય કર્યો. શુભમૂહૂર્ત જોઈ સંવત ૧૮૬૪ ના માગશર સુદી સાતમના દિવસે આ દેવ સ્વરુપોની પ્રાણપ્રતિષ્ઠા કરી. અરસપરસના ગામોના ભગત, ભેખધારીઓ અને બ્રાહ્મણો પધાર્યા.

ઉત્સવના પ્રારંભ સાથે વેદમંત્રો વાતાવરણમાં પવિત્રતા પ્રગટાવવા લાગ્યા. પહેલા શ્રી સૂર્યનારાયણની પ્રાણ પ્રતિષ્ઠા કરી. વાસુકિની સ્થાપના કરી અને ઓટા પાસે શ્રી હનુમાનજીની પ્રતિમામાં પ્રાણસંચાર કર્યો. બજરંગના આગમન સાથે ધરતી ધણધણી અને બધો જ સમુદાય ભયભીત બની ઉભો થઈ ગયો. ઓટા ઉપર બેઠેલા આપા વિસામણ સૌને શાંતિથી બેસી જવાનું કહેતા બોલ્યા :

"ભાઈ, આ તો મહારુદ્રનો અંશાવતાર છે. બજરંગીનું આવાહન કરવું એ નાના છોકરાનો ખેલ નથી. તમે તમારું કામ ચાલુ રાખો. આ તો હનુમાનજીને લંકા છોડવી ગમતી નથી. પ્રભુ શ્રી રામે તેમને લંકાના રક્ષણનું કામ સોંપ્યુ છે. આપણે તો એટલું જ જોવાનું છે કે હનુમાનજી અહીં આવી જાય એટલે ભયો ભયો. એ અહીં આવીને બેસે એટલે અહીં બેઠા બધું જ શુભ શુભ કરશે."

ઉપસ્થિત સમુદાય વિસામણના શબ્દો સાંભળી નવાઈ પામ્યો. જેઓ તેમની શક્તિને જાણતા હતા તેઓએ તે દિવસથી ત્યાં જ હનુમાનજીનું બેસણું માન્યુ અને જેમને મજાક - મશ્કરીની ટેવ હતી એમણે ડાયરામાં કસુંબો ઘૂંટતા મર્મવાણી ઉચ્ચારી કે "અહીં આવ્યા વિના શું હનુમાન ભૂંડા લાગતા હતા. કેમ નથી આવતા.?"

વિસામણ વળતા બોલ્યા. " ના, ના એમ નથી ભાઈ આ મારો બાપ કસુંબાનો બંધાણી છે એટલે તો અહીં જ બેસી ગયો છે."

આપા વિસામણની વાત સાંભળી ડાયરો નવાઈમાં પડી ગયો. તરત દાનને મહાપુન્યમાં માનનારા એક જણે બજરંગબલીની પ્રતિમા પાસે કસુંબાની એક અંજલિ ધરી દીધી. આખો ડાયરો જૂએ તેમ કસુંબાની અંજલિ હનુમાનજીએ સ્વીકારી લીધી. આખો સમુદાય કસુંબાનું શોષણ થઈ ગયેલું જોઈ ચૂપ અને સ્તબ્ધ થઈ ગયો. સહુની શ્રધ્ધા સ્થિર થઈ અને બધા હનુમાનજીની પ્રતિમાને વંદી રહ્યા. બ્રાહ્મણો આ પ્રસંગ જોઈને ઉત્સાહમાં આવી ગયા. વેદમંત્રોના ગૂંજનથી મહારુદ્રની પ્રશંસા કરવા લાગ્યા. ચારણ, ભાટ, કવિઓ પ્રસંગોચિત બિરદાવલીઓ ગાવા માંડ્યા. ડાયરામાં કસુંબાની છાકમછોળ ઉડવા લાગી. સૌ ભક્તોને શ્રીફળ - સાકરનો પ્રસાદ વહેંચાયો. ઝાંપા આગળ એકઠો થયેલ જનસમુદાય આનંદ - કિલ્લોલ કરવા લાગ્યો. સમગ્ર વાતાવરણ ભક્તિરસથી તરબોળ થઈ ગયું. બરાબર આવા સમયે માનવ સમુદાયના જયઘોષને ચીરતી વાણી સૌને સંભળાઈ રહી. દૂરથી નજીક આવી રહેલ આ વાણી જાણે કે આપા વિસામણના ચરણની વંદના કરી રહી હતી.

"સુનો સન સોલા તણી વાત ભાખું, ધરી ધ્યાન ધામી, ધૂરંધર ધજાળા,
મરુ ઉપરે મહેર કીધી જ માવા, અજમલ હુંદા નામ હુઆ ઉજાળા,
પાવ કંકુતરણે દેગ ઉતારીયું. સેજથી સ્વારથ તો ઉઠાયો.
ભય અને ત્રાસથી પ્રથમી ધ્રૂજતી. બની કાળના કાળ ભૈરવ સંહાર્યો.
ઓલીયા અગણિત આવ્યા અતિથિ, હથ્થ પંચ જાજમ નરાદમ નાખી,
જૂજવા જૂજવા ભાવ નિજ પૂરીને, ખંડ પાખોળમાં પીરાઈ દાખી.
ફરીવાર હરભુ, હરજી તણી સાયબે, વણિક, સંત બહુવિધના કાર્ય સાર્યાં.
દેશ દેશાવરમાં ભટકતાં બાવરાં, શામળ તણા સાથ સદા વિસાર્યા,
પાતાણ નંદા સુણો મુજ છંદા, હજરત તણો કોલ મું તો સુણાયો.
પડછંદા પાછલી રાતના સૂણીને, પરખવા પીર પાતાણી આયો.

કાવ્ય બોલતાં બોલતાં શામળ બારહટ્ટ માનવ મહેરામણને વીંધતા ચાલ્યા આવે છે. જેમ જેમ છંદ બોલાતો જાય છે તેમ તેમ ડાયરામાં બેઠેલા આપા વિસામણના ચહેરાના રંગ ફરતા જાય છે. ઘડીવારમાં ચહેરો ત્રાંબાવર્ણો થઈ જાય છે તો ઘડીવારમાં શાંત અને સ્વસ્થ થઈ જાય છે. ઓટા નજીક આવતા બારહટ્ટ છંદનું છેલ્લું ચરણ બોલ્યા અને આપા વિસામણ એકદમ ઉભા થઈ ગયા.

બારહટ્ટ શામળને બાથમાં ભીડી ભેટી પડ્યા. બારહટ્ટની પીઠ થાબડી પ્રોત્સાહન આપતા બોલ્યા :

"ભાઈ શામળ, તું તો મને રોજ સાંભરતો હતો. લે હવે આજ ઠાકરે મેળવી દીધા. હવે કસુંબા લઈને આનંદ કરીએ." શામળ બારહટ્ટને કસુંબો આપવા કહ્યું. ડાયરામાં બેઠેલા રાણીંગ ખાચર, જીવા ખાચર,

રામ ખાચર, ઓઢા ઓઘડ, મોકા ભોજ વિગેરે તેમજ જસદણથી પધારેલા આપા જોતા. સાધુ રામદાસ તથા બાવા લાલદાસ આ અદ્‌ભુત આગમનના પ્રસંગને જોઈ વિચારી રહ્યા કે,

" આ બારહટ્ટ પહેલા પણ આવ્યા હતા અને લીલી સોપારી તેમના ખોળામાં પડી કે તરત જ કસુંબો લીધા વિના" હું પછી આવીશ" એમ કહી જતા રહ્યા હતા. એટલા માટે જ આજ આપા વિસામણે તેમને યાદ અપાવ્યું હોય તેમ લાગે છે.

શામળને માન અને આદર આપીને પોતાની સાથે બેસાડ્યા. રામ ખાચરે કસુંબો ધર્યો. આમ છતાં બારહટ્ટ તો એમ ને એમ બેસી રહ્યા.

રામ ખાચરે કહ્યું "લઈ લો બારહટ વચન ન ભૂલો. ઢીલ કરીને વાર ન લગાડો. આટલા સમયનો થાક ઉતારી નાખો."

ત્યારે શામળ બારહટ્ટ બોલ્યા "ભાઈ, તમારી વાત ખરી છે પરંતુ તમે મહારાજને પૂછો કે પેલું અફીણનું પોતું ક્યાં છે ?"

બારહટ્ટની વાત સાંભળતા જ પોતે જાણે ભૂલી ગયા હોયને યાદ કરતા હોય તેવું મુખ કરીને વિસામણ બોલ્યા :

"મારા વહાલે બહુ યાદ રાખ્યું છે." અને પછી બાવા લાલદાસ તરફ જોઈને બોલ્યા.

"લાલદાસ ઓરડામાં પટારા ઉપર પોતું છે એ એને લાવી દે એટલે એને સંતોષ થઈ જાય."

બાવાજીએ ઓરડામાં જઈને જોયું તો પટારા ઉપર અફીણનું પોતુ પડ્યું હતું. લાવીને તેમણે બારહટ્ટના હાથમાં આપ્યું. બારહટ્ટ પોતું જોયું ને પોતાના વડવાના વેણ સાચા પડતા જાણીને ખૂબ રાજી થયા. ઉપરા ઉપરી સાત ધોળા કસુંબો લીધો. સહુ ડાયરો જોઈ જ રહ્યો. બધા મનમાં વિચારતા રહ્યા કે આટલો બધો અમલ ક્યાંક બારહટ્ટ ને તકલીફ ન કરે તો સારું. સૌના મનની વાત જાણીને બારહટ્ટ બોલ્યા : "ચિંતા ન કરો બાપ. કસુંબો લીધાને આજે ચારસો વરસ થયા. રણુજામાં બાબા રામદેવજીએ સમાધિ લીધી. એ વખતે અમારા વડવા શેષમલજીએ નીમ લીધુ હતું કે તેમના વંશજોએ રામદેવજી પોતે પ્રગટ થઈને કસુંબો ન આપે ત્યાં સુધી કસુંબો લેવો નહીં. બહુ વર્ષ કસુંબા વગર વિતાવ્યા. પેઢીઓ આવી અને ગઈ પણ આ નીમ જાળવી રાખ્યું. મારવાડમાંથી કચ્છમાં આવી ગયા. ભૂજ શહેરમાં વસ્યાને ય આજે ઘણા વર્ષ થઈ ગયા."

"થોડા દિવસ પહેલાની વાત મારે આજે ડાયરાને કરવી છે. મધ્યરાત્રિના સમયે ઠંડીને લીધે વાતાવરણ શાંત હતું. શ્વાન અને ભૈરવના અવાજો ગુંજતા હતા. મારી આંખમાં નિંદર ડોકાતી નહોતી. આમ ને આમ રાત્રિનો છેલ્લો પ્રહર થઈ ગયો. આ બ્રહ્મમુહૂર્તના સમયે મારી નજર સામે હાથમાં પીળો ચાબુક માથે ભગવો સાફો, કેડીયું, પગમાં મોજડી અને રોઝા ઘોડા ઉપર અસવાર દિવ્ય સ્વરુપવાન પુરુષ દેખાયો. તેના તેજસ્વી મુખ પરથી તેજકિરણો પ્રસરી રહ્યા હતા. આ પ્રકાશથી મારી આંખો અંજાઈ ગઈ. વધુ વખત આ દિવ્યસ્વરુપ નિરખી શકાયું નહી. પરંતુ મને ગેબની વાણી જેવો મધુર અવાજ સંભળાયો જે મને કહી રહ્યો

હતો કે "પાળિયાદ આવી જા, બારહટ્ટ હું તને બહુ યાદ કરુ છું."

"આવા શબ્દો સાંભળી મને મારા વડવાના વચન યાદ આવી ગયા. હું પહેલા અહીં આવ્યો ત્યારે પણ મારી ધારણા મુજબ મને સાબિતી મળી હતી. એટલે તુરત જ ઘોડા ઉપર સવાર થઈ અહીં આવવા નીકળી ગયો. મારા પણ ધનભાગ્ય કે આવા દેવપ્રતિષ્ઠાના શુભ દિવસે મને અહીં હાજર કર્યો. મારા સઘળા કોડ પુરીને મને પોતાનો જાણ્યો."

શામળ બારહટ્ટની વાત સાંભળી ડાયરાને ખૂબ આનંદ થયો. સૌ કહેવા લાગ્યા કે ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય કે બારહટ્ટ પણ આ દિવ્યપ્રસંગે પહોંચી ગયા. આમ આનંદમાં નહાતા - નહાતા ડાયરો વિખરાયો.

સાંજે સહુ મહેમાનો, સાધુ - સંતો ઘી- ગોળ - ચોખા જમ્યા. વાળુ પત્યા પછી સત્સંગવાર્તા શરુ થઈ.

આપા જેતા બોલ્યા : " બાપ વિહળ, હવે પાછી પાની નહીં કરતા. ઠાકર સમરથ છે હવે ભક્તિની ભોગળ સૌ માટે ખોલી નાખો."

વિસામણે કહ્યું " હા આપા, તમારું વચન સત્ય છે. ઠાકર સમરથ છે પરંતુ સોનગઢ ગુરુગાદીએ દર્શને જવું છે પછી આપા ગોરખનો જેવો હુકમ."

"હા ભાઈ હા, પહેલા ગુરુ પછી બીજુ બધું" આપા જેતાએ કહ્યું.

સામ સામા હુક્કા ગગડાવતા અલખની વાતો ચાલી રહી છે. એટલામાં વિસામણના દીકરી આઈ નાથીબાઈ આવીને આપા વિસામણ પાસે બેસી ગયા. પોતે એકના એક સંતાન હોવાથી તેમના ઉપર વિસામણના ચારેય હાથ હતા. તેમની ઈચ્છા વિસામણ તુરત જ પુરી કરતા. આવતાની સાથે જ નાથીબાઈ બોલ્યા.

"બાપુ, સહુના કામ તમારાથી થઈ જાય અને મારું જ કામ કેમ નથી કરતા ?"

"અરે દીકરી, તને વળી શું દુઃખ પડી ગયું ?" આપા બોલ્યા. નાથીબાઈ જવાબ આપતા બોલ્યા. "બાપુ આપણી ભેંસ પૂતળ મને બહુ વહાલી છે. પણ બિચારીને એક આંખ નથી. એને દેખતી કરી દો એટલે બસ.

"અહો નાથીબાઈ, પૂતળ તો પાંચસો ગાઉ સુધીનું જોઈ શકે છે. જા તારું ય માન રાખુ છું."

પૂતળ ભેંસનું દૂધ બહુ મીઠુ હતું. આઈ નાથીબાઈ દરરોજ તેનું દૂધ જમવામાં લેતા એટલે તેમને તે ભેંસ ઉપર બહુ જ પ્રેમ હતો. આવુ મીઠું દૂધ આપનાર ભેંસને એક આંખ નહોતી તેથી તે બેડોળ લાગતી હતી. નાથીબાઈને ભેંસનું આવું એક આંખ વાળુ સ્વરુપ ખૂંચતુ હતું. આજે એમણે બરાબર પ્રસંગ જોઈને પિતાના કાને આ વાત નાખી. સૌના આશ્ચર્ય વચ્ચે પૂતળ ભેંસ ચરીને ઘેર આવી તો ભમરડા જેવા તેના બેય ડોળા જોઈને નાથીબાઈ નાચવા લાગ્યા. ઠાકરના છોરુની આ પ્રસન્નતા જોઈને સૌને આનંદ થયો.

બધાએ વિસામણના આ ચમત્કારને ભાવ સાથે વધાવી લીધો. સાધુ, સંત, મહેમાન સૌ સૌના ઠામ - ઠેકાણે પધાર્યા. આપા જેતાએ પણ રજા માગી પરંતુ વિસામણના આગ્રહથી બે દિવસ વધારે રોકાયા. આપા

જેતા વયોવૃધ્ધ હોવાથી સત્સંગ અને સેવાના બેવડા લાભથી ખૂબ જ પ્રસન્નતા અનુભવી રહ્યા. જતી વખતે તેમના નેત્રોમાં હર્ષાશ્રુ આવી ગયા. આપા જેતા બોલ્યા "આપા વિસામણ, તને તો બાપ સમરથ ઠાકર મળી ગયો. મારુ મન આ દિવ્યસ્થાન છોડીને જવા માટે રાજી થતું નથી. પરંતુ હજી સંસારની જાળના બાકી રહી ગયેલા બંધન કાપવા જવું જ પડશે." આપ કહીને મન મક્કમ કરી અશ્વને એડી મારી અને નીકળી ગયા.

સૂર્યનારાયણ, હનુમાનજી અને વાસુકિની પ્રતિષ્ઠાનો આ પ્રસંગ સૌ ડાયરા માટે આનંદ અને યાદગીરીનો પ્રસંગ બની રહ્યો. આપા વિસામણની ભક્તિના માર્ગે પર ચાલી જગતનું કલ્યાણ કરવાની ભાવનામાં એક વધુ દિવ્ય છોગું ઉમેરાયું.

• • •

## ગુરુ સ્થાન

ગુરુસ્થાનનો મહિમા મોટો છે. સદ્‌ગુરુની કૃપાથી જીવનના આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિવિધ તાપ ટળે છે. પશુ, પ્રાણી, પક્ષી વિગેરેમાં ઈશ્વરે બુધ્ધિતત્વને પ્રાધાન્ય આપ્યું નથી. આ બધા પોતાની સ્વાભાવિક વૃત્તિ અનુસાર જીવે છે જ્યારે મનુષ્યને મળેલ બુધ્ધિનું વરદાન તેની આગવી મુડી છે.

"ગુરુર્‌ બ્રહ્મા, ગુરુર્‌ વિષ્ણુ, ગુરુર્‌ દેવો મહેશ્વર ।
ગુરુર્‌ સાક્ષાત્‌ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥

એમ ઋષિઓએ કહ્યું છે " એટલે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આદ્યગુરુ છે. એ જ સાક્ષાત્‌ પરબ્રહ્મ છે માટે તેમને વંદન કરવું." આમ છતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને આપણે જોઈ શકતા નથી. મનુષ્યનો સ્વભાવ છે કે પ્રત્યક્ષ દેખાય નહીં, અનુભવ થાય નહીં ત્યાં સુધી તેની તર્કબુધ્ધિ વિશ્વાસ પ્રગટવા દેતી નથી. આથી સમાજમાં આદરણીય, તેમને એમના દર્શન થઈ શકે, જેમની સાથે વાતચીત કરી શકાય, સલાહ મેળવી જીવનને સત્ય માર્ગે દોરી શકાય તેવું આદર્શ વ્યક્તિત્વ ધરાવતા સન્માનનીય વ્યક્તિઓને મનુષ્ય ગુરુસ્થાને સ્થાપે છે. આવા પરમ વિરલ સંતો, ઋષિઓ કે જ્ઞાનીઓ ક્યારેય પણ આપણને કહેતા નથી કે મારા શિષ્ય બનો. તેમને મળતા જ આપણને તેમનામાં કોઈ એવુ તત્વ રહેલું જણાય છે કે આપણે તેમના ચરણોમાં થઈ બેસીએ છીએ.

આપણો ભાવ જોઈ આવા ઉત્તમ જ્ઞાનીઓ આપણને ગુરુમંત્ર આપે છે. શિષ્ય - ગુરુ વચ્ચે જ રહેતો આ ગુરુમંત્ર આપણું અમોઘ શસ્ત્ર બની જાય છે. આપણને લાગે છે કે જેમ ભગવાન સૂર્યનારાયણે કર્ણને કવચ - કુંડળ આપ્યા હતા તેમ આપણને પણ ગુરુ તરફથી એક અભેદ્ય રક્ષા કવચ પ્રાપ્ત થયું છે. શિષ્યની ગુરુ પ્રત્યેની શ્રધ્ધા અને વિશ્વાસ તેને અપ્રતિમ શક્તિનો અધિકારી બનાવે છે. આથી જ વ્યક્તિના જીવનમાં ગુરુસ્થાન એક યાત્રાધામ બની રહે છે.

હરિદ્વાર કે અન્ય પવિત્ર તીર્થો કરતા ગુરુનું સ્થાનક જરાપણ ઓછું મહત્વનું નથી.

આપા વિસામણ આવી જ શ્રધ્ધા સાથે આપા ગોરખના સ્થાન સોનગઢ પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવતા હતા. ગુરુ આપણા કષ્ટ હરે છે. ગુરુના વચનો અમૃત સમાન હોય છે. ગુરુસ્થાને મોક્ષની પ્રાપ્તિ થાય છે. હરિદ્વાર, કાશી કે અન્ય કોઈપણ તીર્થસ્થાન જેટલું જ આ સ્થાનનું પણ મહત્વ છે. આપણા માટે તે હરિદ્વાર છે.

આપા ગોરખ થાન રહેતા હતા. નાથ કરપડાની નાની ઉંમરને લીધે લખતરના ઝાલાએ તેની પાસેથી થાન લઈ લીધું. નાથ કરપડાની માતાએ આપા ગોરખ પાસે આવી આ હકીકત જણાવી. આપા ની વાત

સાંભળીને તેમના ઉપર કરુણા આવી આથી એક શ્રીફળ તેમને આપતા કહ્યું કે " જા બાપ, નાથ, ઠાકર તને થાન આપે છે."

નાથ કરપડાને થાન મળી ગયું તેના વિજયના ઉમંગમાં જગ્યાને વાડી ભેટ આપી. પરંતુ કાનભંભેરણીને લીધે વાડી પાછી લઈ લીધી. ભગતે આપેલું શ્રીફળ પણ પાછું આપી દીધુ. આ ઘટના પછી તરત જ જૂનાગઢ બાજુના ખીમા મૈયાએ ઠાકરે સ્વપ્નું આપવાથી થાન પર ચડાઈ કરી થાન લઈ લીધુ. આપા ગોરખ પાસેથી કરપડાએ જ્યારે વાડી પાછી લઈ લીધી ત્યારે તેમને દુઃખ લાગ્યું હતું. એટલે થાનનો ત્યાગ કરી તેમણે સોનગઢ વસવાટ કર્યો હતો.

અત્યારે જ્યાં સોનગઢ છે તેની બાજુમાં જ ડુંગર ઉપર જૂનું સોનગઢ હતું. અત્યારે પણ તેના ખંડેર અને આપા ગોરખે સ્થાપેલ હનુમાનજીની દિવ્ય મૂર્તિ ત્યાં જોઈ શકાય છે. પહેલા લુંટફાટના ભયે લોકો ઉંચી જગ્યા ઉપર વસવાટ કરતા. ડુંગરની ઉંચાઈ ઉપરાંત ગામ ફરતો કિલ્લો બાંધતા જેથી દુશ્મનના અચાનક હુમલાને રોકી શકાય. જેમ જેમ અંગ્રેજ રાજ્ય મજબૂત થતુ ગયું તેમ તેમ લોકો ધીમે ધીમે સપાટ જમીન ઉપર વસવા લાગ્યા. કારણકે ઉંચાઈ પર રહેવાથી પાણી, ખેતી તથા અન્ય ઘણા કામોમાં મુશ્કેલી પડતી. પાણી નીચેથી ઉપર લઈ જવું પડતું. ખેતર - વાડી દૂર પડતા અને ડુંગરની ચડઉતર રહેતી. આમ -સપાટ પ્રદેશમાં રહેઠાણ થતા ગયા.

સમર્થ પુરુષોને પજવવા કેટલોક વર્ગ ઈર્ષ્યા વશ થઈને કાયમ તત્પર રહેતો. જગતના કલ્યાણ સિવાય કોઈ હેતુ ન હોવા છતાં પણ જ્યારે આવા પુરુષોની આંતરડી દુભાય તેવું કામ થાય તો પછી તે કર્મના પરિણામ સ્વરુપે કર્તાને તેનું ફળ પણ ભોગવવું પડે છે. એક વખત મોરબી દરબારના માણસો જગ્યાના ઢોર હાંકી ગયા. આપા ગોરખને ખબર પડી. એટલે તેમણે વાછરું પણ પાછળ મોકલી આપ્યા. આમ છતાં - તેની કોઈ અસર ન થઈ. થોડા સમયમાં આપા ગોરખની પીરાઈની આ વાછરડાં વાળી વાત જાણી ત્યારે તેમણે બધા જ ઢોર પાછા મોકલી આપ્યા.

આવી જ ઘટના ભાવનગરના મહારાજા વજેસિંહજી સાથે પણ જોડાયેલી છે. તેમણે સંકલ્પ કર્યો કે કાઠિયાવાડમાંથી કાઠીઓને હાંકી કાઢવા. આ માટે રાજા - મહારાજાઓ નિર્ણય કરવા એકઠા થવા લાગ્યા. પરંતુ લડાઈથી તો અનેક પ્રકારના પ્રશ્નો થાય આથી કોઈ નિર્ણય પર આવી શક્યા નહીં. કાઠીઓ સુધી વાત પહોંચી અને કોઈ માર્ગ ન નીકળી શક્યો ત્યારે બે પાંચ કાઠીદરબારોએ આપા વિસામણ પાસે જઈને આ ષડયંત્રની વાત કરી. આપા વિસામણે ધીરજ બંધાવતા કહ્યું કે "ભાઈ, ફીકર ન કરો. ઠાકર અહીં બેઠો છે. એ સૌનું સત રાખશે માટે ઠાકરનું નામ લ્યો એટલે બધું સમુ - સુતરુ થઈ થશે."

એ જ રાત્રિએ વઢવાણના રાજા પૃથ્વીરાજજીને ઠાકરે સ્વપ્નું આપ્યું. સવારે પોતે પાળિયાદ પધાર્યા. પાળિયાદમાં આપા વિસામણના દર્શન કરી ભાવનગર રાજ - દરબારોની નિર્ણય સભામાં ગયા. સભામાં દરેક મુદ્દાઓ ઉપર ઉંડાણથી ચર્ચા ચાલી. છેવટે પૃથ્વીરાજજી ઉભા થઈને બોલ્યા : "ભાઈઓ, તમને સૌને

કાઠીઓ ખટકતા હોય તો કાઠીઓને હું મારા રાજ્યમાં રાખું છું.'' આટલું બોલીને તેઓ સભામાંથી જતા રહ્યા. તેમની પાછળ જે કાઠીદરબારો સભામાં હતા તે પણ સભા છોડી ગયા. સભામાં આથી કોઈ નિર્ણય થઈ શક્યો નહીં. આજે પણ આ કોમ કાઠિયાવાડમાં ઠાકરની દયાથી વસે છે. આ ઘટના પછીથી આજ સુધી આ પ્રદેશમાં કાઠી લોકો વઢવાણ સાથે મીઠો સંબંધ સાચવે છે.

આમ - પાળિયાદમાં રહીને આપા વિસામણ પોતાની પીરાઈ પ્રગટાવતા રહ્યા. ગુરુ તરફના ભાવથી તેમના મનમાં સંકલ્પ જાગ્યો કે ગુરુકૃપાથી ધન્ય બનેલ આ જીવનમાં પ્રાપ્ત રિધ્ધિ - સિધ્ધિ ગુરુના ચરણોમાં પણ સમર્પિત થવી જોઈએ. આપા વિસામણ પંદરેક ઘોડા સાથે માલ - સામાન અને ઢોર ઢાંખર લઈ સોનગઢના રસ્તે ચાલી નીકળ્યા. એકાદ રાત્રિના વિસામા પછી બીજે દિવસે સોનગઢ પહોંચ્યા. આપા વિસામણને માલ - સામાન તથા ઢોર - ઢાંખર સાથે આવેલા જોઈ તેમની આ ભાવનાને લીધે પ્રસન્ન થયા. ગુરુ - શિષ્ય એક બીજાને ભેટી પડ્યા. જાજમો બીછાવાઈ. કસુંબા ઘૂંટાયા અને વાતચીતોનો દૌર ચાલવા લાગ્યો. આપા ગોરખ આપા વિસામણને કહેવા લાગ્યા. "બાપ વિહળ, અહીંયા આ બધુ શા માટે લાવ્યા. ત્યાં જ વાપરી નાખો તે જ ઠીક કે'વાય. આ તો સાધુ - સંતો અને અભ્યાગતોનો માલ છે. તારો કે મારો આ માલ નથી.''

વિસામણ વળતા બોલ્યા " હા બાપુ, આપ સાચું કહો છો. પણ આતો હરદ્વાર કહેવાય. ગુરુ સ્થાને વાપર્યા પછી બીજે વપરાય.'' "ઠીક ભાઈ, ઠાકર સમરથ છે. ખૂબ આપે છે.'' ગોરખે જવાબ આપ્યો.

આપા વિસામણ ગુરુસ્થાન સોનગઢ પાંચ - છ દિવસ રોકાયા. સૌ સાથે જ્ઞાનગોષ્ટી કરી. પાળિયાદમાં હનુમાન પ્રતિષ્ઠાની વાત કરી તે સાંભળી ગુરુ ખૂબ જ પ્રસન્ન થયા. ગુરુએ સ્વયં પણ ગોરખ હનુમાનજીની સ્થાપના કરી હતી. આપા ગોરખ બોલ્યા.

"હા બાપ, હનુમાનજી સ્થાપિત કર્યા એ બહુ સારુ કર્યું. હનુમાનજી વિના તો એક ડગલું ય આગળ ન વધી શકાય. તેમના વિના રામ ન મળી શકે. ઠાકરની ભક્તિમાં હનુમાન પહેલા પછી બીજું બધું બહુ સારુ કર્યુ. સમરથને સ્થાપિત કર્યા હવે કોઈ પણ જાતની ચિંતા રાખ્યા વગર ભક્તિ અને સેવાના માર્ગે ચાલતા રહો. ઠાકર બધી વાતે સહાયમાં રહેશે.''

''હા બાપુ, આપા જૈતા પણ એમ જ કહેતા હતા.'' વિસામણે કહ્યું.

"હા બાપ ઈ તો એ પણ સમરથ છે.'' આપા ગોરખ બોલ્યા.'' "એના ભક્તિભાવનો ય જોટો મળે એમ નથી.''

આપો જૈતો ભાડલા નાગ ખાચરના પુત્ર હતા. નાનપણથી જ સત્સંગના રંગે રંગાયા હતા. અવારનવાર મોલડી જતા હતા. આપા જાદરાની જેમ તેમને પણ આપા રતાએ ના પાડેલી કે હવે તમારે અહીં ન આવવું અને ઘેર બેઠા જે ભજન થાય તે કરવું. "આપા જૈતાને તો વૈરાગ્ય ઉપજી ગયો હતો. એટલે સંસાર વહેવારના સગપણ છોડી દઈ પોતે ઘેરથી નીંકળી ગયા. બે - ત્રણ વર્ષ બહાર રહ્યા. એક દિવસ પોતાને મનમાં

થયું કે હવે ઘણો સમય થયો છે માટે આપા રતાના દર્શન કરુ તો સારુ. એવા વિચાર સાથે પોતે જસદણથી ચાલી નીકળ્યા. સોનગઢ નજીક 'મહેરીયાનું નાળુ' નામે ઊંડી કોતર છે. ત્યાં આવતા દિવસ આથમી ગયો. પોતે થાકી ગયેલ હોવાથી એક લીંબુડી નીચે હાથમાં માળા લઈ જપ - ભજન કરવા લાગ્યા. ભજન કરતાં તેમના મનમાં તરંગ જાગ્યો કે જો આપો રતો આ વખતે પણ ના પાડે તો પછી આ શરીરરુપી ખોળિયું રાખવું નહીં તેને પાડી નાખવું.

મનમાં આવો મનસુબો આવતા જ પડખેની કોતરમાંથી ડાલામત્થો નવ હાથનો કેસરીસિંહ ત્રાડ દેતો નીકળ્યો. સિંહ ધીમે ધીમે આપા જૈતા બેઠા હતા તે તરફ આવવા લાગ્યો. આપા જૈતાને થયું હવે ઠાકરની મરજી હશે એમ થશે. તેમણે ઠાકરના નામની માળા હાથમાં હતી તે ફેરવવા માંડી. સિંહ નજીક આવતો ગયો. સિંહની ગર્જના અને ત્રાડથી સારુ યે વાતાવરણ ધ્રુજી ગયું. આમ છતાં આપો જૈતો ન તો આંખ ઉઘાડે છે કે ન તો માળા જપવાનું બંધ કરે છે. એકધ્યાન થઈને ઠાકરના નામજપ સાથે સ્થિર બેસી રહે છે. સિંહને તેમની પાસે આવતા વાચા ફૂટી:

"ભાઈ જૈતા શું ભજન કરી રહ્યો છે ? લે આ કંઠી લઈ લે ઠાકર તારા ઉપર પ્રસન્ન થઈ ગયો છે."

આપા જૈતાએ આ શબ્દો સાંભળતા આંખ ઉઘાડી તો એક હાથમાં માળા અને બીજા હાથમાં કંઠી લઈને ઉભેલા આપા રતાના દર્શન થયા. આ દશ્ય જોઈને આપા જૈતાનું હૃદય પ્રેમથી ભરાઈ આવ્યું. ગદ્‌ગદ્ કંઠ સાથે લાકડી પડે તેમ આપા રતાના ચરણોમાં પડી ગયા. લાંબા સમયથી મનમાં જે મનોરથ જાગતા હતા તે પૂર્ણ થવાથી તેમને અનહદ અને અલૌકિક આનંદ પ્રાપ્ત થયો. લીંબુડીના ઝાડ નીચે શરદપૂર્ણિમાના ચંદ્રના તેજસ્વી પ્રકાશમાં આપા રતાએ આપા જૈતાને કંઠી બાંધી અને પ્રસન્નતા આપી. આ સ્થળે બાજુમાં જ એક વીરડી હતી. હજુ આજે પણ આ વીરડી 'અખૂટ વીરડી' ના નામથી ઓળખાય છે. આપા જૈતા તે પછી જસદણ આવીને લીંબડીના ઝાડ નીચે નાની એવી ઓરડી બનાવી રાત - દિવસ ઠાકરનું ભજન કરવા લાગ્યા.

આમ આ વાત સાંભળતા જ આપા વિસામણ બોલી ઉઠ્યા "અહોહો..બાપુ, ત્યારે તો આપા જૈતા પણ સમરથ પુરુષ કહેવાય."

આપા ગોરખ બોલ્યા "હા બાપુ જેમને ઠાકર મળી જાય છે એ સૌ સમરથ થઈ જાય છે."

સોનગઢમાં ગુરુ સાથે ખૂબ આનંદ - પ્રમોદ કરી આપા વિસામણે ત્યાંથી વિદાય લીધી. આપા ગોરખે આપા લાખાને એક તાંસળી ભરીને વિસામણને રૂપિયા આપતા કહ્યું આપા વિસામણે ગુરુની પ્રસાદી ગણીને આ રૂપિયા લઈ લીધા. આ જોઈને ઘરમાંથી આઈ બોલ્યા :

"મારે પણ ધનબાઈ આઈ માટે કંઈક આપવું છે." આ શબ્દો સાંભળીને આપા વિસામણે કહ્યું " અમારી પાસે જે કંઈ છે તે આપનો જ પ્રતાપ છે ને"

આમ છતાં આઈએ પોતાની સોનાની કંઠી આઈ ધનબાઈને આપવા માટે આપી.

સોનગઢ ગુરુના દર્શન તો કર્યા પરંતુ સાથો સાથ ચલાળા આપા દાનાના દર્શન કરવાની ભાવના

વિસામણના હૃદયમાં જન્મી. ગુરુને આ વાત જણાવતા ગુરુ પણ સાથે જોડાયા. ગુરુ- શિષ્ય બંને ચલાળા જવા નીકળ્યા.

આપો દાનો આપા જાદરથી સિધ્ધ થયા પછી જુદા જુદા સ્થળે ગાયો ચારીને ખૂબ સેવા કરી. છેવટ ભગવાન પટેલ વિગેરે પટેલિયાઓના આગ્રહથી પોતે ચલાળા આવીને જગ્યા બાંધી. જગ્યામાં સદાવ્રત ચાલુ કર્યું. અનેક સાધુ - સંત કે યાત્રાળુઓને ચલાળામાં એક વિશ્રામધામ મળી ગયું. ધીમે ધીમે આ સ્થળ એક જાગૃત તીર્થધામ બની ગયું. આપા દાનાને ભક્તો ઠાકર સ્વરુપે જ માનવા લાગ્યા. ચારે ખંડમાં જે કંઈ બનતું તે આપા દાનાને ચલાળામાં બેઠા ખબર પડતી. એ સમયે ટેલિફોન, રેડિયો કે ટેલીવીઝન જેવા સાધનો હજુ આવ્યા પણ નહોતા.

બગસરાના કાઠી દરબાર હરસુરવાળાને ગાયકવાડી સુબા વિઠોબાએ કેદ કર્યા. પગમાં બેડીઓ પહેરાવી. ત્યારે એક ઘટના ઘટી કે તેમને પહેરાવેલ બેડીઓ સવાર પડેને તૂટી જાય. આ જાણી વિઠોબાને આશ્ચર્ય થયું. તેણે હરસુરવાળાને પૂછ્યું "આવું કઈ રીતે બને છે ?"

હરસુરવાળાએ કહ્યું : "ચલાળામાં સંત આપા દાના વિરાજે છે. તેમની કૃપા વિના આવું થઈ શકે નહીં."

વિઠોબાને આ સાંભળીને થયું કે આ વાતની ખાત્રી કરવી જોઈએ."

વિઠોબા બ્રાહ્મણનો વેશ ધરીને મકર સંક્રાંતિના દિવસે પારખું કરવા ચલાળા આવ્યા. આપા દાના તેના મનની વાત જાણી ગયા. વિઠોબાને તેમણે પાંચ ખોબા ભરીને જુવાર આપી. પાંચ ખોબા જુવાર સામે તેમને પાંચ મહાલ મળ્યા. વિઠોબાની શ્રધ્ધા પણ આ ઘટના પછી ચલાળાની જગ્યામાં દૃઢ થઈ.

સાદુ અને સંયમી જીવન જીવતા આવા સંતો ખરેખર ઈશ્વરના સ્વરુપે જ આ ધરતી ઉપર જન્મી લોકોના કષ્ટ હરે છે એ વાત માનવી જ રહી. તેઓ ધારે તો રંક ને રાજા અને રાજાને રંક બનાવી શકે છે. પ્રભુનું કર્મ આ પૃથ્વી ઉપર આવીને પૂર્ણ કરવાની કળા પ્રભુ તેમને આપે છે. તેમનું પૂર્ણ જીવન પરોપકાર અર્થે જ હોય છે.

સવારનો સૂર્યોદય થતાની સાથે જ આપા વિસામણ અને આપા ગોરખ દાનાબાપુની જગ્યાએ ચલાળા પહોચ્યા. આપો દાનો દાતણ કરી રહ્યા હતા. પરંતુ આ બંને વિભૂતિઓને જોઈ વૃધ્ધાવસ્થા હોવા છતાં દોટ મુકી. બંનેને ભેટીને ખૂબ જ વહાલ દર્શાવતા તેમનું સ્વાગત કર્યું.

હર્ષાવિશમાંથી મુક્ત થતા આપા દાના બોલ્યા. "ભલુ કર્યુ આ આંગણે પધાર્યા, મારા બાપ, મારા નાથ, અલખના અવતાર, ભાંગ્યાના ભેરુ અને ભૂખ્યાના ભંડાર આજ મારા ઉપર બહુ દયા કરી, બેય ઠાકરના છોરુ એક સાથે મારા આંગણે - ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય."

બ્રહ્મા - વિષ્ણુ અને મહેશની ત્રિપુટી જાણે કે હેતથી પરસ્પરને મળી રહી હોય એવો દિવ્ય સમો પ્રભાતના પ્હોરમાં બંધાઈ ગયો. સૌના નેત્રો આ દશ્ય જોઈને હર્ષાશ્રુથી છલકાઈ ઉઠ્યા. ત્યાં હાજર સાધુ -

સંત અને ભક્તો પણ આ દિવ્ય દૃશ્યને હૃદય ભરીને નીરખી રહ્યા. સૌએ આસન લીધું એટલે વારાફરતી સૌ તેમની વંદના કરવા લાગ્યા.

જાજમો બિછાવાઈ અને ખરલ - પોતા તૈયાર થવા લાગ્યા. ગામના દરબારો અને અમલપ્રેમી લોકોથી જગ્યાની દોઢી થોડીવારમાં જ ઉભરાઈ ગઈ.

પહેલાના સમયમાં અતિથિ પ્રભુનું સ્વરુપ મનાતા. "અતિથિ દેવો ભવ" એમ આપણા પ્રાચીન શાસ્ત્રો કહે છે. આ દિવ્ય અતિથિઓની સરભરામા જગ્યાના સૌ આબાલવૃધ્ધ જોડાઈ ગયા. દેવતુલ્ય અતિથિઓના આગમનથી સહુના હૃદયમાં આનંદ - આનંદ વ્યાપી રહ્યો.

સ્નાન - ધ્યાનથી પરવારી આપો વિસામણ અને આપો ગોરખ જાજમ ઉપર આવી બેઠા. હાથમાં હુક્કાની ને લઈને સહુની સાથે સત્સંગવાર્તા કરવા લાગ્યા. ખબર - અંતર - પૂછવા લાગ્યા. કસુંબો તૈયાર થયો એટલે પોતે લીધો પછી સૌ ડાયરાને આપી મીઠા મોં કર્યા. અહીં - તહીંની વાતો ચાલી એટલામાં એક પંદરેક વરસનો છોકરો માથે છાણનો સૂંડલો લઈને નીકળ્યો. પોતે પણ આખા શરીરે છાણથી લથબથતો હતો. આપા વિસામણનું આ છોકરા ઉપર ધ્યાન પડ્યું.

વિસામણ બોલ્યા : "ભાઈ આ બાપડો દીકરો શા માટે ટેલ કરે છે. એનો સૂંડલો ઉતરાવી નાખો એની ટેલ પુરી થઈ ગઈ છે"

વિસામણની વાત સાંભળી આપા દાના બોલ્યા :

" હા બાપ, ત્યારે તો એને ય ઠાકર પ્રસન્ન થઈ ગયા." આમ કહેતા આપા દાનાએ તેને સૌની પાસે બોલાવ્યો. આપા વિસામણે તેના માથેથી સૂંડલો નીચે મુકાવ્યો. છોકરાનું નામ ગીગો હતું. ગીગો આપા દાનાના પગમાં પડી ગયો. આપાએ તેને કંઠી બાંધી અને ઠાકરની દયાથી તે "ગીગો પીર" બની ગયું.

આપા ગીગાએ ઠાકરની આજ્ઞા પ્રમાણેના સ્થાન ઉપર એક ઝુંપડી બાંધી સદાવ્રત શરુ કર્યું. આપા ગીગા પાસે સત સિવાય કોઈ સાધન નહોતું. પરંતુ સતના સાધનના પ્રભાવે આ સ્થળને આપણે આજે પણ સતાધાર તરીકે ઓળખીએ છીએ. આ જગ્યાના મહંતો હજુ આજે પણ પાળિયાદ સાથે હેતભાવના સંબંધ સાચવે છે.

આ રીતે ચલાળામાં બે દિવસ રોકાઈ ભજન ભાવ તથા આનંદ કરી આપો ગોરખ સોનગઢ ગયા અને આપો વિસામણ પાળિયાદ આવ્યા.

• • •

## ભક્તોના ભેરુ

મનુષ્ય જગતમાં જન્મ લે છે ત્યારથી સમગ્ર જીવન દરમ્યાન સંસાર સાગરમાં સુખ - દુઃખના મોજાઓ આવ્યા કરે છે. ક્યારેક કોઈ મોજું ડુબાડી દે છે તો ક્યારેક પોતાના ઉપર ચડાવીને કિનારે લાવી મૂકે છે. જીવનની ગતિ ક્યારેય એકધારી હોતી નથી. ચડાવ - ઉતાર વગરના જીવનમાં મજા પણ નથી. સરોવરના શાંત જળ જેવું એકધારુ જીવન તો કોઈ પુણ્યશાળી આત્માનું જ હોઈ શકે.

આપણે સૌ પામર પ્રાણી છીએ. જગતના વ્યવહારમાં સામ - દામ - દંડ ભેદ જેવા શસ્ત્રો પણ આપણી બુધ્ધિ અનુસાર વપરાતા રહે છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને ઈર્ષ્યા જેવા મનુષ્ય જાતિના છ મોટા દુશ્મનો તેને રંજાડવા સતત મથતા રહે છે. શાસ્ત્રોમાં આ સૌને મનુષ્યના મોટા દુશ્મન તરીકે વર્ણવ્યા છે.

આજ જન્મતાની સાથે જ સંસારની માયાજાળ સૌને લપેટવા માંડે છે. ધર્મ આપણું સૌથી મોટું સાધન છે જેના આચરણથી જીવનના પ્રશ્નો સરળતાથી હલ થાય છે. અથવા તો પ્રશ્નો ઉભા થતા પહેલા વિરમી જાય છે. સદ્ગુણી વ્યક્તિને પીડા વધુ મળે છે તેવું આપણને લાગે છે. પરંતુ ખરેખર તો તેનું જીવન વિઘ્નો વચ્ચે પણ સ્થિર હોય છે. આવી વ્યક્તિ વિચલિત થતી નથી અને જીવનના તમામ તોફાન પાર કરીને પ્રભુની કૃપાનો અધિકારી બને છે.

આ જીવનના સુખ ક્ષણિક હોય છે. તેનો મોહ વ્યક્તિને અધઃપતન તરફ દોરી જાય છે. સાચુ સુખ આત્માનું સુખ છે. જેનાથી દૂર્ગુણો નાસે છે. પ્રભુના શરણાગત બની ધર્મમય જીવન દ્વારા સામાન્ય માણસના દુઃખને હરનાર સંતો કોટિ કોટિ વંદનને પાત્ર છે. અનેક જન્મોના શુભ સંચિત કર્મ જમા થાય ત્યારે પૃથ્વી ઉપર સંત સ્વરુપે પ્રગટવાનો અને ઈશ્વરીય ગુણો ધરાવવાનો આપણને અધિકાર મળે છે

પાળિયાદના પાવન તીર્થધામમાં પરમ તેજ સ્વરુપે અવતરિત થયેલ આપા વિસામણ અનેક લોકો માટેનો મોટો આધાર બની રહ્યા છે. સદ્ધર્મના ઉપદેશ દ્વારા ભાવિક ભક્તજનોના હૃદય ભીંજવી રહ્યા છે. લોકોની આસ્થા આ સ્થાનમાં ધીમે ધીમે વધુને વધુ દૃઢ થતી જાય છે.

આ પ્રકરણમાં આપણે ભક્તોના સહાયક, માર્ગદર્શક અને પીડા હરીને સુખ આપનાર તેમના જીવન અંગેની કેટલીક વાતો આલેખીશું.

જગ્યામાં નિત્ય રાત્રે ભજન - કીર્તન - સત્સંગનો ક્રમ ગોઠવાઈ ગયો હતો. આ ભજનમાં કોઈ પણ ચૂક કર્યા વગર બે ભક્તો અચૂક હાજર રહેતા. એક બોટાદના ભીમ વોરા અને બીજા ગોરૈયાના રબારી સુરો ભગત. બંને જણાએ એવું નીમ લીધુ હતું કે રાત્રે આપા વિસામણના દર્શન કરી ચરણામૃત લઈ ચોહાત ભજન સંભળાવ્યા પછી જ વાળુ કરવું. આવુ કઠિન નીમનું પાલન કરવામાં બંનેને ઘણું જ કષ્ટ પડતું. ઘણી વખત

આપા વિસામણ તેમને કહેતા કે "બાપ, આવો આકરો નિયમ ન રાખો. અવાય તો આવવું અને ક્યારેક ન અવાય તો તેની ચિંતા ન કરવી. એવું થાય ત્યારે ઠાકર માની લેશે."

આપા વિસામણ આવી સમજણ આપતા તો પણ બંનેના હૃદય ભક્તિભાવથી એટલા રંગાઈ ગયા હતા કે સંસારના કાર્યો કરવા છતાં પણ રાત્રે આવી વિસામણના દર્શન કરી, ભજન ભાવ સાથે ચરણામૃત લે ત્યારે જ બંનેને ચેન પડતું.

એક વખતની વાત છે. ચોમાસાનો અષાઢ મહિનો હતો. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. અષાઢ મહિનો એટલે ધોરી વરસાદનો મહિનો. જેમ જેમ દિવસ થતો ગયો તેમ તેમ વરસાદનું જોર વધતું ગયું. સંધ્યા સમય થતા સુધીમાં તો બારે મેઘ ખાંગા થયા. નદી - ખેતરોમાં ક્યાંય પાણી સમાય નહીં એવી જાડી ધારે વરસાદ ધાબડવા માંડ્યો. ક્યાંય કોઈ દિશા દેખાય નહીં તેવું ચોમાસુ જામ્યું. વીજળીના ચમકાર અને મેઘગર્જનાથી કાચાપોચા માણસનું કાળજું કંપી જાય તેવું ભયાનક સ્વરુપ મેઘરાજાએ ધારણ કર્યું. ધરતી પાણીથી તરબોળ બની ગઈ. માણસો આમતેમ દોડીને સુરક્ષિત જગ્યાએ આશ્રય શોધવા લાગ્યા. ગામ અને સીમ બધું જ સમથળ બની ગયું. વટેમાર્ગુઓ ફસાઈ ગયા. રસ્તા ઉપર એક ડગલું પણ માંડી ન શકાય તેવી શ્રીકાર વર્ષાએ ધરતીને ધમરોળી નાખી. એવું વાતાવરણ સર્જાયુ કે સૌ પોતપોતાના ઘેર પુરાઈ રહ્યા. જેમના ઘર નબળા હતા તેમણે સલામત સ્થળે જઈને આશ્રય લીધો.

આવી ધોધમાર વરસાદી સાંજે આપા વિસામણ અને બાવાજી રામદાસજી ધુણાની પાસે બેઠા છે. કોઈ વિષય નિકળે તો થોડીવાર વાતો કરીલે છે નહીંતર હાથમાં માળા ફેરવતા નામ સ્મરણ કરી રહ્યા છે. જ્ઞાન - ગોષ્ઠી સાથે કોઈ વ્યાવહારિક વાતો પણ થતી રહે છે.

આપા વિસામણ બોલ્યા : "રામદાસજી, આ તો વરુણદેવનો કોપ મંડાણો હોય એવું લાગે છે."

"હા, બાપુ "રામદાસજી બોલ્યા :" કુદરતનો કોપ થાય ત્યારે જ આવું થાય તો પણ માણસ માણસાઈ તરફ ઝટ દઈને વળતો નથી."

"તમારી વાત સાચી છે" આપા વિસામણે કહ્યું " ઓલ્યા ભગત બીચારા નીમ પાળવા જતા હેરાન થઈ જાશે. એને મારગ જડે તો સારુ."

રામદાસજીએ સ્મિત કરતા કહ્યું "મારગ તો છે જ, તમારું નામ લઈ લે એટલે કોઈ મુશ્કેલી પાસે ન આવે."

"હા, બાપ" વિસામણ બોલ્યા : " એ બેય તો સાચા ભગત છે. મને ક્યારેય ભૂલતા નથી પણ ઝાઝો ભાગ કુડ - કપટ વાળા માણસ છે. ઠાકર એને સમજણ આપે તો એય દુઃખમાંથી છૂટે."

" હા બાપુ, તમારા ધર્મ ઉપદેશથી ધીરે ધીરે આવા કૂડ - કપટીયા પણ ધરમમાં વળશે અને સૌ સારા વાના થાશે."

"તો પછી રામદાસજી, તમારે કાલે વહેલા ઉઠીને પહેલા પહોરમાં રંગપર જાવું અને હું રામપરા

જઈશ. મારો ઠાકર દયા કરે તો લોકો ધરમ તરફ વળે અને ખોટા કામ કરતા બંધ થાય. મનને નાથી દેવાય તો સુખ - શાંતિ મળે. માણસનું મન જ તેની પાસે ન કરવાના કામ કરાવે છે.''

"બહુ સારુ બાપુ, આપ કહો છો તેમ કરીએ.'' રામદાસજીએ બાપુના સૂચનને સ્વીકારતા કહ્યું.

રાત્રિનો પ્રારંભ થવા લાગ્યો. વરસાદનું જોર હજી ધીમુ પડતું નથી. થોડી થોડી વારે ગગડાટ સાથે વીજળીના ચમકારામાં ચારે બાજુ જળબંબાકાર નજરે પડે છે. જાણે પ્રલયકાળ આવ્યો હોય તેવું વરસાદનું રૌદ્ર સ્વરુપ એમનું એમ વિકરાળ લાગે છે. પ્રલય થવાનો હોય તેમ સૌ ભયભીત બનીને જાણે કે સંતાઈ ગયા છે. કોઈ માણસ બહાર દેખાતા નથી.

અચાનક અંધકારમાંથી પ્રગટ થયો હોય તેમ એક પડછાયો" જય આપા વિસામણની'' કહેતા આપા વિસામણના ચરણમાં દંડવત્ પ્રમાણ કરે છે. આપા વિસામણનો ચહેરો આ દૃશ્ય ખડું થતાની સાથે સ્મિતથી રેલાઈ રહ્યો. પોતાનો ભક્ત આવા વિપરીત સમયમાં પણ ટેક સાચવીને દર્શને આવ્યો એથી તેઓ અનહદ આનંદ અનુભવી રહ્યા પોતે મીઠો આવકાર આપતા બોલ્યા :

" ભાઈ, તું તો ખરો ભડવીર ! આવ, બાપ સુરા આવ દર્શન કરી લે. તારુ નીમ પુરુ થઈ જાય.''

આપા વિસામણના શબ્દો સાંભળી દંડવત્માંથી ધીમેથી ઉભા થતા સુરાભગત બોલ્યા.'' હે આપા વિસામણ, આવી કસોટી હવે પછી કોઈની ન કરતા. બીજે દિલ રાજીપો અનુભવતું નથી, અને તમારો મારગ કઠણ છે.''

"હા, બાપ સુરા , હું તો કહેતો હતો કે ભાઈ આવું કઠણ નીમ ન રાખો. પણ તું ને ભીમો મારી આ વાત ક્યાં માનો છો.''

સુરો ધૂણા પાસે ગોઠવાઈને બેસી જાય છે. આપા વિસામણ, રામદાસજી અને સુરો વરસતા વરસાદમાં સત્સંગ આદરે છે.

વાતો ચાલી રહી છે ત્યાં બોટાદથી ભીમ વોરા પણ આવી પહોંચે છે. ભીના કપડામાં જ આપા વિસામણના દર્શન કરીને બેસી જાય છે. આપા વિસામણ તેને કહે છે કે,

"બાપ ભીમ, બહુ દાખડો કરવો રહેવા દે. બોટાદથી જ બે હાથ જોડી દર્શન કરી લે તોય ઠાકર માની લેશે. આવા તોફાન અને વરસાદમાં આવું સાહસ કરવું જરુરી નથી.''

"બાપુ, આપની વાત સાચી છે. નીમ લીધું ત્યારે ય તમે આવું જ કહ્યું હતું. પણ હવે ઘેર ક્યાંય ગમતું નથી. સાંજે આવી આપના દર્શન કરુ ત્યારે જ શાંતિ મળે છે. હવે તમે જ કહો કે આમાં હું શું કરુ? આજ તો આપે જ મને બચાવ્યો છે. કમર સુધીના પાણી રસ્તામાં ભર્યા હતા. એમાં ય પાળિયાદનું પાદર આવતા એક મોટા વાસંગી નાગ તણાતા આવ્યા. કેડ ઉપરના પાણીના તાણમાં મારા પગ પણ જમીન ઉપરથી ખસી જતા હતા. વાસંગીને ક્યાંય ચડવાનું ન મળ્યું તે મારી તરફ ફંટાયા. હું તો ઘણુંય ભાગવા કરું પણ પાણીમાં પગ ધાર્યા પડે નહીં. પાણીનું તાણ વધારે હતું. વાસંગી મારી સાવ નજીક આવી ગયા. મને થયું કે આજ હવે મારું

નિમિત્ત આવી ગયું. ભયના માર્યા મોઢામાંથી વેણ નીકળી ગયું કે હે વિસામણ હવે તો તમારું જ શરણ છે."

"મારું વેણ તો હજી મોઢામાં જ હતું ત્યાં મારી અને વાસંગી વચ્ચે એક કેરડાનું જાડું તણાતું આવી ગયું અને વાસંગી તેના ઉપર ચડીને આગળ પ્રવાહમાં તણાઈ ગયા. મને ઠાકરે ઉગારી લીધો. આવું મારા જીવનમાં ઘણીવાર બને છે. પણ હું તમને વાત કરતો નથી. બાપુ, હવે તો હું મુંઝાણો છું. મને આપના વિના ગમતું નથી. આપ મારી ક્યાં સુધી કસોટીઓ કરશો ? હું શું કરું ?" આમ કહેતાની સાથે ભીમ વોરાની આંખમાં શ્રાવણ - ભાદરવો વરસી રહ્યા. પોતાના ભક્તની પ્રેમપૂર્ણ વાણીથી અંતરના ઉમળકા સાથે આપા વિસામણ પોતાના ભક્ત ભીમ વોરાને ભેટી પડ્યા. ભીમ વોરાની ભક્તિ પ્રશંસા કરતા બોલ્યા.

"અહો ભીમ, તને ઠાકર ઉપર આટલો બધો પ્રેમ છે ? તું તો ભારે ભગત થઈ ગયો. લે હવે ભજન કરી લે ઠાકર સૌ સારાવાના કરશે. બેઉ ભજન બોલો બાપ એટલે ઠાકર પ્રસન્ન થઈ જાય."

આપા વિસામણનો આનંદ આજે ક્યાંય સમાતો નહોતો. પોતાના સીધા સાદા ભક્તોનું નીમ જોઈને પ્રસન્ન થયા હતા. પોતે તથા રામદાસજી સામસામા હોકા પીતા ભજન સાંભળવા લાગ્યા.

સુરા ભગતે ભજન ઉપાડ્યું"

"હરિને ભજતા હજી કોઈની લાજ જતા નથી જાણી રે,
જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે"

ભજન પુરું થતા આપા વિસામણ બોલી ઉઠ્યા

"વાહ સુરા તુ તો ઠાકરનો ભારે અંતેવાસી થઈ ગયો. આવી જ શ્રધ્ધા રહેશે તો ઠાકર સુખી કરશે. ભય છોડીને ભક્તિ કરી લે ભાઈ" આટલું કહીને ભીમ વોરા તરફ દૃષ્ટિ કરતા આપા વિસામણ બોલ્યા :

"હા ભીમ તું પણ તારું ભજનનું નીમ પુરું કરી લે"

ભીમ વોરાને ઠાકરે જ બચાવ્યા હતા. આ પહેલા પણ આવો જ એક પ્રસંગ તેમના જીવનમાં બન્યો હતો. જેથી ભીમ વોરાની શ્રધ્ધા દૃઢ થઈ હતી. એક વખત આપા વિસામણ રોઝા ઉપર સવાર થઈને બોટાદ પધારી રહ્યા હતા. રસ્તામાં મળતા સૌ તેમને વંદન કરતા હતા. આ દૃશ્ય જોઈને ભીમ વોરો જે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો તેના મનમાં સંશય થયો કે "આ બધા માણસો આ ઘોડેસવારને કેમ પગે લાગતા હશે ?" પોતાનો આ સંશય ટાળવા તેણે માણસોને પૂછ્યું : "ભાઈઓ, આ કોણ ઘોડેસવાર જાય છે અને તમે સૌ તેમને કેમ નમન કરો છો ?"

જવાબ મળ્યો કે "ભાઈ, આ પાળિયાદના આપા વિસામણ છે મહાન અને સમરથ પીર છે"

આ શબ્દો સાંભળીને ભીમ વોરાને વધુ સંશય થયો. તેઓ મનમાં કહેવા લાગ્યા કે "શું આવા તે પીર હોતા હશે ? આમ નિંદા કરતા પોતાના દાડિયા સાથે ખેતર આવ્યા. ખેતરના અડધા રસ્તે માંડ પહોંચ્યા હશે ત્યાં તો આપા વિસામણ પાછા ફર્યા. સહુ દાડિયા ફરીથી પગે લાગવા માંડ્યા એટલે ભીમ વોરા બોલ્યા : "ભાઈ તમે કોને પગે લાગો છો ? અહીંયા તો કોઈ છે નહીં." આ સાંભળી બધા દાડિયા હસવા લાગ્યા કે

ધોળા દહાડે ભીમ વોરા આંધળા છે નહીંતર બાપને ન ભાળે એવું બને ખરું ? ભીમ વોરાએ ચારે તરફ ઘણું જોયું પણ ક્યાંય ઘોડેસવાર દેખાયો નહીં એટલે મનમાં વિચાર આવ્યો કે,

"કદાચ મેં નિંદા કરી હશે તે મારો વાંક હોય તો હું એમની માફી માંગું છું."

આવો વિચાર આવતાની સાથે જ તેને પોતાની નજર સામે ઘોડેસવારના દર્શન થયા ત્યારથી ભીમ વોરાના મનની ભ્રાંતિ દૂર થઈ ગઈ. અને રોજ દર્શન કર્યા પછી જ વાળું કરવાની ટેક રાખી. તેમનું હૃદય ભક્તિના રંગે રંગાઈ ગયું. ભીમ વોરાના મુખેથી ભજન સર્યું.

"મુક્તિના દાતા તમે છો વિધાતા, શરણાગત રખવાળા પીરજી"

પીરજી પાતાણી રે હોજી....

ભીમને મનમાં ભ્રમણા જાગી, નિંદા રે નાથ નકલંગી રહેજી,

મધ્ય મારગેઢ રોઝો ભાળ્યો પીરની છબી ન કળાતી પીરજી.

પીરજી તાણાણી રે હેજી

એક પછી એક ભજનની કડીઓ ભીમ વોરાના કંઠમાંથી સરતી રહી. વરસાદી માહોલ થોડો શાંત થયો અને ભક્તિરસની હેલી વહી રહી. બંને ભક્તોને બહું મોડુ ન થાય અને વહેલાસર પોતાના ઘરે પહોંચી જાય માટે ચોહાર ભજન ન કરતા બે ભજનથી જ સંતોષ માની આપા વિસામણ બોલ્યા. : "ભાઈ ભીમ, તારો મનોરથ પણ પ્રભુ પુરો કરશે. હવે બંને જણા ઘર તરફ ચાલી નીકળો."

બંને ભક્તો પોતાનું નીમ પુરું કરી આપા વિસામણને વંદન કરી પોતપોતાના ઘર તરફ ચાલી નીકળ્યા ધૂણા પાસે બેઠા બેઠા આપા વિસામણે રામદાસજીને કહ્યું : "રામદાસજી, ભીમાની ભક્તિ ગંગાના પ્રવાહની જેમ ઉભરાતી જાય છે. ઠાકર એને ભક્તિના મારગે ચડાવવા માંગે છે."

"હા બાપુ, તમારા તરફના પ્રેમથી જ તેને ભક્તિ મળી છે."

"એવું જ હોય તો પછી ભલે ભીમ ઠાકરની ટેલ કરે" આપા વિસામણે કહ્યું.

બીજા દિવસનું પ્રભાત થયું. રામદાસજી સ્નાન-ધ્યાન કરી ઠાકરોજી સેવામા ગુંથાયા. આપા વિસામણ પણ પોતાનો નિત્યક્રમ પુરો કરી તૈયાર થયા હાથમાં માળા લઈ ધૂણા પાસે આવી બેઠા. લાલદાસ કસુંબો ઘૂંટવા લાગ્યા. કસુંબો તૈયાર થયો ને રામદાસજી આવી ગયા. સૌ પહેલા આપા વિસામણને ધરી અને પછી પોતે કસુંબો લીધો. ડાયરામાં જેમ જેમ આવતા ગયા તેમ તેમ સૌને બાવા લાલદાસે કસુંબો આપ્યો.

રામદાસજી રંગપર જવા માટેની તૈયારી કરીને જ આવ્યા હતા. શરીર ઉપર ભગવું વસ્ત્ર. જટામાં લીલી પામરી, પગમાં ચાંખડી, બગલમાં ઝોળી અને નાનકડી તુંબડી અને ભાલું હાથમાં શોભી રહ્યા હતા. સાધુ વેશમાં રામદાસજી પ્રભાવી પુરુષ લાગી રહ્યા હતા.

રામદાસજી બોલ્યા. "બાપુ, અબ મૈ રંગપર જાનેકે લિયે નીકલતા હું. છ મહિને તક અલખ જગાતે હુએ ઘૂમકર ફીર પાળિયાદ વાપસ લૌટુંગા."

"હા, બાવાજી આપા વિસામણ બોલ્યા: "ઠાકર સમરથ છે. ભગીરથ કામ ઠાકરની કૃપાથી જ પુરા થાય છે. ઠાકરનું નામ લઈને ધરમની ધજા ફરકાવવા નીકળી પડો. ઠાકર તમને સહાય કરશે."

આજ્ઞા મળી આથી રામદાસજી પોતાના માર્ગે ઉપડી ગયા. સૂર્યનારાયણે જ્યારે પૃથ્વીને અજવાળવા માંડી ત્યારે રામદાસજી રંગપરના તળાવ કાંઠે ભાલું ખોડીને આસન જમાવી બેસી ગયા.

અહીં પાળિયાદમાં બેઠક પાસે બાવો લાલદાસ કસુંબો ઘૂંટતા જાય છે. અમલની કાયમી ટેવવાળા બંધાણી અને ડાયરાના સત્સંગીઓ આવતા જાય છે. આપા વિસામણને પગે લાગીને સૌ ડાયરામાં બેસી એક બીજાના ક્ષેત્રકુશળ પૂછે છે. માંડવધારથી રૂડા પટેલ વગેરે પાંચ - સાત ગામલોકો બાપુને ગામમાં પધરામણી કરવાનું આમંત્રણ આપવા આવ્યા છે. ડાયરો ગુલતાનમાં છે, ત્યાં મારતે ઘોડે એક ઘોડેસવાર આવતો દેખાયો. ઘડીવારમાં તો અશ્વ જગ્યામાં પ્રવેશી ગયો અને શ્વાસ ધમણ થઈ ગયેલા ઘોડાએ હાવળ દીધી. આખા ડાયરાની નજરો ઘોડેસવાર ઉપર મંડાણી. કોઈ તેને ઓળખે ન ઓળખે તે પહેલા આપા વિસામણ ઓળખી ગયા. મીઠો આવકાર આપતા બોલ્યા.

"અ હો હો હો .. આ તૌ શૈલા ખાચર બાપ, જસદણ રાજનો ધણી. ધન્ય છે પેલા પહોરમાં પધાર્યા. બહું રુડું કર્યું"

બંને ભાવથી ભેટ્યા અને સુંદર આસન ઉપર શૈલા ખાચરને સ્થાન આપી બેસાર્યા. સૌ ડાયરાએ પણ તેમનું સન્માન કર્યું.

દરબાર શૈલા ખાચર બહુ શૂરવીર હતા. લોકો તેમની વીરતા જાણીને તેમને કાઠિયાવાડનો સિંહ કહેતા. વીરતા સાથે તેમની ન્યાયપ્રિયતા પણ પ્રસિદ્ધ હતી. એમનો ન્યાય એવો હતો કે ગુન્હો કરનાર પોતાનું સ્વજન હોય કે રાજનો અમલદાર તેને સજા કરવામાં કોઈ પક્ષપાત રાખતા નહીં. જસદણ રાજમાં નોકરી લેતા પહેલા સૌ સો વખત વિચારતા. તેમની નીતિ એવી હતી કે જ્યાં સુધી કોઈ તેમને છંછેડે નહીં ત્યાં સુધી તેમનું કશુંય નુકસાન ન કરવું. ગમે તેટલો ભય હોય તો પણ શરણાગતનું રક્ષણ કરવું. પોતાની પ્રજા અથવા અન્ય પ્રદેશના લોકો પણ રક્ષણ માંગે તો સહાય કરવી. પોતાના પ્રદેશમાં કોઈ શાસન જમાવવા પ્રયત્ન કરે તો લડી લેવું. આ રીતે રાજ્યનો વહીવટ ચલાવતા. આ કારણથી કેટલાકને આશ્ચર્ય થતું અને કેટલાકને ઈર્ષ્યા આવતી. ખુલ્લે ખુલ્લા તો તેમને છંછેડવાની કોઈ હિંમત ન કરતું એટલે છૂપી રીતે ખટપટો કરીને તેમની કીર્તિને ઝાંખી પાડવાના પ્રયત્નો કરતા.

ગાયકવાડી રાજ્યના સૂબાની કોઈએ કાનભંભેરણી કરી તેને કહેવાયું કે શૈલા ખાચર તમારુ શાસન સ્વીકારે એવું લાગતું નથી. સુબાએ ઓચિંતા જ લશ્કરી બળ વાપરી જસદણ રાજ્ય ઉપર ભીતી મુકી દીધી.

દરબાર શૈલા ખાચરના દિવાન તરીકે સરધારના શ્રાવક જેતસી ભગા હતા. રાજરીતમાં હોંશિયાર અને વ્યાવહારિક ઉકેલ માટે સૌ તેમની સલાહ લેતા એટલા યોગ્ય હતા. દિવાનજીએ શૈલા ખાચરને સલાહ આપી કે અત્યારે બળ અજમાવવાથી જાન - પ્રાણની ખુવારી થશે અને ઈર્ષ્યાળુઓને આનંદ થશે. માટે

શાંતિપૂર્વક એવી રીતે વર્તવુ કે કોઈ નુકસાન ન થાય અને આવેલ સંકટ દૂર થઈ જાય. થોડા દિવસ દિવાનની સલાહ મુજબ દરબાર શાંત રહ્યા પરંતુ તેમને લાગ્યું કે સ્વભાવ મુજબ પોતે લાંબો સમય આ કરી શકશે નહીં. એટલે સૌ ભાયાતો અને આપા વિસામણને મળવાની ઈચ્છા સાથે આજે વહેલી પરોઢે નીકળી અને પાળિયાદ પધાર્યા હતા.

ડાયરા મધ્યે શ્રી શૈલા ખાચર બેઠા છે. ડાયરો આનંદ પ્રમોદની વાતો કરી રહ્યો છે. આપા વિસામણ બોલ્યાઃ

"બાપ, શૈલા ખાચર લાખોના પાલનહારને એવી તે કઈ ભીડ પડી ગઈ કે આટલા વહેલા નીકળીને અહીં આવ્યા."

"ભગત, તમે તો જાણો છો કે માણસ ઉપર વિપત્તિ તો આવ્યા જ કરતી હોય છે. એમાં પણ જે સતના મારગે ચાલવા કરે તેના ઉપર વિપત્તિઓ વધુ આવે."

"હા બાપ હા, એમ તો આ દુનિયા જ અસતની છે પણ સતનો તારણહાર ઠાકર છે ને !"

"સાચું કહ્યું આપા ઠાકર સંભાળી લે તો સારું નહીંતર હવે આવો અન્યાય સહન નથી થતો."

"હા બાપ, છ મહિને તમારું સંકટ ટળી જશે."

"છ મહિનાની ધીરજ કેમ કરીને રહે. ત્યાં સુધી અન્યાય ખમી બેસી રહેવાય તેમ નથી."

"તો ત્રણ મહિના બાપ"

"આવું થાય તો ય એમાં ઠાકરની મોટપ ન ગણાય"

"ઓ હો હો બાપ, શેલણશી ધરપત રહેતી નથી તો ત્રણ દિવસમાં સંકટ દૂર થઈ જાશે બસ. પણ જસદણમાં આપા જૈતા નથી બાપ"

"હા ભગત એ તો છે"

"તો પછી અહીં સુધી આવવાનો દાખડો કેમ કર્યો ? આપા જૈતા જ સમરથ છે એમાં હુંય આવી ગયો"

"તો પછી એમને વાત કરું ભગત"

"ના બાપ ના એ બધુય જાણે છે. ત્યાં પહોંચે એટલી વાર પછી ફતેહના ડંકા જ ડંકા"

બંને વચ્ચેની વાતચીત સાંભળી ડાયરાને પોરસ ચડ્યો. સરસ્વતીના પુત્ર ડાયરામાં બેઠા હોય અને આવો અલૌકિક સંવાદ સંભળાય પછી ગઢવી ઝાલ્યા રહે ?

ડાયરામાં બેઠેલ નથા ગઢવીની વાણી કહેવા લાગી

કવિત

ગિરિ - વૃંદ - કુંજને, હુંકારથી ગજાવતો.
છલંગ ભર સામટી, કંઈક નરને હંફાવતો,

શૃંગાલ - શ્વાન - મૃગના, શિષને નમાવતો,
શેલણ સિંહ જબર, જસદણગઢ દીપાવતો.

દોહા :

ધરે ન પીછે પાંવ કદી, શાર્દુલ નવ તૃણ ખાય,
શેલણ ભો નિવારીએ, આ તો અનંભ વાત લેખાય.

ડાયરો કવિના નરવાકંઠે શૈલા ખાચરની આ બિરદાવલીથી પ્રસન્ન થઈ ગયો. આપા વિસામણના વચનથી અને ગઢવીની વાણીથી તેમની છાતી ગજગજ ફુલી રહી. આખી દુનિયા સાથે બાથ ભીડવી પડે તોય વાંધો નહી એવા વિશ્વાસથી દરબાર શ્રી શૈલા ખાચરે કસુંબો લીધો. બધી જ ચિંતા - ઉપાધિનું પોટલું વાળી વાતે વળગતા બોલ્યાઃ

"ભગત, ડહાપણ તો વાણિયાએ આખિયાતુ રાખ્યું છે. દિવાને મને ધીરજ રાખવાનું કહ્યું, નહીંતર અત્યાર સુધી મારી ધીરજ જવાબ દઈ ગઈ હોત."

"હા બાપ, ડહાપણ સારું છે પરંતુ હડાપણ હોય અને શ્રધ્ધા ન હોય તો ડહાપણ પણ ડોળાઈ જાય. ઈ વાણિયો ય શ્રધ્ધાળું કહેવાય શું કહો છો ગઢવી?"

"હા બાપુ, ઠાકરનો બોલ! સોયના નાકામાંથી હાથી કાઢે એવી શ્રધ્ધાને કેમ ઉવેખાય?"

આમ વાતો ચાલે છે ત્યાં આપા વિસામણ એકદમ બોલી ઉઠ્યા.

"ઓહોહો, મુંઝાઈશ નહીં બાપ, મુંઝામાં આ આવ્યો નાગ ધીરજ ધરી રાખ."

આપા વિસામણના શબ્દો સાંભળી નથા ગઢવીએ પૂછી નાંખ્યું: "બાપુ, વળી ક્યાં અસવારી કરી?"

"મારો ભગત નાગ મુંઝાણો તો ભાઈ, પણ ઠાકર વહારે પહોંચી ગયો." બાપુએ કહ્યું.

"પણ કંઈ વાત કરો તો ખબર પડે ને"

"ધીરજ રાખો બાપ, નાગ પંડ્યે આવીને વાત કરશે એટલે બધું સમજાઈ જશે"

ડાયરાને નવાઈ લાગી કે બાપુ તો અહીં બેઠા છે અને કેવી રીતે નાગની મદદ કરી હશે? પરંતુ જેઓ જાણતા હતા તે સમજી ગયા કે બાપુએ અહીં બેઠા પરચો પૂર્યો હશે. બધા બીજી વાતે વળ્યા.

દરબારશ્રી શેલા ખાચરે જ્ઞાન, ગમ્મત, શ્રધ્ધા અને સત્સંગની વાતો હૃદયમાં સાચવી લીધી. બાપુની આજ્ઞા લઈને નવા જ ઉત્સાહ અને મનોબળ સાથે જસદણ જવા નીકળ્યા. તેમના મનમાં ઝટ આપા જૈતાને મળવાની તાલાવેલી હતી.

જૂના ઘેઘુર અને ઘટાદાર વિશાળ લીંબડા નીચે નાનકડી મઢી બનાવી આપા જૈતા રહેતા હતા. મઢીમાં બેઠા હાથમાં માળા લઈ ઠાકરના નામની માળા કરતા હતા. મઢીની બહારથી તેમને ઘોડાના ડબોટા સંભળાણા અને તે સાથે જ આપા જૈતા મઢીમાં બેઠા બેઠા જ બોલી ઉઠ્યા.

"ભાઈ શેલણશી હાલ્યા આવો પાળિયાદનો ઠાકર તમારી ઉપર પ્રસન્ન થઈ ગયો છે. હવે તમને કોઈ ભય નથી."

કોઈપણ વાત હજુ થઈ નહોતી છતાં પોતાની બધી જ વિગત જાણી જનાર આ પણ મહાપુરુષ છે તેમ જાણી શેલા ખાચર તેમને પગે લાગ્યા. બે ઘડી પોતાની વાત કરી. વાત સાંભળતા આપા જૈતાએ જમીન પર માળા પછાડતા કહ્યું:

"લે બસ સુબો ભાગી ગયો હવે મોજ કરો"

દરબારથી રાજમહેલમાં પધાર્યા. દિવાનને બોલાવી વાત કરી એટલે દિવાન બોલ્યા:

"બાપુ, હવે દુનિયા ઝખ મારે, આભે થાંભલા દેવાઈ ગયા છે."

"પુરા ત્રણ દિવસ ન થયા ત્યાં તો સુબાને સન્મતિ સૂઝી દરબારશ્રી દિવાનને સાથે લઈ આપા જૈતાના દર્શન કરવા ગયા. એક વાડી તથા જમીન જગ્યામાં અર્પણ કરી. જગ્યા ચણાવી આપી અને વર્ષાસન બાંધી આપ્યું. આપા જૈતાએ પોતાની પાછળ મેળો કરવાનું કહ્યું એટલે દરબારશ્રીએ હા પાડી અને સુખપૂર્વક પોતાના રાજ્યનું સંચાલન કરવા લાગ્યા.

બીજે દિવસે પાળિયાદ જગ્યામાં ડાયરાની જમાવટ થઈ અને નાગ ગોવાળિયો આવી પહોંચ્યો. આપા વિસામણને પગે લાગી ડાયરામાં બેઠો. સૌ કોઈને ગઈકાલની ઘટના યાદ આવી ગઈ અને નાગ ગોવાળિયાની વાત સાંભળવા ઉત્સુક બની ગયા.

નાગ ગોવાળિયો પંચાળમાં રહેતો હતો. તલવાર બાજીમાં બહુ કુશળ અને બહાદુર હતો. તેના ઘેર સો થી સવાસો ઘોડા કાયમ બાંધેલા જ હોય. એમાં પણ પાંચ - પચીસ ઘોડા તો સામાન બાંધેલા તૈયાર જ હોય, કારણ કે કોઈ વખત અચાનક દોડવું પડે એવી સ્થિતિ હોય તો ઘડીભરનો પણ વિલંબ ન થાય.

ઘટના કંઈક એવી બની કે એ વખતે પચીસ ઘોડા સાથે નાગ ગોવાળિયો ચડ્યો. સવાર પડતા અમદાવાદ નજીક પહોંચી ગયા. પડખેના ગામના ઢોર વાળીને પાછા ફરી ગયા પણ એક ભૂલ થઈ ગઈ ગામની પાસે જ થાણું હોવાથી સૈનિકો પાછળ પડ્યા. નાગ ગોવળિયાને ભાગવું ભારે થઈ ગયું. સાથીદારોને બધા ઢોર એક કોતરમાં લઈ જવાનું કહી પોતે એકલા ઘોડો મારી મુક્યો. ચારેબાજુ હાથિયાથોરની વાડ હતી એટલે નાસી જવાનું સરળ પડશે એમ ધારીને વાડની અંદર જ પુરપાટ ઘોડો દોડાવી મૂક્યો. વારના ઘોડા પણ એકલો જાણીને પાછળ પડ્યા. આગળ જતાં નાગ ગોવાળિયાનો રસ્તો બંધ થઈ ગયો. રસ્તામાં આડે મોટી બધી ઉંચી હાથિયાથોરની વાડ આવી. પોતે વિચારમાં પડી ગ્યો કે હવે કોઈ મારગ નથી. પકડાયા જ સમજો. હવે તો પાળિયાદ ઠાકર સહાય કરે તો ઉગરી શકાય . આમ વિચાર કરીને જય આપા વિસામણ કહી ઘોડીની લગામ ખેંચતા જ ઘોડી ઠેકીને વાડની બીજી તરફ ઉતરી ગઈ. જાણે ઘોડીને પાંખો ફૂટી હોય તેમ પક્ષીની જેમ તેણે વાડ ઓળંગી લીધી.

વારના બધા ઘોડા વાડની બીજી તરફ અટકીને ઉભા રહી ગયા. નાગે પૂરપાટ ઘોડી દોડાવી મૂકી.

સહેજ શાંતિ થતા તેને યાદ આવ્યું કે જ્યારે આપા વિસામણનું નામ લીધુ ત્યારે "આવ્યો બાપ નાગ, આ આવ્યો" એવો ભણકાર તેને સંભળાયો હતો. તેના મનમાં આ વાતનું સ્મરણ થતા પાક્કો વિશ્વાસ બેસી ગયો કે પાળિયાદના ઠાકર જ તેની વહારે ચડ્યા અને આ સંકટમાંથી તેને ઉગાર્યો.

ત્યાંથી ભાગીને સીધો પાળિયાદ આવીને જ અટક્યો આપા વિસામણને પગે લાગીને માનતા પુરી કરી તેમજ સૌ ડાયરાને પોતાની વિતક કથા અને બાપુની કૃપાની વાત કરી. ડાયરો આગલા દિવસની વાત કરીને કહેવા લાગ્યો કે, ગઈ કાલે ડાયરામાં બાપુ બોલ્યા હતા તે હવે સમજાઈ ગયું. ડાયરો બે ઘડીભર આપા વિસામણની આ ઠકુરાઈની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યો. સહુની વાતો સાંભળીને આપા વિસામણે નાગ ગોવાળિયા સામે દૃષ્ટિ કરીને તેને પૂછ્યું.

"ભાઈ નાગ, બહુ ભીડ પડી બાપ!"

" હા બાપુ, ખોટા કરમ કરીએ એટલે ભીડ તો પડે જ ને! પણ આપ સમરથ છો. મારા જેવા પાપીનો હાથ પકડી લીધો"

"તારી શ્રધ્ધા છે ને બાપ, મારે તો સૌ સરખા પણ હવે તું ઠાકરનું ભજન કરી લે. ખોટા કરમ છોડીને સાચના માર્ગે વળી જા. આ રસ્તેથી જ મુક્તિ મેળવી શકાય છે."

"હા બાપુ, તમે સાચુ કહો છો."

અને નાગ સારા - નરસા કામની માયાજાળમાંથી મુક્ત થઈ સાચના મારગે વળી ગયો. ભગવાન વિષ્ણુએ જેમ મગરના મુખમાંથી હાથીને છોડાવ્યો હતો તેમ બાપુએ નાગને જીવનમુક્ત બનાવ્યો.

"વિ" કહેતા વારૂ કરે, "હ" કહેતા હણાય.

"ળ" એ જ્યોતિ જાગીયું, પશ્ચિમ ધરાની માંય.

" હે ઠાકર! આપ તો જાગતી જ્યોતિ છો. સમરથ ધણી છો. તમારું પુરુ નામ લેવાય તે પહેલા તો તમે વાર કરવાવાળા છો. મારા બાપ, તમથી શું ન થાય" નથો ગઢવી બોલી ઉઠ્યા.

વાતોવાતોમાં જમવાનો સમય થઈ ગયો. આજના ડાયરાની ખૂબી રોજ કરતા અનેરી હતી. સહુ પોતાના હૃદયની વાત ઠાકર પાસે રજૂ કરી કોઈપણ જાતના સંકોચ કે મર્યાદા વગર શાંતિ મેળવતા હતા. ડાયરો વાર્તારસથી તરબોળ થઈ ગયો હતો. કોઈને ઉઠવાનું મન થતું નહોતું. એટલામાં બોટાદથી ભીમ વોરા આવ્યા અને આપા વિસામણના પગમાં પડ્યા એટલે બાપુ જાણે કે પોતાને નવાઈ લાગતી હોય તેમ બોલ્યા :"ભાઈ ભીમ, આજે કેમ અત્યારે? રાતનું નીમ છે તેનું શું થશે?"

"બાપુ, હવે તો ઠાકર આશરો આપે તો અહીં જ રહેવું છે."

"ભલે બાપ, અહીં તો તારા ઠાકરનું જ ઘર છે. કોઈ વાતનો તુટો નથી. જે બને તે ટેલ કરી લેજે." એમ કહેતા પોતે સૌ ડાયરા સાથે જમવા ઉઠ્યા. ભીમ વોરાને પણ બધાની સાથે જમવા બેસારી દીધા. ભીમ વોરાનું વતન જસદણ હતુ. મૂળીયા શાખાના ઘાંચી વોરા હતા. બોટાદમાં ઘાણી કરી તેમજ ખેતીના

વ્યવસાયથી નિર્વાહ કરતા હતા. પોતાનો ધંધો કરવા છતાં તેમની વૃત્તિ ધર્મ તરફ વિશેષ ઢળેલી હતી. સાધુ - ફકીરની સેવામાં તેમનું ચિત્ત પરોવાયેલું રહેતું. ક્યાંય ભજન હોય તો ત્યાં પહોંચી જતા અને પ્રભુ પરાયણ જીવન જીવતા. આપા વિસામણના ભક્ત થયા પછી તેમની વૃતિ ધંધો વેપારમાં લાગતી નહીં.

એક વખત ખેતરમાં કામ કરતા કોઈ સાધુને જોઈ ગયા. તેમની સેવા - ચાકરી કરવા લાગ્યા. તેમના મોટાભાઈને તેમનું આવું વર્તન પસંદ પડતું નહોતું. તેઓ તેમને આવું કરવાની મનાઈ કરતા તેમ છતાં તેમની ટેક છોડ્યા વિના સાધુ - સંતની તક મળ્યે સેવા કરતા રહેતા. એક દિવસ તેમના મોટાભાઈને ખૂબ જ ક્રોધ ચડ્યો. એકદમ ગુસ્સે થઈને તેમણે ભીમ વોરાને કહ્યુ :

"ભાઈ ભીમ, હવે આવું હું નહીં ચલાવી લઉં. કાં તો તું સાધુ સેવા કર અને કાં ઘર - ધંધાનું ધ્યાન રાખ. આ રીતે તો તારા બેય બગડે છે. મને તારું આમ કરવું પસંદ નથી."

મોટાભાઈના શબ્દો ભીમ વોરાના હૃદયમાં બરછી જેમ વાગ્યા.. કામકાજ પડતું મૂકી એક ખીજડાના છાંયે જઈને સૂઈ ગયા. આપા વિસામણ યાદ આવ્યા. આ જીવનને પુરેપુરું સુધારી લેવાની ઈચ્છા જાગૃત થઈ. લાગણી પ્રધાન ભીમ વોરાના મન - મસ્તિકમાંથી સાખીઓ નિકળવા લાગી.

: સાખી :

મન મરે હું પદ ગળે, વળી તનસા ટળે જ તાપ,
હરખે વિહળ નીરખવા, સમરું હું દિન - રાત
શ્વાસે શ્વાસે સમરું તુંહે, વિણ વિહળ નહીં નામ,
ખેત મજૂરી સંત સેવા, એક પંથ દો કામ.
વિહળ મું વાલા ઘણા, વળી હું વિહળને નાંહિ.
અરજી સુણો હવે શામળા, સગું નથી રહ્યું કોઈ.

ભીમવોરાના હૃદયમાંથી પ્રગટેલી આ વાણી જાણે પોતે સાંભળતા હોય તેમ ભીમ વોરાના કાનમાં અવાજ સંભળાયો કે,

"ભાઈ ભીમ, હાલ્યો આવ ભાઈ, અહીં તારું જ ઘર છે."

"આપા વિસામણના શબ્દોના ભણકારા વાગતાં જ ભીમ વોરા પાળિયાદ પહોંચી ગયા. જગ્યામાં રહીને ભાવપૂર્વક ગૌમાતાનું છાણવાસીદુ કરીને ટેલ કરવા લાગ્યા. ગાયો પ્રત્યેની તેમની મમતાના લીધે તેમનું હૃદય પ્રસન્નતા અનુભવી રહ્યું. તેમના અંગેઅંગમાં દિપકની જ્યોત જેવો ઉજાસ ઉઘડવા લાગ્યો. ગૌમાતા ઉપર પ્રેમ જન્મે એ ભક્તિની નિશાની છે. ગૌમાતા ધરતીનુ ઢાંકણ ગંગાના પ્રવાહની તોલે મનાય છે.

આપા વિસામણને રામપરા જવાનું હતું. રોઝા ઘોડી પોતે ચડ્યા અને આઠ ઘોડેસવાર સાથે રામપરા જવા નીકળ્યા. રૂડા પટેલ વગેરે પટેલિયાઓ ગામના ગોંદરે સ્વાગતની તૈયારી સાથે ઉભા હતા.

આખા ગામને આજે સંતના આગમનની ખબર હતી એટલે ઉમંગપૂર્વક ગામને શણગારી અને ઉતારા માટેની વ્યવસ્થા ગોઠવી હતી. સહુ હાથમાં ઝાંઝ - પખાજ તથા કરતાલ - મંજીરા લઈ ગામના પાદરમાં આવી ઉભા હતા. ઉત્સાહી યુવાનો અને ભક્તો સાથે મળી ગરબી લેતા હતા. ગામમાં જાણે કે ચેતન સ્વરુપે ભક્તિના ઓઘ ઉછળી રહ્યા હતા. બરાબર રાસની રમઝટ બોલી અને દૂરથી આપા વિસામણના રોઝા ઘોડા અને અસવારોના દર્શન થયા. સૌ ભક્ત સમુદાય હૃદયના ઉભરા સાથે 'આપા વિસામણની જય' બોલાવવા લાગ્યા. ઘોડો ગામ ઝાંપે આવતા સહુએ એક પછી એક દર્શન કર્યા અને ગાતાવાતા ગામમાં પધરામણી કરી.

શણગારેલી સ્વચ્છ શેરીઓમાંથી રાસ - ગરબા સાથે પસાર થતી સ્વાગત યાત્રામાં સૌ હરખભેર મહાલી રહ્યા છે. અબિલ ગુલાલની છોળોથી સૌના વસ્રો અને ગામની શેરીઓ રંગાઈ રહી છે. ચાલી ન શકે એવા વૃધ્ધ લોકો પોતાના ઘરના ઓટલા પાસે સંતના દર્શન કરવા બેઠા છે. દર્શન થતા તેમની આંખોમાંથી હર્ષાશ્રુ સરી પડે છે અને મુખમાંથી પ્રાર્થના - વંદનના શબ્દો નીકળી પડે છે. "હે મારા નાથ, હવે ફરી દર્શન થાય કે ન થાય પરંતુ અમારા હજારો ગુનાઓ માફ કરીને અમને તમારા ચરણોમાં રાખજો."

આવી જ રીતે કેટલાક જીવન પ્રત્યે મોહ રાખતા લોકો તંદુરસ્તી અને આરોગ્ય સાચવવા પ્રાર્થના કરે છે. તેમને સમજ નથી કે શરીર અને મોહમાયા, સંસારના સુખ અને તૃષ્ણા નાશવંત છે. સદ્જીવન જ સાચી મૂડી છે કે જે આપણને પ્રભુના ખોળામાં લઈ જાય છે. નાના - મોટા સૌ આપા વિસામણના દર્શન કરીને પોતાની જાતને ધન્ય માને છે. કેટલાક સજ્જન લોકો સંસારના સુખને સ્થાને આધ્યાત્મિક આનંદની ઈચ્છા કરે છે. તો કેટલાક વિવિધ પ્રકારની મન પ્રેરિત ઈચ્છાઓની પૂર્તિ કરવાની મનોમન માંગણી કરે છે. તેમનું તૃષ્ણાથી ભરેલું મન જાણીને આપા વિસામણ મંદમંદ સ્મિત કરે છે. આખા મારગે બંને હાથ ઉંચા કરી સૌને આશીર્વાદ આપતા જાય છે. પુરુષો જેમ રાસમાં તરબોળ છે તેમ સ્રીઓ ધોળ - કીર્તનથી વાતાવરણને ધર્મમય બનાવી રહી છે.

આમ - બધો જ લોક સમુદાય આનંદ વ્યક્ત કરતો ગામમાં ફર્યો જાણે કે પોતાના કોઈ આત્મિય સ્વજન આવ્યા હોય તેમ હર્ષના મોજાં ઉછળી રહ્યા છે. સૌના હૈયામાં આનંદ -આનંદ છવાઈ ગયો છે જેનાથી જાણે કે સૌ પોતાનું પાત્ર ભરી લઈને હૃદયમાં સંઘરી રાખવા માગતા હોય તેમ તલ્લીન થઈ ગયા છે. જાણે કે સ્વયં ઠાકર આ ધરતીને પાવન કરવા પધાર્યા હોય તેમ ગામ સમસ્ત સુખના દરિયામાં ઝૂલી રહ્યું છે.

સહુને દર્શન આપી, સૌની મનોકામના પૂર્ણ કરી પોતે પોતાના ઉતારે પધાર્યા. સાકર અને ટોપરાનો પ્રસાદ સૌને વહેંચાયો. પ્રસાદ લઈ સૌ પોતપોતાના ઘેર ગયા. રાત્રે ભજનની રમઝટ બોલી જેમાં ભક્તોએ પોતાના હૃદયના ભાવ સંગીતમાર્ગે વ્યક્ત કર્યા.

બીજે દિવસે સવારમાં ડાયરો એકઠો થયો. ગામના બંધાણીઓ સામગટે ભેગા મળ્યા. ડાયરાની બેઠક ચિક્કાર ભરાઈ ગઈ. કસુંબા ઘૂંટાવા માંડ્યા. અગમ- નિગમની વાતો ચાલી અને પુરું વાતાવરણ જ્ઞાન - ભક્તિથી ઉભરાઈ રહ્યું. ગામના લોકો જેમ જેમ આવતા જાય તેમ તેમ આપા વિસામણને પગે લાગી જ્યાં

જ્યાં જગ્યા મળે ત્યાં બેસતા જાય છે. ડાયરાની જમાવટ થાય છે તે સમયે રૂડા પટેલ પંદરેક વર્ષના એક કોળીના દીકરાને લઈને આપા વિસામણ પાસે આવતા કહે છે :

"ધમલા, બાપુને પગે લાગ બેટા"

બાળકે બે હાથ જોડી નીચો નમી આપા વિસામણને પગે લાગે છે. એટલે બાપુ રૂડા પટેલને પૂછે છે :

"કાં ભાઈ રૂડા, આ છોકરું કોણ લઈ આવ્યો ?"

"બાપુ, આપના દર્શને લાવ્યો છું."

"હાઉં દર્શન થઈ ગયા. હવે જાવા દે, ડરતું લાગે છે."

"ઈ છોકરું ડરતું નથી પણ મુંગું છે બાપુ"

"ભાઈ રૂડા, એવું ખોટું કેમ બોલે છે આવડું છોકરું વળી મુંગુ કેમ કરતા ?"

"બાપુ, જનમથી જ બોલતું નથી."

"એવું તે હોય બાપ, એવો અન્યાય ઠાકર નથી કરતો."

"હા, હા બાપુ, ઘણા વાના કર્યા પણ છોકરાને વાચા જ નથી. મનમાં સહુને એમ થયું કે આજ બાપુ પધાર્યા છે તો ધમલાને દર્શન કરાવો એટલે હું લેતો આવ્યો."

"ઠીક છે ભાઈ" આપા વિસામણ બોલ્યા "ધરમશીને અહીં લાવો. ઈ તો ઠાકરનો ભગત હોય એવુ લાગે છે."

ધમલો નજીક આવ્યો. રૂડા પટેલે કહ્યું તે પ્રમાણે બાપુના ચરણમાં પડ્યો. આપા વિસામણને આ બાળક ઉપર કરુણા ઉપજી એટલે બોલ્યા : "ભાઈ, ધમલા, જનમ ધારણ કર્યો અને જીભ નથી તો જનમ શું કામનો ? તું તો હરજીનો અવતાર છે બાપ, મુંગો કેમ રહે છે ? લે હવે રામનું નામ લઈ લે એટલે સૌને સંતોષ થઈ જાય."

આપા વિસામણનું વચન પુરુ ન થયું ત્યાં તો ધમલાની વાચા ખુલી "બાપુ, રામ રામ"

"વાહ ધમલો, મારો ધરમશી ભગત વાહ હવે આજ રીતે બોલતો રહેજે બાપ" આપા વિસામણે કહ્યું.

"એ તો આપની દયા" ધમલે જવાબ આપ્યો.

"દયા તો થઈ ગઈ ઠાકરની, હવે મુંગો ન રહેતો" બોલીને આપા વિસામણે ધમલાના મસ્તકે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

સમગ્ર ડાયરો આ પ્રત્યક્ષ પરચો જોઈને આભો બની ગયો. સહુના મનમાં ઠાકર તરફની લાગણી વધી ગઈ. જે જે માનતું નહોતું તે પણ આપા વિસામણને માનવા લાગ્યું. ઘેરઘેર તેમની પધરામણી થઈ. પોતાને ઘેર ઠાકરના ઘોડાની સ્થાપના કરીને સૌ તેની પૂજા કરવા લાગ્યા. ધરમશી ભગતના હૃદયના દ્વાર ઉઘડી ગયા અને તેમની વાણી તેમાંથી વહેવા લાગી. આ ઘટના પછી તે ઠાકરના ગુણગાનમાં મસ્ત રહેવા લાગ્યા. પોતે

ઠાકરના ભજન બનાવી સૌને સંભળાવવા લાગ્યા.

બે દિવસ રોકાઈ સૌને આનંદ અને ધરમશી ભગતને વાણી આપી આપા વિસામણ પાળિયાદ પધાર્યા. ધરમશી ભગત તે દિવસથી નિયમિત પાળિયાદ જવા લાગ્યા અને સમય પસાર થયેથી હરજી ભાઠીની જેમ આપા વિસામણના મહાન ભક્ત બની ગયા.

ધરમશી ભગતનો જન્મ ગઢડા પાસે મેઘવડીયામાં થયેલો. તેઓ જાતે બારૈયા શાખના કોળી હતા. થોડો વખત કેરાળામાં રહી પછી ભડલી દરબાર ભાણ ખાચરના આગ્રહથી રામપરામાં તેમના પિતાશ્રીએ વસવાટ કર્યો. દરબારશ્રી ભાણ ખાચરને વહેમ પડ્યો કે, ધરમશી ભગત કામણ - કૂટણ કરે છે એટલે તેમને જેલમાં પૂર્યા. પરંતુ છેવટ એવું કંઈ નથી એ જાણવા મળતા માનઆદર સાથે છોડી મુક્યા. ઉપરથી તેમને ચાર સાંતીની જમીન આપી. પછીના સમયમાં ભાઈઓના ભાગ પડતાં જમીન તો રહી નહીં. કરિયાણા પાટી તરફથી ચૌદ વીઘાની એક વાડી આજ સુધી છે. હાલમાં રામપરામાં ધરમશી ભગતની સુંદર જગ્યા છે. જેમાં તેમની સમાધિ પણ છે.

• • •

## રામદાસજી

ભગવાનનો પ્રેમ કંઈ તપ, યજ્ઞ, દાન, પરોપકાર, વેદોનું અધ્યયન ઉપરાંત સૂર્યને અર્ધ્ય કે અગ્નિ ઉપાસનાથી જ મળે એવું નથી. આ બધા શ્રેષ્ઠ કર્મ છે. પરંતુ મહાપુરુષોના સાનિધ્યમાં રહી તેમની ચરણરજના સ્પર્શથી પણ પ્રભુનો પ્રેમ મળી શકે છે. મહાપુરુષોની ઈચ્છા મુજબ આચરણ કરનાર પણ પ્રભુના આ પ્રેમનો અધિકારી બને છે. મારું ઘર, મારા સગા-સંબંધી, મારું ધન જેવી ઘણી બાબતો આ કાર્યમાં અવરોધરૂપ બને છે." હું " અને " મારું " ની ભાવના જે મૂકી શકે છે તે આ ભક્તિ અને સેવાના માર્ગે ભગવાનનો પ્રેમ પ્રાપ્તિ કરી શકે છે.

પાળિયાદથી આપા વિસામણની ઈચ્છા મુજબ બાવા રામદાસજી સંન્યાસી વેશમાં રંગપર જઈ પહોંચે છે. ગામ બહાર તળાવની પાળે આસન જમાવી જે કોઈ ગામલોકો આવે તેમને ધર્મોપદેશ આપતા રહે છે. બાપુની આજ્ઞા મુજબ પોતાને ધર્મપ્રચાર સિવાય બીજો કંઈ સ્વાર્થ હતો નહીં. આસપાસના ગામમાં ખબર પડવાથી ત્યાંના લોકો પણ આવવા લાગ્યા. રંગપરમાં જાનકીદાસને સિધ્ધિ આપી પછી રામદાસજીએ ઝાંઝરકા સવા ભગતને પણ ભક્તિ માર્ગની સમજણ આપી. વાસણાથી વસ્તા ભગત દરજી તથા ગામના પાળે એક નાની મઢુલી બનાવીને તેના ફરતે એક નાનકડી ગૌશાળા પણ તૈયાર થઈ ગઈ. સવાર સાંજ ગાયોની સેવા અને ભેખધારી તેમજ ભકતોને ભોજનના ટુકડાનો પણ પ્રારંભ થયો. અહર્નિશ સત્સંગવાર્તા અને ભજનભાવ આ સ્થળે થવા લાગ્યો.

થોડા સમય પછી મારવાડથી બે ગિરાસદાર ભાઈઓ સાધુ વેશે અહીં આવી ચડ્યા. જેમાંના એકનું નામ ફક્કડ અને બીજાનું નામ નાથ હતું. એટલે સૌ બંને ભાઈઓને ફક્કડાનાથ કહેવા લાગ્યા. આ સઘળું મંડળ રામદાસજીના કારણે અને તેમની કૃપાથી બન્યું.

તુલસીદાસજી રામાયણમાં કહે છે કે "ભક્તિ જાતિ, વિદ્યા, કૂળ, રૂપ, ધન અથવા ક્રિયા દ્વારા નથી ઓળખાતી. બ્રાહ્મણ હોય કે શુદ્ર, ભણેલો હોય કે અભણ, સુંદર હોય કે કુરૂપ, ધનવાન હોય કે દરિદ્ર : આ બધાને ભક્તિ સાથે કાંઈ જ સંબંધ નથી. જે પ્રભુને સર્વસ્વ અર્પણ કરીને તેનું નામ સ્મરણ કરે છે તેને જ ભક્તિ પ્રાપ્ત થાય છે."

નિષાદ્ નીચ જાતિમાં જનમ્યા હતા. સજ્જન કસાઈ હતા. શબરી ભીલ જાતિની હતા. ધ્રુવજી અભણ બાળક હતા.વિભિષણ અને હનુમાન કુરુપ હતા. વિદુર અને સુદામા નિર્ધન હતા. આમ છતાં આ સૌએ ભક્તિ દ્વારા ભગવાનની કૃપા મેળવી હતી. ગોપીઓ કોઈ યોગ જાણતી નહોતી છતાં પ્રેમલક્ષણા ભક્તિથી ભગવાન શ્રીકૃષ્ણનો પ્રેમ પ્રાપ્ત કર્યો. આ બધા દૃષ્ટાંતોના આધારે કહી શકાય કે જેનું મન રાત-દિવસ અને

પળેપળ ભગવાનનું સ્મરણ કરે છે તેને ભક્તિ તેની સહજ કૃપા સ્વરૂપે મળે છે. જગતમાં કોઈ સાચો નાતો હોય તો તે ભક્તિનો જ છે. મારુ કુળ, ધન સંપતિ, ગુણ અને ચતુરાઈ તેમાં કામ આવતી નથી. ભક્તિ વગરનો મનુષ્ય પાણી વગરના સમુદ્ર જેવો છે. તમામ પ્રકારનું અભિમાન છોડી સમતાપૂર્વક જે ભક્તિ કરે છે તેને જ પ્રભુરસના પ્રેમનું પાન થઈ શકે છે.

રંગપરના ગામ ટીંબે તળાવની પાળે બાંધેલી મઢુલીમાંથી રામદાસજીનો ધર્મોપદેશ જ્યારથી શરૂ થયો ત્યારથી રંગપરમાં કાયમ કસુંબા ઘુંટાવા લાગ્યા દરબારો તથા સહુ બેઠકના માણસો બધા ભેદભાવ ભૂલીને એક જ જાજમ ઉપર બેસવા લાગ્યા. બધા વચ્ચેના ઉંચનીચના ભેદભાવ ટળી ગયા કારણકે ભક્તિમાર્ગમાં આવો ભેદભાવ રહેતો નથી. આમ છતાં પણ ક્યારેક ગામનાં દરબારોનું મન કોચવાતું.

કસુંબા પીને સહુ એક જ હુક્કાની સટો લેતું એક વખતે હોકાની સટ લઈને ફક્કડા મહારાજે એક દરબારને આપ્યો. દરબાર ઘેરે જવા માટે ડાયરામાંથી ઉઠ્યા અને ચાલવા ગયા કે તેમના પેટમાં ચૂંક આવી. પેટમાં ગોળો ચડ્યો અને ત્યાંજ પડી ગયા. ફક્કડા મહારાજને આ વાતની જાણ થતાં બોલ્યા,

"એ હુક્કાકી એક સટ ખીંચ લો સબ મીટ જાયેગા"

દરબારે તેમના બોલ સાંભળી હુક્કાની સટ લીધી અને ગોળો બેસી ગયો. આ ઘટના પછી મંડળમાં તમામ પ્રકારના ભેદભાવ દૂર થઈ ગયા.

ભક્તમંડળમાં સૌને જુદુજુદુ કામ સોંપ્યું હતું. તેમાં વસ્તા ભગતને વાસીદું કરવાનું હતું. તેમ કરતાં થોડા સમયે તેમના માથામાં જીવડા પડ્યા. આમ છતાં તેમણે સૂંડલો લઈને વાસીદું કરવાનું પોતાનું કામ ન છોડ્યું. બાવા જાનકીદાસ આ જોયું અને બોલ્યા.

"વસ્તા સૂંડા ઉતાર દે, સૂંડા કો લાત માર સાલા અપને આપ હી ચલા જાયેગા"

ત્યારથી વસ્તાભગત સુંડલો ભરી લાત મારે એટલે સુંડલો તેની જાતે ઠલવાઈને પાછો આવી જાય. આ રીતે વસ્તાભગતની ટેલની ખાત્રી થઈ એટલે ગુરુ રામદાસજીએ આદેશ આપ્યો કે,

"પાછા પગલે ચાલતા જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં આસન જમાવવું" વસ્તાભગત આદેશ પ્રમાણે પાછલા પગે ચાલવા માંડ્યા વાસણા આવ્યા ત્યાં ઉકરડા પર ચડતાં દિવસનો અસ્ત થયો. આથી ગુરુ આદેશ મુજબ તેમણે ઉકરડા ઉપર જ આસન જમાવી દીધું. આ રીતે સવાભગત ગામ ઝંઝરડામાં રહીને ભક્તિ કરવા લાગ્યા.

એક વખતે તેમનો પોતાનો વેઠનો વારો આવ્યો. માથા ઉપર ગાંસડી રાખી તો ગાંસડી માથાથી સવા હાથ ઉંચી ચાલવા લાગી એટલે દરબારે તેમની વેઠ બંધ કરી. સવાભગતની ભક્તિથી પ્રસન્ન થઈ તેમના કહેવા પ્રમાણે પોતાનાથી બનતી સેવા કરી.

હવે, આ બાજુ ફક્કડાનાથને ગુરુ આદેશ થયો કે જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં બેસી જવું. બન્ને ગુરુ આદેશને માન આપી ચાલી નીકળ્યા. ઝમરાળા ગામ નજીક પહોંચતા બરાબર નદીની વચ્ચે હતા ત્યારે

સૂર્યાસ્ત થયો એટલે નદીની વચ્ચે જ આસન જમાવી દીધું.

બીજે દિવસે ગામ લોકોને ખબર પડી એટલે સૌ દર્શને જવા લાગ્યા. કારણ કે રાત્રે નદીમાં આવેલ વરસાદનું પાણી તેમની જગ્યા છોડીને ફરતેથી વહેતું હતું. કોઈએ આ દશ્ય જોયું અને સવારે ગામલોકો ઉમટી પડ્યા. નદીનું પાણી ફક્કડાનાથના આસનને છોડી ફરતે થઈ વહેતું હતું. આ દશ્ય જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. કોઈને વિચાર આવ્યો કે આ સાધુઓ ક્યાંક જતા હશે અને નદીમાં પૂર આવી ગયું હશે. નદીમાં બે કાંઠે પાણી વહેવા છતાં સાધુ જ્યાં બેઠા છે તેટલી જગ્યાને પાણી સ્પર્શતું નથી. લોકોને દશ્ય જોઈને સાધુઓમાં શ્રધ્ધા જન્મી. ગામલોકોએ સાધુને રોકી લીધા. ઝમરાળામાં એમના માટે જગ્યા બંધાવી ફક્કડોનાથ જગ્યામાં રહેવા લાગ્યા. ધીમે ધીમે ત્યાં સદાવ્રત પણ ચાલુ થયું. જે કોઈ આવે તેમને ટુકડો મળવા લાગ્યો. પોતે એક ભેંસ રાખેલી તેનું જેટલું ઘી થાય તે એક વાસણમાં નાંખે, પરંતુ ક્યારેય એ વાસણમાંથી ખૂટે જ નહીં. ગાય ઉપર પ્રેમ હોય તે આપણી ગૌસેવાની પરંપરા મુજબ સમજી શકાય પરંતુ તેમને તો આ ભેંસ ઉપર એટલો પ્રેમ વધ્યો કે કોઈને આંખ માથું દુઃખે તો ભેંસને માનતા કરે એટલે મટી જાય. પોતે હનુમાનજીનું સ્વરૂપ મનાતા એટલે લોકો જેટલું તેલ ચડાવે તે બધુ તેમની જટામાં સમાઈ જતું. એક વખત કોઈ અંગ્રેજે કસોટી કરવાનો વિચાર કરી તેલ ગરમ કરીને તેમની જટામાં રેડ્યું. પછી તેણે એ તેલ પાછુ માગ્યું એટલે જટામાંથી તેણે જેટલું તેલ રેડ્યું હતું તેટલું જ પાછું આપ્યું. ટોપો ઉતારીને અંગ્રેજ તેમના પગમાં પડી ગયા અને ક્ષમાયાચના કરી સાધુના શાપથી બચ્યો.

એક વખત ગાંજો લેવા પોતે શિહોર જતા હતાં. હાથમાં જે લાકડી રાખતા તેને પોતાનો ઘોડો સમજતા. લાકડી પગ વચ્ચે રાખી માથું ધુંણાવતા રસ્તામાં ચાલ્યા જતા હતા. આણંદજી ગોર સામા મળ્યા અને પૂછ્યું

"બાપુ, ક્યાં પધારો છો ?"

"ગાંજો લેવા શિહોર જાઉ છું"

"તો બાપુ, ગાંજો હું આપુ આપ મારા ઘેર પધારો"

"અચ્છા ચલો" એમ કહીને પોતે આણંદજીના ઘેર ગયા. આણંદજી ગોર સાધુ-સંતો માટે કાયમ ગાંજાનું માટલું ભરી રાખતા. ફક્કડ મહારાજને તેમણે જેટલો જોઈતો હતો એટલો ગાંજો આપ્યો. યોગ્ય આસન આપીને ગાંજાની એક ચલમ ભરી આપી. સંતે ચલમમાંથી એક કસ ખેંચ્યો અને રાજી થઈ ગયા. આણંદજી ગોર સામે જોઈને બોલ્યા "બ્રાહ્મણ દેવતા યહાં ઘરમે કોઈ લડકા - લડકી તો દિખતા નહીં. ક્યાં કોઈ સંતાન નહી હે ?"

આણંદજી ગોરના ચહેરા પર દુઃખ દેખાયું. તેમણે બે હાથ જોડતા કહ્યું : "બાપુ, અમે પતિ-પત્ની બે જ છીએ."

"અચ્છા, એક લડકા તુમ્હારે ઘર ખેલેગા"

"અરે બાપુ, હવે સંતાનની આશા કેમ રાખી શકાય ?" અમારી બંનેની ઉંમર થઈ ગઈ છે.

"અચ્છા, દો લડકે હોગે"

ઘરમાં બેઠેલા ગોરાણીને સંતના શબ્દો સાંભળી હસવું આવ્યું કે બાપુને ગાંજો ચડી ગયો છે. તેઓ અંદરથી બોલ્યા.

"બાપુ શું કામ અમને આશ્વાસન આપો છે."

ગોરાણીની વાત સાંભળીને બોલ્યા "માતાજી, આપને વિશ્વાસ નથી? અબ સુન લો માઈ, અબ આપ કે ઘરમે છ લડકે ઔર એક લડકી ખેલેંગે. એક બાત ઓર યાદ કર લો કી, સંતાનો કે નાક, કાન જન્મ સે બિંધે હુએ હોંગે"

આટલું બોલી ગાંજાની પોટલી પકડી ફક્કડાનાથ ચાલતા થઈ ગયા. ગોર-ગોરાણી હસવા લાગ્યા પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે નવ માસે તેમને દીકરો જનમ્યો ત્યારે તેમની શ્રધ્ધા દૃઢ થઈ. ત્યારપછી તો મહારાજના કહ્યા મુજબ છ દીકરા અને એક દીકરી થયા તેમજ સંતના શબ્દો મુજબ આ બધાના નાક-કાન વિંધાયેલા હતા.

આજ રીતે ફરી એક વખતે પોતે ફરતા ફરતા કારિયાણીના પાદરમાં નીકળ્યાં. કારિયાણી દરબાર દસો ખાચર દેવ થઈ ગયેલા. ગામ શોકમાં અને ઘરમાં રૂદન થઈ રહ્યું હતું. સંતે અચાનક ત્યાં ઉભા રહીને પૂછ્યું: "યહાં કિસકા વિવાહ હો રહા હૈ?"

"અરે બાપુ, અહીં કોઈ લગ્ન નથી પણ દરબાર દસો ખાચર દેવ થઈ ગયા છે એટલે સૌ રડે છે." કોઈએ કહ્યું.

"અરે દસા તો મેરા ભક્ત હૈ વો નહી મર સકતા. ચલો મૈં દસા કે ઘર આતા હું." આમ બોલતા દસો ખાચર જ્યાં ચિરનિંદ્રામાં સુતા હતા ત્યાં પહોંચ્યા અને બોલ્યા.

"દસા ઉઠ. સીતારામ બોલ, સોયા ક્યું હૈ"

આમ કહેતાની સાથે જ દસા ખાચર ઉઠીને બેઠા થયા અને મહારાજને પગે લાગ્યા.

સંત બોલ્યા : "હર મહિને કસુંબા પીલાના ઔર યે બાત ભૂલના નહીં." આમ કહીને ચાલતા થયા. રડાડોળની જગ્યાએ આનંદ આનંદ થઈ રહ્યો. સંત જે પહેલા બોલ્યા હતા તેમ મૃત્યુના શોકની જગ્યાએ લગ્ન જેવો સમો બંધાઈ ગયો.

દસા ખાચર ફક્કડ મહારાજની બહુ સેવા કરતા. પ્રસન્ન થઈને એક વખત સંતે તેમને તેમની ઈચ્છા મુજબનું કોઈ વરદાન માગવા કહ્યું હતું. ત્યારે દસા ખાચરે કહેલું કે "મહારાજ મૃત્યુ સમયે મારી ક્રિયા તમારા હાથે અને તમારી ક્રિયા મારા હાથે થાય". આ મુજબ દસા ખાચરની ક્રિયા કરી પોતે તેમને ફરીથી સજીવન કર્યા એકાદ વર્ષે પાછળથી પોતે સમાધિ લીધી.

ફક્કડ મહારાજની કહ્યા મુજબ દસા ખાચર દરરોજ તેમને કસુંબો પાવા જતા. એક વખત વાળા દરબારે ઢોર ચોરીનો આરોપ મૂકી દસા ખાચરને જેલમાં પૂર્યા. ફક્કડ મહારાજને ખબર પડી એટલે ઉપડ્યા

જેલની જગ્યાએ પહોંચીને દસા ખાચરને સાદ દીધો ત્યાં ધડાધડ તાળાં ઉઘડી ગયા. બારણાં આપોઆપ ખુલી ગયા. દસા ખાચર જેલમાંથી બહાર આવી મહારાજને પગે લાગ્યા. જેલનાં પહેરેગીર આ જોઈને નવાઈમાં પડી ગયા. એક જણે જઈને દરબારને આ ઘટનાની જાણ કરી એટલે દરબારે ફક્કડ મહારાજના પ્રતાપથી દસા ખાચરને છોડી દીધા. આ રીતે ફક્કડાનાથે ઝમરાળામાં સાધુ-સંત અને ભક્તો માટે ટુકડો ચાલુ કર્યો તે આજ સુધી ચાલુછે.

આમ - રામદાસજી રંગપર રહીને આસપાસના વિસ્તારમાં ચેતના પ્રગટાવી મૂળ સ્થાને આવ્યા. ભજનભાવ અને ભગવદ્ કાર્યથી પ્રદેશમાંથી આસુરી વૃત્તિ ઓછી કરી અને દૃઢતાપૂર્વક ધર્મપ્રચારનું કાર્ય કરતા રહ્યા પાળિયાદ તીર્થસ્થાન જેવું બની ગયું. દરરોજ સેંકડો માણસો આપા વિસામણના દર્શને આવવા લાગ્યા અને ધર્મમાં આસ્થા વધવાથી આનંદ અને વિશ્રામ પ્રાપ્ત કરવા લાગ્યા.

• • •

## શામળ બારહટ્ટ

ઘણા સમય પહેલા પાળિયાદ પાસેના સરવા ગામમાં ચારણો રહેતા હતા. અહીં ચારણોની વસ્તી મુજબ તેમનો જુદો નેસ હતો. ચારણો ઠાકરના ઉપાસક હતા. સંકટ સમય આવે ત્યારે હંમેશા આપા વિસામણનું સ્મરણ કરતા અને તેમનું દુ:ખ દૂર થઈ જતું. આ ચારણો પોઠિયા રાખતા અને એક ગામથી બીજે ગામ અથવા દૂરના પ્રદેશમાં માલ પહોંચાડતા આમ તેમનો વણઝારા જેવો ધંધો હતો. આ ઉપરાંત ઢોર - ઢાંખર રાખીને પશુપાલન પણ કરતા તેમનો જીવનનિર્વાહ આ રીતે ચલાવતા.

એક વખત સવાસોથી દોઢસો પોઠિયા લઈ માળવા સોરંગી ભરવા નીકળ્યા. ચારણોના આગેવાન મેરામ ભગત હતા. મેરામ ભગત આપા વિસામણના પરમભક્ત હતા, તેથી દરેક ચારણોને પણ પાળિયાદની જગ્યામાં ઉંડી આસ્થા હતી. સમય અનુસાર ઘણાં દિવસે સૌ માળવા પહોંચ્યા. સોરંગી ભરી પાછા વળતા ચારણોમાં અંદરોઅંદર બોલાચાલી થઈ. મેરામ ભગત જેમના પક્ષે હતા એટલા ચારણો એકસો વીસ પોઠિયા લઈને જુદા ચાલી નીકળ્યા. દિવસે પોતપોતાની રીતે ચાલતા રાત્રિ થાય એટલે સૌ ભેગા થાય. ભજનભાવ કરીને રાત્રિ વિતાવે.

એક રાત્રે અચાનક પોઠિયા ભડક્યા અને જુદા જુદા દોડીને આઘાપાછા થવા માંડ્યા. ચારણોએ ઉભા થઈને જોયું તો બે સિંહ સામે જ ઉભેલા જોઈ કોઈની હિંમત પોઠિયા પાછળ જવાની ન થઈ. સહુના મનમાં થયું કે આજે તો બધું જ ખોઈ બેસવાના, પણ એવામાં અચાનક કોઈના મનમાં વિચાર આવ્યો અને તે મુજબ સૌ સાથે મળીને મેરામ ભગતને કહેવા લાગ્યા કે "ભગત, આમાં હવે અમારું બળજોર ચાલે તેમ નથી. હવે ઠાકર લાજ રાખે તો જ રહે."

મેરામ ભગત બોલ્યાં "ભાઈ, વિહળાનાથ સમરથ છે, કંઈક માનતા કરો તો આ વસમી વેળાએ એ સહાય કરશે. તેના વિના અત્યારે બીજો કોઈ ભેરું નથી."

આથી વિચાર કરીને બોલ્યા કે "જો વિહળાનાથ સહાયતા કરશે તો તે પોઠિયા દીઠ એક એક રૂપિયો ઠાકરના પારે મુકશું."

આમ માનતા કરીને સૌ શાંતિથી બેઠા. એટલામાં દૂરદૂરથી કોઈના હાકોટા સંભળાયા જાણે કે કોઈ પોઠિયાને હાંકી જતું હોય. આ તો વળી બીજી ઉપાધી આવી તેમ માનીને ચારણોએ મેરામ ભગતને કહ્યું: "મેરામ ભગત, આ તો ભારે થઈ આપણા પોઠિયા કોઈ હાંકી જતું હોય તેમ લાગે છે."

ચારણોની વાત સાંભળી ભગત બોલ્યા "ભાઈ હવે મૂંઝાશો નહીં, વિહળાનાથને જે કરવું હશે તે કરશે, તમે સહું હવે શાંતિથી સૂઈ જાઓ. હું એકલો અહીં બેઠો છું."

આમ, સૌ ચારણોને હૈયાધારણ આપી ભગત શાંતિથી માળા ફેરવતા બેઠા. ઉંઘ આવે કે ન આવે પણ ચારણો આડા પડ્યા.

પરોઢ થયું ત્યાં તો આશ્ચર્ય વચ્ચે આગળ પોઠિયા અને પાછળ ઘોડેસવારને આવતો જોયો. મેરામ ભગતનું હૃદય આ દૃશ્ય જોઈને હરખી ઉઠ્યું. તેમણે સાદ પાડીને સૌને જગાડ્યા ત્યાં સુધીમાં પોઠિયા અને અસવાર પાસે આવી ગયા. નજીક આવતા જ અસવાર બોલ્યો : "ભાઈઓ, આ તમારા પોઠિયા ગણી લ્યો. બરાબર એકસોને વીસ છે ને"

ચારણોએ ગણીને હા પાડી જવાબ સાંભળી તરત જ ઘોડેસવાર જતો રહ્યો. તેને કોઈ ઓળખી શક્યું નહીં કે તે કોણ  હતો અને ક્યાંથી આવ્યો હતો ? કોઈ તેમને આ બાબતમાં કંઈ પૂછી પણ શક્યું નહીં. ઘોડેસવાર ગયા પછી સૌના મનમાં થયું કે આ ઘોડેસવાર વિહળાનાથ સિવાય બીજુ કોઈ હોઈ શકે નહિ? પરંતુ પછી તેના ગયા પછી સૌ પસ્તાઈ રહ્યા.

થોડા દિવસમાં માલ સાથે સૌ પોતાને ઘેર પહોંચી ગયા એક બે દિવસ આરામ કરી સહુ પાસેથી માનતાના પૈસા ભેગા કરી મેરામ ભગત તથા બીજા બે ચાર ચારણો તે ઠાકરને અર્પણ કરવા પાળિયાદ તરફ રવાના થયા. મેરામ ભગત પાસે ઘોડું હતું એટલે સહુએ રૂપિયા મેરામ ભગતને આપતા કહ્યું કે "તમે હવે ઘોડુ મારી મૂકો અમે પાછળ આવીએ છીએ". મેરામ ભગત તો ઘોડું દોડાવતા ચાલી નીકળ્યા. ભેટમાં રૂપિયા એકસો વીસ પુરા સાચવીને મૂકેલા એટલે તેમનું વજન પણ લાગતું હતું. તેમના મનમાં ન આવવા જેવો વિચાર આવ્યો કે અડધા રૂપિયા રાખી લઈને પાછળના માણસો આવી પૂગે તે પહેલા જ અડધા રૂપિયા આપા વિસામણના ચરણે ધરી દઉં. એટલે કોઈને ખબર નહીં પડે અને અડધા રૂપિયા મારી પાસે રહેશે. આ વિચાર મુજબ મેરામ ભગત ઘોડાને સહેજ ઝડપથી ચલાવી સૌ પહેલા પાળિયાદ પહોંચી જવા ઉતાવળા થયા.

જગ્યામાં પહોંચીને જુએ છે તો ત્યા ધામધૂમ ચાલી રહી છે. ઠેકઠેકાણે ડાયરો ભરાણો છે. ગામોગામના મહેમાનો ઊપરાંત ચલાળાથી આપા દાના, સોનગઢથી આપા ગોરખ તથા સંતો - ભક્તોના મહેરામણો ઉમટવાથી જગ્યાની શોભા વધી ગઈ છે.

આપા વિસામણના દીકરી આઈ નાથીબાનું વેવિશાળ સરવાના હાદાભાઈ બોરીયા સાથે કરવાથી જાડી જાન પરોણાગતમાં આવી છે. કસુંબાની છાકમછોળ ઉડે છે. ચોગાનમાં યુવાનવર્ગ કાંડાબળ તેમજ હથિયારની નિપુણતા દર્શાવવા અનેક પ્રકારના દાવ કરીને શસ્ત્રોથી ખેલી રહ્યા છે, તો કોઈ મહાકાય ઘેટાઓ વચ્ચે કુસ્તી કરાવી રહ્યા છે. આવા જીવંત અને આનંદપૂર્ણ સમયે મેરામ ભગત જગ્યામાં પ્રવેશે છે. ડાયરા મધ્યે બેઠેલા આપા વિસામણને પગે લાગી માનતાના રૂપિયા સાંઈઠ રોકડાની તેમના પગ પાસે ઢગલી કરે છે. સહુ દૃશ્ય જોઈ રહ્યા છે ત્યાં આપા વિસામણ બોલ્યા.

"ભાઈ મેરામ તું તો ભાઈ ભગત માણસ છો તારાથી આવી અનીતિ ન થાય. આ કાંઈ દયાદાન નથી.

આ તારો બાપ આખી રાત હેરાન થયો હતો. સમજ્યોને ? ભેટમાં હજી ખોસેલા છે એને પણ કાઢી નાખ નહીંતર ભૂંડો લાગીશ.''

આપા વિસામણના શબ્દો સાંભળી મેરામ ભગતનું મોઢું ખોઈ જેવું થઈ ગયું. જમીન જગ્યા આપે તો તેમાં સમાઈ જવાની ઈચ્છા જાગી ગઈ. તરત જ પોતાની ભેટમાં છુપાયેલા બીજા રૂપિયા સાંઈઠ કાઢીને આપાના ચરણોમાં મૂકી દીધા. આખો ડાયરો આ ઘટના જોઈ ખડખડાટ હસી પડ્યો. મેરામ ભગત આપાને કરગરવા લાગ્યા.

"મને મેરામ ભરમાવીયો, લગાડી માયા સુ પ્રિત
વિહળ અનોખી રીત, મલકે જાણી મેરડા''

મેરામ ભગતની વાણીમાં જાણે કે મા સરસ્વતિ પ્રગટ્યા હોય તેમ ભગત દૂહા બોલતા જાય છે અને ક્ષમાયાચના કરતા જાય છે. ચારણને આ રીતે કરગરતો જોઈ આપાને કરૂણા ઉપજી અને કહેવા લાગ્યા.

"ઈ તો ભૂલ થઈ જાય બાપ મેરામ, માયાનું બળ એવું છે કે મોટા મોટા જોગી લોભાઈ જાય છે પછી તું કેમ તેનાથી છૂટી શકે ? પણ હવે પછી ક્યારેય ઠાકરને છેતરતો નહીં''

આમ, મેરામ ભગતને શાંતિ આપી કસુંબો લેવરાવ્યો એટલી વારમાં ભગતના સાથીદારો આવી પહોંચ્યા. સહું આપા વિસામણને પગે લાગી વાતની જાણ થતા મેરામ ભગતને બે શબ્દો સંભળાવી ડાયરામાં બેઠા. ડાયરાની વાતોમાં વચ્ચે સત્સંગની વાતો સાંભળતા સહુ આનંદ અને ભક્તિમાં સ્નાન કરી રહ્યા.

હેકડેઠઠ ડાયરા પાસે થઈને મેલા લુગડે ભીમ વોરા માથે છાણનો સુંડલો લઈને નીકળ્યા. શરીર આખું છાણથી લીંપાઈ ગયું છે. આ જોઈને આપા દાના બોલ્યા.

"ભાઈ વિસામણ, આ ક્યારથી જગ્યાની ટેલ કરે છે ?''

"એનું નામ ભીમ છે. અગિયાર વર્ષથી ગાયોની ટેલ કરે છે. ગાય એને બહુ વહાલી છે. વોરો છે તો ય એનું નામ ભીમ છે.'' આપા વિસામણે જવાબ આપ્યો.

જગ્યામાં આવ્યા પછી ભીમ સ્વામીએ લગભગ અગિયાર વરસ સુધી ગાયોની ટેલ કરી. આજે જાણે તેની ટેલ પુરી થવાની હોય અને ગૌમાતાના આશીર્વાદ ઉતરવાના હોય તેમ આ સંતમિલનથી ભવબંધન તૂટવાની વાતો થાય છે. એક-બે અને ત્રીજી વાર સુંડલો માથે લઈને ભીમવોરા નીકળ્યા એટલે તેમને ઉભા રાખ્યા. ભીમ વોરા ઉભા રહ્યા એટલામાં આપા દાના બોલ્યા.

"હવે આને માથેથી સુંડલો ઉતરાવો આપા વિસામણ, આ તો પૂરણ ભગત છે. ક્યાં સુધી એની કસોટી કરવી છે ?''

"હા બાપ, આ તમે બંને સમરથ છો. તમારા ભાવ પ્રમાણે એનો ભાર ઉતારો''

"એ તો ઠીક, આપ પણ સમરથ છો હવે સુંડલો લઈ લો અને એનો ભાર ઉતારો''

આપા દાના અને આપા ગોરખની ઈચ્છા જાણીને પોતે ભીમ વોરાને કહ્યું. "ભાઈ ભીમ, તારા ઉપર ઠાકર પ્રસન્ન થઈ ગયો છે. હવે સુંડલો ઉતારી નાંખ."

ભીમ વોરા બોલ્યા. : "પણ બાપુ, મને આ ગૌમાતાની ટેલ બહુ ગમે છે. મને આ સેવામાં જ બધુ સુખ મળી જાય છે. મને તો કાયમ આ જ કામ કરવા દો."

"હા બાપ, એટલે તો તારા ઉપર ઠાકર પ્રસન્ન છે. હવે સુંડલો ઉતારી નાખ ભાઈ"

"પણ બાપુ...."

"ભાઈ ભીમ, હવે તો તારી સેવા બહુ થઈ ગઈ, માટે સુંડલો ઉતારી નાખ." આપા વિસામણનું ત્રીજી વારનું વચન નીકળતા જ ભીમ વોરાના માથેથી સુંડલો સવા હાથ ઉંચો થઈ ગયો. એમને એમ સુંડલાને બહાર ફેંકી આવીને ભીમ વોરા સંતો સામે ઉભા રહી ગયા. આપા વિસામણે એવાને એવા કપડા અને હાથ સાથે ભીમ સ્વામીને પોતાની પાસે બેસાડ્યા. ભીમ સ્વામી આપા દાના અને આપા ગોરખને પગે લાગ્યા. બંને મહાપુરુષોએ આશીર્વાદ આપ્યા.

આપા વિસામણે બાવા રામદાસજીને કહ્યું : "રામદાસજી ભીમ સ્વામીને કપડા બદલાવી તમે કંઠી બાંધો અને આજની રાતે ભજનભાવની રેલમછેલ કરો."

ભીમ વોરા મટીને ભીમ સ્વામી બન્યા. જુના પહેરવેશને બદલીને પ્રભુ તરફ દોરી જતા ભગવાવસ્ત્રો ધારણ કર્યા. ડાયરાએ ખૂબ આનંદ કરી શિરામણનો સમય થવાથી સહુ મહેમાનો અને બધો ડાયરો જમવા ઉઠ્યો. સૌની પંગત ગોઠવાઈ ગઈ.

આપા વિસામણ, આપા દાના, આપા ગોરખ તથા ભીમ સ્વામીની પંગત જુદી થઈ. આપા વિસામણે ભીમ વોરાને પોતાની સાથે જમાડ્યા. સાથે ભોજન લેવાથી ભીમ વોરાની પ્રજ્ઞા જાગૃત થઈ ગઈ. જ્ઞાનના દરવાજા ખૂલી ગયા. સંતોની મહાનતા જાણીને પોતે પણ કોઈ અલૌકિક ભાવ અનુભવી રહ્યા.

જમીને સૌએ આરામ કર્યો. સૌપ્રથમ આપા વિસામણ ઉઠ્યા પછી આપા દાના અને આપા ગોરખ પણ જાગ્યા. કસુંબો ઘૂંટાવા લાગ્યો. ઘડીવાર પછી મહેમાનો પણ આવવાથી આખી બેઠક ભરાઈ ગઈ. ફરી પાછો આનંદ - સત્સંગ થઈ રહ્યો. કસુંબા પીધા અને અચાનક આપા વિસામણને ચોપાટ યાદ આવી લાલદાસજીને ચોપાટ લાવવાનું કહ્યું. ચોપાટ આવતા હુક્કા ગગડાવતા પાસા ફેંકવાનું શરૂ થયું. આપા વિસામણ, આપા દાના, આપા ગોરખ અને લાલદાસજી ચોપાટ ઉપર બેઠા છે. પોતાનો ભેરુબંધ નહીં હોવાથી આપા વિસામણ વારંવાર તેને યાદ કરીને હાથમાં પાસા ફેરવતા હોય છે જેથી પાસા ફેંકવાની તૈયારી કરે કે તરત જ ખુણામાંથી સિંહ કણકે અને ધરતી ધ્રુજે તેમ શામળ બારહઠ્ઠનો અવાજ આવ્યો. અવાજ સાંભળીને આપા વિસામણના હાથમાં પાસા એમના એમ રહી ગયા. પૂર્વે જન્મના પરીચયના કારણે એમને અત્યંત હર્ષ થયો.

શામળ બારહઠ્ઠની નજર આપા વિસામણ ઉપર પડતાં જ સાતે કોઠે દિવા પ્રગટી ગયા. આપા વિસામણના પણ આનંદનો પાર ન રહ્યો. ઉમળકાથી એમના મુખમાંથી શબ્દો નીકળ્યા.

"અ હો હો ... મારો શામળ બરાબર મોકે આવ્યો બાપ. ભલે આવ્યો ભાઈ કસુંબો લઈ લે અને પછી આવી જા મારી પાસે. આજ તો ખરો રંગ જામી ગયો."

બારહટ્ટે શરીર પર ઉડેલી ધૂળ ખંખેરી હાથ - મોઢું ધોઈ ખડિયા પોટલાની વ્યવસ્થા કરી કસુંબા લીધા. બારહટ્ટની વાણી સાંભળીને અડખે પડખેથી સહુ આવીને નજીક બેસી ગયા. ડાયરો ચિક્કાર જામ્યો અને ચોપાટ શરૂ થઈ. શામળ બારહટ્ટ દાવ ખેલવા લાગ્યા. એક પછી બીજો દાવ નખાતા જાય છે. જ્યારે આપા વિસામણનો દાવ આવે ત્યારે શામળ પડકાર આપતા રહે છે. બંનેની આ ધ્યેયપૂર્ણ રમત જોઈને આપા દાના અને આપા ગોરખ મંદ મંદ હસતા રહે છે. સૌ કોઈ એક ધારી નજર સ્થિર કરીને આ રમત જોઈ રહ્યા છે. પ્રહાર અને વળતા પ્રહારમાં બાજી ચડઉતર થતી જાય છે. ચારેય ખેલાડીઓ બરાબરીના હોય તેમ અદ્ભુત ચોપાટ આરંભાઈ છે. ચોપાટનો રંગ જામ્યો છે. એવામાં આપા વિસામણ ચોપાટના પાસા ફેંકતા જમીનથી સવા હાથ ઉંચા થઈ ગયા. ડાયરો આશ્ચર્યથી આ દશ્ય જોઈ રહ્યો. પોતે થોડીવાર એમજ અધ્ધર રહી પછી ધીમેથી પછેડીનો ગોટો વાળ્યો અને પગ નીચે દબાવી, બેસી ગયા. તેમની આ ચેષ્ટા જોઈ સૌને આશ્ચર્ય થતાં આપા દાના બોલ્યા.

"ભાઈ ગોરખ, હવે ચોપાટની રમત પુરી થઈ ગઈ"

"હા ભાઈ, આપા વિસામણ તો સમુદ્રમાં મોજ કરે છે." બંનેની વાત સાંભળનાર કંઈ સમજી શક્યા નહીં. શામળ બારહટ્ટથી શાંત રહી ન શકાતા તેમણે બાપુને પુછ્યું.

"બાપુ, આમ રમત રમતમાં રંગ કેમ બદલાઈ ગયો ?"

"ભાઈ શામળ, તું તો જાણે છે. ભગતની વાર કરવી એ તો આપણું કામ છે."

"પણ બાપુ અહીં બેઠા તમે શું કર્યું"

"ઈ ભગતના વહાણને ડૂબો દઈ દીધો"

"પણ આ વાત કેમ માન્યામાં આવે ?"

"તો પછી આ જો બાપ, વધુ હરચંદ આવીને કહેશે"

એમ કહી બાપુએ ઢીંચણ નીચેથી પછેડી કાઢી તો સમુદ્રના ફીણ અને લીલથી પછેડી પલળેલી જોવા મળી. આ રીતે ભીની પછેડી જોઈ સહુ ચકિત થઈ ગયા. દરેક જણે વારાફરતી બાપુની વંદના કરી પોતાની શ્રધ્ધા દઢ કરી.

કાઠિયાવાડમાં ધોલેરા બંદર ઘણું ધમધમતું બંદર હતું. ત્યાં નાગર બ્રાહ્મણ, વાણિયા જેવી કોમ વધારે હતી. શેઠ શાહુકારની પેઢીઓ મોટી રકમોના વેપાર કરતી. જુદા જુદા દેશમાંથી વસ્તુ લાવવા અને લઈ જવાના કામથી વહાણવટીઓ પણ સુખી હતા. માલ ચઢાવવા ઉતારવાનું કામ કરતા મજૂરોને પણ પુરતી રોજી મળી રહેતી હતી આમ, એ સમયે ધોલેરા બંદરની જાહોજલાલી હતી.

ત્યાંના મોટા શાહુકારોમાં હરચંદ શેઠ પણ ત્યારે ઘોઘાબંદર અને ધોલેરા બંદરેથી પોતાનો વેપાર

કરતાં. એમનો મુખ્ય વેપાર સાકરનો હતો. એ સમયે સાકર ચીન દેશમાંથી આયાત થતી હરચંદ શેઠ ત્યાંથી સાકર ભરવા ચાર વહાણ લઈને ગયા હતા. ચીનમાંથી સાકર ખરીદી વહાણમાં ભરીને ભારત આવવા નીકળ્યા. મધદરિયે પહોંચતા એમના વહાણોને દરિયાનું ભયંકર તોફાન નડ્યું. વહાણ મોજાઓના જોરથી હાલક ડોલક થતાં પછડાવા લાગ્યા કોઈ દિશા સૂઝની નહોતી. નાવિકો સઢ સંકેલીને લાચાર થઈ પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા. આમાંથી કેમ બચવું તે માટે સૌ મગજ ચલાવવા લાગ્યા. આમ - તોફાને રૌદ્ર સ્વરૂપ લીધું. બન્યું એવુ કે જે વહાણમાં હરચંદ શેઠ બેઠા હતા તે વહાણનું જ એક પાટીયું નીચેથી ભાંગી ગયું અને વહાણમાં પાણી ભરાવાનું શરુ થયું. હરચંદ શેઠ આ જોઈને ગભરાયા. તેમને બીજું તો કાંઈ સુઝ્યું નહીં પણ મનમાં વિચાર આવ્યો કે કોઈ સહાય કરે એવા દેવનું સ્મરણ કરું. હવે તો કોઈ દેવની કૃપા મળે તો જ આ સંકટમાંથી બચાવ થાય. આમ વિચારતા પાળિયાદ આપા વિસામણની પીરાઈ યાદ આવી. શેઠે તરત જ માનતા કરી કે “હે આપા વિસામણ, અહીં હવે મારું રક્ષણ કરે એવું તમારા વિના બીજું કોઈ નથી. આ મુશ્કેલીમાંથી મને બચાવી ચારેય વહાણ સહીસલામત ઘેર પહોંચાડશો તો જે વહાણમાં હું બેઠો છું તેની અડધી સાકર ઠાકરના દ્વારે વાપરીશ.”

શેઠે વિચાર્યૂં કે વહાણ ડૂબશે તો બધી જ સાકર સમુદ્રના પાણીમાં ઓગળી જશે. જીવતા રહેશું તો પણ ધંધામાં મોટી નુકશાની ખમવી પડશે. આ રીતે શેઠે માનતા કરી કે તરત જ ગાજવીજ વરસાદ અને તોફાન શાંત થઈ ગયું. પોતાના વહાણમાં જે પાણી ભરાતું હતું તે પણ બંધ થઈ જઈ વહાણ સ્થિર થઈ ગયું. આ ચમત્કાર અને કૃપા જોઈને શેઠ ચિંતામુક્ત થઈ ગયાં.

ડાયરા વચ્ચે ચોપાટ રમતાં હરચંદ શેઠની બેડલી વિહળનાથે તારી અને શેઠ આનંદપૂર્વક ચાર વહાણ લઈને બંદર પર આવી ગયા. જેવી રીતે રણુજામાં રામદેવજીએ પોતાના મોટા ભાઈ વીરમદેવજી હરભુજી અને શેષમલજી બારહટ્ટ સાથે ચોપાટ રમતાં ધનમલ શેઠનું વહાણ તાર્યું હતુ તેવી જ રીતે આપ વિસામણે પણ હરચંદ શેઠને સહાય કરી. આપા વિસામણ રામદેવજીનો જ અવતાર હતા એવું જગતમાં પ્રસિધ્ધ થવા લાગ્યું. ત્યાર પછી મોટા પીર, રાજા-મહારાજ અને શેઠ-શાહુકારને પણ આપા વિસામણને વંદન કરી આશીર્વાદ લેવાનો ભાવ જન્મતો ગયો.

સાંજનો વખત થયો અને જાનને શીખ આપવાની તૈયારી થવા લાગી. પાળિયાદ ઠાકરને ઘરે તેમનું એકનું એક સંતાન અને તે પણ દીકરી એટલે આ પ્રસંગમાં સૌના ઉત્સાહ અને ઉમંગનો પાર નહોતો.

જસદણથી પધારેલા દરબાર શ્રી શૈલાખાચર, પાળિયાદ તથા આજુબાજુના કાઠી દરબારો, સંતો અને ભક્તોથી ઉભરાતી જગ્યા સ્વર્ગ સમાન શોભી રહી હતી. આખું ગામ અને આજુબાજુના ગામના આસ્તિક ભક્તોથી જગ્યાનું પટાંગણ ખીચોખીચ ભરાયેલ છે. શરણાઈ, ઢોલ, ત્રાંસા, વાગી રહ્યા છે. નારીઓના કંઠેથી મંગળગીતો ગવાય છે.

જાન ઉઘલવાની તૈયારી થઈ ગઈ છે મોટા ધુરંધરો સાથે હાથમાં સોનેરી અને રૂપેરી હોકાઓ લઈ

ઉભા છે. એક છોકરો ચોગાનમાં વાતોમાં મશગુલ શૈલા ખાચરને કાનમાં કંઈ વાત કરી ચાલતો થયો. આપા વિસામણ પોતે જાણી ગયા અને દરબારશ્રીને પૂછ્યું "ભાઈ ખાચર, છોકરો શું વાત કહી ગયો ?"

"મોટાભાઈને ઠીક નથી" દરબારશ્રીએ કહ્યું.

"હાલો, આપણે ત્યાં જઈએ, હું પણ આવું છું."

એમ કહીને કોઈને આ વાતની જાણ કર્યા સિવાય બંને દરબારગઢ તરફ ચાલી નીકળ્યા. ત્યાં પહોંચીને જોયું તો મોટાભોજને ખાટલા ઉપર સુવાડયા છે. તેઓ શુધ્ધિમાં નથી શ્વાસ ધીમા ધીમા ચાલી રહ્યા છે. પૂછતાં જણાયું કે તેઓ લગ્નમંડપ તરફ જ આવવા નીકળ્યા હતા એવામાં પગથિયું ઉત્તરતા પડી ગયા અને પડતાની સાથે જ બેભાન થઈ ગયા. આટલું કહેતા હાજર સૌ રડી પડ્યાં. સહુને સાંત્વન આપી આપા વિસામણ ખાટલા પાસે જતા બોલ્યા.

"ભાઈ ભોજ, આ તને શોભતું નથી. બેઠો થઈ જા ત્યાં ડાયરો તારી વાટ જૂએ છે."

આપા વિસામણના મુખમાંથી આ શબ્દો નીકળ્યા અને મોટા ભોજના શરીરમાં સળવળાટ થયો. એકદમ ચમકીને બેઠા થઈ ગયા અને કહેવા લાગ્યા." હું તો ત્યાં જ આવતો હતો, તમે કેમ આંટો ખાધો બાપુ."

" હા બાપ હા એ તો બધું રૂડું થઈ ગયું " એમ કહેતા આપા વિસામણ ચાલ્યા એટલે તેમની પાછળ વિસામણ ખાચર અને મોટાભોજ પણ હુક્કાની સટો લેતા ચાલવા લાગ્યા. આ ઘટના જોનાર- જાણનાર સૌ લોકોના આનંદનો પાર ન રહ્યો. રસ્તામાં આવતા જ્યારે મોટા ભોજને ખબર પડી કે તેમને તો આપા વિસામણે બેઠા કર્યા છે ત્યારે પગે લાગતા બોલ્યા." મારા બાપ, આપ તો પ્રગટ પીર છો. તમારી મોટપ અમે કેમ જાણી શકીએ ?" વાતો કરતા સૌ જગ્યામાં આવ્યા. સૌને આ ઘટનાની જાણ થતા સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો. આખું વાતારવણ વાજિંત્રોના વાગવાથી આનંદથી ભર્યું ભર્યું છે. આગળ યુવાનવર્ગ કોઈ તલવાર કે લાકડી સમણે છે. પાછળ વયોવૃધ્ધ લોકો હુક્કા ગગડાવતા ચાલી રહ્યા છે ગામનું પાદર આવતા સૌ ઉભા રહ્યા. ચારણ, ભાટ, કવિ, સાધુ, સંત, ફકીરને દક્ષિણા અપાઈ. દક્ષિણા મળતાં સૌ ધીમે ધીમે વિખરાયા આપા વિસામણની દૃષ્ટિ બારહઠ તરફ ગઈ અને બોલ્યા.

"ભાઈ શામળ, માંગી લે હવે આવું ટાણું નહીં આવે."

"બાપુ, માંગુ એક ઠાકરનો પ્રેમ"

"ભાઈ કંઈક છોકરાઓ સારું તો કરતો જા."

"છોકરાઓને તો ઠાકરે અનર્ગળ આપ્યું છે. એમ કહીને પોતાનો ખડિયો પહોળો કરે ત્યાં તો સોનામહોર અને ઘરેણાઓથી આખો ય પોટલીઓ ભરેલ હતો. સહુ પ્રસન્ન ચહેરે ઘેર પહોંચ્યા. ઘેર પહોંચ્યા પછી શામળ બારહઠ વારંવાર લાંબા થઈને બાપુને વંદન કરવા લાગ્યા એટલે આપા વિસામણ બોલ્યા.

"ભાઈ શામળ, આ શું કરે છે ?"

"બાપુ, મનમાં ઉઠેલા ઉમંગને સૌની વચ્ચે રોકી શકતો નથી એટલે આમ કરું છું."

વ્યાવહારિક પ્રસંગ હોવા છતાં પણ ઘણે દૂરથી મેરામ ભગત અને મોટાભોજ જેવાના કાર્ય સુધારી આઠે પહોર આનંદમાં રહેતા આપા વિસામણના ચહેરા ઉપર પણ શામળની શ્રધ્ધા જોઈને આનંદ તરવરી રહ્યો છે. જે આ રીતે વિના માગ્યે અઢળક ધન આપે છે પરંતુ તેમને પોતાને કોઈ આસકિત નથી.

શામળ કહે છે " બાપુ આપના ચરણે મારું મન, વચન, કાર્ય અને શ્રધ્ધા ન ધરું તો બીજે મને આવું ઠેકાણું ક્યાં મળશે ?"

" ઠીક ઠીક બારહટ્ટ, તારો પ્રેમ પ્રબળ છે ભાઈ, પણ હવે રાખો, બાપ." એમ કહીને શામળને પોતાની પાસે બેસારી તેની તથા ડાયરાની સાથે વાતો કરવા લાગ્યા. લાકડિયા તારની જેમ આપા વિસામણની પીરાઈની વાતો આસપાસના સઘળા પ્રદેશમાં ફેલાતી રહી અને રંક-રાય સૌની નજર પાળિયાદના પીરાણા તરફ વળતી ગઈ. ઠાકર પણ મુખમાંથી વચન ન નીકળે ત્યાં સૌનું કામ કરવા માંડ્યું. આમ - અહીં શ્રધ્ધા ધરાવનાર ભક્તોનો કોઈ પાર ન રહ્યો.

રાત્રે વાળુપાણી કરી સૌ એકઠા થયા. સંતો મહાપુરુષો આપા દાના અને આપા ગોરખ ધરમશી ભગત, સુરા ભગત, બાવા લાલદાસજી વિગેરે સહુ આવીને ભજનમાં બેઠા. બાવા રામદાસજીએ ભીમ સ્વામીને શિષ્ય પદે સ્થાપ્યા. ભજનભાવનો પવિત્ર મહિમા વાતાવરણને ધર્મમય બનાવી રહ્યો. આખી રાત ભજનો ગવાયા. ભીમ સ્વામીને આપા વિસામણે આજ્ઞા કરી કે "ખસ ગામે જઈને ત્યાં જગ્યા બાંધો, સાધુઓ અને ભેખધારીઓ માટે સદાવ્રત શરુ કરો. જેટલું જોઈશે એટલું ઠાકર તમને આપશે." ઠાકરની આજ્ઞા મુજબ ભીમ સ્વામીએ ખસમાં જગ્યા બાંધી. આપા વિસામણના કહ્યા પ્રમાણે દીન-દુઃખીયાને ટુકડો આપવા લાગ્યા. આસપાસના પ્રદેશમાં ફરીને ધર્મપ્રચાર કરવા લાગ્યા આમ-બગડ, જાળીલા તથા પીપળ વગેરે સ્થળે જગ્યા બાંધી અભ્યાગતોને વિશ્રામ મળે એવા શુભ હેતુથી કાર્ય કર્યું.

એક વખત ભીમ સ્વામી જસકા ગામ પધાર્યા. સાંજે એક ગિરાસદારને ત્યા પોતે જમ્યા અને સવારે એક પીંજારા ભક્તની ભક્તિ અને આગ્રહથી તેને ત્યાં ભોજન લીધું. ગામલોકોમાં આ વાતની ચણભણ થવા લાગી. સાંજે ચોરા ઉપર સભા બેઠી છે. સભામાં આ વાતની ચર્ચા ઉપડી. ભીમ સ્વામીએ દરબારને ત્યાં જમેલાં કંસાર અને પીંજારાને ત્યાં જમેલો મીઠો ભાત બંને હાથમાં કાઢીને સૌને બતાવ્યો. આ જોઈને સૌએ હાથ જોડ્યા.

ભીમ સ્વામી બોલ્યા." અમારા સાધુના છિદ્ર જોવાને યોગ્ય નથી. અમારે કોઈ ભેદભાવ ન હોય, અમે તો પ્રેમ અને ભક્તિના ભૂખ્યા. આથી જ્યાં જે વસ્તુ મળે -પ્રેમ કે ભક્તિ-ત્યાં દોડી જઈએ. પ્રેમ અને ભક્તિ વિનાનો આગ્રહ જ્યાં દેખાય ત્યાં અમને જવાનું મન ન થાય."

ભીમ સ્વામી આખા પ્રદેશમાં ફરતા રહેતા આથી જગ્યામાં સેવા-પૂજાની બહુ મુશ્કેલી પડતી, આથી

સાધુ ગંગારામને શિષ્ય બનાવી, જગ્યાની દેખરેખ સોંપી.

એક વખત દુષ્કાળ પડતા ગંગારામે ચોપડે લખીને સહુને અનાજ આપ્યું. ભીમ સ્વામી બહારના ગામોમાં ફરીને આવ્યા અને તેમને આ વાતની જાણ થઈ એટલે પોતે ચોપડો ફાડી નાખ્યો અને ગંગારામને કહ્યું. "અરે ભાઈ, આ તો બધુ વિહળનાથનું છે. એને ત્યાં કોઈવાતની કમી નથી. મારો વહાલો પોતે જ પૂરણહાર છે.તું કાં માણસના મોઢે આમ તાળું મારે છે ! આ તો મૂંડીયાનો માલ છે. સહુના હૃદયમાં મારો વહાલો વસશે તો તને બમણું મળશે માટે હવે ક્યારેય આવું ન કરતો. " એમ કહી પોતે દુષ્કાળ હોવા છતાં પણ દાળ-રોટીનું સદાવ્રત ચાલુ કર્યું. હજી આજે પણ ચાલુ છે અને સ્વામીનો સુંડલો, ટોપી અને ધોતી આજે પણ મોજૂદ છે.

પુત્રી નાથીબાઈના લગ્નપ્રસંગે બહારગામથી પધારેલા મહેમાનોને બાપુએ ત્રણ દિવસ રોક્યા અને પછી રાજીખુશીથી શીખ આપી. આપા દાના અને આપા ગોરખ તેમનો આગ્રહ જોઈને બે-ત્રણ દિવસ વધુ રોકાયા.

સવારમાં ડાયરો એકઠો મળ્યો. સહુ કસુંબાના રંગથી રંગાઈ રહ્યા છે. આ દશ્ય જોઈને ડાયરા વચ્ચે બેઠેલા સંતો મરક મરક હસે છે એવામાં શામળ બારહટ્ટ ડાયરામાં આવ્યા એટલે આપા ગોરખ બોલ્યા.

"ભાઈ શામળ, અહીં આવ બાપ, તને તો ઠાકર સાથે બહુ પ્રિત છે."

"હા બાપુ, મધ્ય રાત્રિએ સૂર્યનું દર્શન કરાવે, ખરી બપોરે ચંદ્રમાના દર્શન કરાવે તો એ ઠાકર સાથે પ્રિત કેમ ન હોય ? બીજા કોની સાથે પ્રિત કરું ? આ ભૂતળ ઉપર વિહળનાથ સિવાય હું તો બીજુ કશું ભાળતો નથી."

આમ વાતો ચાલે છે ત્યાં આપણે જોયું તેમ હરચંદ શેઠ વહાણ બચી જતા ઘરે પહોંચ્યા હતા. માનતા તો કરતા કરી દીધી હતી પરંતુ હવે દાનત બગડી, અડધું વહાણ ઠાકર ને આપવાનું કહ્યું હતું તેમાં ફરી ગયા. બસ્સો રૂપિયા લઈને ઠાકરની માનતા કરવા આવ્યા. જગ્યામાં પ્રવેશતા જ આપા વિસામણ તેમની મનોવૃત્તિ કળી ગયા. સહુ ડાયરાનું ધ્યાન પડે તેમ કહેવા લાગ્યાં." મારો ભગત હરચંદ શેઠ ઠાકરને છેતરવા આવે છે બાપ, સૌ ધ્યાન કરો."

ડાયરાની નજર ચાલ્યા આવતા હરચંદ શેઠ તરફ વળી. માથે મોટી પાઘડી, લાંબુ અંગરખું અને ખેસ ઝુલાવતા ડાયરા તરફ ચાલ્યા આવતા હતા. દૂરથી જ નમી નમીને પગે લાગતા આવે છે. નજીકમાં પહોંચતા પોતાના માણસ પાસેથી બસ્સો રૂપિયાની કોથળી લઈને આપા વિસામણના પગમાં મૂકી પ્રણામ કરતા બોલ્યા.

"હે આપા વિસાણ, મારી માનતા સ્વીકારી લેજો."

શેઠના શબ્દો સાંભળીને આપા વિસામણ બોલ્યા." અલ્યા શેઠીયા મારો ઠાકર કાંઈ તારા બાપનો નોકર છે ? રૂપિયા તો મારા ઠાકર પાસે ઘણાં છે. લઈ લે તારા આ રૂપિયા અહીંથી અત્યારે જ ચાલતો થઈ જા

નહીંતર ભૂંડો લાગીશ.''

આપાના શબ્દો સાંભળતા શેઠની આંખો ફાટી રહી. મનમાં કપટ હતું એટલે કંઈ બુધ્ધિ ન ચાલી. લોભવૃત્તિથી સારું થયું મારા આટલા રૂપિયા બચ્ચા એમ સમજી થેલી ઉપાડી ચાલતો થયો. ઘેર જઈને સાકરનો સોદો કરી જ્યારે સાકર જોખવા માટે તૈયારી કરી ત્યારે ગુણીમાંથી સાકરને બદલે મીઠાના ગાંગડા નિકળ્યા. આ જોઈને માલ લેવા આવેલ શેઠ ગુસ્સે થયો. આવો દગો કરવા બદલ હરચંદ શેઠને ધમકાવવા માંડ્યો. હરચંદનો ચહેરો આ જોઈને કાળોઠણક થઈ ગયો. પોતાની ભુલ સમજાઈ પાળિયાદના ઠાકર સાંભર્યા. પોતે માનતા કર્યા મુજબ અડધા વહાણની સાકર લઈ ઠાકરના દ્વારે મૂકી પગે લાગ્યો. ભગવાનને છેતરવા સુધીના લોભ માટે અફસોસ કરી રહ્યો.

પોતે વિપત્તિ સમયે કરેલ માનતા મુજબની સાકર પ્રભુને અર્પણ કરી પોતાની ભૂલ બદલ પસ્તાવો કરવા લાગ્યો માનતા પૂરી કરી ઘેર આવતા જોઈ તો તેની ગુણીમાં મીઠાને બદલે સાકર ભરેલી જોઈ.'' પ્રભુ તારા બનાવેલા હવે તુજને બનાવે છે.'' પરંતુ પ્રભુની લાઠીનો અવાજ આવતો નથી. જ્યારે પડે છે ત્યારે આખું બ્રહ્માંડ ડોલી જાય છે અને પામર માનવ સત્ય સમજી જાય છે.

• • •

## સત્સંગ સુધા

જીવનમાં સત્સંગનું મૂલ્ય ઘણું ઉંચુ છે. જે કોઈ સત્સંગરસનું પાન કરે છે તેનું જીવન અવશ્ય સુધરી જાય છે. આપણે હવે આપા વિસામણે પોતાના જીવનકાર્યને સત્સંગમય બનાવી કેવી જ્યોત જલાવી એ વિશે આ પ્રકરણમાં જાણીશું.

સંતો માટે સત્સંગ સહજ છે. કોઈ સત્સંગની જરુર હોય તેવો આત્મા સામે આવી જાય તો સંત ઓળખી જાય છે. જો આવા મનુષ્યનું ભાગ્ય જાગવાનું હોય તો સંગ સહવાસથી તે કથીરમાંથી સોનું બની જાયછે. આપા વિસામણ આવા અનેક લોકોને જીવનમાર્ગ પર સન્માર્ગે વાળવા સતત જાગૃત રહેતા. મુક્તિનો માર્ગ સત્સંગથી મળે છે. ધર્મ તો જીવન ઉધ્ધારના ઘણા માર્ગ બતાવે છે. જપ, તપ, દાન, યજ્ઞ ઉપરાંત પૂજા, યોગ, સંન્યાસ, તીર્થયાત્રા અને સમર્પણ પણ બધા માર્ગ પૈકીના કેટલાક માર્ગ છે.

ધરમશી ભગત સતત ભજનભાવથી રહેતા હતા. તેમના મનમાં ઉંડે ઉંડે હંમેશા તીર્થયાત્રા કરવાનો ભાવ જાગતો હતો. તેમણે આપા દાનાને કહ્યું : "બાપુ, ભજનભાવ તો ઠાકર ખૂબ કરાવે છે. પણ મને રહી રહીને તીરથ દર્શને જવાની ઈચ્છા થાય છે."

ધરમશી ભગતની વાત સાંભળી આપા દાના બોલ્યા : "ભાઈ ધરમશી, પ્રભુનો મારગ તો એક જ છે અને તે માર્ગ એટલે પ્રભુપ્રેમ આ સિવાય પ્રભુ રાજી થતો નથી. જ્યાંથી આ વસ્તુ એટલે કે પ્રભુપ્રેમ મળે ત્યાં આસ્થા રાખો નહીંતર આ ભવરણમાં ભટક્યા કરશો."

આ સાંભળી રામદાસજી બોલ્યા : વો બાત તો સહી હૈ, કિંતુ કોઈ કોઈ મનુષ્ય મૃગ કે સમાન હોતા હૈ જો કસ્તૂરી કી તલાશ મેં બન બન ઘૂમતા હૈ. પશુ કી બુધ્ધિ કમ હોતી હૈ, પરંતુ કોઈ કોઈ મનુષ્ય ભી મૃગ કી તરહ ઘાસ ખાતે હૈ. અમૃત છોડકર વિષ કા માર્ગ નહીં પકડના ચાહિયે."

"બધું ય સાચું, પરંતુ જ્યાં સુધી પૂર્વ સંસ્કાર ન જાગે અને ગુરુની કૃપા ન થાય, ત્યાં સુધી ભાગ્યે માણસને સન્મતિ જાગે છે." ભીમ સ્વામી બોલ્યા.

આપા વિસામણ બોલ્યા : " હવે સત્સંગ બહુ થઈ ગયો પણ સો વાતની એક વાત રાખો કે ઠાકર મોટા. શ્રધ્ધારુપી ગણેશ સ્થાપી સતની છડી હાથમાં રાખો. આટલું થઈ શકે તો મારો ઠાકર તેના ભક્તોને આગળ ચાલીને ધરમનો મારગ બતાવશે."

આપા ગોરખ બોલ્યા : "ભાઈ, બધુ ઠીક પણ ધરમશીની યાત્રાની ઈચ્છા અધૂરી ન રહે."

આપા ગોરખના શબ્દો સાંભળી સૌ હસી પડ્યા.

સત્સંગવાર્તાથી સૌને કંઈને કંઈ સારુ જ્ઞાન મળતું અને પોતાના પાત્ર પ્રમાણે તેમાંથી સૌ ગ્રહણ કરતું.

દરેક સુખની તુલનામાં પ્રભુપ્રેમ પ્રથમસ્થાને છે. વિશ્વામિત્રને પોતાના તપનું અભિમાન ચડી ગયું ત્યારે ભૃગુઋષિને પોતાના કરતા પાછળ માનવા લાગ્યા પરંતુ જ્યારે તેમણે ભૃગુઋષિનો પ્રભુપ્રેમ જોયો, ત્યારે તેમનું અભિમાન ઉતરી ગયું. આખી જિંદગી જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવું. તપ કરવું, યજ્ઞ કરવા, ઉપાસના કરવી કે યોગસાધના કરવા કરતાં પણ પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ અને ભક્તિ રાખવાથી ચૌદ બ્રહ્માંડના સુખ અનુભવી શકાય છે. આટલું સમજી લેનાર માણસ પ્રભુ પ્રીતિ દ્વારા શરણાગત ભાવે ભવસાગર તરી જાય છે.

બધો સમુદાય સત્સંગ અને હાસ્યની મોજ માણતો ઉઠ્યો અને રજા લઈ વિખરાયો. જગ્યાના અંગત માણસો તથા ત્રણે સંતો બેઠા છે.

આપા દાના બોલ્યા : “ભાઈ ધરમશી, અહીં આવ બાપ, તીરથ કરવાનો તારો મનોરથ ઠાકર પુરો કરે.”

ધરમશી ભગત આપા દાના પાસે આવતા બોલ્યા : “ આ આવ્યો બાપુ, એવી કૃપા ઉતરે તો તો ધન્ય ઘડી ધન્ય ભાગ્ય”

“ તને ક્યાંની યાત્રા કરવાનો ભાવ જાગે છે ?”

“બાપુ, દ્વારકા જઈ દ્વારકાધીશના દર્શન કરવા છે.”

“અહોહો .. બાપ, દ્વારિકાધીશને તેં અહીં પાળિયાદમાં ન જોયા ? લે હવે જોઈ લે મારા ભાઈ !”

એમ કહીને પોતાનું મુખ ખોલ્યું તો ધરમશી ભગતને સંતના મુખમાંથી આખી દેવપુરીના દર્શન થયા. ધરમશી ભગત સંતના ચરણમાં પડી તેમને વંદી રહ્યા. તેમના મનનાં ઘોડા શાંત થઈ ગયા. એક ક્ષણમાં નિર્વિકલ્પ સ્થિતિ થઈ જવાથી હૃદયમાં પ્રેમના ઝરણા ફૂટી નીકળવા સાથે ભજનના શબ્દો સરી પડ્યા.

“રામરસ એવો પીધો રે, જેણે પ્રેમે કરી,
બાપ વિહળ નીરખ્યા રે, સન્મુખ શ્રી હરિ...

ભજન પુરું થતાં ધરમશી ભગતની આંખમાંથી હર્ષાશ્રુ રુપી શ્રાવણ - ભાદરવો વહી રહ્યા. પોતે બે હાથ જોડીને ત્રણેય મહાપુરુષોને કહેવા લાગ્યા : “હે નાથ ! આપની ગતિને કળી શકાતી નથી. મોટાની ગતમાં હું શું જાણું ? પણ આજ મારી બધી જ યાત્રા અહીં બેઠા પુરી થઈ ગઈ. હવે તો વિહળનાથના દર્શનમાં જ આંખુ બ્રહ્માંડ આવી ગયું.” એમ કહી ધરમશી ભગતે ત્રણેય ઠાકર સ્વરુપ સંતોના દર્શન કર્યા ત્યારે રામદાસજી બોલ્યા :

“દેખો ધરમશી, શાસ્ત્રો ઔર સારી વિદ્યાઓ કા સાર એક હી હે - કેવલ પ્રભુ કે ચરણોમેં પ્રેમ ઔર ભક્તિ.”

માણસ પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરવા અહીંતહીં ભટકતો રહે છે. કેટલીક વખત એ પત્થરને સોનું સમજી લે છે તો કેટલીક વખત પગમાં જ સોનું પડ્યું હોવા છતાં દેખાતુ નથી. વૃત્તિ જ્યાં સુધી દઢ ન થાય ત્યાં સુધી સાચું પારખવાની શક્તિ આવતી નથી. જ્યાં સુધી કોઈપણ નિશ્ચય દઢ ન થાય ત્યાં સુધી તેનું લક્ષ્ય મળતું

નથી. આનો અર્થ એ થાય કે પરમાત્મા, મહામાયા કે સદ્‌ગુરુમાં જ્યાં સુધી એક ધ્યાન ન થાય ત્યાં સુધી તેનું આધ્યાત્મિક કલ્યાણ થતું નથી.

ધરમશી ભગત કૃતાર્થ થયા. સત્સંગમાં સમય પણ ઘણો થઈ ગયો. રાત્રિનો બીજો પ્રહર ચાલતો હતો. સૌ નિદ્રાધીન થયા.

પરોઢ થતાં સૌ ઉઠ્યા. સ્નાન - ધ્યાનથી પરવારી સૌ બેઠકમાં આવી બેઠા. કસુંબા ઘૂંટાયા અને ડાયરો એકઠો થવા લાગ્યો. આપા દાનાએ વિદાય આપવા માટે સૌને વાત કરી જે કોઈને પણ ગમી નહીં. જ્યારથી આ સંતત્રિપુટી ભેગી મળી ત્યારથી આઠે પહોર સૌને આનંદ હતો. પળેપળ અને એકધારી આનંદવર્ષામાં પાળિયાદની જગ્યા તરબતર થઈ ગઈ હતી. ડાયરો આપા દાનાની વાત સાંભળી ઉદાસ થઈ ગયો. આ જોઈને આપા ગોરખ બોલ્યા :

"ભાઈ, એમ ઉદાસ ન થાઓ. ઠાકર તો અહીં બેઠા જ છે. આ તો પંખીનો મેળો કહેવાય બાપ અને પંખી ઉડતા રહે એ જ સારું. અમારે અમારા આશ્રમે તો પહોંચવું પડે ને? બહુ દિવસ આ પાળિયાદની પુણ્યભૂમિમાં આનંદ કર્યો. ઠાકર સૌને સુખી રાખે."

આવા સાંત્વનના શબ્દો કહી બંને સંત ઉઠ્યા. ડાયરો પણ આ દૈવી સંતોને વિદાય આપવા ગામ પાદર સુધી ગયો. પાદર આવતા આપા દાના બોલ્યા " ભાઈ વિસામણ, તરણેતર કેમ નથી આવતા ? એક વરસ આવો તો ધર્મ સત્સંગ થાય. તમારા દર્શન કરીને લોકોને આનંદ થાય બાપ, તારા વિના ધરમની ધજાયું કોણ ચડાવે?"

"ઘણા વખતથી નથી અવાયું. આ સાલ તો નિર્ધાર કર્યો છે કે આવવું જ" આપા વિસામણના શબ્દો સાંભળી બંને સંતોને આનંદ થયો. સંતોએ પોતાના ઘોડા ચલાવ્યા. ઘડીભર ડાયરો બંનેને જતા જોઈ રહ્યો અને પછી સૌ પોતપોતાના ઘર તરફ વળી નીકળ્યા.

●

આપા વિસામણ હાથમાં હોકો લઈ બેઠકમાં બેઠા બેઠા બાવા રામદાસજી સાથે વાતો કરે છે. એવામાં જસદણથી એક સાધુ આવ્યા અને આપા જૈતાના મેળાની કંકોત્રી આપી. પોતે આ સમાચાર જાણી ખુશ થયા. બાવા લાલદાસજીને બોલાવી સહુ ભક્તમંડળને આ સમાચાર પહોંચાડી કંકોત્રીમાં લખ્યા મુજબના દિવસે આ કાર્યક્રમમાં હાજર રહેવાની સૂચના મોકલી આપી.

આપણે આગળ જોયું તેમ જસદણ દરબારશ્રી શૈલા ખાચરનો રાજ્ય ઉપર ગાયકવાડી સૂબાએ મુકેલી જપ્તી ઉઠી ગઈ. આપા જૈતાએ છ મહિના પછી સંવત ૧૮૭૬ વૈશાખ સુદ - ૯ (નોમ) ના દિવસે જીવતા સમાધિ લીધી. દરબારશ્રી આપા જૈતાનું વચન ભૂલી ગયા. મેળો કર્યો નહીં.

એક વખત રાત્રે સૂતા હતા ત્યારે નિદ્રામાં આપા જૈતાએ દર્શન દીધા. તેમને તેમનું વચન યાદ કરાવ્યું. દરબારશ્રીએ સવાર પડતા દિવાનને બોલાવી મેળાની સઘળી તૈયારી કરવાની આજ્ઞા આપી દીધી. ચારે બાજુ ધર્મસ્થાનકો અને શ્રધ્ધાળુઓને આમંત્રણ મોકલાઈ ગયા. આ મેળામાં રચાનાર મંડપમાં કોઈ મહાપુરુષના હાથમાં સુકાન હોય તો સારું એમ વિચારી શેલા ખાચરે પોતાના અંગત સાધુ આપા વિસામણ પાસે મોકલી સઘળી દેખરેખ રાખી કામ પાર પાડવા વિનંતી કરી. મેળાના સમય પહેલા પાંચ - સાત દિવસ અગાઉ આપા વિસામણ પાંચ - સાત ઘોડેસવાર સાથે જસદણ પધાર્યા. ભક્ત મંડળને પોતે સૂચના આપી દીધી હતી એટલે સહુ કોઈએ જસદણ આવી જઈને પોતપોતાને યોગ્ય કામ સંભાળી લીધુ હતું. સંપૂર્ણ પ્રસંગ તેમની દોરવણી મુજબ સારી રીતે પૂર્ણ થયો. લાખો માણસોની મેદની એકઠી થઈ. સહુને મીઠો પ્રસાદ બે દિવસ સુધી જમાડ્યો અને તેમ છતાં ભંડારમાં કોઈ ખામી ન આવતા પ્રસાદ વધી પડ્યો.

પ્રસાદ લઈને સહુ આપા જૈતાની સમાધિના દર્શને એકઠા થયા. આપા વિસામણના હાથમાં સાધુએ બાવન ગજનો નેજો આપ્યો. આપા વિસામણ બોલ્યા :

“આપા જૈતા, આ તમારો નેજો ચડે છે બાપ, આ નેજાને સ્વીકારી લ્યો.” સહુની વચ્ચે બેસીને બેઠા બેઠા સમાધિ ઉપર નેજો ચડાવી દીધો. સહુ કોઈ આ દૃશ્ય જોઈ રહ્યા. દરબારશ્રી શેલા ખાચરને આ વાતની જાણ થતાં તેઓ પણ પ્રસન્ન થયા.

બધો જ સમુદાય રાત્રિ થતા ભજનના રંગમાં રંગાઈ ગયો. એક પછી એક એમ વારા પ્રમાણે મંડળીઓ ચોહાર ફરતી જાય છે. સહુને ચોહાર કરવા દઈ આપા વિસામણે હાથમાં રામસાગર લીધો. કદીપણ તેમને ભજન બોલતા સાંભળ્યા ન હોય એવા સહુની જિજ્ઞાસા વધી. સહુ કોઈ પોતાનું ભજન બંધ કરીને આ દિવ્ય લ્હાવો લેવા બેસી ગયા. આપા વિસામણના કંઠમાંથી ભજનના ઘેઘૂર શબ્દો સર્યા.

“સાંભળો ભાઈ સંત સારા, અલખનાં પરિયાણ ન્યારા,<br>
ચાર જુગના રાય બુઝે, અલખ ગુરુના પાવ પૂજીએ,<br>
પરેખ પડે સિધ્ધ રામદેવજી સાચો ભણે....

ભજન જેમ જેમ ગવાતું ગયું તેમ તેમ જગ્યામાં આવેલ સમાધિઓ ડોલવા લાગી. સહુ ભક્તો તેમજ દરબારશ્રી શેલા ખાચર આ દૃશ્ય જોઈ  જ રહ્યા. પોતે ભજન પુરું થતા બધી સમાધિઓ પાસે ગયા અને સમાધિઓ પર હાથ ફેરવી કહેવા લાગ્યા કે,

“હાઉં મારા બાપ, આટલુ બહુ છે,  આ તો કળિયુગ છે.”

આમ કહીને સઘળી સમાધિ ઉપર હાથ ફેરવી પોતે નીચે બેઠા અને સમાધિઓ ડોલતી બંધ થઈ. દરબારશ્રી શેલા ખાચર કહેવા લાગ્યા કે, “ભાઈ આપા વિસામણ, તમે તો આ ઘોર કળિયુગમાં જાગતી જ્યોત છો - એમાં કંઈ કહેવાનું હોય !”

“ભાઈ, આપના ગળામાં કંઠી છે એનો આ બધો પ્રતાપ છે.”

" શું કામ મોણ ચડાવો છો ?" એવું કહેતા દરબારશ્રીને પોતે થોડો સમય અન્ય ધર્મના અનુયાયી બન્યા હતા તે યાદ આવી ગયું. આપા વિસામણનનું વચન સાંભળતા તેમણે પહેરેલી કંઠીને કાઢી એક બાજુ મૂકી દીધી અને બોલ્યા :

"મારુ ધ્યાન નથી રહેતું ભગત, હવે તો તમે કંઠી દઈ દ્યો."

"બાપ શેલણશી, ઠાકર તને કહે છે કે કંઠી કે માળા બધુ આટલું બોલ્યા એમાં આવી ગયું. આસ્થા ન ભૂલશો."

શ્રી શૈલા ખાચરની મનની ઈચ્છા આમ અચાનક જ પુરી થતા તેમના આનંદનો કોઈ પાર ન રહ્યો. આખી રાત્રિ દરમ્યાન તેઓ ભજનમાં બેઠા રહ્યા. સવાર પડતા આપા વિસામણની પધરામણી દરબારગઢમાં કરી. સારું સ્વાગત કર્યુ. થોડા દિવસ ભાવપૂર્વક રોકીને પછી આદરપૂર્વક વિદાય આપી.

રસ્તામાં ચાલતા આપા વિસામણે પોતે અચાનક ઘોડો ફેરવ્યો એટલે લાલદાસજી બોલ્યા, " કેમ બાપુ, ક્યો મારગ લેશું ?

"ભાઈ લીંબડી જવા દો, મને વાણિયો સાંભરી ગયો છે."

બધા ઘોડા લીંબડી તરફ ચાલી નીકળ્યા. લીંબડી પહોંચી ગોરધન સુતારને ત્યાં ઉતારો કરી; રાત્રે ભજનભાવ અને સત્સંગ સાથે ધર્મોપદેશ થવા લાગ્યો. પડોશમાં જ શ્રીમંત દેવચંદ શેઠ રહેતા હતા. દેવચંદના લગ્ન જૂનાગઢના શ્રીમંત વેપારી જયચંદની સર્વગુણશાળી પુત્રી ગંગાગૌરી સાથે થયા હતા. આ વિવાહ થયા પછી શેઠ હિરાચંદ દેવલોક પામ્યા હતા. પિતાનો સઘળો કારોબાર હવે દેવચંદ ઉપર આવી પડતા મોજશોખ બાજુએ મુકી ધંધામાં સતત રોકાયેલ રહેતા હતા. વિવાહ થયાને સાતેક વર્ષ થયા છતાં તેમને ત્યાં કોઈ સંતાન નહીં હોવાથી ગંગાગૌરી ચિંતામાં રહેતા.

એક દિવસ તેમને સર્પદંશ થતા કોઈ સફેદ પોષાકમાં સજ્જ થયેલા પુરુષે તેમને બચાવેલા. આ ઘટના પછી સતત તેમને આ પ્રસંગ યાદ આવ્યા કરતો. એક વખત તેમણે દેવચંદ શેઠને આ વાત કરી. દેવચંદ શેઠે તેના વાણોતર પ્રેમચંદને વાત કરી. વાણોતરે પાળિયાદ આપા વિસામણની પીરાઈ બાબત શેઠને સમજાવ્યા. ત્યારથી તેમનું મન પાળિયાદ તરફ રહ્યા કરતું. તેમને જાણવા મળ્યું કે પાળિયાદના પીર આપા વિસામણ લીંબડીમાં જ છે અને ગોરધન સુતારને ત્યાં થોડા દિવસથી સત્સંગ અને ધર્મનો ઉપદેશ કરે છે. આથી બંને પતિ - પત્ની આપાના દર્શને આવ્યા. આપા વિસામણની પોતાને ઘેર પધરામણી કરી અને રસોઈ આપી. સહુ જમી રહ્યા પછી શેઠાણી ગંગાગૌરી દર્શને આવ્યા એ વખતે શેઠ બોલ્યા :

"બાપુ, આપની દયાથી બધુંય છે પણ શેર માટીની ખોટ છે."

" હા ભાઈ, ઈ તો મારો ઠાકર જાણે છે. તારી આસ્થા ફળશે. ઠાકર તને બે દીકરા આપશે. એકનું નામ ધરમશી અને બીજાનું નામ ઈચ્છારામ રાખજો."

આપા વિસામણના વચન પ્રમાણે ગંગાગૌરીને બે સંતાન થયા. તેમના નામ આપાએ કહ્યા મુજબ

ધરમશી અને ઈચ્છારામ રાખ્યા. બંને દીકરાને લઈ ગાડામાં બેસી દેવચંદ શેઠ પાળિયાદ આવ્યા. જગ્યામાં ગાડુ અને બળદની જોડી અર્પણ કરી આશીર્વાદ લીધા.

●

લીંબડી સહુનો ભાવ પૂર્ણ કરી આપા વિસામણ વિદાય થયા. એમણે વિચાર્યું કે અહીં સુધી આવ્યા છીએ તો સાથે સાથે વઢવાણ પણ જતા આવીએ. સૂચના મળતા સૌએ ઘોડા વઢવાણના માર્ગ ઉપર ચડાવ્યા.

વઢવાણ પહોંચતા ચોરા ઉપર રજપૂત ડાયરો બેઠો છે. દરેકને હાથમાં હોકા રહી ગયા છે. હોકાની કસ સાથે વાતોની છોળો ઉડી રહી છે. એવામાં એક જણ ચોરા ઉપર આવ્યો અને ડાયરાને રામરામ કર્યા. ડાયરામાંથી બેચર પરમારે રામરામ ઝીલતા પૂછ્યું : ભાઈ, તમારે શું કામ છે ?''

''જગ્યામાં આપા વિસામણ પધાર્યા છે.''

''સવારે તો સૌ જગ્યામાં જ હતા. ક્યારે પધાર્યા ?

''હમણાં જ હજુ લીંબડીથી ઘોડા આવ્યા. ઘોડાને ખીલે બાંધી, બાપુને કસુંબો પાઈને અહીં સહુને જાણ કરવા આવ્યો છું. તો સહુ ડાયરો પધારજો. બાપુએ સૌને યાદ કર્યા છે.'' એટલું કહીને આવેલ સંદેશવાહક ચાલ્યો ગયો.

''ભલે બહુ સારું ભાઈ ?'' એટલું કહીને જે ડાયરામાં હાજર નહોતા તેમને સંદેશો મોકલી તેમની રાહ જોવા લાગ્યા.

વઢવાણમાં શરુઆતમાં આપા વિસામણની જગ્યા નહોતી. બાપુ જ્યારે જ્યારે પધારે ત્યારે રાજ્યના મહેમાન થતા અને વારાફરતી સૌની રસોઈનો ભાવ રાખતા. પોતે જ્યારે પધારે ત્યારે સાત - આઠ ઘોડા તો હોય જ અને ઘોડા પણ ઠાકરના એટલે તેની સેવાચાકરી સાધારણ માણસથી તો થઈ શકે નહીં. આથી પોતે પધારે ત્યારે રાજ્યમાં ઉતરતા. રાજ્ય પણ તેમનું ખૂબ સન્માન જાળવતું.

એક વખત વઢવાણ પધારતા કેરાળા નજીક દરબારશ્રી રાયસિંહજી તથા તેમના કામદાર ખેતરમાં કામ કરતા સામે મળ્યા. આપા વિસામણને આવકાર આપી કામ પડતું મુકીને ઘોડા પર ચડ્યા. રસ્તામાં આપા વિસામણને કહેવા લાગ્યા.

''વઢવાણ જઈને દરબારગઢમાં કસુંબા કરશું. અહીં તો મોડું થશે એમ માનીને નીકળી ગયા છીએ વળી શિરામણનો સમય પણ થઈ ગયો છે.''

''રાયસિંહજીની વાત સાંભળી આપા વિસામણ બોલ્યા : ''આજ તો હું મારા સાધુ પાસે રહીશ. દરબારગઢ અમારું ઘર ન કહેવાય.''

"કેમ ભગત એમ કેમ કહો છો?"

"જુઓને ઘણા વખતથી મારો સાધુ લીંબડીપાના ચોરા ઉપર રહે છે. એને એક ઓરડી પણ નથી અને હું દરબારગઢમાં મહાલું એ કંઈ શોભે બાપ."

"ભગત, એ તો મને ખબર નથી. બધું ય હવે આપ દરબારગઢમાં પધારો એટલે થઈ જશે."એમ કહીને દરબારે ઘોડો હાંક્યો. આપા વિસામણે પણ ઘોડા હાંક્યા. સૌએ દરબારગઢ પહોંચી કસુંબા લીધા જમીને બે ઘડી આરામ કર્યો.

સાંજના સમયે ગામમાં ફરવા નીકળ્યા. દરબારશ્રી આપા વિસામણની વાત ભૂલ્યા નહોતા. આથી બોલ્યા : "ભગત, જ્યાં ઠાકરની મરજી હોય ત્યાં કહેજો. ઠાકરને જેટલી જમીન જોઈતી હશે તેટલી આપીશું."

આપા વિસામણે સાંકડી શેરીમાં અત્યારે બાપુભાના દરબાર પાસે જાળની અને પીપળાની બે સોટી ઉભેલી જોઈ અને પોતે આંગળી ચીંધીને દરબારને બતાવ્યું કે "મારા ઠાકરને તો અહીં ગમશે. કારણ કે ઠાકરને જાળ બહુ વહાલી છે અને પીપળો તો ઠાકર સ્વરુપ છે." ત્યારથી વઢવાણમાં આપા વિસામણની જગ્યા થઈ. જગ્યામાં આજે પણ આ જાળ મોજુદ છે. આ પડતર જગ્યા દરબારશ્રીએ જગ્યાને અર્પણ કરી. જગ્યામાં જે મકાન હતું તેમાં ઉગમણા બારનું એક જાળિયું હતું. રાયસિંહજી તથા સૌ હાજર લોકો જુએ તેમ આપા વિસામણનો ઘોડો તે જાળિયામાંથી મકાનમાં જતો રહ્યો એટલે પોતે બોલ્યા કે,

"આ જગ્યાનું બારણું અહીં જ રાખવું." આમ જગ્યા ઉગમણા બારની થઈ. જ્યાં જાળિયું હતુ ત્યાં જ અત્યારે પણ મુખ્ય બારણું છે. પહેલા તે જગ્યા આથમણા બારની હતી જે જેરામદાસજીએ ચણાવેલી.

ઠાકરના સાધુ બાવા જેરામદાસજી જગ્યા તૈયાર થઈ જતાં તેમાં રહેવા લાગ્યા. પછીથી વિસામણ બાપુનો ઉતારો આ જગ્યામાં જ રહેતો. ચોરા ઉપર બધા ભેગા થઈને રજપૂત ડાયરો જગ્યામાં આવ્યો. સહુ બાપુને રામરામ અને પાયલાગણ કરી બેઠા. બાપુ પધાર્યાની ખબર પડતાં એક ચારણ જગ્યામાં આવ્યો. આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યા છે અને આવીને બાપુના પગમાં પડી ગયો. પોતાની ચારણીશૈલીમાં બાપુની સ્તુતિ કરવા લાગ્યો.

"દાનેવ દિદારે કે, વિહળ વિસરિયા,
અજિયાના આંધણ કે, ચાવલ પ્રગટિયા..
ઈ પીરુના પ્રભાવ કે, પાળિયાદ સરવરિયા,
હાજર હું તો પીર કે, ચારણ સૂત ચરિયા...
હાકે હચમચે પૃથ્વી કે, વચને વાય સમીર,
ચારણ સૂત બેઠા કરો, તમે પ્રગટ વિહળપીર.

જગ્યાથી થોડે દૂર આ કચ્છી ચારણનું ઘર હતું. બહારગામથી વઢવાણ રહેવા આવેલ. સ્થિતિ બહુ ગરીબ હતી એમાં તેનો પંદરેક વર્ષનો દીકરો બીમાર પડ્યો. પોતે મુંઝાયેલ સ્થિતિમાં બેઠો હતો. દીકરો બે દિવસથી સૂનમૂન હતો. કોઈએ તેને ખબર આપ્યા કે, આપા વિસામણ પાળિયાદથી જગ્યામાં પધાર્યા છે. આ સાંભળીને ચારણ ઉઘાડા શરીરે અને માથે એમને એમ બાપુના દર્શને ઉપડ્યો. જગ્યામાં આવીને ઉપર મુજબ સ્તુતિ કરી બે હાથ જોડીને ઉભો રહ્યો. સહુ ડાયરો પણ સ્તુતિગાન અને ચારણનું દુઃખ જોઈ શાંત થઈ ગયો. કોઈ કંઈ બોલતું નથી. આપા વિસામણને ચારણને જોઈ કરુણા ઉપજી અને બોલ્યા :

"ગઢવી, ચિંતા કર મા બાપ, પણ તું થોડુંક ભૂલે છે."

"કેમ બાપુ, ઠાકર પાસે તો મારા હજાર ગુના હશે પણ હવે આ ડૂબતાનું બાવડું ઠાકર સિવાય કોણ ઝાલશે?"

"ના, ના ગઢવી એમ નથી."

"ત્યારે બાપુ? મને કંઈ સમજણ પાડો."

"જો સામે ખૂણામાં સાધુ સુતો છે. બધી કરામત એની પાસે છે. થોડો આગળ જઈ એના પગ ધોઈ અને એ જળનું ટીપું તારા દીકરાના મોઢામાં પાડી દે એટલે એ તરત ઉભો થઈ જાશે."

ચારણ બુધ્ધિમાન હતો. ઠાકરના શબ્દો ઉપર તેને અખૂટ શ્રધ્ધા હતી એટલે બાવા જેરામદાસજી જ્યાં સુતા હતા ત્યાં જઈને પગ ધોઈ એક વાટકામાં તેનું ચરણામૃત લીધું. સાધુ જેરામદાસજી એકમદ જાગી ગયા અને બોલ્યા :

"ગઢવી, આ શું કરો છો? બાપુ તો કહે પણ તમેય.."

આપા વિસામણે સાધુના શબ્દો સાંભળીને કહ્યું : ના ના જેરામદાસજી આ ગઢવી સમજણો છે. એ જે કરે છે તે ઠીક કરે છે. તમારા અને ઠાકર વચ્ચે થોડું કંઈ છેટું છે બાપ, બેય બરાબર છે."

ગઢવી ચરણામૃત લઈને બાપુને વંદન કરી ઘેર ઉપડ્યા. દીકરાના મોઢામાં ચરણામૃતનું ટીપું પાડ્યુ. જાણે કે ઉંઘમાંથી ઉઠતો હોય તેમ આંખ ઉઘાડતા દીકરો બોલ્યો " બાપુ, જુઓ આ ઠાકરના ઘોડા આવ્યા. તમને એ દેખાય છે?"

ગઢવી બોલ્યા : "હા ભાઈ હા, ઠાકર તો ત્રિલોકનો નાથ છે. તારી વહારે નહીં આવે તો પછી કોની કરશે?"

દીકરાને સાજો નરવો અને બોલતો જોઈ સૌને આનંદ થઈ ગયો. આડોશી પાડોશી પણ આ જાણી ખુશ થયા. દીકરાને સારું લાગતુ જોઈને ગઢવી ઘેરથી ઉતાવળે જગ્યામાં આવી બાપુના પગે પડ્યો અને એક રૂપિયો મૂક્યો, પરંતુ આપા વિસામણ બોલ્યા કે,

"ગઢવી, તારો ઠાકર તારો રૂપિયો નથી લેતો. તને તો ઠાકર આપે છે." એમ કહેતા એક રૂપિયો ઉમેરીને બાપુએ ગઢવીને પાછા આપ્યા. ગઢવીની આંખમાંથી પ્રેમના આંસુ વહી રહ્યા.

ગઢવી બોલ્યો : "હે વિહળનાથ, તમે તો મને આપવામાં કંઈ બાકી નથી રાખ્યું. મને મારા પુત્રને બચાવીને નવું જીવતર આપ્યું. મારા બાપ. આ ખોળિયું રહેશે ત્યાં સુધી તમારા ગુણ નહીં ભૂલું. "એમ કહીને મનમાં શાંતિ થઈ જવાથી ડાયરામાં બેઠો. સહુની સાથે આનંદ કરવા અને કરાવવા માંડ્યો.

સાંજનો સમય થવા આવ્યો. આજે સાંજની રસોઈ જીવા ડોડિયાને ત્યાં હતી. માણસ જમવા બોલાવવા આવ્યો એટલે સૌ ઉઠ્યા. જમી પરવારીને રાત્રે ભજન રાખ્યા હતા તે શરુ કર્યા. બાવા જેરામદાસજી હાકોટાથી સાવળો બોલવા લાગ્યા. એટલામાં વિસામણ બાપુ બોલ્યા." બોઘા, ઉઠ ઉઠ હવે તારો...."

"પણ શું બાપુ સમજાય એવું કહો."

"ઠીક લે, હવે ઈ તો ઠાકર પહોંચી ગ્યો."

સૌ મનમાં વિચાર કરવા લાગ્યા કે બાપુ આમ શા માટે બોલ્યા હશે ? એવામાં બોઘા રાઠોડના ઘેરથી માણસ આવ્યો અને સમાચાર આપ્યા કે બોઘા રાઠોડ ઘેરથી ઓસરી ઉતરતા પડી ગયા. થોડીવાર સુધી સાન નહોતી પણ હવે ઠીક છે. બાપુ જે બોલ્યા હતા તે હવે સૌને સમજાયું. ઠાકરનો પ્રગટ પરચો ભાળી સૌ મનોમન તેમને વંદી રહ્યા. થોડીવારમાં બોઘા રાઠોડ આવ્યા અને બાપુને પગે લાગીને બીજા દિવસે પોતાને ત્યાં રસોઈનું નોતરું આપ્યું.

બાપુએ કહ્યું : "બોઘા, તું રહેવા દે. તેં આટલી ઠાકરની ટેલ કરી છે એ ઘણું છે. તને તકલીફ પડે." પરંતુ બોઘા રાઠોડના અતિ આગ્રહ અને પ્રેમના કારણે છેવટે બાપુએ હા પાડી અને બીજે દિવસે તેને ઘેર જમવા પધાર્યા. દરરોજ કરતા આજ જમનારા પણ વધ્યા એટલે બાપુએ કહ્યું :

"બોઘા, હું તો કહેતો હતો કે રહેવા દે, માણસ ઘણું છે."

જવાબમાં બોઘા રાઠોડ બોલ્યા : "બાપુ, કર્તાહર્તા ઠાકર છે. મારું શું છે ? હું તો ઠાકર આપે એટલું ખાઉં અને તે કહે ત્યાં જાઉં બીજી કશી ખબર મને પડતી નથી."

આમ વાતો કરતા ઘેર આવ્યા. બોઘા રાઠોડના ભાઈ અદા રાઠોડે સહુને જમવા બેસાર્યા અને ખૂબ પ્રેમથી જમાડ્યા. આપા વિસામણ બંને ભાઈઓનો પ્રેમ જોઈ પ્રસન્ન થયા. જમ્યા પછી ઘરમાં બાપુને બેસવા માટે ગાદલું રાખ્યું હતું ત્યા જઈને બાપુ બેઠા. ડાયરો બધો પણ બાપુની આજુબાજુ ગોઠવાઈને બેઠો. બધાએ પોતાનું સ્થાન લઈ લેતા બાપુએ બોઘા રાઠોડને બોલાવ્યા અને કહ્યું : "બોઘા, આજ તો મારો ઠાકર બહુ પ્રસન્ન છે. લે હવે મારો ઠાકર અહીંયા જ રહેશે." એમ કહી ભીંત ઉપર થાપો માર્યો. લાલચોળ કંકુવરણો થાપો ભીંત ઉપર જોઈને સહુને થયું કે નક્કી ઠાકર બોઘાને સહાય થયા. નહીંતર બાપુએ હાથે ક્યાં કંકુ લગાડ્યુ હતું.

સહુ જમી રહ્યા પછી પોતે જગ્યામાં આવવા ઉઠ્યા એટલે બોઘા રાઠોડને પોતાની પાસે બોલાવતા કહ્યું :

"બોઘા, અહીં ટાંકુ બનાવી સ્થાપના કરજે, ઠાકર તને સહાય કરશે.''બાપુ આટલું કહી ચાલતા થયા એટલે બોઘા રાઠોડ બોલ્યા :

"બાપુ, મને એક ભાવ છે પણ આપ મારો ભાવ રાખો તો કહું''

"શું ભાવ થાય છે બોઘા, કહી દે બાપ.''

"બાપુ, મેં ઘઉં વાવ્યા છે. બરાબર અત્યારે પોંકનો જ સમય છે. મારા ઘઉંનો પહેલો થાળ ઠાકર લે તો મારો ભાવ પૂરો થાય.''

બોઘા રાઠોડની વાત સાંભળી બાપુએ હસીને હા કરી.

બીજે દિવસે સવારે બધો ડાયરો બોઘાના ખેતરે ગયો. એક ખીજડાના થડ પાસે બેઠક ગોઠવી સૌ બેઠા. કસુંબો ઘુંટાયો અને સહુએ કસુંબો લઈ મોં મીઠા કર્યા.

પ્રસન્નતાથી આપા વિસામણ બોલ્યા : "બોઘા, લે મારા ઠાકરને તો અહીં પણ બહુ ગમે છે'' એમ કહીને ખીજડાના થડે થાપો માર્યો. ત્યારથી સહુ રજપુત ડાયરો અષાઢી બીજે આ ઠાકરના ખીજડે જવા લાગ્યો. સાધુ - સંતોને ભોજનપ્રસાદ આપી સૌ ભજનભાવ કરવા લાગ્યા.

એક વખત એવું બન્યું કે બોઘા રાઠોડના ભાઈ અદા રાઠોડે ભૂલથી સાંતિનું જીહલું કરવા આ ખીજડાની એક ડાળ પાડી. ડાળ તો પાડી પણ ડાળ પાડ્યા પછી તેને ક્યાંય ચેન પડ્યું નહી. તેનું મગજ ચિતભ્રમ જેવું થઈ ગયું. એક રાત્રે તે ઘેરથી ભાગ્યા અને ઠાકરના ખીજડે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. ખીજડાની ડાળ પર જેવું દોરડું બાંધેને અવાજ આવે કે "અદા રહેવા દે'' આવો ભણકારો થતાં જ દોરડું તૂટી જાય. એટલે ત્યાંથી નીકળી ધોળી ધજાએ જઈ ભોંયરામાં સૂતા. અડધીક રાત્રિ પસાર થઈ હશે ત્યાં તેમના કાનમાં ભણકાર સંભળાયો. "અદા, ઉઠ ઉઠ તને ઠાકર દ્વારકા મોકલે છે. હવે આવું ન કરતો.'' બે-ત્રણ વખત આ ભણકાર સંભળાતા તેમની આંખ ઉઘડી તો પોતાના પગમાં લુગડાની કોથળી ભરાઈ. કોથળી હાથમાં લઈ જોયું તો અંદરથી વીસ રૂપિયા નીકળ્યા. સવાર થતાંની સાથે કેમ્પમાં જઈ વાસણ-પાગરણ લઈ દ્વારકાની યાત્રા કરી ઘેર આવ્યા.

વઢવાણમાં સૌ પ્રથમ આપા વિસામણની એક જ જગ્યા હતી. બાવા જેરામદાસજી પણ ઠાકરના જ સાધુ હતા. તેઓ મારવાડથી આવેલા. પહેલા લીંમલીપાના ચોરા ઉપર અને પછી થોડો સમય ધોળીધજાના ભોંયરામાં રહેલા. ત્યાર બાદ જગ્યા થઈ જવાથી આપા વિસામણની જગ્યામાં રહ્યા. એમના પત્ની માણેકબાઈ પણ ભક્તિના રંગે રંગાયેલા હતા. જેરામદાસજીની ઉંમર એકસો પચાસ વર્ષ સુધી પહોંચી હતી. એંશી વર્ષના થયા ત્યારે તેમને દૂધીયા દાંત પણ ફૂટ્યા હતા.

એક વખત જગ્યામાં સહુ બેઠા છે. ભજનભાવની રમઝટ બોલે છે. ઠાકરનો થાળ ગવાયા પછી શ્રીફળ - સાકરની પ્રસાદી વહેંચાઈ પરંતુ બાવા જેરામદાસજીને મુખમાં દાંત નહીં એટલે કોઈ મશ્કરીમાં બોલ્યું કે "બાપુએ પ્રસાદ તો લીધો પણ ખાશે કોણ ?'' આ શબ્દો સાંભળતા પોતે બોલ્યા : "બાપ, ઠાકરને જો પ્રસાદ

ખવરાવવો હશે તો નવા દાંત આપશે.'' અને સહુ માની ન શકે એમ બીજે જ દિવસે નાના બાળક જેવા દુધીયા દાંત એમને ફૂટી નીકળ્યા.

એવી જ રીતે એમને અફીણનું જબરદસ્ત બંધાણ હતું. બંધાણ પણ કેવું કે દરરોજ બે તોલા અફીણનો અમલ કરી જાય. સહુને એમ થતું કે આટલું બધું અફીણ બાવાજી ક્યાંથી લાવતા હશે ? પરંતુ સવારના પહોરમાં સ્નાન - ધ્યાન કરી પોતે કસુંબો કાઢે અને બોલે કે ''પીજો આપા વિસામણ'' એમ કહી અંજલિ ઠાકરને ધરીને અર્પણ કરે. ત્યાર પછી પોતે અને સૌ ડાયરો કસુંબો લેતો. કોઈ બંધાણી અચાનક આવે અને કહે કે ''બાપુ, આજ તો મારી પાસે અફીણ નથી'' તો તરત જ કહેતા કે ''અહીં આપા વિસામણ બેઠા તને વળી અફીણની ખોટ પડી, લે લઈ જા અને મોજ કર.'' એમ કહેતા પોતાની પથારી નીચેથી અને કાં ઠાકરના આસનમાંથી મોટો ગાંગડો કાઢીને આપતા. કદાચ કોઈ સાધુ આવે અને પ્રસાદ લીધા પછી કોઈ માગણી કરે તો તેમની પથારી નીચેથી જોઈએ તેટલા પૈસા કાઢી તે સાધુને આપતા. પોતે પોતાને ઠાકરના સાધુ હોવાનું સૌને જણાવતા. ઠાકર પાળિયાદમાં પ્રગટ થયા તો પોતે પણ મારવાડથી અહીં આવ્યા. સંતપુરુષો ધર્મપ્રચાર અર્થે હંમેશા જુદા જુદા સ્થળે પ્રગટ થતા હોય છે. સંસારીઓ માટે આવા સૌ સંતો સંતાપના સમયે વિસામારુપ બનતા હોય છે. બાવા જેરામદાસજી આવા સાધુ હતા.

જગ્યામાં અનેક રમતારામ સાધુ આવતા. વિસામણ બાપુ તથા સૌ ડાયરો બેઠો છે. એવામાં એક કબીરપંથી સાધુએ બાવા જેરામદાસજીને કહ્યું :

''બાવાજી, બીજું તો ઠીક પણ કંઈક અલખનો ઉપદેશ કરો તો ગમે.''

તેમના શબ્દો સાંભળીને જેરામદાસજી મંદ મંદ હસ્યા અને આપા વિસામણ સામે જોયું એટલે બાપુ બોલ્યા :

''માળો ગમાર લાગે છે. આ બાજુ જો આ બાજુ''

સાધુએ વિસામણ બાપુ તરફ જોયું તો ભવ્ય વિશાળ નેત્રોમાં જમણી આંખમાં જ્યોતિ અને ડાબી આંખમાં સાધુનું ઘર અને છૈયા છોકરા દેખાયા. સાધુ દંગ રહી ગયો પછી બાપુ બોલ્યા :

''ભાઈ મહારાજ, લખ અને અલખ એ વાતો કરવાથી નથી સમજાતું. સંસારમાં રહીને કોઈને ટુકડો આપો એટલે બધું સારું થઈ જાશે. અહીં તો લખ અને અલખ બધું ય આ જેરામદાસજીની ગોદડીમાં છે. તને આથી કોઈ વધારે ખબર હોય તો બોલી નાખ ભાઈ !''

સાધુ બાપુના પગમાં પડી ગયો. અલખની વાતો કરવાનું માંડી વાળ્યું અને પોતાનો ભેખ ઉતારીને પોતાના કુટુંબ પાસે જઈ સંસાર સંભાળી લીધો.

આ રીતે આપા પંદરેક દિવસ વઢવાણમાં રોકાયા. સૌને આનંદ - પ્રમોદના સાગરમાં સ્નાન કરાવી પોતે વિદાય થવાની તૈયારી કરી. બાપુ પરિભ્રમણ કરીને પાળિયાદ પધારે છે. એમ સમાચાર મળતાં જ પાળિયાદમાં માનવમેદની ભેગી થઈ. કોઈ પાસે કરતાલ, કોઈ પાસે ઝાંઝ તો કોઈ વળી તબલાં પર થાપી

મારી રહ્યું છે. બાવા જેરામદાસજી રાસ ગવરાવે છે. સૌ ડાયરો આપા વિસામણના ઘોડા આજુબાજુ ચાલે છે.

આ પ્રમાણે સૌ ભક્તિરસમાં ગુલતાન થઈ ગયું છે. બાપુ વિદાય લઈ રહ્યા હોઈ વઢવાણ સૂનું લાગશે એમ વિચારે છે. જ્યારે પાળિયાદના ભાવિકો તેમને પોતાના મૂળ આસને પધારતા થનગની રહ્યા છે. લાગણીશીલ સ્વભાવના રડી રહેલા ભક્તોને સાંત્વન આપતા બાપુ કહે છે. "ઘણી વખત આવશું બાપ, મોળા પડોમાં, તમારો પ્રેમ અમને ખેંચી લાવશે."

વિદાય સમયે સૌએ પોતપોતાના મનના ભાવ પ્રગટ કર્યા. આમ કરતા સૌ તળાવની પાળ સુધી પહોંચ્યા. સહુને હવે અહીં ઉભા રહેવાનું કહી બાપુ જ્યાં ઘોડાને એડી મારવા જાય છે ત્યાં આગળ જ એક મરેલું કુતરું પડ્યુ હતુ. બાપુ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને બોલ્યા : " આ બધા આનંદ કરે છે અને તું કેમ ચાલી નીકળ્યું ? ઉઠ, ઉઠ તને ય ભલે આનંદ થાય." એમ કહેવાની સાથે જ કુતરું થોડીવાર સળવળ્યું અને ઉભું થઈ સૌ જુએ તેમ ચાલતું થયું. બાપુએ બાવા જેરામદાસજીને કહ્યું કે "તમારે કંઈ પણ કામકાજ હોય તો પાળિયાદ આવી જવું" એમ કહીને ઘોડો હાંક્યો. સહુ દૂર સુધી તેમને જતાં જોઈને દર્શન કરી રહ્યા.

એક વખત જગ્યામાં બાવા જેરામદાસજી બેઠા છે. ડાયરામાં વાત નીકળી કે બાપુ જગ્યા તો થઈ પણ હવે ઠાકરના ચરણ પધરાવવા જોઈએ. જેરામદાસજીની ઉંમર પણ હવે સો વર્ષ ઉપર થઈ ગઈ હતી. આટલી ઉંમર થવા છતાં પણ જ્યારે પોતે સાવળો બોલે અને હાકોટા કરે એટલે મંદિરમાં આપોઆપ જ્યોતિ પ્રગટ થઈ જતી હતી. સહુની વાત સાંભળી પોતે બોલ્યા :

"તમારો સૌનો ભાવ હોય તો હું રણુજા જાઉં અને ઠાકરના ચરણ લઈ આવું."

તેમની વાત સાંભળી સૌ રાજી થયા, પરંતુ સૌના મનમાં થયું કે આટલી અવસ્થાએ તેઓ રણુજા કેવી રીતે પહોંચી શકશે ? પરંતુ જેરામદાસજીએ તો સૌને ચિંતા ન કરવા કહી બીજે દિવસે ખડિયો લઈને પાળિયાદનો રસ્તો પકડ્યો.

વઢવાણથી ખારવા ગામ આવતા તેમને એક ઘોડેસવાર સામો મળ્યો. તેણે હકીકત પૂછી કે "મહારાજ કઈ તરફ જાઓ છો ?" હકીકત જાણીને અસવાર બોલ્યો : "તમને અહીં જ ઠાકર ચરણ આપે તો રણુંજા જવું છે ?" બાવાજીએ 'ના' કહેતા તરત ઘોડાના પાવરામાંથી ચરણ અને ઠાકરની સમાધિ કાઢીને બાવાજીને આપી. જેરામદાસજી પણ ઠાકરને ઓળખી ગયા એટલે તેમના દર્શન કરી ત્યાંથી જ પાછા વળ્યા. જગ્યામાં આવીને આ હકીકત સૌને જણાવી એટલે સહુને આનંદ થયો. જગ્યામાં ધામધૂમથી ઠાકરના ચરણની સ્થાપના કરી. હાલમાં પણ ચરણ અને સમાધિના દર્શન જગ્યાના મંદિરમાં થાય છે.

● ● ●

# માંડવધાર અને કેટલાક પ્રસંગો

વઢવાણથી આપા વિસામણ પાળિયાદ પધાર્યા. માંડવધાર તથા આજુબાજુના ગામના પટેલિયાઓ બે દિવસથી બાપુને આમંત્રણ આપવા આવ્યા હતા તે બેઠા હતા. સહુને બાપુની પધરામણી માંડવધારમાં કરાવવાનો ભાવ હતો. આજુ બાજુના પ્રદેશમાં આપા વિસામણના પ્રગટ પરચાથી જે કોઈ દુઃખીયારું હોય તે જગ્યામાં આવીને પોતાનું દુઃખ ઠાલવતું અને ઠાકરની કૃપાથી તેનો દુઃખમાંથી છૂટકારો થતો. ઠાકરના શરણે આવતાં જ તેમના દુઃખ, મુશ્કેલી દૂર થઈને સૌની અંતરની ઈચ્છા પૂર્ણ થતી.

માંડવધારના લીંબા પટેલને ઘણા સમયથી બાપુના શરણમાં આસ્થા હતી. ધર્મપરાયણ અને આસ્તિક સ્વભાવના માણસ હતા. તેમના ઘેર સાત દીકરીઓ હતી પણ દીકરો નહોતો.

માંડવધારના હીરા પટેલની આસ્થા પણ બાપુમાં જબરી હતી. પાછળથી તેના દીકરા ભીમાએ આ આસ્થા રાખી નહીં. તેની મનોવૃત્તિમાં ફેર પડી ગયો. એક વખત હીરા પટેલના ઘેરથી ઘરડાં ડોશી રેંટિયો કાંતતા હતા ત્યારે ત્રાક સાથે આખું કોકડું તેમનો બળદ ગળી ગયો અને મરવા પડ્યો. બળદ ખૂબ સારો હતો એટલે આ ઘટનાથી ઘરનાં સૌ ઉદાસ થઈ ગયા. ડોશીએ કહ્યું કે "તમે સૌ પાળિયાદ આપા વિસામણની આસ્થા રાખો તો બધું સારુ થઈ જશે અને બળદ ઉભો થઈ જશે." પરંતુ દીકરા એમ માને તેમ નહોતા એટલે ભીમો બોલ્યો :

"અમને કંઈ ખાત્રી થાય તો પછી માનતા રાખીએ."

રાત્રે ડોશીમાને સપનું આવ્યું. સ્વપ્નમાં રોઝા ઘોડા ઉપર સફેદ વસ્ત્રમાં હાથમાં ચાબુકધારી અસવારના દર્શન થયા. ડોશીમાને આ અસવારે કહ્યું કે "કાલે સવારે તારો બળદ પોદળો કરશે તેમાં ત્રાકના ત્રણ કટકા થયેલા દેખાય અને તમારા ગામના ઝાંપે ઘણા વરસથી પીપળાનું સુકુ ઠુંઠુ જમીનમાં ઉગાડવા ખોડી રાખેલ છે એના ઉપર પાંદડા જોવા મળે તો માનજો કે આપા વિસામણે બળદને સાજો કર્યો છે."

આવા શબ્દો સાંભળતાં જ ડોશીની ઊંઘ ઉડી જતાં તેની આંખ ઉઘડી ગઈ. સવાર થતાં બધા દીકરાને બોલાવ્યા અને પોતાને આવેલ સપનાની વાત કરી. મોટા દીકરા ભીમાએ તપાસ કરી તો બળદે કરેલ પોદળામાંથી ત્રાકના ત્રણ કટકા નીકળ્યા. ગામ ઝાંપે જઈને જોયું તો સૂકા ઠુંઠા જેવા પીપળા ઉપર કુમળી કૂંપળો જેવા પાન જોવા મળ્યા. આ જોઈને સૌની શ્રધ્ધા વધી એટલે સૌ ગામના પટેલો લીંબા પટેલને સાથે લઈને પાળિયાદ આવ્યા હતા. સૌની ઈચ્છા બાપુની પધરામણી ગામમાં કરીને પોતાનો એમના તરફનો ભાવ દર્શાવવાની હતી. બાપુ વઢવાણ ગયા હતા પણ એક બે દિવસમાં આવી જવાના સમાચાર મળતાં સૌ જગ્યામાં રોકાઈ ગયા હતા. તેમને સમાચાર મળી ગયા કે બાપુ પધાર્યા છે.

નિત્યક્રમ પ્રમાણે સ્નાન - ધ્યાનથી પરવારી આપા વિસામણ પોતાની બેઠકમાં બીરાજ્યા છે. ડાયરો હેકડેઠઠ ભરાયેલો છે. અમલ ઘૂંટાઈ રહ્યો છે. વિવિધ પ્રકારની વાતો સૌ અંદરોઅંદર કરીને આનંદ માણી રહ્યા છે. ચારણ ભાટ અને કવિઓ વચ્ચે વચ્ચે ઠાકરની સ્તુતિઓ કરી વાતાવરણમાં ભાવ ભરી રહ્યા છે. સહુ કવિની રચનાઓ સાંભળી રહ્યા છે. પ્રભુના ગુણગાન સાંભળીને આપા વિસામણના હૃદયમાં પણ ઠાકરના સ્મરણ સાથે સમુદ્રના મોજાંની જેમ આનંદ ઉછળી રહ્યો છે. પોતે વારંવાર હાથ ઉંચો કરીને કવિને તેની રચના માટે પ્રોત્સાહન આપતા રહે છે. નથુ ગઢવી પૂર્ણ ભાવ સાથે પ્રેમ અને આનંદથી સ્તવનોનું ગાન કરી બાપુને આનંદ આપે છે. કવિનું ગાન અચાનક બંધ થયું એટલે બાપુ બોલ્યા :

"અરે ગઢવી, આવી ગયું બાપ, હવે બહુ દાખડો ન કર અને મોજ કર."

"અરે ઠાકર, શાનો દાખડો અને શું આવી ગયું ? તમારી આ વાતમાં કોઈ ને કાંઈ સમજણ પડતી નથી."

"તારી વાત નથી ભાઈ" બાપુ બોલ્યા :" એ તો પશ્ચિમ પ્રદેશનો ગઢવી રણમાં ફસાયો છે. મને બહુ યાદ કરે છે."

કાઠિયાવાડનો ચારણ સાત - આઠ ઘોડા લઈને મારવાડમાં વેચવા ગયેલો. મારવાડ પરગણાના રાજાએ ઘોડા રાખી લીધા પરંતુ કેટલાય દિવસ સુધી ગઢવીને પૈસા ન આપ્યા. પૈસાની રકમ કંઈ નાનીસૂની નહોતી. બધા ઘોડાની કુલ કિંમત પંદરેક હજારની હતી. માયાની પ્રબળતાએ રાજાને ભરમાવ્યા અને પૈસા આપ્યા વિના જ ગઢવીના ઘોડા લઈ લીધા. ઘણા દિવસ સુધી ગઢવીએ આંટા ખાધા પરંતુ એક દિવસ ગઢવીનું અપમાન કરી રાજાના કામદારે કાઢી મૂક્યા. ચારણ તો ચિંતામાં પડી ગયો. ઘણો વિચાર કર્યો ત્રાગું કરવું ? બીજા કોઈ રાજાની મદદ લેવી ? આમ જુદા જુદા વિચાર તેના મનમાં આવતા રહ્યા. પરંતુ એક પણ વિચાર તેને શાંતિ આપી શક્યો નહીં. છેવટ તે સાવ નિરાશ થઈ ગયો.

ચિંતામાં ને ચિંતામા બે દિવસ સુધી જમવાનું મન પણ ન થયું. ગઢવીને અન્નજળની રુચિ જ મરવા લાગી. આવા ઘોર અન્યાય સામે બલિદાન આપવું એ જ એક માર્ગ છે એવો નિર્ધાર તેણે કરી લીધો.

રાત્રે ગઢવી પથારીમાં પડ્યા છે. આહાર લીધો નથી અને ચિંતા ઘેરી વળી છે. આથી નિદ્રા આવવાના કોઈ લક્ષણ તેને દેખાતાં નથી. અડધીક રાત્રિ આમને આમ થઈ ગઈ છે. ગઢવીની આંખો આકાશ તરફ મંડાયેલી છે. સમગ્ર બ્રહ્માંડની ઝાંખી કરતા ગઢવીને ઈશ્વરની ઝાંખી થઈ. સૃષ્ટિનો ન્યાય તોળનાર ઈશ્વરનો કોઈ પ્રતિનિધિ આ ધરતી ઉપર નથી ? એવો પ્રશ્ન પોતાની જાતને પૂછ્યો. આ પ્રશ્ન સમસ્ત વાતાવરણમાં પ્રસરી રહ્યો. એને પ્રત્યુત્તર રુપે અચાનક પાળિયાદ યાદ આવ્યું. આપા વિસામણની યાદ આવતા તરત જ ગઢવી આકાશ ઉપર દૃષ્ટિ ઠેરવતા બોલ્યા :

"હે આપા વિસામણ, હવે તો છેલ્લો તમારો આશરો છે. મને ઉગારો કે મારો એ બધું હવે તમને સોપુ છું. જો મને મારા ઘોડાની કિંમત મળી જશે તો હું તેમાંથી રૂપિયા પાંચસોની માનતા ઠાકરના પારે કરીને પછી

જ મારા ઘેર જઈશ.''

ગઢવીએ આ રીતે ઠાકરની માનતા કરવા સાથે જ તેના મન અને હૃદયમાં શાંતિ પ્રગટી. એ નિશ્ચિત થઈને ઠાકરને ભાર સોંપતા હળવા થઈ ગયા અને નિદ્રાએ તેમના આંગણે આવી તેમને પોતાને વશ કરી દીધા. સવાર થતા ગઢવી તળાવ તરફ શૌચ-સ્નાન માટે ગયા. સ્નાન- ધ્યાન કરીને ગઢવી તળાવની પાળ ઉપર બેઠા છે. ઠાકરનું સ્મરણ કરતાં સ્તવન સ્તુતિ કરવાની ઈચ્છા જાગી અને ઉંચા સ્વરમાં ગાન ઉપાડ્યું.

''વારું કરો વિહળનાથ, મન મારું મુંઝાય રે
પીરું હુંદી તો પ્રાછટ વાગ્યે, દુ:ખ દાળિદર જાય રે..

પ્રભાતી ગાનનું છેલ્લું ચરણ ગઢવી પુરુ કરે ત્યાં તો પૂછતા પૂછતા રાજાના સેવકો ચારણ પાસે આવી પહોંચ્યા. ગઢવી સાથે વાત કરી તેને દરબારગઢમાં લઈ ગયા. ગઢવીને મનમાં થયું કે હવે આજ તો મારું આવી બન્યું. હવે મને કદાચ જીવતો નહી છોડે. આમ વિચારતા ગઢવી દરબારશ્રી સામે રજૂ થયા. રાજાજીને વંદન કરી તેમના શબ્દો સાંભળવાની ઉત્સુકતા સાથે રાહ જોઈ રહ્યા.

દરબારશ્રી બોલ્યા : ''ગઢવી, તમને કોઈ દેવની સહાય છે ?''

''હા, અન્નદાતા, હવે તો દેવની સહાય જ મને સુખી કરી શકે. દેવની સહાય વિના જીવવું અઘરું છે.''

''કોણ છે તમારા દેવ?''

'' એ બધુંય પછી પહેલા મારા રૂપિયાની વાત કરો. દરબાર હવે તો મરવા પડ્યો છું અને તમારે મને મારવો હોય તો પણ તમારી સામે જ છું. જે કરવું હોય તે પણ હવે આપણી વચ્ચેનો છેલ્લો હિસાબ પુરો કરી નાખો''

''અરે ગઢવી, તમારા રૂપિયા આપવા માટે તો તમને બોલાવ્યા છે. પરંત તમે મારી શંકાનું સમાધાન કરો. મારા મનનું સમાધાન થશે એટલે તરત જ તમને રૂપિયા આપી દઈશું.''

''શું શંકા છે તમને મને જણાવો.''

દરબારશ્રી બોલ્યા : ગઈ રાત્રિના હું સૂતો હતો. અચાનક પડછંદ અને સફેદ પોશાક પહેરેલ હાથમાં સીસમની લાકડીવાળો એક પુરુષ મને દેખાયો. એણે મને તમારા પૈસા આપી દેવાની વાત કરી. મને પડખામાં સીસમની લાકડીનો એવો ઘોંકો માર્યો કે મારાથી ચીસ નીકળી ગઈ. વળી પાછું એ પુરુષ ફરીથી કહ્યું કે કાલે સવારે જ ગઢવીના પૈસા આપી દેજે નહીંતર ... એમ કહી સોટીનો બીજો ઘોંકો મને માર્યો. આમ થતાં મારી ઉંઘ ઉડી ગઈ. ત્યાર પછી માંડ સવાર થયું અને મેં તમારી તપાસ કરાવી. હવે, તમને તમારા પૈસા આપી દઉં તો પછી તમારા દેવ મને કાંઈ નહીં કરેને ?

''ના બાપુ, પરંતુ મારા દેવની મેં પાંચસો રૂપિયાની માનતા રાખી છે. જો તમે એટલા રૂપિયા વધારે આપશો તો જ મને પુરો સંતોષ થશે. નહીંતર ફરી પાછું શું થાય એ કાંઈ કહી ન શકાય.''

"પાંચસો વધારે આપીશ. હવે કાંઈ કહેવું છે ? પરંતુ હવે મને જલદીથી તમારા દેવનું નામ જણાવો.

"બાપુ, કાઠિયાવાડમાં ગોહિલવાડ પ્રદેશમાં પાળિયાદ નામનું ગામ છે. ત્યાં શ્રી રામદેવજીના અવતાર સ્વરુપ આપા વિસામણ કાઠી કુળમાં પ્રગટ થયા છે. એ જ મારા જાગતા દેવ છે. આખાય પ્રદેશમાં તેમના હાકોટા વાગે છે. ભૂલથી પણ જો કોઈ અપડપલું કરે તો તેના ઘડીવારમાં બારેય વહાણ ડૂબી જાય છે. પરંતુ જો ભાવથી તેનું ભજન કરે તો ઘડીના છઠ્ઠા ભાગમાં તેની સહાય કરે છે. આમ મારા દેવ બહુ સમરથ છે. કોઈ વખત તેમના દર્શન કરશો તો બેડો પાર થઈ જશે."

"ભલે ગઢવી તમારી વાત તદ્દન સાચી છે. હવે તમે કામદાર સાથે જાઓ. કામદાર તમારા હિસાબ ઉપર પાંચસો રૂપિયા વધારે આપશે. તમે રૂપિયા લઈ માનતા કરવા જાઓ ત્યારે મારા વતી તમારા દેવ પાસે માફી માગજો આટલું મારું કામ કરજો."

"ભલે અન્નદાતા, હવે કોઈ ચિંતા ન કરશો. હવે તમારા મનમાં કપટ નથી એટલે આનંદ આનંદ જ થશે."

ગઢવીને કામદારે હિસાબના પંદર હજાર રૂપિયા અને માનતાના પાંચસો રૂપિયા ગણી દીધા. ગઢવીએ આ રૂપિયાની હૂંડીઓ કઢાવી લીધી અને ઘોડા ઉપર બેસીને સીધો જ પાળિયાદનો માર્ગ પકડ્યો.

આપણે જોયું કે દૂર દૂર બનતી ઘટનાઓની વાત બાપુ ડાયરાને કહેતા હોય છે. આવું થાય ત્યારે ડાયરો સ્તબ્ધ થઈ સાંભળી રહે છે. અને થોડા દિવસમાં જ ઘટનાની સત્યતા સાબિત થઈ જાય છે. આથી કેટલાકને વાત સાંભળી ઠાકરની વધુમાં વધુ ટેલ કરવાની ભાવના જાગે છે. કેટલાક ઠાકરની આ સમર્થતા જોઈ તેમની પ્રશંસા કરતા થાકતા નથી. કેટલાક સાચા - ખોટા તર્કમાં પડ્યા કરનારની બુધ્ધિમાં આ વાત સમાતી નથી. દરબારશ્રી શેલા ખાચર અને પંચાળના ગોવાળિયાની વાત જાણતા હતા તેમને બાપુના શબ્દો સારડીની જેમ બુધ્ધિમાં ઉતરી ગયા. જેમને થોડી ઘણી પણ શંકા હતી તે વિચારવમળમાં ઉતરી ગયા.

ડાયરામાં આ વિચાર આવ્યા પછી થોડી જ વારમાં જગ્યામાં ઘોડાની હણહણાટી થઈ. ગઢવી ઘોડા ઉપરથી ઉતરી સીધા જ ડાયરામાં આવ્યા. આપા વિસામણ એક હાથમાં હોકો અને બીજા હાથમાં સીસમની લાકડી રાખીને બેઠા છે. ગઢવીની ચકોર નજરથી ઠાકરને ઓળખતા કોઈ ભૂલ ન થઈ. દર્શન થવાની સાથે જ તેની આંખમાં ગંગા - જમનાના નીર ઉભરાયા. ગઢવીની આવી પ્રેમ વિહ્વળ સ્થિતિ જોઈને બાપુ બોલ્યા :

"ભાઈ ગઢવી, હવે કેમ રડે છે બાપ, રૂપિયા મળી ગયાને ?"

બાપુ, રોતો નથી. મારા ઠાકરના આજ દર્શન થતાં મારુ હૈયુ કાબુમાં ન રહ્યું. રૂપિયા તો વિહળાનાથની દયા થાય તો કોણ રાખી શકે ? હજારો કોસ દૂર આપ વિના મારું કોણ હતું ! સત્યના સાથી અને રાંકના રખેવાળ વિહળધણી તમને ધન્ય છે. જુગે જુગે બાપ, તમારી ઓળખાણ તો જુદી જુદી છે. તમારા રૂપ નિત્ય નવા છે' કહેતા ગઢવીએ લલકાર્યું.

"ઉગ્યાને આથમ્યા લગે, સંભારે સુખ થાય,
વિહળ નામ બંચાય, પીર તમારું પાતાઉત.
પાતાણીને પરસતા, ભો બધો મટી જાય,
પરચો વિહળ પીરનો, વડપણમાં વધતો જાય.
અજમલ ઘેરે અવતર્યા જુગમંડણ જગદીશ.
પાળેશ્વર પધારિયા, વિહળ હેમ વરીશ.

ગઢવીના ગુણગાન અટકવાનું નામ નથી લેતા. બાપુ બોલ્યા : "હાઉં બાપ ગઢવી, ઠાકરને બહુ બીરદાવ્યા. તારા રૂપિયા તને મળી ગયા એટલે બસ."

"હા મારા નાથ, સમરથ ધણીની સહાયથી મારુ નાવડું તો તરી ગયું નહીંતર ડૂબવાને બહુ વાર નહોતી" એવું કહીને ગઢવીએ પાંચસો રૂપિયાની ઢગલી આપા વિસામણ પાસે કરી અને કહેવા લાગ્યા : "બાપુ, ઠાકરે રૂપિયા તો અપાવ્યા પણ વ્યાજ સાથે.

"એટલે ?" ડાયરામાંથી નથુ ગઢવી બોલ્યા.

"મારા ઘોડાની કિંમત પંદર હજાર રૂપિયા હતી, પરંતુ મેં ઠાકરને માનતા કરી હતી કે પાંચસો ઠાકરના પારે મુકીશ. આ માનતાના રૂપિયા પણ ઠાકરે દરબાર પાસેથી જ અપાવ્યા."

"હા ભાઈ હા" હૃદયમાં સત્ય હોય તો ઠાકર ચારણ ભાટનું નથી લેતો. અહીં કઈ વાતનો તૂટો છે" આપા વિસામણનું વચન સાંભળી ડાયરો ખડખડાટ હસી પડ્યો. તર્ક અને શંકા સેવનારના મનનું સમાધાન એની જાતે જ થઈ ગયું !

●

સવારના દસેક વાગ્યાનો સમય છે. ઉનાળાના દિવસોમાં ગ્રીષ્મ ઋતુનો પ્રકોપ ચાલી રહ્યો છે. સખત ગરમી અને ઉકળાટથી લોકો બફાઈ રહ્યા છે. આમ છતાં પણ ડાયરાની વાતો જરા પણ વિક્ષેપ વિના અવિરત ચાલી રહી છે. નવા આવેલ પરોણા ગઢવીને સમ- સગરાથી સહુ અમલ આપી આપીને તેનો પરિશ્રમ દૂર કરવા પ્રયત્ન કરી રહ્યા છે. એટલામાં ઉગમણી દિશામાં ધૂળની ડમરી ચડી. આ ડમરીથી થોડી જ વારમાં આખો પ્રદેશ ઢંકાઈ ગયો. સહુની નજર આ ધૂળની ડમરી પર પડતાં જાત જાતની અટકળો થવા લાગી. થોડું સાફ દેખાય એવુ થયું ત્યાં બે ઘોડેસવાર ઘસમસતા પાળિયાદ તરફ આવતા દેખાયા. ઘોડા નજીક આવતા સૌએ જોયું કે ઘોડાના મુખમાંથી ફીણના ગોટા ઉડે છે. શરીર પરસેવાથી નીતરી રહ્યા છે. અસવારોના મુખ પણ લાલબંબોળ થઈ ગયા છે. જગ્યાના પગથાર સુધી આવીને ઘોડા અટક્યા. બંને અસવારોએ હાશકારો

અનુભવ્યો. આપા વિસામણના સંકેતથી માણસોએ ઘોડાની રેન પકડી લીધી. બંને પુરુષો વિચાર કરતા થોડીવાર ઉભા રહ્યા. થોડી વાતચીત કરીને એક પુરુષે માથા પરથી બાંધેલ કપડું દૂર કર્યું અને તેના માથાના વાળ ઢીંચણ સુધી ફેલાઈ ગયા. પુરુષના આટલા લાંબા વાળ જોઈને સૌ અચરજ પામી ગયા. આપા વિસામણ બોલ્યા :

"આવ દીકરી, હાલ્યા આવો. આ તો માવતરનું ઘર છે. અહિંયા તને કોઈ ભય નથી."

આપા વિસામણનું વચન સાંભળીને એમને એમ કપડા પણ બદલ્યા વિના કે શરીર સ્વચ્છ કર્યા વિના ધૂળથી ભરેલા ગંગાગૌરી અને તેમના પતિ દેવચંદ શેઠ આપા વિસામણ પાસે આવીને તેમને પગે લાગ્યા. બંનેના શરીરમાં ભયની ધ્રુજારી છે. હૃદયમાં રહેલ ક્ષોભ શમતો નથી. બંનેની આવી સ્થિતિ જોઈને આપા વિસામણ બોલ્યા : "ભાઈ શેઠીયા, અહીં રોકડા રૂપિયા ન દેવાય આડા અવળા વાવરી દેવાય તો, ખરું ને ?

બંને બાપુના શબ્દ સાંભળી સ્તબ્ધ થઈ ગયા.

બાપુ બોલ્યા : "હવે, ગાડું - બળદ એ સૂબાને દઈ દે એટલે એ ભાગી જાય. ઠાકરને ય ઠગતા અચકાતા નથી."

આપણે આગળ જોઈ ગયા કે લીંબડીના દેવચંદ શેઠને કોઈ સંતાન નહોતું. આપા વિસામણના વચનથી ધરમશી અને ઈચ્છારામ નામના બે દીકરા થયા. શેઠે માનતા કરતી વખતે બુધ્ધિ વાપરી કે રોકડા રૂપિયા ઠાકરના ચરણે મૂકીએ તો ક્યાંક આડાઅવળા વાપરશે અને એમના કરમ આપણે બાંધવા પડશે. માટે ગાડું અને બે બળદ મૂકીએ તો વાંધો નહી. દેવચંદ શેઠે સન્મુખ પરચો જોવા છતાં બાપુની મહાનતા ઓળખી નહીં. જ્યાં હંમેશ સંત, સાધુ, અભ્યાગત કે યાચક ક્યારેક નિરાશ થઈને જતા નથી. ધનસંપતિ કેવળ અન્નદાન અને નિરાશ્રિતના પોષણ માટે જ વપરાય છે. આ સિવાય કોઈ ઠઠારો કે દંભ - ડોળ કરવામાં આવતો નથી. ત્યાં શેઠને રોકડા આપવામાં તકલીફ લાગી. ગાડુ - બળદ જગ્યાને ભેટ આપીને હરખાયા. શેઠે જગ્યાને આપેલ ગાડું - બળદ કોઈ સંત સાધુના ભોજન માટે ઉપયોગમાં આવ્યા નહીં. આમ - વૃત્તિના કારણે શેઠ ઉપર મોટું સંકટ આવી ગયું.

ગાયકવાડના તાબાના રાજ્યોને એ સમયમાં ખંડણી આપવી પડતી હતી. ગાયકવાડી સૂબો લીંબડી રાજ્ય પાસેથી નિયમસર ખંડણી ઉઘરાવવા આવ્યો. તેના ખુશામતીયાઓએ સૂબાને અવળી લત ઉપર ચડાવ્યો હતો. એટલે તે ન્યાય નીતિ જાળવ્યા સિવાય હંમેશ અયોગ્ય વર્તન કરતો હતો. પોતાની પાસે લશ્કર અને સત્તા હોવાથી મદાંધ બની ગયો હતો. નિર્બળ લોકોની રાવ - ફરિયાદ ભાગ્યે જ સાંભળવામાં આવતી આ સૂબાની ખફનજર દેવચંદ શેઠ પર ઉતરી. દેવચંદ શેઠને તેમના ધર્મપત્ની ગંગાગૌરી સૂબાને સોંપવાની માગણી થઈ. શેઠ તો આ વાત સાંભળતા જ મુંઝાઈ ગયા. આબરુ વિના જીવવું એ મૃત્યુ સમાન છે. શેઠને મોત આવ્યું હોય તેવું લાગ્યું અને કોઈ ઉપાય સૂઝ્યો નહીં. આ વાત પોતાની પત્નીને કહેવા તેમની પાસે ગયા. બધી જ હકીકત તેમને જણાવી. શેઠાણી ખૂબ જ શ્રધ્ધાળુ અને અડગ મન વાળા હતા. એટલે શેઠને હિંમત

આપતા કહ્યું :

"તમે સુબાના માણસને કહો કે પાંચ દિવસ સુધી રાહ જુએ પછી તેમની ઈચ્છા પુરી થશે. માણસે જઈને સુબાને વાત કરી. મદાંધ સુબો વાત સાંભળી પ્રસન્ન થઈ ગયો. પાંચ દિવસ ધીરજ રાખવામાં તેને કાંઈ વાંધો લાગ્યો નહીં.

આ સમય દરમ્યાન શેઠાણીએ શેઠને સમજાવ્યું કે હવે ગમે તે કરીએ પરંતુ મરવાનું તો છે જ પરંતુ મને વિચાર આવ્યો છે કે જો આપણે બંને પુરુષના વેશમાં અહીંથી નીકળી પાળિયાદ પહોંચી જઈએ તો પછી વાંધો નહીં. શેઠને પણ શેઠાણીની વાત ગમી. ત્રણેક દિવસ પછી પુરુષનો વેશ પહેરી ગંગાગૌરી તથા દેવચંદ શેઠ સુબાની છાવણી પાસેથી જ પસાર થઈ ગયા. કોઈને આ વાતનો ખ્યાલ ન આવતા તેમને અટકાવ્યા નહીં. છાવણીથી થોડે દૂર ગયા એટલે ઘોડા દબાવ્યા. આ રીતે લીંબડી છોડીને પાળિયાદના માર્ગે ચડ્યા. પાળિયાદ પહોંચી આપા વિસામણને શેઠ કરગરવા લાગ્યા. બાપુ, મારી ભૂલ થઈ. ગમે તેમ તોય વણિક સ્વભાવ છે એટલે ક્યારેક અવળા વિચાર સૂઝે પરંતુ હવે મારી લાજ રાખવી તમારા હાથમાં છે. આવું ન થાય તો અમારી બંનેની જીંદગી ઠાકર અહીં જ લઈ લે તો વધુ સારુ."

વાણિયાના આર્ત શબ્દો સાંભળી આપા વિસામણ બોલ્યા : " શેઠ, હવે ધરપત રાખો. કાલે તમે અહીંથી રવાના થાવ અને ઝાલરા પાટણના રાજાના સૈનિકો જો તમારી મદદ કરવા સામા મળે તો માનજો કે ઠાકરે સહાય કરી. માટે હવે ભયથી મુક્ત થઈ જાઓ. આજની રાત અહીં ઠાકરના આશરે મોજ કરો. હવે તમારે સૂબાનો ભય રાખવાની જરુર નથી."

ઠાકરના શબ્દોથી શેઠને હવે પુરેપુરી શાંતિ થઈ ગઈ. સૌ સાથે આનંદ કરવા લાગ્યા. શિરામણનો સમય થતા બધો ડાયરો ઉઠ્યો. સહુની સાથે દેવચંદ શેઠે પણ પ્રસાદ લીધો.

સાંજના સમયે વિસામણ બાપુ રોઝા ઉપર સવાર થઈને ફરવા પધાર્યા. સાથે પાંચ - સાત ઘોડા, માંડવધારના પટેલિયા અને રોજની બેઠકના માણસો પગપાળા ચાલી રહ્યા હતા. આપા વિસામણ હાથમાં ચાબૂક ફેરવતા ચારે તરફ નજર નાખતા રોઝાને ખેલવતા આનંદ કરી રહ્યા છે. બીજા ઘોડા પણ રોઝાને જોઈને થનગનતા જાય છે. સવારો પણ મોજમાં છે. કોઈને ખ્યાલ નથી આવતો કે આજ બાપુના મનમાં શું ચાલે છે. સૌને એટલું તો સમજાઈ ગયું છે કે બાપુની આજની રમત દરરોજ કરતાં કંઈ જુદી છે.

અચાનક રોઝાએ હાવળ નાખી અને પૂંછ ચમ્મર ઉંચુ કર્યું. એક સાથે સાતેય ઘોડા ઉપડ્યા. સમળીની જેમ તાજણ, માણકી અને ચાંગીયાના પૂંછચમ્મર પણ ઉડવા લાગ્યા. રોઝો તો સૌની સાથે જ રહ્યો પરંતુ બીજા ઘોડા પલકભરમાં કેટલેય દૂર પહોંચી ગયા. સાતેય ઘોડાના ધમસાણથી ડમરી ચડી અને બાબરકોટ પહોંચતા સામેથી કોઈ અસવાર મારતે ઘોડે આવ્યો. સઘળાં ઘોડા થોડા ધીમા પડ્યા. સવારે પણ પોતાના ઘોડાની લગામ ખેંચી. થોડીવાર સૌની સાથે ઉભા રહી વાતચીત કરીને ઘોડો મારી મૂક્યો. આપા વિસામણ અને ડાયરો વાતો કરતાં ચાલ્યા આવે છે. આવી રહેલ અસવારે ઘોડેથી ઉતરતાં જ આપા વિસામણના પગ

પકડી લીધા. આપા વિસામણ બોલ્યા : "ઓહોહો.. મારો કાથડ આવી ગયો. અહીં શું ઠાકર સામે બહારવટે ચડવું છે."

"ના રે બાપુ. હું તો ઠાકરનો દાસ છું. ઠાકરની દુઆ કરવા આવ્યો છું. છોકરાં દુઃખી છે. અને મારુ કોઈ બળ - જોર ચાલતું નથી."

"તો તો પછી કાથડ નીમ લઈ લે કે હવે કોઈ સાધુ, સંત, અભ્યાગત કે જગ્યા ન લૂંટવી."

"ભલે બાપુ, આજથી નીમ, એટલી વાત નહીં કરુ."

"આ નીમ પાળીશ એટલે ઠાકર તારું દુઃખ ભાંગશે. તારું કામ પહેલા પ્રયત્ને જ થઈ જશે."

"બસ બાપુ, આટલા માટે જ મેં આ દાખડો કર્યો છે."

કાથડ સોમાસરિયા ખાચર મૂળીના સોમાસર ગામના વતની હતા. મૂળી દરબારે તેમનો ગરાસ આંચકી લીધો હોવાથી બહારવટે ચડ્યા હતા. ઘણી મહેનત અને બળ વાપરવા છતાંય તેમના પ્રયત્નો સફળ ન થયા. બહારવટાની કોઈ અસર ઉભી ન થઈ. એમના પત્ની -બાળકો દુઃખી થવા લાગ્યા.કોઈ ઉપાય ન સૂઝતા પાળિયાદ તરફ ઘોડો મારી મૂક્યો હતો. બહારવટિયાની શોધમાં ફરતા સૈનિકોની દૃષ્ટિમાં કાથડ એકલા જતા દેખાયા. સૈનિકોએ તેમના ઘોડાને તેની પાછળ દોડાવ્યા. આગળ કાથડ ખાચર અને પાછળ રાજના ઘોડા એમ ઘડીક પાસે તો ઘડીક અંતર પાડતા બાબરકોટ સુધી પહોંચી ગયા. એજ સમયે આપા વિસામણના સાતેય ઘોડાની બઘડાટી સંભળાતા મૂળીના અસવારો ડરીને ભાગી ગયા. કાથડ નિર્ભય રીતે બાપુ તથા સૌ ડાયરા સાથે જગ્યામાં આવ્યા. આપા વિસામણના અકળપણાની વાતો કરાતાં ડાયરો કસુંબામય બન્યો. કાથડ સોમાસરિયાને કસુંબો પાઈને રાત રોક્યા.

સંધ્યા સમયે સહુ ડાયરો વાતોમાં મશગુલ છે. માંડવધારના લીંબા પટેલ વગેરે બાપુને માંડવધાર પધારવા વિનંતી કરી રહ્યા છે. આ દરમ્યાન ગોરૈયાથી સુરા રબારી આવ્યા. દરરોજ સાંજે તે ગોરૈયાથી આવતા અને સાથે લાવેલ બળતણમાંથી દેવતા પાડી હોકો ભરી આપા વિસામણને આપતા.

આ રીતે એક વખત તેમના ચણાના ખેતરમાં ફૂંજડા પડવાથી બહુ મોડું થયું. સાંજ પડતા ખેતર આપા વિસામણને ભળાવી બળતણનો ભારો લઈ પાળિયાદ આવ્યા. હોકો ભરતા આપા વિસામણે પૂછ્યું "ભાઈ સુરા, તારી પાસે ચીપિયો છે ?

"બાપુ, ચીપિયાથી શું કરશો ?

"આ તારા ખેતરમાં રખોપુ કરતા કાંટો વાગી ગયો છે."

સુરા ભગત વાત સાંભળી પશ્ચાતાપ કરવા લાગ્યા. મનમાં વિચાર્યુ કે હવે આવું કામ ઠાકરને ક્યારેય નહીં સોંપું. માફી માગીને જગ્યાની સેવા કરવા લાગ્યા. હજી આજે પણ ગોરૈયાથી બળતણના ગાડા જગ્યામાં આવે છે.

ગોરૈયા ગામ વસ્યું ત્યારથી જસદણ દરબારશ્રી તરફથી સુરા ભગતને બે સાંતીની જમીન અને બે

વાડીના ક્રોસ આપ્યા હતા. સમય પસાર થતાં ગોરૈયાના ધોરિયા કોળીએ તેની વાડી નજીક જ કૂવો કર્યો. કૂવામાં પાણી આવ્યું પણ જમીન વિના શું કરે ? દરબારશ્રીને અરજ કરતા સુરા ભગતની વાડીમાંથી પંદર વીઘા જમીન કોળીને કાઢી આપી. આ વાતથી સુરા ભગતને ખૂબ દુ:ખ થયું. પાળિયાદ આવ્યા ત્યારે આપા વિસામણની પાસે આંખમાં આંસુ આવી ગયા. આથી બાપુને કરુણા ઉપજી આવી બોલ્યા :

"ભાઈ સુરા ભગત, ધીરજ રાખ. તારી વાડી તને મળશે જ."

બાપુ ગોરૈયા પધાર્યા. ધોરિયા કોળીએ મશ્કરી કરી એટલે બોલ્યા : "ભાઈ સુરા, આ કોળી કઈ શાખનો છે ?"

"બાપુ, એ ધોરિયા શાખનો છે."

"એના ધોરિયામાં પાણી નહીં રહે." બોલતા તેમણે કૂવામાં એક કાંકરો નાખ્યો. કાંકરો નાખતા જ કૂવો ભાડિયો થઈ ગયો. જ્યાં એકધારા કોસ ચાલતા હતા ત્યાં પાણીનું ટીપું ય ન રહ્યું. કોળી જસદણના દરબારશ્રી પાસે ગયો અને વાત કરી એટલે દરબારે સુરા ભગતને જમીન પાછી આપી. કોળીને તેના વર્તન માટે ઠપકો આપ્યો.

બીજી વખત સુરા ભગતે તેની જમીનમાં કૂવો ગાળ્યો. કૂવામાં પાણી ન આવતા આપા વિસામણને કહ્યું "બાપુ, બીજો કૂવો તો ગાળ્યો પણ પાણી આવ્યું નહીં.

"સુરા, તારી આંખમાં નીર નથી તો કૂવામાં ક્યાંથી થાય ?"

આપા વિસામણે કહ્યા મુજબ કૂવો ગાળતાં તેમાં પાણી થયું. સુરા ભગત ઠાકરમાં પૂરી આસ્થા રાખીને જીવતા તેમજ દરરોજ ઠાકરના દર્શન કરવાનું ચૂકતા નહીં.

પરોઢ થતા કાથડ સોમાસરિયાએ ઘોડે ચડી વિદાય લીધી. ભાઈબંધોને વાત કરી મૂળી પાસેના એક વોંકળામાં ભરાઈને બેઠા. સવારના પહોરમાં જ મૂળી દરબાર પોતાના કામદારને સાથે લઈ ખેતરનો ઢાળ કરવા નીકળ્યા. ધૂમ્મસ ખૂબ છવાયેલ હોવાથી બધુ એકદમ ઝાંખુ દેખાતું હતું. દરબારશ્રીનો ઘોડો જેવો વોંકળા પાસેથી પસાર થયો કે કાથડે તેને પકડી ઘોડાના બેલાડ બેસી પોતે ધારેલા સ્થળ તરફ ઘોડો મારી મૂક્યો. દરબારે ઘણું સમજાવવા છતાં તેમને બાન પકડીને લઈ ગયા. દરબારને જ્યાં લઈ ગયા ત્યાં સારી રીતે માનપાન સાથે રાખ્યા. દરબારે ત્યાં જ તાંબા પતરા ઉપર લેખ કરી આપ્યો. કાથડ સોમાસરિયાને ઠાકરના વચનથી પોતાનું કામ થઈ જતા આનંદ થયો. પાળિયાદ આવી બાપુના દર્શન કરીને બાકીનું જીવન શાંતિથી પસાર કર્યું.

દેવચંદ શેઠ તથા ગંગાગૌરી ઠાકરની રજા લઈને વિદાય થયા. માર્ગમાં ઝાલરા પાટણના અસવાર મળ્યા. ઝાલરા પાટણમાં શેઠનું બહુ સન્માન થયું. ત્યાર પછી શેઠે ત્યાં જ કાયમી વસવાટ કર્યો.

માંડવધારના પટેલિયાના આગ્રહ મુજબ આપા વિસામણે તેમને રજા આપી પોતે કહ્યા મુજબ ત્યાં પહોંચવા તૈયારી કરી. બીજે દિવસે ધરમશી ભગત, ભીમ સ્વામી, સુરો ભગત, લાલદાસજી, વિસામણ

ખાચર અને નથુ ગઢવી વગેરે સાતેક ઘોડા તૈયાર થયા અને માંડવધારનો મારગ લીધો.

ગઢડાથી પશ્ચિમે બે માઈલ જેટલે દૂર ઘેલો નદીના ખોળે બાળક સમ બેઠેલું આ રમણીય ગામ માંડવધારમાં પીરોનું બેસણું હતું. આપા જાદર, આપા દાના અનેક વખત અહીં પધારી આ ગામની પ્રશંસા કરી ચૂક્યા હતા. ઘેલાના વહેતા ઝરણાને કારણે નાનકડું લીલોતરીથી ઓપતા વન ઉપરાંત ડુંગરાળ પ્રદેશની શાંતિ આ ગામની વિશેષતા હતી. ગામના પ્રાકૃતિક રૂપને કારણે અવતારી પુરુષ અને યોગીઓને માંડવધાર ખૂબ ગમતું ગામ હતું. આ ગોકુળિયા ગામમાં વસતા ગ્રામજનોના હૃદય પણ ખૂબ સાફ હતા. ઘેલાના નીર કરતાં પણ પારદર્શક આ ગામના લોકોના મન અને હૃદય હતા. હરકોઈ સંતપુરુષને અહીં પધારવાની ઈચ્છા જાગી જતી. સુખસામગ્રી અને વૈભવના સ્થાને આ ગામના લોકોએ ભક્તિના વૈભવને વધુ ભાવથી સ્વીકાર્યો હતો. અનેક વખત કોઈ સંત કે ભક્ત પધારે ત્યારે અહીંનો ભજનવૈભવ અલૌકિક આનંદ આપતો હતો. પ્રત્યેક ધર્મપ્રસંગ અહીંના રહેવાસીઓની આસ્થાને વધુ દૃઢ બનાવતો અને આથી આ ધર્મમય નાનકડું ગામ સૌના પ્રેમનું અધિકારી બન્યું હતું. આ કારણથી ધર્મપ્રચાર અને ધર્મદઢતા સ્થાપિત કરવામાં ખૂબ સહાય મળતી.

આપા વિસામણની પધરામણીના સમાચારથી ગામમાં આનંદ - ઉલ્લાસની લહેર ફરી વળી. પ્રેમવશ સૌ ઘેલાના કિનારે તેમના સ્વાગતની તૈયારી કરી ઘોડાની રાહ જોતા બેઠા. સૌ પોતપોતાની રીતે ઠાકરને પ્રસન્ન રાખવા શું કરશે ? એવું વિચારી રહ્યા છે. કોઈ રાસ દ્વારા તો કોઈ પોતાના કલાકૌશલથી ખુશ કરવાનું વિચારે છે. શરણાઈઓના સૂર વાતાવરણને ભરી રહ્યા છે. આપા વિસામણ પોતે ઠાકર સ્વરુપ છે. તેમને રીઝવવાથી મનમાં ધારેલ ઈચ્છા ફળશે એવું સૌના હૃદયમાં કોરાઈ ગયું છે. સૌએ સારા વસ્ત્રો અને યથાશક્તિ શણગાર સજેલો છે. ગળામાં પીળી પામરી અને હાથમાં ઘૂઘરીયાળા ડાંડીયા રાસ રમવા માટે થનગની રહ્યા છે. એવામાં ઠાકરના ઘોડા દૂરથી આવતા નજરે પડ્યા. સૌ સાથે જયઘોષ કરતા બોલ્યા "વિહળનાથ કી જય" આ જયઘોષના પડઘા આસપાસના પ્રદેશ અને ઘેલાના નિર્મળ જળમાં પડઘાઈ રહ્યા. મયુરો ટહુકાર કરવા લાગ્યા અને વિવિધરંગી પક્ષીઓનો કિલકિલાટ સમગ્ર વાતાવરણને ભરી રહ્યો. બુંગીયા ઢોલ ઢબુક્યા અને ગામ હિલ્લોળે ચડ્યું. રોઝા સહિત સાતેય ઘોડા પાદરમાં પહોંચી ગયા. કુંવારી કન્યાએ મસ્તક પર કળશ અને શ્રીફળ ધારણ કરી અક્ષત - કુમકુમથી ઠાકરનું સામૈયું કર્યું. આગળ લોકો અને પાછળ ઠાકરનો અશ્વ એમ સૌ સરઘસ આકારે ગામમાં પધાર્યા. પાછળ ચાલતા નારીવૃંદના નરવા ગળેથી નિતરતા ગીતોએ વાતાવરણમાં પવિત્રતાનું પૂર ઉમટાવી દીધું. સહુનું સ્વાગત - સન્માન ઝીલતા આપા વિસામણ ઉતારે પધાર્યા. લીંબા પટેલને ત્યાં બાપુનો ઉતારો હતો. આખું ગામ ઉતારે બાપુના દર્શન કરી ધન્ય થવા ઉમટી પડ્યું. સૌ કોઈએ પોતાની આસ્થા મુજબ શ્રીફળ, સાકર કે રોકડ તેમના ચરણોમાં ધરીને ભાવથી દર્શન કર્યા. આનંદ સાથે રાત્રે થોડો સમય સત્સંગ ચાલ્યો. પ્રવાસના થાકને લીધે બહુ મોડે સુધી ન બેસતા સૌએ આરામ કર્યો.

સવારમાં ગામમાં ડાયરાનું આમંત્રણ અપાતા ડાયરો ચિક્કાર ભરાયો. સહુની વચ્ચે શ્રધ્ધા અને ભક્તિનાં સાક્ષાત સ્વરુપ એવા આપા વિસામણ બિરાજ્યા છે. પાસે બેઠેલા ધરમશી ભગતનો રામસાગર ગુંજે છે, અને પ્રભાતિયા ગવાય છે.

"ભાગ કાળીંગા એણી ભોમ તજીને, ધણી વિહળ આવ્યા રે..."

પ્રભાત સમયે ધરમશી ભગતના મધુર કંઠમાંથી સરી પડેલ આ પ્રભાતિયાની સુરાવલીથી એક સમો બંધાઈ ગયો. કસુંબા ઘુંટાય છે. વચ્ચે વચ્ચે કોઈ ગમ્મત પણ ચાલતી રહે છે. એવામાં ગામની મહિલાઓ સૌ દર્શને આવ્યા. સહુ દર્શન કરીને નીકળ્યા પરંતુ છેલ્લે રહેલા લીંબા પટેલના ઘરના બૈરા દર્શન કરતા હતા ત્યારે તેમની આંખમાંથી આંસુઓ ડોકાયા.

આપા વિસામણે આ દૃશ્ય જોતાં જ ધરમશી ભગતને પુછ્યું :

"ભાઈ ધરમશી, એમને શું દુઃખ પડી ગયું છે અને કોણ છે ?

ધરમશી ભગત બોલ્યા : "બાપુ, લીંબા પટેલના ઘરના છે. ઘરમાં દીકરો નથી. ઘણીયે બાધા આખડિઓ રાખવા છતાં તેમની મનોવાંછના પૂરી નહીં થવાથી ઠાકર સામે જ વૃત્તિ રાખી રહ્યા છે. તેમની ઈચ્છા ઠાકર પુરી કરે તો ઠીક થાય.

"સારું સારું, ધીરજ રાખો ઠાકર જરુર સારુ કરશે."

નારીવૃંદ દર્શન કરીને ગયું. એક બે દિવસ ગ્રામજનોને આનંદ કરાવી આપા વિસામણે શીખ લીધી. ગામના કેટલાક નાસ્તિકોએ ચર્ચા કરવા માંડી. વાત ફેલાઈ કે બાપુ તો લીંબા પટેલને ઘેર દીકરો આપવા આવ્યા હતા. લીંબા પટેલના પત્નીની ઠેકડી થવા લાગી. આથી તેમની આંખમાં આંસુ ઉભરાયા. વાત વહેતી વહેતી આપા વિસામણ સુધી પહોંચી. પોતે તરત ઘોડો પાછો વાળી લીંબા પટેલના ઘેર એક રાત્રિ વધુ રોકાયા. રાત્રે ભજનની જમાવટ થઈ. એરાધ શરુ થયો અને સૌ ભાવમાં ડૂબી ગયા.

ઉપરા ઉપર ચાર ભજનો થયા. ઠાકરને મોજ આવતા બોલ્યા.

"ભાઈ ધરમશી, તારે કેટલા દીકરા ?"

"બાપુ, પાંચેય ઠાકરના દીકરા છે."

"તો તારો સૌથી વહાલો દીકરો લીંબા પટેલને આપી દે અને લીંબા પટેલની દીકરી રામબાઈને તું લઈ લે."

"ભલે બાપુ, મારો સૌથી વહાલો દીકરો પરમ આપ્યો."

ધરમશી ભગતને નાનો દીકરો પરમો બહુ વહાલો હતો. એટલે પરમો આપવાનું ઠાકર પાસે કબુલ કર્યું. વાત સાંભળી સહુ તાકી રહ્યા.

કેટલાક લોકો કહેવા લાગ્યા કે શું આમ કાંઈ દીકરા - દીકરીના સાટા થતા હશે ! પરંતુ સવાર પડતાં જ સમાચાર આવ્યા કે ધરમશી ભગતના નાના દીકરા પરમાને સર્પદંશ થયો છે અને તેનું મૃત્યુ થયું છે. ધરમશી

ભગતતો જાણતા જ હતા એટલે તેઓ ગયા નહીં. લીંબા પટેલની દીકરી રામબાઈ પણ બાપુની વિદાય પછી તુરત જ અચાનક મૃત્યુ પામી.

ધરમશી ભગતે બાપુને પરમાના ધૂપે જવાનું યાદ કરવાથી પોતે રામપરા પરમાના ધૂપે ગયા. ત્યાં ગયા પછી પાળિયાદ પધાર્યા. નવ મહીને લીંબા પટેલના ઘેર દીકરાનો જન્મ થયો તેનું નામ બાપુના કહેવા મુજબ પરમો જ રાખ્યું. ધરમશી ભગતના ઘેર દીકરી થઈ તેનું નામ પણ રામબાઈ જ રાખ્યું.

આ વાત પ્રદેશમાં ફેલાઈ ગઈ. જ્યાં આપા વિસામણની પધરામણીનો ઉતારો હોય ત્યાં ફરતા દસ દસ ગાઉથી લોકો તેમના દર્શને જતા.

ધરમશી ભગત તથા લીંબા પટેલના દીકરા - દીકરીના સાટાની વાત પાળિયાદ જગ્યા સુધી પહોંચી ગઈ. આઈ નાથીબાઈને પણ કાંઈ સંતાન નહોતું. તેમણે મનમાં વિચાર્યું કે ઠાકર આવા સમર્થ છે અને મારો જ ખોળો ખાલી રહે ! આમ વિચાર આવતાં જ આપા વિસામણ જેવા ઘોડા ઉપરથી ઉતરી જગ્યામાં પગ મૂકે છે કે તરત જ આઈ નાથીબાઈની આંખમાં આંસુ દેખાયા. આઈ નાથીબાઈ ઉપર બાપુને ખૂબ પ્રેમ હતો, પરંતુ જે દિવસે પોતે ડાયરા વચ્ચે પૂતળ ભેંસની આંખ સારી કરવાનું કહ્યું હતું ત્યારે બાપુ બોલ્યા હતા કે હવે ફરીથી આવું ન કરશો. ઠાકરે સમજીને પુત્રીને કહ્યું :

"બાપ, ઠાકરને કોચવ્યા કે, જાવ દીકરો થશે પણ માં - દીકરો ભેગા નહીં બેસો."

ઠાકરના વચન મુજબ મહારાજશ્રી લક્ષ્મણ બાપુનો જન્મ થયો અને આઈ નાથીબાઈ તુરત જ રામચરણ પામ્યા. આઈ નાથીબાઈના સ્મરણાર્થે પોતે સમાધિ ઉપર દેવળ ચણાવી ત્યાં કાયમ માટે સેવા પૂજાની વ્યવસ્થા ગોઠવી.

# ત્રિનેત્રેશ્વર - તરણેતર

સંધ્યા આરતી પૂરી થયા પછી નિત્ય પ્રતિ આવતા નિયમિત સત્સંગીઓ બાપુના ધૂણા પાસે ફરતા ફરતા વિંટળાઈને બેઠા છે સહુની મધ્યે આપા વિસામણ શાંત ચહેરા સાથે બેઠા છે. હાથમાં એકાગ્રતાથી માળાના મણકા એક પછી એક લયબધ્ધ રીતે ફરી રહ્યાં છે. પોતે કોઈ વિચાર ધારણ કરીને તેના વિષયમાં ચિંતન કરી રહ્યા હોય એવું ભાસી રહ્યું છે. આથી બાપુને ચિંતનમાં કોઈ વિક્ષેપ ન પડે તેની કાળજી સાથે સૌ શાંતિ જાળવી બાપુના શબ્દ - સત્સંગની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

ધરમશી ભગત સૌ વચ્ચેથી ઉઠ્યા અને બાવા રામદાસજી પાસે આવી તેમના કાનમાં વાત કરી કે "બાપુ આજે કોઈ ગહન વિચાર કરતા હોય એવું લાગે છે. તમે એકાદ સાવળ બોલો તો સારું લાગશે." ધરમશી ભગતની વાત સાંભળી બાવાજીએ સાવળ ગાવાનું શરુ કર્યું. સાવળના શબ્દો વહેતા થયા કે બાપુ બોલ્યા "બાઈ રામદાસજી, તને હવે શું ઉપાધિ છે બાપ."

"બાપુ, હવે કોઈ ફિકર ચિંતા નહીં હે પરંતુ એક બાત હૈ કિ અબતક જગ્યા મેં અચ્છા ઠાકુર દ્વાર નહીં બના. આપ કો હી ઠાકર માનકર સબ દર્શન કરતે હૈ.યહ ભી સચ હૈ લેકિન ધર્મમેં સારે સમાજ કી ચિરંજીવ દૃઢતા બની રહે ઈસલિયે છોટે - બડે મંદિર હોને હી ચાહિયે."

"રામદાસજી, સત્ય વચન છે બાપ, ઠાકર આ વાત જાણે છે."

સુદામડા, સેજકપર વિગેરે ગામમાં વસતા ખવડ દરબારો જાત્રાએ જવાનો વિચાર કરી કપડાલત્તા અને માલસામાન સહિત પાળિયાદ આવેલા છે. આ બધા પણ સૌની વાતો સાંભળતા ત્યાં જ બેઠા છે.

સુદામડાના ગોદડ ખવડે યાત્રામાં જવાની વાત કરી એટલે બાપુ બોલ્યા :

"ભાઈ, શ્રધ્ધા હોય તો ઠાકર અહીં બેઠા છે."

"હા બાપુ, આપ ખરું કહો છો. પણ બધાયનો વિચાર હતો એટલે એમ થયું કે ભલે થઈ જાય."

"ભલે ભાઈ, રાત અહીં રોકાઈ જાઓ. કાલે જેવો ઠાકરનો હુકમ."

આપા વિસામણનું વચન સાંભળીને સૌને શાંતિ થઈ અને ભજનની મંડળી થતા સૌ ભજન સાંભળવા લાગ્યા. અડધી રાત્રિ સુધી ભજન ગવાયા પછી સૌ સુતા. ગોદડ ખવડ બેઠકના ઓટા ઉપર જ પથારી કરીને સુતા છે. કાશીની યાત્રાએ જવાના વિચાર - વમળથી તેમને હજુ નિદ્રા આવતી નથી. મનમાં વિચાર ચાલે છે કે બાપુએ રાજી થઈને હા ન પાડી એટલે હવે થાય તે ખરુ ! જો પોતે ના પાડશે તો યાત્રાનો આનંદ માણવા ઈચ્છતા સૌ નારાજ થઈ જશે. ખૂબ ગડમથલ ચાલ્યા પછી પોતે મનમાં સંકલ્પ કર્યો કે કદાચ બાપુ રજા ન આપે તો કંઈ જણાવવું નહીં પરંતુ થોડા દિવસ જવા દઈને ફરીથી તૈયારી કરવી પણ યાત્રા રોકવી નહીં. આમ

વિચાર આવતા સાથે તેમની પાસેથી કપીલા રંગની ત્રણ ગાયો જગ્યામાં પ્રવેશી. આ જોઈને પોતે વિચાર્યું કે આ ગાયો અત્યારે ક્યાંથી આવી હશે ! આવો વિચાર આવતા એકધારું ગાયોની સામે જ જોઈ રહ્યા. ગાયો સીધી ભંડાર પાસે જ ગઈ અને ત્યાં જે કંઈ એંઠુ કૂંડીમાં પડ્યું હતું તે ચાટવા લાગી. ત્રણે ગાયો આ રીતે પ્રસાદ લઈને અવેડામાંથી પાણી પીધા બાદ ચોગાનમાં આવી આળોટવા લાગી. આમ કરવાથી થોડી જ વારમાં કાળી કપિલાને બદલે શ્વેત પૂણી જેવા તેમના શરીરના રંગ થઈ ગયા. ગોદડ ખવડ આંખનું મટકું પણ માર્યા વિના આ ઘટના જોઈ રહ્યાં છે. તેમના મનમાં થયું કે આ તો કૌતુક જેવું થયું. પરંતુ ફરી એક વખત ત્રણેય ગાયોનું સ્વરુપ બદલાઈ ગયું. ત્રણેય ગાયના સ્વરુપ સ્ત્રીના સ્વરુપમાં ફેરવાઈ ગયા. આ ત્રણેય સ્ત્રીઓએ પાણિયારે જઈ ત્યાંથી બેડા માથે લીધા. પાણી સીંચીને આખુંય પાણિયારું ભરી તેમાંથી થોડું થોડું ચરણામૃત સ્વરુપે પાણી પીધા પછી ત્રણેય સ્ત્રીઓ આપા વિસામણના પલંગ પાસે આવી તેમના દર્શન કરી ચાલતી થઈ. ગોદડ ખવડ બેઠકના ઓટલે સુતા સુતા આ બધું જોઈ રહ્યા છે. સ્ત્રીઓ તેમની પાસેથી નીકળતા શંકાનું સમાધાન કરવા પોતે બેઠા થઈને તેમને પૂછ્યું :

"માવડીઓ, અત્યારે અડધી રાત્રે ક્યાંથી આવો છો અને ત્રણેય કોના ઘરનાં છો ?"

ત્રણમાંથી એક સ્ત્રીએ જવાબ આપતા ખવડને કહ્યું : "ભાઈ ખવડ, અમે ગંગા, જમના અને સરસ્વતી ત્રણ બહેનો છીએ. સૌ કોઈ પોતાના પાપ ધોવા માટે અમારી પાસે આવે છે. જ્યારે આ પાપનો બોજ વધી પડે છે ત્યારે અમારું સ્વરૂપ પણ મેલું થઈ જાય છે. આવું થાય ત્યારે જ્યાં પ્રભુ સ્વરુપ મહાપુરુષ ધરતી ઉપર બિરાજતા હોય ત્યાં અમારે આવવું પડે છે. આ પતિત પાવન મહા પુરુષની ચરણરજથી અમે ફરી પાછા અમારું મૂળ સ્વરુપ પામીએ છીએ. આ અવેડો એ તેમનું ચરણોદક છે કારણ કે સ્નાન કરતી વખતે તેઓ અહીં જ પગ ધૂએ છે. આ ચરણામૃતના મહાત્મ્યને લીધે આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રિવિધતાપ ટળી જાય છે. અને તેમાંથી મુક્ત થઈ શકાય છે. જે દર્શન હજારો ગાઉ ચાલવાથી કે ગમે તેટલી તપસ્યા કરવાથી પણ થઈ શકતા નથી એ દર્શન જો અહીં જ થઈ શકતા હોય તો તેથી કોણ અબુધ અન્ય દેવદર્શનની ઈચ્છા કરે ? ભાઈ ખવડ, તમે તો ભાગ્યશાળી છો કે તમે આ સ્થાનની નજીક રહેવાનું ભાગ્ય પામ્યા છો. તમે ઈચ્છો તો આ સ્થાનમાં જ નિત્યદર્શન થઈ શકે."

આ વાત સાંભળીને ખવડ ઠંડા હીમ જેવા થઈ ગયા. પોતાના યાત્રાને લઈને થયેલા બધા મનોરથ મનમાં ને મનમાં જ સમાઈ ગયા. તરત જ તેમણે નિર્ણય કરી લીધો કે હું તો શું પણ હવે મારા વંશને પણ હું જણાવીશ કે હવેથી કાશીની યાત્રા અહીં જ પૂરી થઈ ગયેલી સમજો. પાળિયાદ આવીને ઠાકરના દર્શન કરી લે એટલે બધી જ યાત્રાનો સાર અને પુણ્યફળ મળી જાય. તેમનું મન ઘટેલી ઘટનાથી શાંત બની જતાં તેમને નિદ્રાદેવીએ પોતાના ખોળામાં સમાવી લીધા.

સવાર પડતાં સ્નાન - ધ્યાનથી પરવારી આપા વિસામણ જ્યાં બેઠકમાં બેઠા હતા ત્યાં આવીને તેમના પગ ઝાલી લીધા.

તેમનું આ વર્તન જોઈ બાપુ બોલ્યા :

"ભાઈ ખવડ, તને ઠાકર રજા આપે છે એટલે યાત્રા કરી લો બાપ, ઠાકર કોઈને યાત્રા કરવાની ના નથી કહેતા."

"બાપુ, મને તો દર્શન થઈ ગયા ! ગંગા, જમના, સરસ્વતી એ ત્રણેય માવડીઓ કેટલા કોસથી અહીં દર્શન કરવા આવી હતી. હું તો ભાગ્યશાળી છું કે મને ઠાકર અહીં જ મળી ગયા.

"મોહ ઉતરી ગયો ભાઈ, ખવડ !"

"હા બાપુ, ઠાકરની દયા થઈ ગઈ."

"હાઉં ભાઈ, શ્રધ્ધા જબરી છે. શ્રધ્ધા રાખનારને જ ઠાકર જલદી પ્રસન્ન થાય, પણ તારુ કામ આ રામદાસજી કરી લેશે."

રામદાસજી બોલ્યા : "હમ તો કભી સે તૈયાર હૈ બસ માત્ર ઠાકર કી આજ્ઞા કિ દેર હૈ."

"હાં, હાં, ભાઈ રામદાસજી તારો ખરચ ઠાકર આપે છે. ધીરજ રાખ ભાઈ. દેવળ થઈ જાય અને તેમાં ઠાકર બીરાજે એટલા પુરતો ઠાકર તારું ય મન રાખે છે."

આમ વાત થતા સુધીમાં ધીમે ધીમે ડાયરો ભરાઈ ગયો. કસુંબા ઘૂંટાવા લાગ્યા. ગોદડ ખવડનો રાત્રિનો અનુભવ સાંભળીને સૌ નવાઈમાં પડી ગયા. શ્રધ્ધાળુઓને આનંદ થયો અને વાતોડિયા ગુપસુપમાં પડી ગયા. આમ સૌ સમુદાય હાજર છે ત્યાં સુંદરિયાણાથી પાંચ ઘોડા આવ્યા. સુરા ચાવડે આવીને રૂપિયા ત્રણસોની કોથળી આપા વિસામણના પગમાં મૂકી. પાંચેય જણ બાપુને પગે લાગીને પોતાના સ્થાને બેઠા. સહુને ભાવથી કસુંબા અપાયા. ક્ષેમકુશળ પૂછી આપા વિસામણ બોલ્યા :

"ભાઈ રામદાસજી, આ તારો ખરચેય ઠાકર તને આપે છે. એ લઈ લે અને મુર્શિદાબાદ થઈને વળતા અહીં આવજે. આમ કરીશ એટલે તારો ઠાકર દુવારાનો મનસુબો ય ફળશે."

બાવા રામદાસજી ખાખી સાધુ હતા. તે ક્યાંના હતા અને કેવા હતા એ બાબતમાં કોઈ માહિતી પ્રાપ્ત નથી, પરંતુ આપા વિસામણના પ્રાગટ્ય પછી એટલે કે તેમણે ભક્તિમાર્ગ લીધો તે સાથે જ તેઓ જગ્યામાં આવ્યા હતા અને તેમની સાથે જ રહ્યા હતા. કેટલાકનું કહેવું છે કે તેઓ મારવાડ બાજુથી આવ્યા હતા. ગમે તે હોય પણ આપા વિસામણ અને બાવા રામદાસજી દેખાવે જુદા પરંતુ અંતરથી એક હતા. પરસ્પરની વાત એક બીજાને કહ્યા વિના જ સમજી જતાં.

ઘણા વખતથી બાવા રામદાસજીનું રટણ હતું કે આખા પ્રદેશમાં બાપુ ધર્મજાગૃતિ લાવ્યા છે તેને ટકાવવા અને દૃઢ કરવા જગ્યામાં રામમંદિર બને તો લોકોની આસ્થા વધે અને લોકોની ચિત્તવૃત્તિ ધર્મમાં સ્થિર થવાથી સેવક સમુદાયમાં પણ વૃધ્ધિ થાય. આ રીતે ઝાઝા હાથ રળિયામણા બને તો બાપુએ શરુ કરેલ ટુકડો કાયમ ચાલુ રહે, નભતો રહે અને વધતો રહે. એક ધર્મશાળા બની શકે તો અનાથ, અપંગ અને અભ્યાગતને વિશ્રામનું સ્થળ મળે. આ બાબતમાં ઘણી વખત એકાંતમાં આપા વિસામણ પાસે પોતે રજૂઆત

કરતા રહેતા. ઠાકરના ધ્યાનમાં આ ભાવ ઉતરતો પણ યોગ્ય સમયે જ યોગ્ય વસ્તુ બને છે. એવો સૃષ્ટિનો નિયમ છે. આ વખતે યોગ્ય સમય લાગવાથી રામદાસજીએ સાવળ ઉપાડી. બાપુ સાંભળીને ખૂબ ખૂબ પ્રસન્ન થઈ ગયા. બાવાજીને આ જોઈ ખૂબ હર્ષ થયો અને પોતે કાશી જવાની તૈયારી કરવા લાગ્યા. ખર્ચ પણ ઠાકરની કૃપાથી આપોઆપ મળી ગયો હતો. ઉપરાંત બાપુએ તેમને મુર્શિદાબાદ થઈને જ આવવાનું જણાવ્યું એટલે મંદિર તથા ધર્મશાળા બાબતનો સંકેત પણ અગાઉથી આપી દીધો.

બાબુમલ શેઠ મુર્શિદાબાદના ધનાઢ્ય વેપારી હતા. અઢળક દ્રવ્ય હોવા છતાં તેમને સંતાન નહોતું. પતિ- પત્ની આ કારણે સતત ઉદાસ રહેતા. વખત જતાં દંપતિએ એવો નિર્ણય કર્યો કે દરરોજ પાંચ સાધુને જમાડીને પછી પોતે જમવું. આ રીતે સાધુસેવા કરતા કરતા પણ ઘણો સમય વહી ગયો. આમ છતાં આ ભાવનાશાળી દંપતિની ઈચ્છા પુરી ન થઈ.

એક દિવસ કાશી યાત્રાથી પાછા ફરતા બાવા રામદાસજી મુર્શિદાબાદમાં શેઠ બાબુમલના ઘેર આવી પહોંચ્યા. પવિત્ર સાધુના દર્શનથી પતિ - પત્નીને ખૂબ આનંદ થયો. રામદાસજીને યથાયોગ્ય આવકાર આપી સહુ સાધુની સાથે પંગતમાં જમવા બેસાર્યા. સહુ સાધુ જમીને દક્ષિણા લઈ ચાલ્યા ગયા. રામદાસજી એમને એમ ત્યાં બેસી રહ્યા. શેઠને થયું કે આ સાધુના મનમાં કોઈ ઈચ્છા લાગે છે. એટલે તેમણે પૂછ્યું :

"મહારાજ, હવે તમારી શું ઈચ્છા છે ?"

મહારાજે પોતાની ઈચ્છાની વાત સાંભળી ન સાંભળી કરી અને સામો સવાલ કર્યો.

"મારુ તો ઠીક પરંતુ તમારી શી ઈચ્છા છે ?"

રામદાસજીનો પ્રશ્ન સાંભળી શેઠને આનંદ થયો. આનંદના ભાવ સાથે બોલ્યા :

"આજ સુધી આવો પ્રશ્ન મને કોઈએ કર્યો નથી. માટે હવે મારી મનોકામના પૂર્ણ થશે એવું મને લાગે છે."

"શેઠ, મારું તો તમારી ઈચ્છા પૂર્ણ કરવાનું કોઈ ગજું નથી પરંતુ હું એક એવા મહાપુરુષને જાણું છે કે તેમની દયાથી જરુર તમારી ઈચ્છા પૂરી થશે. પાળિયાદમાં આપા વિસામણ નામના સિધ્ધ અને સમર્થ પુરુષ રહે છે. તેમનામાં આસ્થા રાખો. આજથી નવ માસે તમારે ત્યાં દીકરાનો જન્મ થશે. જન્મ થાય પછી પાળિયાદ ઠાકરના દર્શન કરવા આવજો. આ તીર્થ કાઠિયાવાડ પ્રદેશમાં ગોહિલવાડ પરગણામાં બોટાદ ગામથી દસ માઈલ દૂર આવેલુ છે."

આટલું કહીને રામદાસજીએ શેઠ પાસેથી રજા લીધી.

આપા વિસામણ જગ્યામાં સહુ ડાયરા સાથે બેઠા છે. ગામ સુંદરિયાણાથી આવેલા પટેલિયા તેમના ગામે પધરામણી કરવાની વિનંતી કરી રહ્યા છે, પરંતુ આ વખતે તો પોતાની ઈચ્છા તરણેતર જવાની હોવાથી પછી ત્યાં આવશું કહી સૌને સંતોષ પમાડે છે. બીજે દિવસે બાપુ પોતાના અંગત માણસોને તરણેતર જવાની તૈયારી કરવા સૂચના આપે છે.

મહાભારત કાળમાં દ્રુપદ રાજાનું જ્યાં રાજ્ય હતું. જેની પુત્રી દ્રૌપદીનું બીજુ નામ પાંચાલી આ

પ્રદેશના નામ ઉપરથી જ પડ્યું હતું. ત્રિનેત્રેશ્વર એ સ્થળ છે. જ્યાં અર્જુને મત્સ્યવેધ કર્યો હતો. દ્રૌપદી સ્વંયવર સમયે પણ આ સ્થળે ધર્મનો જય થયો હતો. મહામુનિ દુર્વાસા અને માર્કેન્ડેય ઋષિની ચરણરજ અને ઉપદેશથી આ પ્રદેશની ભૂમિ અને લોકો પાવન થયેલા છે. અહીંના પહાડો અને કોતરોમાં આજે પણ પવિત્ર સ્તોત્રો અને વેદવાણી વિસ્તરતી હોય એવું ભાસે છે. અહીંનો એક એક પાષાણ ધર્મસંસ્કારથી દિવ્ય બનેલો દેખાય છે. અહીંના સંતો, ભક્તો અને ઋષિઓએ પોતે પવિત્ર જીવન જીવી લોકોના પ્રેરક બની ધર્મના માર્ગે ચડાવ્યા છે. જૂગજૂગના ઈતિહાસને પોતાના અંતરમાં સમાવીને પથરાયેલી આ ભૂમિ આજ સુધી આ પ્રદેશના લોકોનું ધર્મસંસ્કારથી પોષણ કરી રહી છે. સ્વયંવર સ્થાન ત્રિનેત્રેશ્વર (તરણેતર) માં દર વર્ષે ભાદરવા સુદ - પાંચમનો મહામેળો ભરાય છે. આ સમયે પોતાની ઈચ્છાપૂર્તિ માટે અનેક લોકો ત્રિનેત્રેશ્વર મહાદેવના દર્શન કરી પોતાનું મનવાંછિત ફળ પ્રાપ્ત કરે છે. કોઈ જીવનમાં આ જગતના ક્ષણિક સુખને પ્રાપ્ત કરવા માટે, કોઈ સંત - મહંત જેવી ધાર્મિક વિભૂતિઓની આધ્યાત્મ પ્રેરણા માટે કોઈ ભજનભાવની રસલ્હાણ માટે આમ સૌ સૌના સ્વભાવ મુજબ આ મેળામાં આવી પોતપોતાને ગમતી બાબત પ્રાપ્ત કરવા ઈચ્છે છે.

અસંખ્ય વર્ષોથી સ્થાપિત આ મહાદેવજીના મંદિર સાથે આ ઉત્સવ સંકળાયેલો છે. કપિલમુનિએ આ ઉત્સવની પરંપરા સ્થાપેલ છે. સ્થળ અને કાળમાં પરિવર્તન આવતું હોવા છતાં આ તિથિનું મહાત્મ્ય હજુ સુધી અકબંધ જળવાયુ છે. અનેક વર્ષો પછી આજે પણ આ સ્થાનમાં એવી અલૌકિક શાંતિ પ્રગટતી અનુભવાય છે.

આ ઉત્સવ પ્રસંગે ચલાળાથી આપા દાના દરેક વર્ષે બે મહિના પહેલા અહીં પધારતા. જ્ઞાનવાર્તા અને અન્નક્ષેત્ર દ્વારા સત્સંગ અને રામરોટીથી લોકોને સંતોષ આપતા. આ માટે તેઓ રોકાતા ત્યાં સુધી પગ વાળીને બેસતા નહીં અને એકધારો ભક્તો માટે શ્રમ કરતા. અનેક સંકટો અવાર નવાર આવવા છતાં તેઓ આ કાર્ય ભાવપૂર્વક કરતા રહેતા. મેળામાં આવેલા સૌ સંતદર્શન માટે ઉમટતા છતાં પણ આસન લગાવીને બેઠેલાઆપા દાના અને આપા ગોરખ સ્મિત, પ્રેમ અને ભાવપૂર્વક સૌની સાથે આનંદ કરતા. જેમ લોકોની સંખ્યા વધે તેમ તેમનો આનંદ બેવડાતો જતો. પોતે જાતે જ પુરી દેખરેખ રાખી રહેવા, જમવાની અને અન્ય બધી વ્યવસ્થા ગોઠવાવતા. એથી સૌને સંતોષ થતો. રાત્રે ભજનભાવ તથા ડાયરાની મોજ મેળવતા. પોતપોતાના જુથમાં ગોઠવાઈને સૌ રામસાગર અને રાવણહથ્થા સાથે સંગીતવાદ્યો લઈને પ્રભુમય બની જતા. આગલા દિવસે મંદિર અને આજુબાજુના ધર્મસ્થાનો પર ધર્મધ્વજાઓ ચડતી. સૂરજદેવળનું સંવત ૧૪૩૨ ની સાલમાં બંધાયેલ મંદિરમાં મહામંડપ રચવામાં આવતો. આ મહામંડપમાં સંત, મહાત્મા, જોગી અને પ્રસિધ્ધ ભક્તો પધારી સંપૂર્ણ રાત્રિ ભજનભાવ તથા અગમ નિગમની જ્ઞાનવાર્તા સાથે સત્સંગ કરતા. દર વર્ષે ભક્ત સમુદાયમાં વૃધ્ધિ થવા સાથે ધર્મજાગૃતિ આ પ્રદેશમાં આ ઉત્સવના કારણે વધતી જતી.

આ રીતે મેળાની જમાવટ થઈ છે. આપા દાના તથા આપા ગોરખ ફરતો વિંટળાઈને ભક્ત સમુદાય

બેઠો છે. સૌ જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા છે. આ સમયે હાથમાં પીળો ચાબૂક ધરાવતા રોઝા ઘોડા ઉપર સવાર થયેલ આપા વિસામણ આવતા દેખાયા. સહુની દૃષ્ટિ તેમના તરફ પડી. આપા દાના અને આપા ગોરખ બંનેએ તેમની પાસે જઈને ઘોડાની રેન પકડી લીધી. જેવા પોતે નીચે ઉતર્યા કે તરત જ એકબીજાને બાથમાં લઈ સામસામા ભેટી પડ્યા. એંસી વર્ષથી વધુની ઉંમરે પહોંચેલા આપા દાનાની આંખમાંથી સ્નેહાશ્રુઓની ધાર વહેવા લાગી.

આપા દાના બોલ્યા : "મારો વિહળનાથ, આવ્યો તો ખરો. બા, આજ મારી સઘળી ઈચ્છાઓ પૂરી થઈ ગઈ. મને દેખાય છે કે હવે આ ખોળિયું ઝાઝા દિવસ નહીં ટકે. તો હવે આ ધરમની ધજા તમને સોંપું છું બાપ."

"હા ભાઈ, આપ મોટા છો. સમરથ છો, તમારી આ આજ્ઞા હું મસ્તકે ચડાવું છું. પણ પછીનું અણગમતું શા માટે બોલ્યા?"

"અણગમતું કે અણશોભતું નથી બોલ્યો. આ વાત તમારાથી પણ છાની નથી. ક્યારેક અમે મોટા તો ક્યારેક તમે. આદિ સમયથી આ રીત ચાલી આવે છે. આ જે ભેદ છે તે આમ જ સારો છે. એને ખુલ્લો કરવાથી કોઈ લાભ નથી."

"ભલે ભાઈ, આપ કહો છો તે જ સત્ય છે."

આપા દાના વિરમદેવજીનો અવતાર ગણાતા હતા. આપા વિસામણને ભાવિકો રામદેવજીનો અવતાર માનીને વંદન કરતા હતા. આ રીતે પોતાના મોટાભાઈની જેમ આપા વિસામણ આપા દાનાને આદર આપતા હતા. સત્ય તો એ છે કે ભગવાન પોતે અવતાર ચરિત્રમાં ક્યારેક નાના તો ક્યારેક મોટા બનીને વર્તે છે. વાસ્તવમાં આમાં કોઈ ભેદ નથી. રામાવતારમાં જેમ શેષનાગ સ્વરુપે લક્ષ્મણ નાનાભાઈ હતા. તો કૃષ્ણાવતારમાં બલરામ સ્વરુપે મોટાભાઈ હતા. પરંતુ આ બંને અવતાર લીલામાં પ્રભુનું કર્તવ્ય જ મુખ્ય હતું. પ્રભુ પાસે આવા કોઈ ભેદ ટકી શકતા નથી.

એક બીજાનું સ્નેહપૂર્ણ મિલન અને વાર્તાલાપથી સૌ કશું કહ્યા વિના આપા વિસામણને ઓળખી ગયા. પોતે પોતાની બેઠક લે તે પહેલાં દર્શન માટે ભક્તોની પડાપડી થઈ ગઈ. કોઈના કપડાં તો કોઈની પાઘડી માથા પરથી સરકી ગઈ. સૌને દર્શન આપતાં અને શાંતિ પહોંચાડતા આપા વિસામણ ધીમે ધીમે સહુની વચ્ચે આવીને બિરાજ્યા. જાણે કે સોળ કળાનો પૂર્ણ સૂર્ય આકાશમાં પ્રકાશી રહ્યો હોય તેમ પ્રકાશ પથરાઈ રહ્યો. આપા વિસામણ તરણેતરમાં પધાર્યા છે એવા સમાચાર મેળામાં વાયુવેગે પ્રસરી જતાં માનવમેદની મંડપમાં ઉભરાવા લાગી. આપા દાના અને આપા ગોરખના આનંદનો આજે કોઈ પાર નહોતો. આપા વિસામણ સામે જોઈને બંને સંતો એવો આનંદ પામે છે કે જાણે તેમને જીવનનો સકળ પદારથ મળી ગયો હોય. આપા વિસામણ પણ ધીરગંભીર મુખમુદ્રા સાથે આ બંને મહાપુરુષોના હૃદયના ભાવને સત્કારતા હોય તેમ પોતાના અંતરમાં અનહદના આનંદનો અનુભવ કરી રહ્યા છે.

આ રીતે આખો દિવસ આનંદમાં પસાર થઈ ગયો. રાત્રે ભજનનો માંડવો રચાયો. સહુ મંડપમાં સાથે મળીને ભજનના લ્હાવા સાથે અલખનો આનંદ મન ભરીને માણી લેવા સાથે મળ્યા. આ રીતે ભજન અને સત્સંગનો અવિરત પ્રવાહ વહ્યો. ભાવિક ભક્તો આ મહાપુરુષોના સાંનિધ્યમાં રહી જાણે કે ભવસાગર પાર કરી જવાની તાલાવેલી સાથે ધર્મના ઉપકારક પાસાને પોતાના મન - હૃદયમાં ઠાંસી ઠાંસીને ભરી રહ્યા.

● ● ●

## સત્યનો જય

ત્રિનેત્રેશ્વરનો કાર્યક્રમ પુરો કરીને આપા વિસામણ નિત્યક્રમ મુજબ બેઠકમાં બિરાજ્યા છે. સૌ સાથે આનંદ અને જ્ઞાનચર્ચા કરી રહ્યા હતા. સત્સંગપ્રેમીઓ અને ડાયરામાં આવતા નિયમિત ભક્તો બાપુ ફરતા વીંટળાઈને બેઠા હતા. બાળક શ્રી લક્ષ્મણજી મહારાજ પગમાં કડલી, હાથમાં બેરખા અને મસ્તક ઉપર રેશમી ભૂખરા ઝુલ્ફા ઘુમાવતા આપા વિસામણના ખોળામાં રમી રહ્યા છે. આઈ નાથીબાઈમાના સ્વર્ગવાસ પછી માતા રાણબાઈમાના વાત્સલ્યપૂર્ણ માતૃભાવનો આનંદ તેમને પ્રાપ્ત થયો છે. પ્રેમથી ભર્યાભર્યાં બાપુના દિવ્ય પ્રભાવ નીચે ઉછરી રહેલા લક્ષ્મણજી સમયાનુસાર ગજું કરતા જાય છે. પોતાની બાલક્રીડાથી સમગ્ર ડાયરાને આનંદ કરાવતા આશ્ચર્યમુગ્ધ કરતા રહે છે. સૌ બાલકૃષ્ણ સ્વરૂપ નાનકડા મહારાજની બાળલીલા જોઈને અનેરો આનંદ લૂંટે છે.

નિયમ અનુસાર ડાયરા માટે કસુંબો ઘૂંટાઈ રહ્યો છે. સૌ પોતપોતાના વર્તુળમાં ગોઠવાઈને જુદા જૂદા વિષયોમાં રસતલ્લીન થયા છે. એટલામાં સુંદરિયાણાથી એક ઘોડો આવ્યો. અસવારે નીચે ઉતરીને બાપુના દર્શન કર્યાં. બાપુ નજીક બેસતા બોલ્યો :

“ બાપુ, સુંદરિયાણાનો ડાયરો ઠાકરને યાદ કરે છે. બે ચાર દિવસથી અમુક સાધુ ગામમાં આવ્યા છે. તેમણે ગામના માણસોને ભરમાવ્યા છે. આથી ગામમાં બે ભાગ પડી ગયા છે. આપની પધરામણી વહેલી થઈ શકે એવું ગોઠવવા આમંત્રણ મોકલ્યું છે. આખા ગામને સાધુઓ ભ્રમમાં નાખશે તો એમાં ગામની શોભા નહીં રહે. ”

આ વાત સાંભળીને ડાયરો સ્તબ્ધ થઈ ગયો. સહુની દૃષ્ટિ એક સાથે આપા વિસામણ ઉપર સ્થિર થઈ ગઈ. બધાના મનમાં આ વાત સાંભળીને થયું કે હવે આપા વિસામણ આ અસવારને શું જવાબ આપે છે. સહુની ઉત્સુકતા વધી ગઈ કે બાપુની વાણી શું નીકળે છે ? અસવારની વાત અને ગામનું નિમંત્રણ મળ્યા પછી બાપુ થોડા સમય માટે વિચાર કરીને બોલ્યા : “ ભાઈ ચાવડા, તારા ગામની ઠાકરને કાંઈ નથી પડી બાપ. જાઓ ભલે સાધુ મોજ કરે. ”

બાપુનો જવાબ સાંભળીને સુંદરિયાણાથી આવેલ ચાવડાએ કહ્યું : “ ઈ તો ઠીક બાપુ, સાધુ તો ભેખધારી કહેવાય એટલે ઠાકરની કૃપા તો એમના ઉપર હોય છે જ, દુઃખ એ વાતનું છે કે તેમના દ્વારા આપની નિંદા અને પાખંડની વાતો થાય છે. આ વાતો અમારાથી સાંભળી શકાતી નથી. સાધુના ઉપર હાથ ઉપાડવો યોગ્ય નથી સાથોસાથ તેમના કડવા વેણ પણ સાંભળી શકાતા નથી. માટે હવે તો આપ હુકમ કરો તો અમે જ ગામ બદલી નાખીએ આ સિવાય કોઈ રસ્તો નથી. ”

"આટલો અહંકાર અને તે પણ સાધુને ? તો તો પછી એ સાધુ નથી બાપ, તમે ચિંતા કરોમાં કાલે સવારે હું આવુ છું."

બાપુના શબ્દો સાંભળી આવેલ અસવારને શાંતિ થઈ સહુની સાથે ડાયરામાં કસૂંબો લીધો હૈયાધારણ મળી જતાં ડાયરામાં સૌ સાથે વાતે વળગ્યા ડાયરામાં પણ સાધુઓના આવા વર્તનની ટીકા થવા લાગી અને વાતાવરણ ગરમ થઈ ગયું. સહુ કોઈ જુદા જુદા વિચારો રજૂ કરવા લાગ્યા અને ડાયરામાં આવું વાતાવરણ બાપુને ગમ્યું નહીં . ઠાકરની ઈચ્છા મુજબ આ વાતાવરણમાં પરિવર્તન સર્જનાર ઘટના બની. જગ્યાના પ્રવેશદ્વારેથી એક રસ અને આનંદનું મોજું પ્રવેશ્યું.

"પીર વિહળના નામ પર વારી, વાત બહુ વિચારી રે,
સૂર સંગાથે સાયબો ઘૂમે, નોબત વાગે ન્યારી રે...."

આ વિહળ વંદનાનું સ્તવન ગવાતાં જ ડાયરો ફરી મોજમાં આવી ગયો અને વાતાવરણ ભક્તિમય બની ગયું.

સુદામડા ગામે રહેતા પૂંજા બારોટને પગે વાળાનું દરદ થયેલું. એ સમયે આ રોગ ખૂબ ભયંકર ગણાતો. અસહ્ય પીડા આપતા આ રોગથી દરદી ગળે આવી જતો કેટલાકને પોતાના અવયવ ગુમાવવા પડતા. આવા રોગમાં સપડાયેલા પૂંજા બારોટ અસહ્ય વેદના વેઠતા વેઠતા ખાટલામાં સૂઈ રહેતા આપા વિસામણ ત્રિનેત્રેશ્વરથી પાછા ફરતા સુદામડા રોકાયા. પૂંજા બારોટ બાપુના પરમભક્ત હોવાથી તેમને બોલાવવા ડાયરામાંથી માણસ મોકલ્યો માણસે પૂંજા બારોટની સ્થિતિ જોઈને બાપુ પાસે આવીને કહ્યું :

"બાપુ, પૂંજા બારોટ આવી શકે એવી સ્થિતિ નથી, એમને તો વાળા નિકળ્યા છે. અસહ્ય પીડા થવાથી તેમની આંખમાંથી ચોધાર આંસુ વહ્યા જાય છે."

વાત સાંભળતા જ આપા વિસામણના હૃદયમાં તેમના માટે કરૂણા જન્મીને બોલ્યા : "ભાઈ, એમાં કોઈ મોટી વાત નથી વાળા તો ખેંચી લઈએ. જાવ પૂંજાને સાચવીને અહીં લઈ આવો."

બાપુની આજ્ઞા ઉથાપાય નહીં એટલે આદેશ થતાં જ ફરી પાછો માણસ પૂંજા બારોટને ડાયરામાં લઈ આવવા માટે રવાના થયો. પૂંજા બારોટ પાસે જઈને જૂએ છે તો વાળા ક્યાં ગયા તેની ખબર પણ ન પડી. પૂંજા બારોટના પગ એકદમ હતા એવા સારા થઈ ગયા જોઈને તે નવાઈ પામી ગયો. તેડવા આવનાર માણસનો ટેકો લઈને બાપુના દર્શન કરવા ચાલવા માંડ્યા ધીમે ધીમે પૂંજા બારોટ ડાયરામાં આવ્યા. બાપુના દર્શન કર્યા. પૂંજા બારોટે જોયું તો તેમને ફૂટી નીકળેલા વાળા કેડીયાની કસ સાથે લટકતા જોયા આ દશ્ય જોઈને બારોટ ભાવાવેશમાં આવી ગયા અને સંતની કરૂણા જોઈને પ્રેમાશ્રુ વહાવી રહ્યા જાણે કે કોઈ રોગ હોય જ નહીં એમ સહુ ડાયરા સાથે વાતોમાં જોડાઈ ગયા.

થોડા દિવસમાં પગ સંપૂર્ણ સારા થઈ જતાં પૂંજા બારોટ પાળિયાદ ઠાકરના દર્શને આવ્યા. ચારણ, ભાટ કે બ્રાહ્મણની માનતા ઠાકર લેતા નહીં એટલે આવા માણસો પ્રેમથી ઠાકરના ભજન, કિર્તન કે અન્ય પ્રકારની ગુણવર્ણન કરતી રચનાઓ કરતા. આવી રીતે સૌ કોઈ બાપુને ભજતા. સવારનો સમય હોવાથી

પ્રભાતિયું લલકારતા પૂંજા બારોટ પગે લાગીને બેઠા એટલે બાપુ બોલ્યા : “ ભાઈ પૂંજા, પીરાઈ તો સુંદરિયાણામાં સાધુ લઈને બેઠા છે તેં અહીં ક્યાંથી જોઈ ?”

“ અરે મારા બાપુ, પાળિયાદના પીરાણાના પ્રતાપ જેવો પ્રતાપ આજુબાજુના લોકો અનુભવી શકે એમ નથી. સાચા સાધુ આજે જડવા મુશ્કેલ છે સેવાધર્મ મળી આવે તો સમજવું કે એ સાધુ આપા વિસામણના ઘડેલા સાધુ જ હશે. ”

“ ના, ના, બાપ પૂંજા, આ સુંદરિયાણામાં આવેલા સાધુ ઠાકરના નથી. આ તો રાક્ષસવૃતિના સાધુ છે મારા પંથને એ પાખંડનો પંથ કહે છે.”

“બાપુ, આ વાતમાં મને કંઈ સમજાતું નથી. વિગત માંડીને સમજાવો તો કંઈ સમજાય વળી. ”

પૂંજાના શબ્દ સાંભળી બાપુએ ડાયરા ઉપર એક નજર માંડી ડાયરામાં બેઠેલા રામ ખાચર બોલ્યા : “ભાઈ, સુંદરિયાણામાં કેટલાક સાધુઓ આવ્યા છે. ગામમાં કલેશ થાય એવો ધર્મ સમજાવે છે. ધર્મતો ભલું કરવાનું સાધન છે, આને ધર્મ કેમ કહેવાય ? ”

“ આપા, સાચો ધરમ ઝઘડા ઉભા ન કરાવે પરંતુ શાંતિ સ્થાપે, ભક્તોનું ભલુ કરે. ધર્મના જુદા જુદા સ્વરૂપ ભલે હોય પણ તેનું કામ તો ભક્તને ભગવાન તરફ વાળવાનું છે નહીં કે કોઈ પંથમાંથી બીજા પંથમાં વાળવાનું. મને તો વિશ્વાસ છે કે જયાં આપા વિસામણ ત્યાં સત અને જે બાપુના શબ્દો એ જ બ્રહ્મવાક્ય એટલે અમારું પ્રેમપૂર્ણ નિમંત્રણ સ્વીકારી બાપુ સુંદરિયાણા પધારો તો આ પ્રશ્ન આપોઆપ ઉકેલાઈ જશે. “ બારહટ્ટ બોલ્યા.

“ હા, ભાઈ બારહટ્ટ ” રામ ખાચર બોલ્યા : “ તમારું કહેવું સાચું છે. તને ઠાકરે સૂઝાડ્યું અને તને ઠાકરે સંમતિ આપી. ”

ડાયરામાં થતી વાતો બાપુ સાંભળી રહ્યા છે. સૌ ઉપર પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાખતા બોલ્યા “ ભાઈ, હવે તો ઠાકરની આજ્ઞા મળી ગઈ. તમારી બધાની ઈચ્છા હોય તો મારી ના નથી. પણ ત્યાં જઈએ ત્યારે કોઈ નરમ-ગરમ થશો નહીં. મારો ઠાકર એ વાતથી નારાજ છે. ગમે તેમ તોય સાધુ એ ભેખધારી કહેવાય. ગાય ઓખર કરે તેના સામું ન જોવાય. ”

સહુ ડાયરો સુંદરિયાણા જવાની વાતથી રાજી થયો. સહુના મનમાં શાંતિ થઈ. હવે પાખંડ અને સાચા ધર્મની સમજણ આપણને મળી જશે. કોઈ શ્રધ્ધાથી તો કોઈ જાણવાની જિજ્ઞાસાથી જવા તૈયાર થયા. કેટલાક ક્યારેય જતા ન હોય તેવા પણ સુંદરિયાણા જવા તૈયાર થઈ ગયા. બીજા દિવસે નક્કી કરેલા સમયે ઘણા બધા લોકો હાજર થઈ ગયા એને સૌ સુંદરિયાણાના માર્ગે ચડ્યા.

અહીં આમંત્રણ આપવા આવેલ ભાઈ સૌથી થોડા વહેલા નીકળી ગયા અને સુંદરિયાણા પહોંચી જાણ કરી કે બાપુ અત્યારે પધારે છે. સમાચાર મળતા શ્રધ્ધાળુઓ સૌ સાથે મળી ગામના ઝાપે સામૈયું લઈ બાપુની રાહ જોવા લાગ્યા. જેમને આ વાતમાં રસ નહોતો એવા કેટલાક અલગથી દૂર ઉભા રહી શું થાય છે. ? એ

જોવા ગોઠવાઈ ગયા.

થોડી વારમાં આપા વિસામણના ઘોડા આવી પહોંચ્યા, આસ્થાવાળા ભક્તોના હૃદય દ્રવી ઉઠ્યા અને આંખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યા. ગામલોકોએ બાપુનું ખૂબ જ ભાવભીનું સ્વાગત કર્યું, નાચતાં-ગાતાં સહુ આપા વિસામણને તેમના ઉતારાના સ્થળે લઈ ગયા. ઉતારામાં બધી વ્યવસ્થા તૈયાર હતી. સૌ ડાયરો ગોઠવાયો- કસુંબાની તૈયારીઓ થવા લાગી. બાપુ પોતાની બેઠકે બિરાજ્યા એટલે વાતચીત શરૂ થઈ.

દેશળ પરમાર બોલ્યા : “ બાપુ, આપ પધાર્યા એ બહુ સારૂ કર્યું. અમને હતું કે કદાચ આપ આવા પ્રશ્નમાં નહીં પડો તો અમારે કોઈના કડવા શબ્દો સાંભળવા પડશે. લોકો આ નવા ઉપદેશકોના ઉપદેશથી દ્વિધામાં પડી ધર્મનો મર્મ ખોઈ બેસશે. ”

બાપુ બોલ્યા : “ ભાઈ દેશળ, ઠાકરને તો તેની નિંદા કરનારા બહુ વહાલા છે. ઠાકર તો જે માને એનો છે. પોકારે કે દોડી આવે છે એને કોઈ વહાલા-દવલા નથી. ધર્મ બધાય સરખા છે. સૂરજ નારાયણના કિરણો જેમ બધા સરખા છે એની જેમ જ બધું જ તેજ સરખું જ પ્રગટ થાય છે, પરંતુ જેની જેવી શ્રધ્ધા તેને તેટલું જ મળે છે. ઠાકર ફળ આપવામાં ક્યારેય અન્યાય કરતો નથી. માટે તમે જરાય ચિંતા કરશો નહીં. ”

બાપુના શબ્દો સાંભળી સૌને શાંતિ થઈ. આમ છતાં મનમાં ઉઠતા તરંગો શમ્યા નહીં. સૌને મનમાં હતું કે ઠાકર કંઈક સત પ્રગટાવે તો આ સાધુઓ થોડા ઢીલા પડે. સહુના મનની વાત બાપુ જાણી ગયા હોય તેમ સાંજ પડતા પોતે ફરવા પધાર્યા.

સહુ માણસો સાથે આપા વિસામણ ગામમાં ચાલ્યા જાય છે. જેને શ્રધ્ધા છે તે દોડીને પગમાં પડી દર્શન કરે છે જેમને શ્રધ્ધા નથી એવા ઘરમાં લપાઈને છાના ખૂણેથી ડોકિયા કરી અને ટગર ટગર જૂએ છે. ચાલતા સૌ ગામના ઝાંપા સુધી પહોંચે છે. ઝાંપા નજીક આવતા બંને પક્ષેથી વાદવિવાદ વધી ગયો. બાપુએ સૌને સૂચના આપેલી કે ક્રોધ અથવા આવેશમાં જરા પણ આવવું નહીં. આથી કોઈ વિશેષ બોલતું નથી. આમ છતાં વારંવાર વાદવિવાદ ચાલતા બાપુને ગમ્યુ નહીં. પોતે ઝાંપા પાસે ઉભા રહ્યા અને એક સાધુને બોલાવી કહ્યું કે,

“ ભાઈ, તારો પણ ધર્મ સાચો છે પણ તું તારૂં ધર્મનું સત દેખાડ તો સૌને શ્રધ્ધા બેસે.” એક સુકો કેરડો બતાવતા આગળ કહ્યું : “તારા ધર્મ અને તપના બળે આ સુકો કેરડો લીલો થઈ જાય તો તારો ધર્મ સાચો. ”

કેરડા સામે જોઈને સાધુ મુંઝાઈ ગયો એની જીભ જે થોડીવાર પહેલા સર્પની જેમ ચાલતી હતી એ એકદમ બોલતી બંધ થઈ ગઈ. સાધુ બાપુની સામે મૂંગા મોઢે જોઈ રહ્યો. બાપુએ આ જોઈને ફરીથી એ જ વાત કહી પણ સાધુ તરફથી કંઈ ઉત્તર મળ્યો નહીં. આથી ત્યાં હાજર માણસોને તેમણે કહ્યું કે “ ભાઈઓ આ મહાત્મા તો મારી વાતનો કોઈ ઉત્તર જ આપતા નથી. ”

આથી સૌ એક સાથે બોલી ઉઠ્યા : “ બાપુ, સાધુ તો ભલે કંઈ ન બોલે પણ હવે આપ જ સત્ પ્રકાશો.”

“ ત્યારે લ્યો બાપ” એમ કહેતા જમણા હાથમાં જળની અંજલિ ધારણ કરી બાપુએ સૂકા કેરડા ઉપર નેત્ર બંધ કરીને છાંટી જળની અંજલિનો સ્પર્શ કેરડાને થતાની સાથે જ કેરડો લીલોછમ્મ થઈ ગયો. ખીલી

ઉઠેલો કેરડો હવામાં મોજથી હિલ્લોળા લેવા માંડ્યો આ દૃશ્ય સર્જાયું કે હાજર રહેલા સૌ લોકોની શ્રધ્ધા જાગૃત થઈ ગઈ. સૌ બાપુને વંદન કરવા લાગ્યા. આપા વિસામણ ત્યાંથી આગળ ચાલ્યા પાદરમાં જ આવેલી એક વાડી તરફ તેમણે પગલાં ઉપાડ્યા. વાડીના માલિકને લોકોએ ઘણો સમજાવ્યો પરંતુ તે નાસ્તિક હોવાથી લોકોની વાત માનતો નહીં. બાપુને તેના નાસ્તિકપણા માટે કરૂણા ઉપજી. તેની શંકાનું સમાધાન કરી તેને ધર્મના માર્ગે વાળવા માટે બાપુએ તેના પર કૃપા કરી તે ત્યારે જે કોસ ચલાવી રહ્યો હતો તેની ગરેડી લીલીછમ્મ થઈ ગઈ. આ જોઈને વાડીનો માલિક બાપુના પગે પડી ગયો. વારંવાર બાપુની ક્ષમાયાચના કરવા લાગ્યો.

આવા પ્રત્યક્ષ પરચાઓ જોવા છતાં તર્કવાદીઓ થાક્યા નહીં. કોઈ બોલ્યું :

“ જમીનમાં રહેલું ઝાડ લીલુ થયું અને કોસની ગરેડી લીલી થઈ એમાં શું થઈ ગયું એ તો પાણીના કારણે એમ થાય જ પણ આ મારી દંતાળીનો દાંતો લીલો થઈ જાય તો હું માનું. ”

તે માણસ આમ બોલતાની સાથે જ તેની દંતાળીનો દાંતો પણ લીલો થઈ ગયો. આ દૃશ્યો જોઈને જેમનાં મનમાં અશ્રધ્ધા આવી હતી એ દૂર થઈ ગઈ. સહુ કોઈ બાપુના સત્‌ના પ્રભાવમાં ધર્મ આસ્થા મેળવી રહ્યા.

બાપુ બોલ્યા : “ ભાઈઓ, ધર્મનું મૂળ શ્રધ્ધા છે. ધર્મમાં માણસ મોટો નથી પણ તેનું મન મોટું છે. જેનું મન આસ્તિક તેને પ્રભુ પોતાનો ગણે છે. એના કાર્ય પણ પ્રભુ જ પાર પાડતા રહે છે. જેનું મન કપટી અને દુષ્ટ વિચારવાળું છે તેનું છેવટ ક્યારેય ભલું થતું નથી. માટે સૌ ધર્મમાં આસ્થા રાખશો તો પ્રભુ ભલું જ કરશે. ઠાકર તો પ્રેમ અને વિશ્વાસનો ભૂખ્યો છે. એના હાથમાં આપણું કાંડુ સોંપી દીધા પછી એ એવું પકડી રાખશે કે પછી કોઈપણ જાતનો ભય પામવાનું રહેશે નહીં. અહી જે કંઈ તમે જોયુ એ ધર્મ અને સત્‌નું પરિણામ છે. માટે ધર્મ ચૂકશો નહીં, બાપ ! ”

આ ઘટનાઓથી સૌની ભ્રાંતિ દૂર થઈ ગઈ અને બાપુ ગામને સાચી પ્રેરણા આપીને પાળિયાદ પધાર્યા સુંદરિયાણા આવેલા સાધુઓ પણ પોતાના પોટલાં સંકેલી ચાલ્યા ગયા.

સત્‌ હુંદા સરદાર, વિહળ ડંક વગાડિયો,
અનભે ભક્તિ આધાર, ધરમ ધૂણો જગાડિયો.

• • •

# અઘોરી

ભક્તિ ભોગ માગે છે. આ ભોગ પણ જેવો તેવો નહીં ભક્ત જલારામે પોતાના પત્ની વીરબાઈ સાધુબાવાને આપી દીધા હતા. ભક્ત નરસિંહના જીવનમાં તો દુઃખના ડુંગર ઉગ્યા હતા. ભક્ત મીરાંબાઈને ઝેરના પ્યાલા પીવા પડ્યા હતાં. આપા વિસામણ આ માર્ગે ચાલવા માંડ્યા ત્યારથી ધર્મને ધતીંગ સમજનારા નાસ્તિકો તેમને એક યા બીજા પ્રકારે દુઃખી કરવા અને તેમની ભક્તિને ઝાંખપ લગાડવા કંઈને કંઈ કર્યા કરતા હતા.

એક દિવસ પાળિયાદના પાદરમાં એક અઘોરી બાવો આવી ચડ્યો. અઘોરીએ વાત સાંભળેલી કે પાળિયાદ ગામમાં એક પીર સંત રહે છે. પૂછતા પાળિયાદ આવી ચડેલા આ અઘોરીએ પાળિયાદના પાદરમાં આવીને મોટા અવાજે ત્રાડ પાડી.

" ધરમ કે નામ પર લોગો કો સચ્ચા-જૂઠા સમઝાકર ઠગને વાલે ઉસ પીરકો મૈં દેખ લૂંગા. સંસારમેં રહકર પીર નહીં બના જાતા, હમારી તરહ સબ છોડકર હી ભક્તિ હોતી હૈ "

બાવાનો પ્રચંડ પડકાર સાંભળી થોડા લોકો એકઠા થઈ ગયા. લોકોને જોઈને અઘોરી વધુ તોરમાં આવી ગયો.

" આપ લોગ બતાઈએ ગાંવમે કહાં હૈ ઉસકા ઠીકાના ? આજ મૈં ઉસે ધરમ સમઝાઉંગા "

અઘોરી બાવાઓ મેલી વિદ્યાના સાધક હોય છે એવું જાણનાર લોકો બાવાનું સ્વરૂપ જોઈને હેબતાઈ ગયા. બાવો શરીર ઉપરની ભસ્મ ઉપર હાથ ફેરવતો હતો તેની બંને આંખો લાલબંબોળ હતી. શરીર ઉપર લાલ-પીળા-ધોળા જાતજાતના ટપકાં કરેલા હતા. હાથમાં ચીપિયો હતો એ વાતવાતમાં જોરથી ખખડાવતો હતો. માથે મોટી જટા બાંધી હતી. એક હાથમાં માનવ ખોપરી હતી જેમાં ઝેરી જનાવરો વીંછી, કાનખજૂરા, પડકાઓ હતા. એમને આંગળીથી રમાડી રહ્યો હતો. એની આસપાસ વિંટળાયેલ લોક સમુદાય તેના આવા સ્વરૂપથી ભયભીત અને આશ્ચર્યચકિત પણ હતો. સામાન્ય જીવડું જોઈને ડરી જનાર જનસાધારણ તેની આવી ક્રિયાઓ અને દેખાવ જોઈને નવાઈ પામી ગયો હતો.

કાઈએ જગ્યા તરફ આંગળી ચીંધી બાવાને ત્યાં જવા કહ્યું. અઘોરી એ બાજુ ચાલતા જોણું જોયાની ટેવ વાળા અને જિજ્ઞાસુ ટીકાકારો સાથે ભક્તો પણ તેની પાછળ પાછળ ચાલ્યા. બાવો બોલતા બોલતા ચાલી રહ્યો હતો.

" યે રામદેવજી કા અવતાર હૈ ? મૈં ઉસકો દેખ લૂંગા. ઉસકા સારા પ્રપંચ ખુલ્લા કર દૂંગા. મુઝે અપના પીર હોને કા સબૂત દેના પડેગા... વરના ઉસકો જીંદા જલા ડાલૂંગા. "

આમ ટોળું બાવાની પાછળ પાછળ ચાલતું અને તેના ભયાનક હાવભાવ નીરખતું જગ્યાના આંગણા સુધી પહોચ્યું.

બાવાએ ત્યાં પહોંચતા બાપુ સામે જોઈને કહ્યું :

"ક્યાં તૂમ પીર હો ?"

ટોળુ તેની આજુબાજુ કૂંડાળામાં અર્ધચંદ્રાકારે ગોઠવાઈને આ તમાશો જોવા લાગ્યું. આપા વિસામણ ઓચિંતાના આવી ચડેલા આ વાવાઝોડાને જરા પણ વિચલિત થયા વિના શાંતિપૂર્વક અને સ્વસ્થતાથી જોઈ રહ્યા. ટોળામાં ટીકાકારો અને શ્રધ્ધાળુઓ પોતપોતાના ભાવને અનુરૂપ વાતો કરવા લાગ્યા. ધાંધલ-ધમાલ અને લોકોનો કોલાહલ બીજા પણ ઘણાને અહીં આવવા આકર્ષી ગયો. એમ કરતાં એક મોટો જન સમુદાય ત્યાં એકઠો થઈ ગયો.

અઘોરી બેફામ બોલતો હતો અને હાથમાં તેનો ચીપિયો ખખડાવ્યા કરતો તેણે જોરથી ચીપિયાને જમીનમાં ખોડી દીધો અને ત્રાડ પાડતા બોલ્યો :

" તુમ પીર હો તો કોઈ ચમત્કાર જાનતે હોંગે ! મુઝે દિખાઓ તુમ કૌન સા ચમત્કાર કર સકતે હો ? જલ્દીસે દીખા દો વરના.....

હિન્દી નહીં જાણનારને અઘોરીના બોલવામાં કંઈ ગમ ન પડતા તેમણે માન્યું કે બાવો ગાળો બોલે છે. એમને સમજાવનારે સમજાવ્યું કે બાવો કોઈ ચમત્કાર કરી બતાવવાનું કહે છે. લોકો વિચારી રહ્યા કે આ તો અઘોરપંથનો બાવો છે. તંત્રવિદ્યાની સિધ્ધિથી ભલભલાને પહોંચી વળે તેવા આ બાવાઓ હોય છે. લોકો સાંભળેલી વાતો યાદ કરીને ભયભીત થવા લાગ્યા. આપા વિસામણ એકદમ શાંત હતા. હાથમાં ઠાકરની માળા ફરી રહી હતી. માળા પુરી થતાં આંખે અડાડી બીજા હાથમાં માળાને રમાડતા બોલ્યા : " મહારાજજી, અહીં તો રામજીનો આશરો છે. શાંતિથી બેસો. પાણી પીઓ એને પછી તમારે મને જે કહેવું હોય તે કહો. " આટલું બોલીને બાપુએ માળા ગળામાં પહેરી લીધી.

" શાંતિ કયા રખે. ધર્મ કો જાને બિના પીર બન બૈઠને વાલોં કો સમઝાના હી હમારા કર્તવ્ય હે ." અઘોરી બોલ્યો.

"તમે ધરમમાં માનો છો ? કેવા ધરમમાં માનો છો ?" બાપુએ શાંતિથી કહ્યું. આપા વિસામણ હજુ પણ આ અઘોરી સંત તરફ પ્રેમપૂર્ણ દષ્ટિથી જ જોઈ રહ્યા હતા.

"ચમત્કાર.." અઘોરી બોલ્યો તેની આંખો વિકરાળ બની ગઈ. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું.

" એહ એહ એહ "આપા વિસામણ તેની આ સ્થિતિ જોઈને નિર્ભયતાથી હસીને અઘોરી તરફ ચાલ્યા તેની સામે જઈને સ્વસ્થતા અને ભય વિના ઉભા રહ્યા. અઘોરીની આંખો સાથે પોતાની આંખો મેળવી આ દૃષ્ટિ સમન્વય થતાની સાથે જ અશાંતિના સ્થાને એક નિભ્રાંત શાંતિ પ્રગટી રહી. અઘોરીની આંખોમાંથી વરસતા અંગારા જાણે કે હીમકણ બનવા લાગ્યા. તેનામાં એક ધર્મ સાધક અને પ્રભુપ્રેમી ઉપસતો દેખાયો.

અઘોરી ઉપર જાણે કે પ્રભુની કૃપા સમા અખંડ મેઘ વરસી રહ્યો. અઘોરીની સ્થિતિ સમાધિપૂર્ણ થઈ ગઈ. તે સમજી ન શક્યો કે આ વ્યક્તિત્વ સામે તેની વાણી કેમ પંગુ બનતી જાય છે.

આપા વિસામણ અઘોરીની સામે આવતા લોકો હવે ઉત્સુક હતા કે અઘોરી હવે વળતા પગલામાં શું કરે છે ? અઘોરી દૃષ્ટિ પ્રભાવથી સંમોહિત થઈ ગયો હોય તેમ બે ડગલા પાછળ હટી જતાં બોલ્યો :

"મુઝે તુમ્હારે સાથ અબ કોઈ બાત નહીં કરની હૈ."

"તો મહારાજ" બાપુ બોલ્યા : "અમારા બાવા આ લાલદાસ સાથે વાત કરો"

આપા વિસામણે જગ્યાના સાધુ લાલદાસજીને બોલાવતા કહ્યું : "ભાઈ લાલદાસ, આ સંતને ભાંગ ચડી ગઈ છે. આને કંઈ છાશ બાશ પીવડાવો."

"ભાંગ હમેં કુછ નહીં કર સકતી" અઘોરી બોલ્યો. "ભાંગ તમારી બુધ્ધિને બુઠ્ઠી કરી રહી છે. વિદ્યાની ભાંગ તમે જરૂર કરતા વધારે પી ગયા છો. તમે વિદ્યા જાણો છો ને ?

"હાં" અઘોરી બોલ્યો : "મૈં વિદ્યા જાનતા હું. ઐસી વિદ્યા જો અદ્ભુત હૈ, અલૌકિક હે. મેરે ચાહનેસે ધરતી કાંપ ઉઠતી હૈ, પ્રલય હો સકતા હૈ મેઘ બરસ પડતે હૈ"

"તમે બહુ મોટી વાતોમાં ચડી ગયા મહારાજ" સ્મિત સાથે લાલદાસજી તરફ જોતા બાપુ બોલ્યા : "હવે આ જ્ઞાન અને શક્તિના પ્રવાહને કેમ વાળશો" કહીને સ્મિત કર્યું.

લાલદાસજી આ ફાટેલ-માથા ફરેલ અઘોરીને પોતાની રીતે સમજાવતા બોલ્યા :

"સાધુ મહારાજ રાખો, હવે ભૂંડા લાગો છો. ભેખ ધરીને આવું વર્તન સારું ન લાગે. અહીં તો ઠાકર બિરાજે છે. સ્વયં પ્રભુના બેસણાં છે. અહીં તમારી કોઈ વિદ્યા ન ચાલે બાવાજી ! " ન ક્યો ચલે ?" લાલદાસજી સામે દૃષ્ટિ નાખતા અઘોરીએ કહ્યું : "તુમ સાધુ હોકર હમારી બાત નહીં સમઝતા ?"

"તો મહારાજ હવે તમને યોગ્ય લાગે તે કરવા માંડો"

"તો બતાઓ ક્યાં કરૂં ?"

"ક્યા કરના હે મૈં ક્યા બતાઉં ? તમારી વિદ્યા અજમાવો અને પછી ચાલતા થઈ જાઓ"

"ઐસા હૈ" કહેતા અઘોરી તૈયાર થઈ ગયો. તુંબડીમાંથી એણે જળની અંજલિ ભરી ચારે બાજુ નજર ફેરવી આંખ બંધ કરીને પોતાના હોઠ ફફડાવ્યા સૌને થયું કોઈ મેલિવિદ્યાનો મંત્ર ભણે છે હમણાં કંઈક ન બનવાનું બનશે. માણસોના ટોળામાં ભય અને ગભરાટ ફેલાઈ ગયો. સૌના શ્વાસ સ્થિર થઈ ગયા. સંપૂર્ણ શાંતિથી વાતાવરણ ભયથી છવાઈ ગયું , સૌ વિચારી રહ્યા કે હમણાં આ અઘોરી આખી ધરતીને વલોવી નાખશે. પ્રલય લાવી દેશે.

અઘોરી જગ્યામાં ગાયો બાંધવાના ઢાળિયા તરફ ચાલ્યો એને થોડા ઘણા પાન સાથે ઉગેલા એક નાનકડા છોડ ઉપર પોતાના હાથમાં લીધેલ જળની અંજલિ છાંટી અંજલિનો સ્પર્શ થતાની સાથે જ છોડ ઉપર

જે થોડાઘણા પાન હતા એ ખરી પડ્યા. પાછા આવીને આપા વિસામણ સામે ગર્વ ભરી દૃષ્ટિ નાખતા બોલ્યા : " દેખા, યે સબ પતે ગીર પડે વૈસે હી મેરી સિધ્ધિ સે મૈં વિનાશ કર સકતા હું. તુમ ઐસા કોઈ ચમત્કાર દિખા સકતે હો ?"

લોકો ખરી પડતાં પાન જોઈને આશ્ચર્યમાં પડી ગયા. આપા વિસામણ આ જોઈને બોલ્યા : " તમે તો બાવાજી ખરો ચમત્કાર બતાવ્યો. તમારી વિદ્યા તો બહુ મોટી "

બાવો આવી પ્રશંસા સાંભળીને તેનો અર્થ ન સમજી શક્યોને બોલ્યો :

" ભગત,તુમ પીર હો તો ઐસા કોઈ ચમત્કાર દીખાઓ."

" હું પીર નથી. " આપા વિસામણ શાંતિથી બોલ્યા : " હું તો રામનામ લેનારો એક સાધારણ રામભક્ત છું. અને તમારું આ કામ જોઈ એક શિખામણ માગ્યા વગર આપું છું. લઈ શકાય તો રામનું નામ લ્યો. ઉપરવાળા પાસે તમારી આ વિદ્યા કંઈ કામ નહીં આવે. કાલે જિંદગી પૂરી થઈ જશે અને હાલ્યા જશો. ક્યાં એ ખબરે ય નહીં પડે. આવી ખોટી મહેનત ન કરો. બાવાજી પાંદડાની જેમ જ તમારી આ જિંદગી પણ ખરી જશે પછી કોઈ ઉપાય નહીં બચે. "

" ક્યા હોગા ! ધર્મ કરતે હૈ તો પ્રભુ હી મિલેંગે "

" આ ધર્મ નહીં તમારાથી અધર્મ થઈ ગયો. વૃક્ષને પાન વગરનું કરીને તમે શું ધર્મ કર્યો ? " સાંભળો મહારાજ એક વાત તમને કહેવી છે -

" કામ, ક્રોધ, મદ લોભ કી જબ લગ મનમેં ખાન,
તબ લગ પંડિત,મુરખા દોનો એક સમાન "

" મૈં મુરખ હું ? લોભી હું ? "

" તમે તો સંતપુરૂષ છો. બાવાજી તમને હું બીજું તો શું કહું ? સંતો તો જગતને માર્ગ બતાવી લોકોને ધર્મના માર્ગે દોરી જાય છે."

" દેખો ભગત, મૈં તુમ્હારા કોઈ ઉપદેશ સુનને યહાં નહીં આયા હું. મૈંને ચમત્કાર કર દીખાયા. તુમ ભી ઐસા કુછ કરકે દીખાઓ."

" ભાઈ બાવાજી તમે તો કાળુ કર્મ કર્યું. એક કુમળા વૃક્ષનો નાશ કરી નાખ્યો મારાથી તો આવુ કાળુ કામ નહીં થાય. "

" મૈંને કૌન સા કાલા કામ કિયા ? "

" મહારાજ લીલા ઝાડનાં પાન ખેરવવા એ કાળું કામ કહેવાય. "

કોઈ બાપુના ટીકાકારને તક મળી જતાં તેણે બાપુને કહ્યું : આપા વિસામણ, વાતોના વડા કરોમાં. તમેય ભગત છો તો પછી અઘોરીને ચમત્કાર કેમ નથી બતાવતા. આજ સુધી અમે ઘણાં ચમત્કારોની વાતો

સાંભળી છે.''

બાપુ બોલ્યા : "એ ચમત્કાર તો રામનામના હતા ભાઈ, રામનામને આવી સસ્તી ક્રિયામાં ન વપરાય. નાળિયેર જેમ પાણી સંઘરે છે, મૃગની નાભિમાં જેમ કસ્તુરી સંઘરાય છે, તેમ સંઘરી રખાય. રામનામને આવા ચમત્કાર જેટલું સસ્તુ ન કરી દેવાય.''

"જૂઠ હૈ તેરા નામ બામ...'' અઘોરી બરાડ્યો.

" ભાઈ, રામનામ જૂઠ નથી. એણે જ નિંભાડામાંથી બીલાડીના બચ્ચાને ઉગાર્યા છે. સૂધનવાને તેલની કડાઈમાંથી હેમખેમ કાઢ્યો છે.''

" મૈં ને યે સબ નહીં દેખા '' અઘોરી બોલ્યો " યે સબ લોગ જો યહાં આયે હૈ ઉસને ભી નહીં દેખા '' કહેતા ટોળા તરફ આંગળી ચીંધતા આગળ કહ્યું : " એસી નિકમ્મી બાતોં મેં મુઝે કોઈ રસ નહીં. જો પીર હો તો આપની પીરાઈ બતાઓ વરના....''

" સારૂ બાવાજી, તમે નહીં જ માનો '' આપા વિસામણે કહ્યું : " તો તમેય ઠાકરની દયાનો દાખલો જોઈ લ્યો. તમે તો પાંદડા ખેર્યા છે મહારાજ, પણ ઠાકરની દયા થાય તો પાંદડા નવા આવે. ''

આપા વિસામણે જળની અંજલિ ભરી ગાયોના ફરજાની એક થાંભલી ઉપર રામનામ લઈને પાણી છાંટ્યું.

બાપુ બોલ્યા : "અહીં નવા પાન ફુટશે સવારે જોઈ લેજો''

રાત્રે અઘોરી બાવાને કોણ જાણે શું થયું ?

સવાર પડતા પહેલા જ બાવો પાળિયાદ છોડીને ચાલ્યો ગયો.

સવાર પડતાં જ લોકો બાપુની વાતની ખરાઈ કરવા પહોંચી ગયા. સૌના આશ્ચર્ય વચ્ચે થાંભલીને કુણીકુણી કૂંપળો ફૂટી હતી.

● ● ●

# રામમંદિર

ભાદરવા મહિનાનો ઉકળાટવાળો દિવસ છે. જગ્યાના ધૂણા પાસે સાંજના સમયે બાપુ બાવા રામદાસજી અને થોડા ભક્તો બેઠા છે. નિત્યનિયમ મુજબના બધા કાર્યો તેમજ વચ્ચે વચ્ચે સત્સંગની લ્હાણી થઈ રહી છે. ચમકતા મોતી જેવા શબ્દો બાપુની વાણીમાંથી સરી પડે છે. જેને ખપના હોય તે તેમાંથી વીણી લે છે.

ક્યારેક કેટલાક વાક્યો, ક્યારેક કોઈ દૃષ્ટાંત, ક્યારેક કોઈ ઘટના, ક્યારેક એકાદુ વાક્ય કે ક્યારેક માત્ર એક શબ્દ માણસના મનપ્રદેશમાં ઉતરી જાય તો આત્મા જાગૃત થતા વાર લાગતી નથી. આપા વિસામણ પાસે નિયમિત બેસનારા લોકોના જીવન ધીરે ધીરે ઉટકેલા વાસણ જેવા થતા જતા હતા.

બાપુ માળાના મણકા ફેરવતા કંઈક ઉંડા વિચારમાં બેઠા છે. ઠાકરનું નામ અહર્નિશ તેમના હૃદયમાં ગુંજે છે એ માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. ઈશ્વરના નામમાં આ એક વિશેષ શક્તિ છે, નામરટણની ટેવ પડ્યા પછી ભલે આપણે કોઈ કામ કરતા હોઈએ પણ પ્રભુનું નામ આપણા મન અને હૃદયમાં ગૂંજતુ જ રહે છે. થોડો સમય એકધારૂં પ્રભુનું નામ લેવાથી આ ટેવ કાયમી થઈ જાય છે. આપણી અંદર નામ રૂપે પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક સમયે પ્રભુ પ્રગટતા રહે છે. સમય થતા સૌ ડાયરામાં બેઠેલા ભક્તો ઘર તરફ જવા માટે ઉઠ્યા. બેઠકમાંથી સૌ વિદાય થયા પછી આપા વિસામણ અને રામદાસજી બે જણ જ ત્યાં રહ્યા.

સમાધિ તોડતા હોય તેમ માળા થંભાવી આપા વિસામણે રામદાસજી ઉપર દૃષ્ટિ કરી રામદાસજીએ પણ બાપુની સામે નજર નોંધી. એમને થયું કે ક્યારના ઉંડા વિચાર સાથે માળા જપતા બાપુ કોઈ વાત કરવા માગે છે. રામદાસજીની ધારણા મુજબ બાપુ ગંભીર સ્વરમાં બોલ્યા :

" ભાઈ રામદાસજી, મારા ઠાકરની કૃપા કેવી છે ! ધર્મની ધજા ચારે તરફ લહેરાઈ રહી છે અને અઢારેય વરણ એની શીળી છાંયમાં રાજી થઈને રમી રહ્યા છે."

"બાપુ આપ સાચી વાત કરો છો. આપના તપ અને તેજના પ્રતાપે આવું થવું જ જોઈએ જે થયું છે."

ઉંમરમાં એક પછી એક વર્ષ ઉમેરાતાં પાકટ વયે પહોંચેલા સાધુ રામદાસજી ઉપર બાપુની વિશેષ પ્રીતિ હતી. અલખના આરાધક આપા વિસામણ અને ભગવાને ભગવાન બનાવી ભેખ ઉજાળનાર સાધુ રામદાસજીની જોડી જાણે સરોવરમાં હંસ તરતા હોય અને જ્ઞાનાનંદનું પાન કરી રહ્યા હોય એમ લાગતું હતુ.

બંને સંત વિભૂતિઓની વચ્ચે ધૂણો જલી રહ્યો છે. અગ્નિની સાખે થતા સત્કાર્ય જીવન ઉજાળે છે. બંને વચ્ચે આજે એકબીજાના મનની વાત પ્રકાશવાની હોય તેમ અગ્નિદેવ પણ તે સાંભળવા ઉત્સુક બનેલા લાગે છે.

ધૂણા પાસે તકિયાને અઢેલીને બેઠેલા બાપુ શરીરને થોડુ સીધુ કરતા બોલ્યા : " ભાઈ છેલ્લા ઘણા દિવસથી રહી રહીને એક વિચાર આવ્યા કરે છે. આજે તો થયું કે આપણે પ્રગટ રીતે એ વાત કરીએ."

આપા વિસામણ પણ આધેડ વયે પહોંચી ગયા છે. વિશાળ આંખોને ક્ષણભર માટે મીંચીને જાણે અંદરથી કોઈ વાત પકડવા માગતા હોય તેમ નેત્ર ખોલતાં બોલ્યા :

" રામદાસજી, કોઈ ગુફામાંથી પ્રગટતો હોય એવો અલખનો અવાજ સંભળાય છે. આપણામાં રમતા રામ મને કોઈ દિશા ચીંધે છે. આ જગ્યામાં આવીને સ્થિર થયેલ મારો ઠાકર એના દર્શન આપતો રહે અને દુઃખીયારાનું દુઃખ સદાય હરતો રહે એવી ભાવના મનમાં ઉઠે છે. રામ જ એનો મારગ પણ દેખાડશે."

" આવું કઈ રીતે થઈ શકશે ? " રામદાસજી જિજ્ઞાસાથી બોલ્યા. બાપુએ સ્મિત કરતા કહ્યું : " જગ્યામાં એક શિખરબંધ મંદિર મારો વ્હાલો ઉભું કરી દે એટલે બસ. આ દેવળમાં રામ, લક્ષ્મણ, જાનકીની પ્રતિમાઓ પ્રાણપ્રતિષ્ઠા સાથે પધારે તો આવું થઈ શકે. લોકો ઠાકરના દર્શન કરી ઠાકર પાસે પોતાના હૈયા ઠાલવી શકે."

" સાચી વાત છે કેટલાક સમયથી મને પણ આવો જ વિચાર આવ્યા કરે છે. સાંભળ્યુ છે કે મને તમે યાત્રા સમયે મળવાનું કહ્યું હતું એ મુર્શિદાબાદવાળા બાબુમલ શેઠ પાળિયાદ આવતા હતા તેના બદલે દ્વારકા તરફ ગયા છે."

" આવે છે રામદાસજી, શેઠ બાબુમલ દ્વારકા દર્શન કરીને હવે પાળિયાદ આવી રહ્યા છે."

" તમને આ વાતની ખબર પડી ગઈ ? "

" હા, તમે પણ જરાક જોઈ જૂઓ ને " અમે કહેતા બાપુએ સંકેત કર્યો.

સમર્થ સાધુએ ક્ષણભર માટે નેત્રો બંધ કર્યા અને નેત્ર ખોલતાની સાથે જ આનંદથી હસી પડ્યા.

રામદાસજી બોલ્યા : " હવે સીધા થઈ ગયા. જાત કા બનિયા હૈ ના ! મુરલીધરે કેવો બનાવ્યો એના સંઘના સૌ માણસોને દર્શન થયા પણ બાબુમલને કંઈ દેખાયુ નહીં ત્યારે તેને સમજાયું કે પોતાની કોઈ ભૂલ થઈ છે. હવે આવશે પાળિયાદના ઠાકરના દર્શને."

" દ્વારકાનાથે પણ પાળિયાદનો પક્ષ લઈને કૃપા કરી સવારે સંઘ પાળિયાદ પહોંચશે. બાબુમલ આવે અને મંદિર બાંધવાની શરૂઆત થઈ જાય તો હવે મારે પણ જવું છે." આપા વિસામણે કહ્યું

" ઓહ, તમે જવાના છો ?" ધૂણાના ઉજાસમાં રામદાસજીના ચહેરા ઉપર ગ્લાનિ દેખાઈ. આકાશમાંથી એક તારો ખર્યો અને સાધુના શરીરમાંથી એક આછી ધ્રૂજારી પસાર થઈ ગઈ. તેમના મુખમાંથી સહસા શબ્દો નીકળ્યા : " બાપુ તમારી આ વાત નહીં સાંભળી શકાય."

"સાંભળ્યા વિના ચાલશે જ નહીં બાપ" આપા વિસામણના અવાજમાં ગેબી રણકો હતો.

" મારા સાધુ, જીવનમાં ઈશ્વરે સોંપેલ કાર્ય પુરૂં થાય, આપણું નિમિત પુરૂં થાય અને ઠાકરનો સાદ સંભળાય

પછી કોઈ રહી શકતું નથી. હવે સાંઈઠ વરસ થયા, ઠાકર મને બોલાવશે એવું લાગે છે. મારા અંગઅંગ ઠાકરના દિવ્ય સ્વરૂપમાં સમાઈ જવા ઉતાવળા થાય છે."

"સાંઈઠ વરસ એ કંઈ વધારે વરસ નથી." રામદાસજી બોલ્યા : "થોડો વિચાર કરો બાપુ, હું અહીં એકલો રહું અને તમે ચાલ્યા જશો ?" રામદાસજીના અવાજમાં વિષાદ અને નિરાશા ઉભરાયા, ધૂણો સંકોરતા તેમાં એકાદ લાકડું ગોઠવી સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો. સંતની વેદના આપા વિસામણને અસહ્ય લાગતા બોલ્યા :

"રામદાસજી, તમે મારી વાત એકચિત્ત થઈને સાંભળો મને મારો ઠાકર એટલો વહાલો છે કે એને મારા શરીરની રાખ ઉપર સ્થાપવો છે. હું બેઠો હોઉં અને મારો ઠાકર મારાથી દૂર બિરાજે એ મારાથી ન જોવાય. આવું થાય તો મને જરાય ન ગમે. મારા ઠાકરનું મંદિર મારા હૃદયની ભસ્મ ઉપર થાય તો જ મને રાજીપો થાય. હવે કંઈ મારી વાત સમજાઈ ?"

"હવે સમજાયું પરંતુ....કહેતા રામદાસજી બાપુની સામે દૃષ્ટિ નાખી ઉંડા શ્વાસ લઈ જટામાં પોતાની આંગળીઓ ફેરવતા રુંધાયેલા સ્વરમાં બોલ્યા : "આપ મારા પ્રાણ છો. ભલે આપની ભાવના મુજબ કરો, પરંતુ ત્યાં જઈને જેટલા વહેલા મને બોલાવી શકાય તેટલા વહેલા મને બોલાવી લેજો. આ સિવાય મારે બીજું કઈ કહેવાનું નથી."

"મારા સાધુ, તમે સમરથ સાધુ છો" બાપુએ કહ્યું : "મને પણ અમરાપુરીમાં એકલા ગમશે નહીં. રણુજા છોડતા દુઃખ નહોતું થયું ત્યાં તો મારી સમાધિ ખોલવાની ચેષ્ઠા થઈ હતી, પરંતુ સોરઠધરાના લોકોના હેત વિસારે પાડવા અઘરા છે." થોડીવાર અટકી આપા વિસામણ આગળ બોલ્યા : "મારો ઠાકર મથુરા છોડીને સૌરાષ્ટ્ર પ્રદેશમાં કેમ વસ્યો હતો એ હવે મને સમજાય છે. મોરલીધરને પણ અહીં અવવાનું મન થયું હતું. મારો રામમંદિરનો સંકલ્પ આવતી કાલે સવારે પૂરો થશે... આમ મારૂં કાર્ય પૂર્ણ થઈ જશે. મને મારા ધૂણાની સામે અગ્નિસંસ્કાર આપજો અને એ સ્થળ ઉપર જ રામમંદિરનો પાયો નાખજો. રામદાસજી મંદિરનું કામ તમારે પુરૂં કરવાનું અને સૌને સત્‌ધર્મનો ઉપદેશ આપજો."

"બાપુ, આપ તો એવી રીતે વાતો કરવા લાગ્યા છો કે જાણે તમે અત્યારે જ જઈ રહ્યા હો."

ખુલ્લા મનથી ખડખડાટ હસતા આપા વિસામણ બોલ્યા : "રામદાસજી જે મારે બોલવાનું છે અને તમારે સાંભળવાનું છે એવુ એકાંત અત્યારે મળ્યું છે અને એ એકાંત પણ હવે પુરૂં થવા આવ્યું છે જૂઓ." કહેતા આપા વિસામણે પૂર્વ દિશા તરફ સંજ્ઞા કરી. શુક્રનો તારો પોતાનું તેજસ્વીપણું પ્રગટ કરતો ઉંચે ચડી ગયો હતો. પરોઢ થઈ રહ્યું હતુ. નિંદ્રાવશ થયેલ જળ ધીમે ધીમે સળવળીને જાગૃત થઈ રહ્યું હતું. જગ્યાના સાધુ લાલદાસજી જાગીને ધરમશી ભગતે લખેલ પ્રભાતિયું સુંદર રાગ-આલાપ સાથે ગાઈને ઠાકરને જગાડી રહ્યા હતા. જગ્યાની ધજા ઉપર અને સમગ્ર પાવનભૂમિમાં પક્ષીઓનો મીઠો કલરવ પથરાઈ રહ્યો હતો.

સૂર્યોદય થવાની સાથે જ ધરતી ઉપર સોનેરી સૂર્યકિરણો પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા લાગ્યા. દૈનિક

ક્રમ અનુસાર જગ્યાની બધી ગતિવિધિઓ આરંભાય. સૂરજ રાશવા ઉંચે ચડ્યો ત્યાં પાળિયાદના પાદરમાં "આપા વિસામણની જય" નો જય જય કાર સંભળાયો. મુર્શિદાબાદના શેઠ બાબુમલના સંઘે કરેલ જયઘોષ શમે શમે ત્યાં સંઘ સમસ્ત જગ્યામાં પ્રવેશી બુલંદ અવાજે તેને અનેકગણો પ્રતિધ્વનિત કરી રહ્યો.

રંગબેરંગી પાઘડીઓથી શોભતા સંઘના યાત્રિકોથી પાળિયાદ સુશોભિત થઈ ઉઠ્યું.

રામદાસજીએ શેઠ બાબુમલ અને સમસ્ત સંઘનું જગ્યામાં સ્વાગત કર્યું. પાળિયાદના ઠાકરની કૃપાપ્રસાદી સ્વરૂપે જન્મેલ બાબુમલના પાંચ વર્ષના પુત્રે બાપુને વંદન કર્યો. બાબુમલે બાપુને પ્રણામ કરતાં પ્રશ્ન કર્યો : "બાપુ, ઠાકોરજીનું મંદિર ક્યાં છે ?"

રામદાસજી બોલ્યા : શેઠ અભી ઠાકુરજી કા મંદિર નહીં બના હૈ ! ઠાકુરજી અભી બાપુ કે હૃદયમેં હી બિરાજતે હૈ. યહ બાત તો તુમ જાનતે હો ના ?"

રામદાસજીના આ શબ્દો બાબુમલને મુર્શિદાબાદમાં પોતાના ઘેર પધારેલા આ સંતના અનુભવને જાગૃત કરી ગયા. એ સમયે થયેલ વાત તેમને યાદ આવી ગઈ કે જગ્યામાં મંદિર બાંધવાનું કામ હજી બાકી છે.

બાબુમલ બોલ્યા : દેખો મહારાજજી, મારે ત્યાં પાળિયાદના ઠાકરે પુત્ર આપીને અમારી ઈચ્છા પૂર્ણ કરી છે. મારા મનમાં ત્યારથી એક સંકલ્પ છે કે મારી તમામ મિલકતનો વીસમો ભાગ ઠાકોરજીના મંદિર માટે અર્પણ કરવો આ મુજબ વીસમા ભાગના કુલ રૂપિયા  એકત્રીસ હજાર હું અહીં મંદિર નિર્માણ માટે અર્પણ કરૂં છું ." આમ કહીને શેઠજીએ રૂપિયાની થેલી આપા વિસામણના ચરણોમાં મૂકી. આ રીતે પોતાનો સંકલ્પ પુરો કરી જગ્યામાં પ્રસાદ લઈ બપોર પછી બાબુમલે સંઘ સાથે વિદાય લીધી.

●

મધ્ય રાત્રિ થઈ છે. આપા વિસામણ અને રામદાસજી ધૂણા પાસે બેઠા છે. ધૂણો પૂર્ણ રૂપે ધગી રહ્યો છે આપા વિસામણના ચહેરા ઉપર દિવ્ય પ્રકાશ પ્રગટે છે અને સંતોષના શબ્દો નીકળે છે :

" ભાઈ રામદાસજી, જોયુંને ઠાકરને મારી મરજી મંજૂર છે. મારા દેહની ભસ્મ ઉપર બિરાજવા તે રાજી છે."

"મને સત્ય સમજાઈ ગયું બાપુ, મંદિરનું કામ પુરૂં કરીને હું પણ તમારી પાસે આવી જઈશ."

" હા, રામદાસજી- પ્રભુના પ્રતાપથી, ઠાકરની કૃપાથી આ ધરતીના માનવીમાં ભક્તિના બીજ વાવવાનું અને ઉછેરવાનું કામ થયું. સૌના હેયે  ગજા પ્રમાણે તે ઉગ્યા પણ ખરા એનો આનંદ થાય છે. પાળિયાદની જગ્યાએ હવે મારો ભાણેજ લક્ષ્મણજી આવશે. તે સુપાત્ર અને સંતના બધા જ લક્ષણો ધરાવે છે અને આપા દાનાના કુળમાંથી જીવણ ભગતના દીકરી જેવા ધર્મપત્ની મળ્યા છે. બંનેનો ઉછેર સંતકુળમાં

થયો છે. આ દંપતિ દીનઃદુખિયાની સેવા કરી બંને કુળને ઉજાળશે એવી શ્રધ્ધા છે જગ્યાનો વહીવટ સારી રીતે ચલાવશે એવી મને પૂર્ણ શ્રધ્ધા છે.''

બાપુના શબ્દોએ રામદાસજીને દ્રવિત કરી દીધા તેમની આંખો આંસુથી ઉભરાઈ ઉઠી.

બાપુ બોલ્યા : '' આ શું મારો રામ રડે છે ? રડમાં મારા બાપ, તું રડશે તો આ જગતને કોણ છાનું રાખશે ?''

રામદાસજી આંખો લૂછતા બોલ્યા : '' બાપુ, હવે મને બાવલિયા મારો બાપ ' 'મારો વિસામો ' કહીને કોણ બોલાવશે ? આપના જેવો મિત્ર હવે મને ક્યાં મળશે ?''

'' ઓ હે, મારા બાવલિયા, હવે પ્રભાત થવા આવ્યું છે. આંખો લૂછી નાખો. હેત કરીને સામસામા કસુંબા લઈ લઈએ. તમે રડો તો પછી મને અમરધામમાં જતાં બહુ દુઃખ પડે.''

બંનેએ સાથે કસુંબા લીધા ત્યારે સૂર્ય મહારાજ પ્રસન્નતાથી જોઈ રહ્યા.

● ● ●

## મહાપ્રયાણ

ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે “ મારો આશ્રય લઈને જેઓ વૃધ્ધાવસ્થા અને મૃત્યુને સ્વીકારે છે તે બ્રહ્મ, અધ્યાત્મ અને તમામ કર્મને જાણનાર છે. જેઓ આધિભૌતિક,આધિદૈવિક અને આધિયાજ્ઞિક સહિત મને જાણે છે એવા ચિત્તનો યોગ કરનાર મૃત્યુ સમયે પણ મારું જ સ્મરણ કરે છે.”

આમ - ઈશ્વરનો આશ્રય લઈને પોતાની શુભ ગતિ માટે ભક્તો પ્રયત્ન કરતા હોય છે. પરમેશ્વરને પામી ભક્તો આ જન્મ જરા અને મૃત્યુની વૈશ્વિક ઘટમાળામાંથી બહાર નીકળી જવા સાધકોનો પ્રયાસ હોય છે. આથી વૃધ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય અને મૃત્યુ પણ તેનાથી દૂર રહે તેમજ યુવાન જેવો ઉત્સાહ તેનામાં અખંડ રહેતો જોવા મળે છે. શરીર જીર્ણ થવાનો થાક તો તેને લાગશે કે જે પોતાને પ્રભુથી જુદો માનીને જગતની ચિંતાઓ કરે છે. જે ભક્ત પરમેશ્વર સાથે ભક્તિના માધ્યમથી એકરૂપ બની ગયો હોય તેની બધી જ અવસ્થાઓ પરમેશ્વર સાથે મળી જવાથી તેને વૃધ્ધાવસ્થા કે મૃત્યુનો ભય લાગતો નથી.

આવા ભક્તોને જ બ્રહ્મ શું છે ? આધ્યાત્મ શું છે ? વગેરેનું જ્ઞાન થઈ શકે છે. આ જ્ઞાન સ્પષ્ટ રૂપે પ્રાપ્ત થવાથી એમનું મન સર્વદા પરમાત્મા સાથે જોડાયેલું રહે છે. અંતઃ કોઈ પણ પ્રકારના મનના વિકારો તેને સ્પર્શી શકતા નથી. આવા કારણસર મૃત્યુ સમયની પીડા વખતે પણ તેને પરમેશ્વરનું સ્મરણ રહે છે, જેથી તે મોક્ષપદ પામવાનો અધિકારી બની જાય છે. આ ઘટનાને આપણે મહાપ્રયાણ કહી શકીએ. સામાન્યજન મૃત્યુ સમયે જગતમાંથી માત્ર પ્રયાણ કરે છે એટલે કે જગતને છોડી જાય છે, જ્યારે સંત આત્માઓ દેહત્યાગ કરે ત્યારે મહાપ્રયાણ કરે છે. આથી જ આવા દિવ્ય સંતો મહાપ્રયાણ પછી પણ સુક્ષ્મ ઉર્જા સ્વરૂપે આ જગતના લોકો ઉપર ઉપકારો કરી શકતા હોય છે. સંત મૃત્યુ પછી પણ અમૃતના અધિકારી બની રહે છે.

જગ્યામાં ધૂણા પાસે હાથમાં માળા રાખી આપા વિસામણ બેઠા છે. તેમની પાસે હાથમાં ચલમ સાથે રામદાસજી પણ બેઠા છે. પોતે શ્રી લક્ષ્મણ મહારાજને ચલાળા ધામધૂમથી પરણાવ્યા હતા. પ્રસંગે કરાતા હાથગરણાં રૂપે જગ્યાનો વારસો આપ્યો હતો જેમ પોકરણગઢ પોતાના ભાણેજ ગગુભાને સોંપી રામદેવજીએ રણુજા વસાવ્યું હતું, તેમ આપા વિસામણે પણ જગ્યામાં નવા ચાર ઓરડા અને નાનકડી ધર્મશાળા તથા ઘોડાહાર બનાવી બધો વહીવટ પોતાના ભાણેજ આઈ નાથીબાઈના સુપુત્ર શ્રી લક્ષ્મણ મહારાજને સોપ્યો હતો. હવે દેવળ બનાવવાનું કાર્ય જ માત્ર બાકી હતું.

શ્રી લક્ષ્મણજી મહારાજ આપા વિસામણનું પ્રત્યક્ષ પ્રેમસ્વરૂપ હતા. બાપુ તેમની સાથે આનંદ-પ્રમોદ કરી સંસ્કાર સિંચન કરતા રહેતા, આમ કરી ઠાકરને પ્રસન્ન રાખતા ઠાકરને પણ આ વાતથી પ્રસન્નતા મળતી. એવામાં એક વખત સવંત ૧૮૮૯ ના ભાદરવા માસની અજવાળી એકાદશી હતી. વર્ષાઋતુના આ રોગિષ્ટ

મહિનાનો આ દિવસે ઉગેલી ઉષા ગમગીન લાગતી હતી. પક્ષીઓ, ઝાલર, ડાયરો બધું જ જાણે ગમગીન હોય એવું સ્તબ્ધ વાતાવરણ થઈ ગયું હતુ. એક પછી એક વ્યક્તિ જગ્યામાં આવી સુમસાન અને મૌન ધરીને બેસે છે. ધીરે ધીરે વાત ફેલાઈ ગઈ કે “ આપા વિસામણના દેહને સાંસ નથી. ” આ જાણ થતાની સાથે જ આખું ગામ જગ્યા તરફ ઉમટ્યું. આબાલવૃધ્ધ સૌ ઠાકરના છેલ્લા દર્શન કરવાની ઈચ્છા સાથે પોતાનું કામ અને ઘર મૂકીને જગ્યાની વાટ પકડી ત્યાં આવી ગયા. સ્થાનિક તેમજ બહારના બાપુ માટે પ્રેમ ધરાવતા ભક્તોથી જગ્યા ભરાઈ ગઈ. બાપુના દર્શન માટે સૌ તલપાપડ થઈને પડાપડી કરવા લાગ્યા બાવા રામદાસજીએ સૌને શાંત કરતા કહ્યું :

“ તુમ સબ લોગ શાંતિ રખો. હરએક ભક્ત કો મિલે બિના ઠાકર પ્રયાણ નહીં કરેંગા ”

ધસી આવેલ સમુદાય જ્યાં હતો ત્યાં જ બેસી ગયો. દુકાન બંધ કરીને વેપારી, ખેતી ઉભી રાખીને, ખેતરેથી ખેડૂત, માલ-ઢોર રેઢા મૂકીને માલધારી જગ્યામાં સમાચાર મળતા દોડી આવ્યા હતા. ભક્તો અને સંતો તો પહેલાથી જ આવી ગયા હતા. કારણ કે ઠાકરે તેમને અગાઉથી ચેતવ્યા હતા. આ સંતો- ભક્તો સાથે તો પોતે સત્સંગવાર્તા પણ કરી લીધી હતી જેઓ આ સત્સંગ લાભ પામી શક્યા નહોતા તેમના હૈયામાં વેદના જાગી રહી હતી. ગમગીન મુખ સાથે અશ્રુપ્રવાહ અવિરત વહી રહ્યો હતો.

શાંત સૌમ્ય મુખારવિંદ સાથે જાણે કે મીઠી નિંદર માણી રહ્યા હોય તેમ આપા વિસામણ પલંગ ઉપર પોઢ્યા છે. રામદાસજી, ભીમ સ્વામી, શ્રી લક્ષ્મણજી મહારાજ અને ગામના તથા બહારગામના દરબારો શાંતિથી બેઠા છે. ઘણો સમય થવા છતાં પણ બાપુ કંઈ બોલતા નથી એવું જાણી વાત શરૂ થઈ.

“ ભાઈ રામભાઈ, ઘણો સમય થઈ ગયો પણ બાપુ શાંત છે. ખોળિયામાં હવે ચેતન લાગતું નથી. ”

“ હા આપા, તમારી એ વાત ઠીક છે પણ આ તો પીરાણું કહેવાય. એમાં આપણું ડહાપણ કામ ન આવે.” જીવા ખાચર બોલ્યા.

“ તો એનો શો ઉપાય બાપ, બહુ વાર થઈ ગઈ એટલે આમ બેસી રહેવું એ ઠીક નથી લાગતું. ”

ધરમશી ભગત પણ આપા વિસામણની સેવામાં હતા. પોતાને હવે સારું છે અને તારે જવું હોય તો તું રામપરા જઈ આવ. એમ આપા વિસામણે કહેવાથી ધરમશી ભગત રામપરા જવા નીકળ્યા અડધો કલાક પસાર થયો હશે ત્યાં બાપુએ મૌન ગ્રહણ કરી લીધું. આથી ધરમશી ભગત પાછળ ઘોડું દોડાવ્યું. અડધે રસ્તે પહોંચેલા ભગતને ઘોડું આંબી ગયું. ઘોડેસવારે ખબર આપતા ભગત અડધેથી પાછા વળ્યા.

સૌની વાતચીત સાંભળી રામદાસજીએ ધરમશી ભગત આવે ત્યાં સુધી શાંતિથી રાહ જોવા કહ્યું. સૌએ રામધૂન ઉપાડી અને હાજર ભક્તો સૌ ઝીલવા લાગ્યા. અડધા કલાક જેટલો સમય રામધૂન ચાલી. વાતાવરણમાં રામનામનો રણકાર ગુંજી રહ્યો એટલી વારમાં ધરમશી ભગત આવી પહોંચ્યા. ભગતને મનમાં તો થયું કે બાપુએ મને વચન આપી પાછળથી પ્રયાણ કર્યું. મને મળ્યા નહીં એટલે પ્રવેશતાંની સાથે જ સાદ કર્યો “ બાપુ એ બાપુ ” ભગતના મુખેથી આ પોકાર સાંભળીને બાપુ જાણે કે તેના અવાજનો જવાબ

આપતા હોય એવું ભગતે અનુભવ્યું. હૃદયમાં શ્રધ્ધા પ્રગટી અને આંખમાં આંસુ સાથે ભજન ઉપાડ્યું ...

" જાગો જોગેશ્વર ખેધો અસુરોને, મારો મ્લેચ્છ ગુગલાણી જાગોને તમે નાથજી નિરવાણી રે....
જાદવકુળ જગદીશ અવતાર્યા, ત્યા દેવકીની આણી રે,
પોકરણગઢ તમે પીર પ્રગટ્યા, સંકટ સંતોના જાણ રે.... જાગોને
રતન કારણે તમે સમદર વલોવ્યો, ત્રિકમ નેચરા તાણી રે,
વખ-અમૃત તમે વિગતે વાવર્યા, એક ઝારીમાં આણી રે... જાગોને
આ રે કળજુગ બાપુ હળાહળ આવ્યો, કાળીંગો કૌતુકડારી રે,
ગૌ-બ્રહ્માણ સતિ રંક પીલાય છે, શું રે સુતા સોડ તાણી રે... જાગોને
બાર મેઘ લઈ ઈન્દ્ર જ આવિયા, વરસ્યા અમંગળ પાણી રે,
ગોકુળ ઉપર ગોધન તોળ્યો, માવો રહ્યા મંડપ તાણી રે... જાગોને
પસોરજુગ બાપુ પુરા હુઆ, પીર કરો પરિયાણી રે,
એક વાર તમે ખેધો અસુરાને, ફેરવો ઘરંટને ઘાણી રે... જાગોને
આદુના અખેડા એવા, પીર મખ્યા પાતાણી રે,
પરગટ પુછું પરચાની વાર્તા , એકે નથી અજાણી રે... જાગોને
ગુરૂ દત્તાત્રય દેવ, શંકર જોગી, વાર ભલી વસાણી રે,
કરોડતેત્રીસ દેવ સાથે રે ચડીયા, બ્રહ્માને બ્રહ્માણી રે... જાગોને
કોટિ જલમના કરમ કાટ્યા, પીર મળ્યા પાતાણી રે,
ગુરૂ પ્રતાપે દાસ ધરમશી બોલ્યા, પીર વિહળની વાણી રે... જાગોને

" અહો ધરમશી પહોંચી ગયો, બાપ ?"

" હા બાપુ, ઠાકરની દયાથી "

" હા બાપ હા, ઠાકર તારા હૃદયની વાતને પણ સાંભળશે. લે, હવે ચોહાર પુરું કર્ય બાપ. "

કાયમી બેઠકના પરભક્ત ધરમશીનો અવાજ કાને પડતાં જ આપા વિસામણ હોંકારો ભણતા બેઠા થઈ ગયા. થોડી જ વાર પહેલા ખોળિયામાંથી પ્રાણ સંચરી ગયા છે અને હવે તેની ક્રિયા કરવી જોઈએ, એવી વાત કરનાર આપા રામ અને અન્ય સૌ પ્રેમપૂર્ણ દૃષ્ટિ સાથે આપા વિસામણને વંદી રહ્યા. બાપુ સૌને શાંતિ આપતા બોલ્યા :

" હાઉં બાપ હાઉં, તમારી બધાની શ્રધ્ધા જોઈને મારો ઠાકર ખૂબ પ્રસન્ન છે. આવી જ શ્રધ્ધા કાયમ રાખશો તો ઠાકર તમને સૌને ખૂબ જ સુખ આપશે. "

ધરમશી ભગતે એક પછી એક ભજન લેતાં ચોહાર ઉપાડ્યો. સહુની વચ્ચે ધરમશીના ગળામાંથી આર્દ્ર સ્વરે ભજનગંગા વહેવા લાગી. આપા વિસામણ વારંવાર ધરમશીના પ્રેમભાવને બિરદાવતા રહ્યા. જાણે અંગમાં કોઈપણ જાતની પીડા કે રોગ હોય જ નહીં તેમ પોતે પલાંઠી વાળીને બેસી ગયા. આ દૃશ્ય જોઈને સૌના હૈયા પ્રસન્ન થઈ ગયા કે બાપુ હવે આપણી સૌની વચ્ચે જ હજી રહેશે. સહુને થયું કે હવે બાપુને સુવાણ થઈ ગઈ છે એટલે આનંદથી ખુશખુશાલ થઈને ભજન સાંભળી રહ્યા છે. એક બાજુ ધરમશી ભગતની ભાવપૂર્ણ વાણી વહે છે અને બીજી તરફ બાપુના દર્શન અને તેમનામાં પ્રગટેલ ચેતનાથી ભક્તોના આનંદની અવધિ આવી ગઈ છે. સૌ જ્ઞાનગંગાથી સમૃધ્ધ થયેલ ભજનોની ગંગામાં અનાયાસ તરી રહ્યા છે.

ચોહાર ભજન પૂરા થતાંની સાથે જ ધરમશી ભગતે બાપુને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા એટલે બાપુએ કહ્યું :

" હું જાણું છું ધરમશી કે હવે તારી ઈચ્છા શું છે? પણ હવે મને મોડું થાય છે બાપ."

" બાપુ મારી ઈચ્છા ઠાકરે પુરી કરી. હવે મને બીજી કોઈ જ ઝંખના નથી. હવે મને ઠાકર વિના ગમશે નહીં. સદાય તમારા ચરણોમાં રહ્યો છું એમ જ આપના ચરણોમાં જ રહેવાની ઈચ્છા છે."

" સમય આવશે એટલે એ પણ થઈ જશે. ઠાકર સમરથ છે."

ધરમશી ભગતની ઈચ્છા પુરી કરવાની વાત કરી. બાપુએ ડાયરા ઉપર એક દૃષ્ટિ નાખી દૃષ્ટિની દિવ્યતાથી જાણે કે પોતે ડાયરાને કંઈક કહી રહ્યા હતા. એક ક્ષણ માટે નેત્ર બંધ કરીને ગંભીર મુદ્રા વ્યક્ત કરી પછી હળવેથી નેત્ર ખોલી ડાયરાને સંબોધતા તેમની વાણીનો પ્રવાહ ઝરણાંની જેમ ફુટી રહ્યો :

" ભાઈ, સૌ ડાયરાને હવે છેલ્લા રામરામ છે હવે મારી પાસે વધુ સમય નથી. તમારી સૌની સાથે ખૂબ આનંદ કર્યો બાપ, મારે આજે તમને ધર્મની વાણી જેવી થોડી વાત કરવી છે."

" ભક્ત માટે પ્રેમ પૂર્ણ વસ્તુ છે. એનાથી મારો ઠાકર તરત રીઝે છે. એટલે સૌ પ્રેમથી ઠાકરનું ભજન કરજો. કુડકપટ અને ખટપટથી મારો ઠાકર દૂર રહે છે, નારાજ થાય છે. આથી એવા કામ કરશો નહીં. સત્યધર્મનો આશરો લઈને જીવન જીવજો. આમ કરશો તો તમારી વૃતિ પવિત્ર રહેશે. વૃતિ પવિત્ર રહેશે તો ખોટું કામ કરવા મન તમને નહીં દોરી શકે. કોઈપણ નાના-મોટાં જીવની જાણી જોઈને હિંસા ન કરશો. પ્રભુ સૌમાં વસેલો છે. બીજા જીવની હિંસા કરવી એ પોતાની જ હિંસા કરવા જેવું કામ છે આમ કરવાથી રિધ્ધિ સિધ્ધિ અને વંશવારસનું નિકંદન થાય છે. એટલા માટે સૌને કહું છું કે મન, વચન અને કાયાથી કોઈ જીવને નુકશાન થાય એવું ન કરતા."

" આટલો ધર્મ પાળશો તો તમારો વંશ વધશે. તમારા કુળમાં સત્ વધશે અને આ વંશ અને સત્‌ની વેલ એવી પાંગરશે કે એની સુગંધ બધે ફેલાશે. આ જોઈને પણ મારો ઠાકર ખૂબ રાજી થશે. જળ-સ્થળ પર વિપતિ આવ્યે ઠાકરને જ્યારે પોકાર કરશો ત્યારે તરત હોંકારો ભણશે, દોરડા પર ચાલતા નટની જેમ તમે એક ચિત્ત થઈ ધર્મમાં રહેશો તો કોઈ ભય નથી. પરંતુ ધજાની પૂંછડી જેમ વિપતના પવનથી ડગમગી જઈ ફરફરતા

રહેશો તો પછી મારે કંઈ કહેવાનું નથી. જેવા કર્મ તેવા ફળ મારો ઠાકર સૌને આપે છે. ઠાકરનો આ જ સાચો ન્યાય છે. આમાં કોઈ પણ રીતે ફેરફાર થઈ શકતો નથી. આ જન્મે નહીં તો આવતા જન્મે પણ કર્મના ફળ ભોગવ્યે જ છૂટકો થાય છે. જીવનમાં કર્મનો પાયો મજબૂત રાખજો. આગલા જન્મના કર્મ એ આ જન્મનો પાયો છે એવી જ રીતે આ જન્મના કર્મ એ આવતા જન્મનો પાયો છે માટે એવા સારા કર્મ કરો કે પછીથી ભવનો ફેરો જ ટળી જાય. પ્રભુમાં વૃતિ લગાડવાથી કર્મનો નાશ થાય છે. માટે જાગતા-સૂતા, ઉઠતા-બેસતા રામનું રટણ રાખજો આમાં કોઈ જાતનું ખર્ચ નથી. શુધ્ધભાવથી, હૃદયના ઉંડાણથી રામનામનો આશરો કરશો તો રામ જરૂર બાવડું પકડીને ભવસાગર તારી દેશે."

આમ-ડાયરાને ધર્મબોધ કરાવતો સદુપદેશ આપ્યો. સૌ ધ્યાનપૂર્વક બાપુના શબ્દો સાંભળી રહ્યા ત્યાર પછી રામદાસજી તરફ દષ્ટિ કરી આપા વિસામણ બોલ્યા :

" ભાઈ રામદાસ, તને તો બધી વાતની ખબર છે. આ ખોળિયાની વિધિ ધર્મસંસ્કાર અને રૂઢિ અનુસાર કરજો, સમાધિનો સમય નથી એનાથી તો માણસોના મનમાં સંશય જન્મે છે. મારા ઠાકરને ન ગમે એવું કાંઈ કરશો નહીં. મારો જીવ તો અહીં જ માને છે એટલે આ શરીરની ક્રિયા બધી અહીં બેઠકની સામે જ કરી દેજો."

આમ-બાવા રામદાસજીને આવી સૂચના આપ્યા પછી પોતે મહારાજ શ્રી લક્ષ્મણજી ને કહેવા લાગ્યા.

" ભાણેજભાઈ, તને તો ઠાકરે બહુ મોટું કામ સોંપ્યુ છે. સાધુ, સંત એ ઠાકરની કામધેનુ ગાય જેવા છે. આ ઠાકરની કામધેનુને ક્યારેય સંતાપ ન આપશો. આ સ્થાનક હું તને સોંપુ છું પણ સાધુ-સંત અને ગૌસેવા સિવાય તારું કંઈ જ નથી એમ માનીને સેવાધર્મ પાળજે. સેવાનું ભાતું તારી પાસે રાખીને બીજું બધું મુંડીયા માટે કરી દે જે તો ઠાકર તારા ઉપર પ્રસન્ન રહેશે. ઠાકર વીરડી થઈને તને અખૂટ જળ પૂર્યા કરશે. તારા ઉપર ઠાકર ભલે પ્રસન્ન રહે પણ માયાના પડળ બહુ ભુંડા છે. આથી જગતમાં જોઈ જોઈને ચાલવું. આ જગતમાં ઠાકર સિવાય બીજો કોઈ સંબંધ શોભતો નથી અને સાચો ય નથી. જળમાં જેમ કાદવ વચ્ચે કમળ રહે છે તેમ રહેજો. સૌ ડાયરાને અને સંતો-ભક્તોને આનંદ આપી ઠાકરનો પંથ દેખાડજો. દીન-દુઃખી સાથે સગપણ રાખજો અને માલેતુજારોથી છેટા રહેજો. કપટીઓથી સો ગાઉ અને અજ્ઞાનીથી એંશી ગાઉનું અંતર રાખજો. ઠાકરના પ્રેમી હોય એના રખવાળા કરજો અને કાળા કામ કરનારાને હણજો. સતના થાપા મારી ધરમનું રક્ષણ કરજો. ધર્મનું પેટાળ તો બહુ જ વિશાળ છે આથી સમદર જેવું હૃદય રાખજો. ધરમમાં કોઈ વાડા નથી. આ વાડા તો તકસાધુ અને મોઢા તરફ કોળિયો વાળનારાએ ઉભા કર્યા છે. પ્રભુ દરેક ધર્મમાં વસેલા છે. ધરમ ગમે તે હોય પણ મારો ઠાકર તો એક જ છે. સોનાના જુદા જુદા ઘાટ ભલે ઘડાય પણ તેનું મૂળ સ્વરૂપ તો એક જ છે. જેની જેવી વૃતિ તેવો તેનો ઘાટ જગતમાં ઘડાય છે. આથી કોઈ જાતના ભેદભાવ ન રાખશો. જ્યાં અને જેનામાં ઠાકર માટે ભાવ દેખાય ત્યાં ધર્મ સમજવો. જ્યાં પ્રેમ અને ભાવ નથી ત્યાં ધરમ પણ નથી. ડોળ કે દેખાવ કરવાથી ધરમ ટકતો હોય એવું નથી. આ તો માણસોના મનમાં ભ્રમ પેદા કરનાર છે.માટે સાદગી

રાખીને મૂળ ધરમને સાચવજો. અન્ન બહુ જ મોટો પદાર્થ છે, અન્ન વિના જીવન ટકવું મુશ્કેલ છે. આથી ઉદારતાથી આ અન્નનો પ્રવાહ અટકયા સિવાય ચાલુ રાખજો. આ પ્રવાહ ક્યારેય તૂટે નહીં એવી વ્યવસ્થા ગોઠવજો. "જ્યાં ટુકડો ત્યાં પ્રભુ ઢુંકડો" રહે છે. માટે આ કાર્યથી પ્રભુ સાથે રહેશે. આ બધી શિખામણ નથી પણ ધર્મના આસને બેસનાર માટેના નિયમો છે. પૂરેપુરા ભાવ સાથે આ નિયમો અને શાસ્ત્ર આજ્ઞાનું પાલન કરી જગ્યાને દીપાવજો"

નવા વારસાઈ ગાદિપતિને ટૂંકમાં તેમનો ધર્મ સમજાવી આપા વિસામણ ભીમ સ્વામી તરફ જોઈને બોલ્યા :

"ભીમસ્વામી, તારા જેવા ઠાકરના સેવકના કારણે જ આજે ધરમની ધજાયું ફરકે છે. ગામોગામ અને પહોંચી શકાય તેટલા પ્રદેશમાં ઠાકરના ગુણ ગાજો. કોઈની સાથે કજિયામાં ન ઉતરશો. ધરમના નામે પણ કોઈ ટંટો-ફીસાદ ન કરશો. આપણે જે સત્ય માન્યું છે એ સત્‌નો જ મહિમા છે અને સત્‌માં કોઈ વાદવિવાદ નથી. સત્ તો હંમેશા સત્ જ રહે છે. વાદાકોદથી ઠાકર પ્રસન્ન થતા નથી. તર્ક કરવો એ સારૂ કામ છે પણ તર્કનો સત્ ઉત્તર મળ્યે સમજી જવું, ખરેખર તો તર્ક કરતાં શ્રધ્ધા મોટી છે એ સમજીને જ ચાલજો."

આપા વિસામણની વાણી અસ્ખલિત વહી રહી હતી. જેને જે કહેવા જેવું લાગ્યું તે શાંતિથી સમજાઈ જાય એવી હૃદયની ભાષામાં કહ્યું, સાંભળનારે બાપુના મુખમાંથી પ્રગટેલ આ વાણીના દરેક શબ્દોને પોતાના અંતરમાં સંઘર્યા.

બાપુ આટલું કહીને પલંગ ઉપરથી ધીમે ધીમે નીચે ઉતરી ઉભા થયાં સૌને પોતાની બાથમાં લઈ એક પછી એકને આનંદ પમાડયા. સંતો-ભક્તો સહુએ ઉભેલ બાપુના ચરણસ્પર્શ કરી દર્શન કર્યા. બાપુ વિના એક ક્ષણ પણ યુગ જેવી લાગતી એવા પ્રેમ સમર્પિત ભકતોની આંખો શ્રાવણ-ભાદરવો વરસાવવા લાગી. બાપુએ ધીમેથી પગલું ઉપાડ્યું અને સૌ તેમની સાથે સાથે ચાલવા લાગ્યા. ધીમે ધીમે પગલા મૂક્તા બાપુ સૌને શાંતિ આપતા કહેવા લાગ્યા :

"ભાઈ, કોઈ દુઃખ ન લગાડશો, મારા બાપ,નામ એનો નાશ એ જગતનો નિયમ છે. માટે કોઈ શોક ન કરશો આપણા હાથ બહારની થનાર વસ્તુનો શોક કરવો નકામો છે."

"હા બાપુ, પણ તમારા વગર..."

"હા બાપ હા, હું તમારી વાત સમજુ છું પણ ઠાકર તો અહીં જ બેઠો છે. લક્ષ્મણજી કોઈ વાતની ખામી નહીં આવવા દે શ્રધ્ધા રાખો. ઠાકર જબરો છે એ આપણાં કામ કરશે જ."

"મારો નાથ સત્યવચન કહે છે સત્‌નો આંબો વધુ વધે પણ...." નાથા ગઢવી બોલ્યા : "મારા નાથ તમે પથ્થરમાંથી પારસ બનાવ્યા. મીંડામાંથી એકડા કર્યા એ કંઈ જેવું તેવું કામ નથી."

'ભોમ ભીતર ફરી વળ્યો, દીઠા નહીં દિનેશ,
ઈ પાળેશ્વર પરમેશ, નજરે નિહાળ્યા વિહળા.'

"મારી તો હવે તમ પાસે એક જ માગણી છે કે સદાય તમારા ચરણમાં રાખજો. આ બેઠકમાં હવે મારું હૃદય નહીં ખૂંચે."

આપા વિસામણ બોલ્યા : "અ હો હો નાથ. તને તો ખબર છે કે ઠાકર પોતાના હશે એને પોતાની પાસે આવવા દેશે એમાં કોઈ તેને રોકશે નહીં. ભય તજીને ભક્તિ કરી લેજે મારા બાપ, એમ કરીશ એટલે તારા બધા મનોરથ પુરા થઈ જાશે."

સમુદાય સઘળો કાન દઈને, હૃદય ખોલીને બાપુના શબ્દો સાંભળી રહ્યો હતો. નાના-મોટા સૌની આંખો બાપુના શબ્દોના પ્રવાહથી વિદાય વેળાની તેમની વાણીથી ભીંજાઈ રહી હતી. ચાતકની જેમ તેમના શબ્દોને વર્ષાબિન્દુની જેમ ઝીલી લેવા સૌ તત્પર હતા અને હજુ પણ બાપુ કંઈક કહે એવી અતૃપ્તિ અનુભવતા હતા. સૌ બાપુ સાથે નક્કી જગ્યા તરફ ચાલ્યા બાપુ ક્ષણભર માટે નેત્ર બંધ કરી બેઠા માંહયલા સાથે વાત કરતા હોય તેમ અંદર ઉતરી બ્રહ્માનંદનો રસાસ્વાદ માણી રહ્યા. અચાનક ઉભા થઈ બે હાથ જોડી સૌને રામરામ કર્યા અને ચાલવા લાગ્યા

રામદાસજી, ભીમસ્વામી, ધરમશીભગત, લક્ષ્મણજી મહારાજ, લાલદાસજી તથા ગામનો દરબાર ડાયરો અને અન્ય સૌ પણ બાપુની પાછળ ચાલ્યા.

બેઠક પાસે પહોંચેલા બાપુને સમુદાય નિરખી રહ્યો. સૌની સામે જોઈ તેમણે ચારે બાજુ પોતાની દૃષ્ટિ ફેરવી પૃથ્વીમાતાને નમન કર્યું અને પોતે હતા ત્યાં પદ્માસન વાળીને બે હાથ ઉંચા કર્યા, જોરથી રામનામનો ઉચ્ચાર કરી હાથ ઘૂંટણ ઉપર ટેકવી દીધા. નેત્ર બંધ રાખીને મનમાં રામનામ જપવા લાગ્યા. ક્ષણ બે ક્ષણ અને સૌએ જોયું કે બાપુનો દેહ અચલ અને સ્થિર થઈ ગયો છે, મુખ ઉપર તેજપ્રવાહ વિલસી રહ્યો છે. ચહેરા ઉપર નિર્લેપ ભાવ લીંપાઈ ગયા છે. જાણે સંગેમરમરની આરસપ્રતિમા હોય તેમ દેહ નિશ્ચલ અને નિ:ચેષ્ઠ થઈ ગયો છે. ચેતન તેમના શરીરથી જાણે છૂટું પડીને પરમ સાથે ભળી ગયું છે. હાજર સૌ ભક્તોના હૃદય એક થડકારો ચૂકી જાય છે અને સાથે જ સૌના મુખમાંથી રામનામનો ધ્વનિ પ્રચંડ પડઘા પાડતો વાતાવરણને ચીરતો બ્રહ્માંડની કોઈ ગહર ગુફામાં ઉતરી જાય છે. બાપુ પ્રાણ સંકેલી અમરધામના પ્રવાસે વળે છે.

બાવા રામદાસજી અને ધરમશી ભગતે બાપુ અવિચળ ધામ સંચારી ગયા એવું સહુને કહ્યું. થોડીવાર સૌને રામધૂન બોલવા માટે કહ્યું. વાતાવરણમાં રામનામનો રણકાર ગુંજી રહ્યો. અબિલ, ગુલાલ, શ્રીફળ અને પુષ્પો અર્પણ કરી સહુએ ઠાકરના છેલ્લા પ્રેમભર્યા દર્શન કરી લીધા. વિનાશીને અવિનાશી તરફ લઈ જતી અંતિમવિધિ શરૂ થઈ પંચતત્વને મૂળ પંચતત્વ સાથે ભળી જવાનો અવસર ઉજવાયો. સહુની આંખો રડી રહી. હજારો દીન-દુ:ખીયાનો આશરો અલખધણી વિહળનાથનો સ્થૂળ દેહ પંચતત્વમાં એકાકાર થઈ ગયો. અંતરીક્ષમાં બેસીને પણ આજ સુધી નિરાધારનો આધાર બની રહ્યો.

ગામ-પરગામ અને પ્રદેશમાં આ સમાચાર પહોંચી ગયા અને સર્વત્ર ભક્તજન આર્દ્ર સ્વરમાં ગાઈ રહ્યા "હરે રામ, હરે રામ શ્રી રામ રામ હરે હરે"

જેને જેટલો પરિચય હતો તેને તેટલો શોક થયો. જ્ઞાનીઓ મૌન રહ્યા કારણકે તેઓ આ સંસારને સ્વપ્નવત્ માનતા હતા- સંસાર સંકલ્પ-વિકલ્પનું ફળ છે એવું સમજતા હતા. જો કોઈ સંકલ્પ ન હોય તો સંસાર જ ન હોય. આત્માનું સ્વરૂપ તો નિર્ગુણ છે જ્યારે સગુણ બને ત્યારે શરીર રચાય છે. આત્માને જન્મ કે મૃત્યુ, ઉત્પતિ કે લય નથી. આત્મા તો માત્ર કારણરૂપ છે. સત્‌માંથી મહત્‌તત્વ અને તેમાંથી ત્રિગુણી રીતે અહમ સર્જાય છે વાયુ, તેજ, જળ, પૃથ્વી અને આકાશના પંચમહાભૂતો સર્જાય છે. પછી મન, પ્રાણ અને બધી ઈન્દ્રિયોનું સર્જન થાય છે. આ બધા સાથે મળીને સર્જન-વિસર્જનની લીલા દ્વારા સંસારને ધબકતો રાખ્યા કરે છે. આથી જ ઋષિઓએ ઉપનિષદ્‌માં એવી પ્રાર્થના કરી છે કે.

"ૐ આકાશમાં શાંતિ થાઓ, અંતરિક્ષમાં શાંતિ થાઓ, પૃથ્વીમાં શાંતિ થાઓ, જળમાં શાંતિ થાઓ, ઔષધિમાં શાંતિ થાઓ, સર્વમાં શાંતિ થાઓ, સર્વત્ર શાંતિ, શાંતિ શાંતિ અને શાંતિ જ થાઓ ૐ શાંતિ શાંતિ શાંતિ : હે પ્રરબ્રહ્મ શાંતિ થાઓ"

"આ જગતમાં સર્વ પ્રાણીઓ સુખી થાઓ, સર્વ કોઈ વિકારમુક્ત થાઓ, સર્વ કોઈ માત્ર કલ્યાણને જ જૂએ તેમજ કોઈને પણ દુઃખ ન થાઓ."

આપા વિસામણ ૬૦-૬૧ વર્ષનું આયુષ્ય ભોગવી પૌઢાવસ્થામાં જ કહી શકાય એ મુજબ ઠાકરનું કાર્ય પૂર્ણ કરીને ઠાકરના સ્વરૂપમાં વિલિન થઈ ગયા.

• • •

# પૂ. શ્રી લક્ષ્મણજી મહારાજ

પાળિયાદનો સ્થાપક સૂરજ અસ્તાચળે જઈને વિરમ્યા પછી તેની ઈચ્છા મુજબ શ્રી લક્ષ્મણજી મહારાજે આ ગાદી શોભાવી પરંતુ સૂર્યાસ્ત થયા પછી પણ જેમ પ્રકાશ ચાલ્યો જતો નથી તેમ આપા વિસામણ સમાધિસ્થ થયા પછી પણ અનેક પરચાઓ શ્રધ્ધાળુઓને મળ્યા છે. અહીં આવા કેટલાક પ્રસંગોની નોંધ આવશ્યક લાગે છે. એથી આ પ્રસંગોમાંથી થોડા સંક્ષિપ્તમાં જાણીએ.

દુધારીના પટેલ જીવાભાઈ ત્રિકમભાઈને દર વર્ષે અમુક રકમ પાળિયાદ જગ્યામાં ધરવાની માનતા હતી. આ ટેક પુરી કરવા જ્યારે આવ્યા ત્યારે તેમને આપા વિસામણે પ્રસાદીમાં સાકર આપી ત્યાર પછી તેમનાં કાકી દિવાળીબા ઉપર દીવો કરવા ગયા ત્યારે તેમને દેરીની અંદરથી સાકરના ગાંગડા મળ્યા. આ પાંચ ગાંગડા હતા અને આશરે સવા શેર વજન હતું

ચિતરવાડામાં ગામ દુધારીના નાથીબા નાના દીકરી હતા જેને કોઈ બ્રાહ્મણે ઝેર આપ્યું હતું તેમણે આ સમયે આપા વિસામણની ટેક રાખી માનતા કરવાથી તેમને આરામ થયો એટલે જગ્યામાં રૂા.૧૦૦/- એકસોની માનતા પુરી કરી પોતે જીવ્યા ત્યાં સુધી ધજા ચડાવી.

ગામ દુધારીના પટેલ દાવજીભાઈ દેવજીભાઈએ ઘરમાં દાગીનાનો દાબડો દાટ્યો હતો, ખૂબ શોધવા છતાં આ દાબડો જ્યારે ન જડ્યો ત્યારે આપા વિસામણનું સ્મરણ કર્યુ તેમને અવાજ સંભળાયો કે " દરવાજાની જમણી સાખે દાટેલો છે ત્યા કેમ જોતા નથી " ત્યાં તપાસ કરતા દાબડો જડી ગયો અને પાળિયાદ દર્શન કરી માનતા પુરી કરી.

ગામ અસ્માલીના પટેલ જીવાભાઈ અને શાંતિભાઈ અલીદરા ભણવા જતા હતા. બંને રસ્તામાં ભૂલા પડ્યા આમતેમ ફરવા છતાં જ્યારે સાચો રસ્તો ન જડ્યો ત્યારે પાળિયાદની માનતા કરી, આપા વિસામણનું સ્મરણ કરતા સાધુ વેશે આવી આ બંનેને ગામના ઝાંપા સુધી પહોંચાડી આવ્યા. બંનેએ જોયુ તો ગામઝાંપે સાધુ દેખાતા નહોતા આમ-અદ્દશ્ય થઈ ગયા.

દુધારીના પટેલ મોહનભાઈ કલ્યાણભાઈનો બળદ બિમાર થયો. આપા વિસામણની માનતા કરતાં બળદને આરામ થયો.

ગામ અસ્માલીમાં પટેલ લલ્લુભાઈ વિઠ્ઠલભાઈને ત્યાં બહારવટિયા આવેલા. પટેલને ગાંસડીમાં બાંધી કુવામાં નાખવા જતા હતા ત્યારે તેમણે બાપુનું સ્મરણ કરી આમાંથી બચવા માનતા કરીને બચી ગયા. રૂપિયા એકસો જગ્યામાં મૂકીને માનતા પુરી કરી.

જગ્યાની નોંધના આધારે ઉપર મુજબના થોડા દ્દષ્ટાંત અહીં મૂક્યા છે, જે માત્ર બે ગામના જ છે આવા

તો અસંખ્ય પરચાઓ ભક્તોએ અનુભવ્યા છે જે આ પુસ્તકમાં સમાવીએ તો પુસ્તકનું કદ વધી જાય આ ગ્રંથ આપા વિસામણના જીવન વૃતાંત સાથે જોડાયેલ હોવાથી તેમના સંબંધિત આવશ્યક વિગતો સમાવી વાચનક્ષમ બનાવવા પ્રયાસ કર્યો છે.

પાળિયાદની ગાદી ઉપર આવા જ દૈવી પ્રભાવવાળા મહાપુરૂષો આજ સુધી આવતા રહ્યા છે. પોતે પોતાની પૂર્ણ ભક્તિ અને સમર્પણથી જ આવા દૈવી ગુણ પ્રાપ્ત કરી લે છે. આ પાત્રતાના કારણે પોતે જ ઠાકર સ્વરૂપ થઈ જાય છે. આથી જ્યાં પોતે બિરાજતા હોય અને જ્યાં વિચરણ કરતા હોય ત્યાં માનતા કરવાથી દેવળે દર્શન કર્યા બરાબર ગણાય છે. આ એક જગ્યાના પ્રભાવ અંગે વિશેષ વાત છે.

સવંત ૧૮૮૯ માં વિસામણ બાપુની સમાધિ પછી તેમની ઈચ્છા અનુસાર સરવાના હાદા બોરીચાના દીકરા અને નાથીબાની કૂખે જન્મેલા પોતાના ભાણેજ શ્રી લક્ષ્મણજી મહારાજ ગાદીએ બિરાજ્યા. એમના ઉપર આપા વિસામણનો અખૂટ પ્રેમ હતો. આથી તેઓ પણ ઠાકર સ્વરૂપ જ હતા અને બાપુનો પડ્યો બોલ ઝીલીને ઘણાં સંસ્કાર મેળવ્યા હતા. જગ્યાના પૂજારી તરીકે ખાખી કેશવદાસજી હતા. સાધુ ત્રિકમદાસ જગ્યાના કોઠારી હતા કે જેમની ઉંમર લગભગ સો વર્ષ જેટલી હતી આ ઉપરાંત જગ્યામાં મલુગર ગોંસાઈ, કામદાર પરસોત્તમદાસ સાધુ અને મોદી તરીકે બેગો મેમણ હતા. કાઠી દરબારોમાં વિસામણ ખાચર, મોકા ભોજ, હાથીયા ઉનડ અને ઓઢા ઓઘડ વગેરે હતા.

જગ્યાની પ્રણાલિકા મુજબ ડાયરો થતો. સૌ સાથે મળી જ્ઞાન-ગમ્મત કરતા ક્યારેક રાસ-ગરબા તો ક્યારેક ભજનભાવ સાથે સાંજનો અને રાત્રિનો સમય ભક્તિભાવમાં પસાર થતો. આ સમયે પાળિયાદ વૈકુંઠ બની જતું.

દૂર દૂર પાંચ-દસ ગાઉથી માણસો આ લહાવો લેવા આવી પહોંચતા. લહાવો લૂંટી, આનંદ કરી પરોઢના સમયે પોતાને ગામ ચાલી નીકળતા. ગામે પહોંચીને રોજી-રોટીના કામે લાગી જતા. આમ સંસારમાં રહીને સંસાર સાગર તરવાનું બળ ભક્તિના માર્ગે ચાલી પ્રાપ્ત કરતા જેનું મન પાળિયાદમાં લાગી જતું એવા પરમભક્તો અહીં વધુને વધુ રહી લક્ષ્મણજી મહારાજ અને જગ્યાની સેવામાં પોતાના તન-મન લગાવી અખંડભક્તિના માર્ગે ચાલતા રહેતા.

સવંત ૧૮૮૭ નો અષાઢ માસ ચાલી રહ્યો છે. જગ્યાની બેઠક માણસોથી ચિક્કાર ભરાઈ ગઈ છે. લક્ષ્મણજી મહારાજ પાસે વયોવૃધ્ધ સાધુ અને કોઠારીપદ શોભાવતા ત્રિકમદાસ બેઠા છે. કસુંબા ઘુંટાય છે અને અવનવી વાતો ચાલી રહી છે. કોઈ કાશી તો કોઈ કેદાર તો કોઈ વળી થાન-કંડોળાની વાતો કરીને આપા વિસામણનું સ્મરણ કરી રહ્યા છે વચ્ચે કોઈ રમૂજ ફેલાવતી વાત કરી સૌને હસાવે છે. સહુની આ રંગત જોતાં એક બાજુ ખૂણામાં ભગવાવસ્ત્ર ધારી એક સાધુ બેઠા છે. સૌને આનંદ-કિલ્લોલ કરતા જોઈને આ સાધુ ધીમેથી ઉભા થયા અને લક્ષ્મણજી મહારાજ સામે આવીને ઉભા રહ્યા. મહારાજની દ્રષ્ટિ પડતાં જ સ્વામીએ તેમને પ્રશ્ન કર્યો, પ્રશ્ન સાંભળીને મહારાજે ત્રિકમ દાસજીને કહ્યું

"ત્રિકમદા, આ સ્વામી શું કહે છે બાપ"

ત્રિકમદાસજી કંઈ કહે તે પહેલા જ ભગવાધારી સાધુ બોલ્યા:

" બાપુ, એમા ત્રિકમદાને શું પૂછો છો. આપ જ વિચાર કરોને આજે એક વર્ષનો સમય થઈ ગયો. ઠાકર વિહળનાથના પ્રસાદ માટે ભક્તો હવે અધીરા બન્યા છે આ ડાયરાનો રંગ મને તો હવે ફિક્કો લાગે છે બહુ વખત જાય એમાં ડાયરાની શોભા નહીં."

"અહો, ભાઈ ભીમ સ્વામી તમારી એવી ઈચ્છા છે બાપ, જા બાપ, આજથી એક મહિને શ્રાવણ સુદ-૭ ના દિવસે ઠાકરનો પ્રસાદ સહુ ભક્તોને મળશે અને સાંભળો આ ત્રિકમદા વૃધ્ધ થઈ ગયા છે એટલે બધુ કામ તમારા ઉપર જ રહેશે. ત્રિકમદા તમને જે જોઈએ તે સગવડ કરી દેશે ખરુંને ત્રિકમદા!"

" હા, જેવી ઠાકરની ઈચ્છા. ટૂંકા ગાળામાં થોડું વસમું તો પડશે."

" ભાઈ, ઠાકરનું નામ લઈ લ્યો થોડા દિવસ કે વધારે દિવસ એમાં કંઈ ફેર પડતો નથી. ઠાકર તો સમરથ છે તમારું તો હાથ-પગ હલાવવાનું કામ છે. કર્તાહર્તા ઠાકર બધું પૂરણ કરશે"

ડાયરો આ નિર્ણય સાંભળીને આશ્ચર્યમાં પડી ગયો. બધાના મનમાં થયું કે બાપુએ થોડી ઉતાવળ કરી નાખી. એક મહિનામાં આ કામ કરવું એ તો એક દિવસમાં હિમાલય ચડવા જેવું છે. હવે તો ઠાકર કરે એ ખરૂં સૌ મૌન રહ્યા અને પોતાના મનમાં આ ભગીરથકાર્ય કેમ કરીને પુરું કરી શકાય એ બાબત વિચારી રહ્યા એટલામાં દમા ઢાઢીએ દુહાથી સૌની શંકા દૂર કરી.

" મહેર કરે તેના દાળીદર મટે, ખેધુ ભાગે ખેર,
જાહેર રત્નાગર જસી લક્ષ્મણજી કી લ્હેર. "

" હા બાપ હા, ઢાઢીતો એમ જ કહેને! એને થોડા કામ કરવા છે" ઓઢા બાપુ બોલ્યા:

" ઓઢા બાપુ, હું કંઈ ખોટું નથી કહેતો. આ આખોય ડાયરો બેઠો છે એની વચ્ચે હું જે કહુ છું. તે વાત સાવ સાચી છે, પણ તમે એ વાત ત્યારે જ માનશો કે જ્યારે મારો નાથ હજારો માણસો વચ્ચે રાસલીલા રમતો નજરે ભાળશો,"

" વાલીડાની રમત કેવી રે, કોડીલા કાનના જેવી રે."

એટલે આ તો એજ પ્રભુ છે કે જેણે મથુરા, ગોકુળ અને વૃંદાવનમાં રાસલીલા રમીને અનેક ગોપ-ગોપીઆને રાસમાં રસ તરબોળ કર્યા હતા. આ નાથનું તેજ જોવું હોય તો તમે શ્રધ્ધાથી હું જે કંઈ કહું છું તેમાં વિશ્વાસ રાખો અને દિવસ-રાત તેની ભક્તિમાં તલ્લીન રહો. જો આમ કરશો તો જ તેની કળાને કંઈક સમજી શકશો."

" ભલે ભાઈ અમને સૌને તો ઠાકરનો શબ્દ સવાબીસ છે. એમાં કંઈ કહેવાપણું નથી પણ તું ય બાપ બાંયો ચડાવીને પ્રસાદ લેજે.

"હા બાપુ, પરંતુ હું તો જાણું છું કે,

ગઢ આબુથી ગેબી આયો, લક્ષ્મણ જતિ નામ ધરાયો,
ટેક સદા સેવા કરી રાખી, કીર્તિ કળશ અધિક બઢાયો.
સૂરજ રાખ સમરથસે લાયો, હેતે હનુમંત હાક બજાયો.
સિધ્ધ ચોરાશી રંગ રચાયો, નવ નાથરો પ્રેમ જ પાયો.
સાધુ-સંત- દીન દુઃખ હરાયો, પૃથ્વી પર સત્ ધરમ ચલાયો.
જગત તણાં મન ભારે ભામો, ઢાઢી ધમારી લાજ બઢાયો."

આખા ડાયરામાં આ કવિત સાંભળીને આનંદ-આનંદ થઈ રહ્યો. પૂ.લક્ષ્મણજી મહારાજ તથા સૌ સંતો જમવા પધાર્યા તે દિવસથી પૂ.વિસામણ બાપુના મેળાની તૈયારીઓ શરૂ થઈ.

સમુદ્ર ઉછળી ઉછળીને પોતાનો હર્ષ વ્યકત કરે છે. તારલિયા બમણા તેજથી પ્રકાશે છે. ચંદ્રમાં પણ સહુનો પરિશ્રમ જોઈને ઘડીભર થંભી જાય છે. વર્ષાઋતુના કેન્દ્ર જેવા પવિત્ર શ્રાવણમાસનો શુકલપક્ષ છે. પાળિયાદના પાદરમાં પગ મૂકવાની જગ્યા શોધવી પડે એવો વિરાટ માનવ સમુદાય ઉમટી પડ્યો છે. ગાડા, ઘોડા અને સાંઢણીઓ લઈને તેમજ પગપાળા માનવ કતારો આ ધર્મના ધામ પાળિયાદ તરફ નીકળી પડ્યા છે. બાપુનો મહામૂલો પ્રસાદ પ્રાપ્ત કરવા આવેલા સૌ વૃક્ષની ઘટાઓમાં વિશ્રામ કરીને પ્રવાસનો શ્રમ ઓગાળી રહ્યા છે. અંદાજે પચાસેક હજારની મેદની એકઠી થઈ જતાં જાણે માનવ મહેરામણ ઉછળી રહ્યો હોય એવું દશ્ય જોવા મળી રહ્યું છે. રાત્રે ભજનભાવની રમઝટથી આખું ય વાતાવરણ ભક્તિમય બની ગયું છે. જ્યાં નજર નાખીએ ત્યાં ભજનમંડળીઓ અને રાસગરબાની રેલમછેલ નજરે ચડે છે, કોઈ વળી રામધૂનનો અખંડ આનંદ લૂંટી રહ્યા છે.

આ રીતે રાત્રિ પસાર થઈ શ્રાવણ સુદ-સાતમની પ્રભાતે સૂર્યદેવનો ઉદય થયો. પ્રકાશના કિરણો પૃથ્વી ઉપર પ્રસરે ન પ્રસરે તે પહેલાં જ સૂર્યદેવ વાદળાંથી ઢંકાઈ ગયા.

મેળાનો પ્રસાદ સૌને પહોંચાડવા માટેની તૈયારીઓ થઈ રહી હતી " વિહળાનાથની જય " ઠેર ઠેર લોકવૃંદમાંથી ગાજી રહી હતી. સ્નાન- ધ્યાનથી પરવારી સહુ પૂ.વિહળાનાથની સમાધિના દર્શન કરી આ મહામૂલા પ્રસાદને પ્રાપ્ત કરી ધન્ય બનવા નાના-નાના વર્તુળોમાં ગોઠવાઈને બેસી ગયા હતા. ગોમાના પટમાં જાણે અનેક કમળ ખીલી ઉઠ્યા હોય તેમ આ દશ્ય નયન રમ્ય લાગતું હતું. પોતાની પછેડી કે ચોફાળનું આસન કરી પ્રસાદરૂપી અમૃતની આશા કરીને વિહળાનાથનું સ્મરણ કરી રહ્યા છે.

પરંતુ આ રંગતનો લ્હાવો લેવા જાણે કે ઈન્દ્રરાજાને પણ ઈચ્છા થઈ ગઈ હોય તેમ ઘટાટોપ વાદળો ઘેરાઈ આવ્યા અને તેમાંથી ટપટપ કરતાં જલબિંદુ ઝરવા માંડ્યા જાણે કે ઝારીમાંથી ઈન્દ્રદેવ સૌના ઉપર જલાભિષેક કરી રહ્યા હોય. પ્રસાદ વહેંચવા તૈયાર થઈને ઉભેલા સ્વયંસેવકો આ અચાનક આવી પડેલ સ્થિતિમાં અહીં તહીં આશરો શોધતા ઉભા રહી ગયા. ઘડીભર માટે તો સમગ્ર વ્યવસ્થા જાણે કે તૂટી પડશે

એવું વાતાવરણ રચાઈ ગયું.

બેઠકમાં પૂ.લક્ષ્મણજી બાપુ, ભીમસ્વામી, ધરમશીભગત અને ભીમડાદ દરબાર શ્રી નારૂભા સાહેબ કે જેમની આ મેળામાં ખૂબ જ સેવા હતી, ઉપરાંત ચલાળા દેવા બાપુ, સોનગઢ લાખાબાપુ તેમજ સંતો ભક્તો વગેરે બેઠા છે એવામાં વયોવૃધ્ધ મૂર્તિ ત્રિકમદા શ્વાસભેર આવ્યા અને વંદન કરીને કહેવા લાગ્યા કે,

" બાપુ, આ તો ભારે થઈ. હમણાં આજ સુધીનું કર્યું કારવ્યું હતું એ નહોતું થઈ જશે. આ વરસાદને પણ અત્યારે જ આવવાનું સૂઝયું. પ્રસાદ લીધા વિના જ હમણાં બધાને વિખેરી નાખશે."

ત્રિકમદાની વાત સાંભળી એકદમ સ્વસ્થતા સાથે શ્રી લક્ષ્મણજી બોલ્યા : " ચિંતા ન કરો બાપ, આ માણસો તો જુઓ તેમને જોઈને ઈન્દ્ર મહારાજ બહુ પ્રસન્ન થઈ ગયા છે. બે ઘડી અમીછાંટણા નાખી ઠાકરનો પ્રસાદ લઈને હમણાં ચાલ્યા જશે માટે હવે પ્રસાદ લઈ લોકોને આપવા માંડો. માણસો પ્રસાદ માટે ઉતાવળા થાય છે હવે મોડું થશે તો તેમની ધીરજ નહીં રહે. ઈન્દ્ર મહારાજનો ભય ન હોય લ્યો એ આ વરસાદ બંધ" એમ કહેતા મહારાજે બે હાથ ઉંચા કરીને પછી ઈન્દ્ર મહારાજની સ્તુતિ કરતા હોય એમ બે મિનિટ ધ્યાન ધર્યું. આ સાથે ઘટાટોપ ચડેલ વાદળ વરસતું બંધ થઈને પલકવારમાં જ વિખરાવા લાગ્યું. સુખડીના સુંડલા ઉપરા ઉપરી પીરસાવા લાગ્યા. બંદૂકમાંથી ગોળી છૂટે એમ પીરસણિયા પ્રસાદની વહેંચણી કરવા લાગ્યા. ગાડા ભરી ભરીને સુખડી વહેતી થઈ અને સુંડલા ભરીભરીને તેમાંથી ભક્તોને પ્રસાદ વહેંચાયો. ઠેર ઠેર પ્રસાદના નાના-મોટા ઢગ થઈ ગયા. થોડા જ સમયમાં બધે જ પ્રસાદ પહોંચી ગયો. કેટલાકે ત્યાં જ પ્રસાદ આરોગી લીધો તો કેટલાક પછેડીએ ગાંઠ વાળીને ઘરના અને પડોશમાં ભક્તો સુધી પહોંચાડવા સાથે લઈ ગયા. કોઈએ વળી ગાડા પણ ભર્યા આ રીતે પ્રસાદનો બગાડ થતો જોઈને કેટલાક સ્વયંસેવક પૂ.લક્ષ્મણજી બાપુ પાસે ગયા. તેમાંથી એક જણે વાત કરી તેમાં સહુએ સૂર પુરાવ્યો.

" બાપુ, પ્રસાદ અહીં બેઠા જમે એ તો ઠીક છે પણ ગાડા ભરે તો કંઈ સારું કહેવાય ?" આવેલા સ્વયંસેવકોને શાંતિ પમાડતા બાપુ બોલ્યા :

" ભાઈ, તમે ચિંતા ન કરો. આ ઘર ઈશ્વરનું ઘર છે, એ કંઈ નાનું-સુનું નથી. આ તો ઠાકરનો દરબાર છે. ભાઈ અહીં કોઈ વાતની ખામી નથી પણ મને બતાવો તો ખરા કે એ ગાડાવાળો કોણ છે ?

સ્વયંસેવકો આગળ અને બાપુ તથા ડાયરો પાછળ એમ ચાલતા જતા એક ઝાડ નીચે સુખડી ભરેલા ગાડાને બળદ જોડતા એક ચારણ પકડાયો. બાપુ તથા ડાયરાને જોઈને તે ખૂબ જ શરમાઈ ગયો. આંખમાં આંસુ આવી ગયા અને કોઈ કાંઈ પૂછે તે પહેલા જ દોડીને બાપુના પગમાં પડી ગયો.

" બાપુ, હું જાણું છું કે ઠાકરનો કણકો ચોરવો તે સારું નથી પણ ઘણાં વરસથી મારા પિતા ગુજરી ગયા છે. મારી સ્થિતિ નબળી હોવાથી હું એમના દહાડો કરી શક્યો નથી. ગામમાં વારંવાર મારે આ વાતના મેણાં સાંભળવા પડે છે એટલે મારા મનમાં થયું કે ઠાકર તો સમરથ ધણી છે એટલે અહીંથી આટલો પ્રસાદ લઈ જઈ સહુને જમાડી દઉં તો કાયમ મેણાંનો માર ન સહન કરવો પડે. આપને પૂછ્યા વિના લીધું એ મારી ભૂલ

થઈ''

"અરે મારા ગાંડીયા, આટલાથી કંઈ નાતનું જમણ થાતું હશે ! લઈ લે એક ગાડું વધારે અને તું તારે સહુ નાતને બોલાવી પ્રેમથી જમાડ'' આમ કહેતા બાપુએ જગ્યાનું ગાડું બોલાવી તેમાં સુખડી ભરી અને તેની સાથે તેના ગામ પહોંચાડવા મોકલ્યું. ચારણની આખમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યા બાપુનો સ્વભાવ જાણી દીનદયાળ કહેતાં તેમના પગ પકડી લીધા. બાપુ અને બીજા સૌ સમજાવે તો ય કોઈ વાતે છાનો ન રહે તેના મનમાં ઠાકર જ સાચા માવતર હોય એવું લાગ્યું. તેનું હૃદય ખૂબ જ ભરાઈ આવ્યું. ગદ્ ગદ્ હૃદય સાથે બહુ વાર સુધી બાપુના દર્શન કરી, બે ગાડા સુખડી લઈ પોતાના ગામ અને નાતના લોકોને જમાડ્યા. આ ઘટનાથી પ્રેરાઈને તેના હૃદયના ભાવ સાથે શબ્દો સરી પડ્યા.

"સાધાં પાલણો અતિ ત ભયો પાળેસરાં પાટ શોભે,<br>
પ્રભુજીએ રિધ્ધિ-સિધ્ધિ નવ નિધિ પાઈ ;<br>
રામદે કઈ એસો લખો પીર કી ગાદી એ રાજા''<br>
સવંત સતક ઉન્નીસ સાલ નરેશને તો કીધા ન્યાલ,<br>
બાજે મૃદંગ અનહદ તૂર રંગ-રસ રચ્યો છે ભરપુર.

ભાવનગર રાજ્યના કુશળ રાજા શ્રી વિજયસિંહજીને ચાર પુત્રો હતા (૧) ભાવસિંહજી (૨) નારૂભા (૩) અખુભા અને (૪)કેસરીસિંગ જે પૈકી બીજા કુમારશ્રી નારૂભા સાહેબને ભીમડાદ પ્રદેશ ગિરાસમાં મળેલ. દરબારશ્રી નારૂભા સાહેબને પાળિયાદમાં ખૂબ જ આસ્થા હતી. સારા ભલા પ્રસંગે અને ભજનભાવ કે ડાયરામાં તેઓ અવારનવાર પાળિયાદ આવતા. આપા વિસામણના અનન્ય ભક્ત હોવાથી ઠાકરની પણ તેમના ઉપર ખૂબ જ કૃપા હતી.

પોતે રોજકા ચુડાસમા ગરાસિયામાં સવજીબા સાથે પોંખાયેલા. તેમનાથી શ્રી બાપુભા નામે કુંવરશ્રીનો જન્મ થયેલો, પરંતુ બાળવયમાં બાપુભાનો સ્વર્ગવાસ થતાં બાશ્રી સવજીબા ઉદાસ રહેતા. બધી જ સુખ સાહયબી હાજર હોવા છતાં તેમને કંઈક અભાવ હંમેશા લાગ્યા કરતો. દરબારશ્રી તેમને આશ્વાસન આપતા અને પ્રસન્ન રહી દુ:ખને ભૂલવા કહેતા પણ તેમનું મન હંમેશા ઉદાસીનો ભાવ અનુભવતું. તેમની આવી ઉદ્વિગ્ન સ્થિતિ લાંબા સમય સુધી જોઈને ભીમડાદના રાજગોર બાઈ ધનબાઈએ તેમને વાત કરી કે,

"બા સાહેબ આપ આ રીતે કાયમ ઉદાસ રહો તેનો કોઈ અર્થ નથી. જો આપ ઈચ્છો તો હું એક રસ્તો બતાવું, આપ એ પ્રમાણે કરશો તો આપની મનોકામના જરૂર પૂરી થશે,''

બાશ્રીએ સંમતિ આપતા ધનબાઈ બોલ્યા :

"આપ આડું અવળુ બધું જ છોડીને પાળિયાદ આપા વિસામણ ઉપર આસ્થા રાખશો તો જરૂર સારા વાના થશે.''

કુટુંબમાં ઠાકર ઉપર પૂર્ણ શ્રધ્ધા હતી એટલે ગમતું સૂચન થવાથી તેમણે આપા વિસામણની ટેક રાખી

નવ માસે દરબારશ્રી ભૂપતસિંહનો જન્મ થયો. સમગ્ર કુટુંબની ખુશાલીનો પાર ન રહ્યો. દિવસે દિવસે જગ્યામાં શ્રધ્ધા વધતી ગઈ અને સારુંયે કુટંબ પાળિયાદનું ભક્ત બની ગયું. દરબારશ્રીની શ્રધ્ધા જોઈને તેમના વિસ્તારની પ્રજા પણ પાળિયાદની ખૂબ આસ્તિક બની રહી.

એક વખત પાળિયાદના ખાખી સંત કેશવદાસજી ભીમડાદ આવ્યા. ઠાકરની દયાથી ભૂપતસિંહનો જન્મ થયો એ ટેકની વાત સૌ કરવા લાગ્યા, વાત સાંભળતા સંત હસીને બોલ્યા :

"ભાઈ એમાં શું નવાઈ... આપા વિસામણ તો સમરથ છે એકેય આપે અને બે પણ આપી દે."

જાણે ઠાકરના શબ્દો જ સંત બોલ્યા હોય તેમ તે પછી કુંવર રાયસિંહજીનો જન્મ થયો. આ ઘટના પછી સૌની શ્રધ્ધામાં વધુ ઉમેરો થયો. દરબારશ્રી નારૂભા સાહેબ બાશ્રી સવજીબાની ઈચ્છાથી પાળિયાદની જગ્યામાં એક સાંતીની જમીન અને એક વાડીનો કોસ અર્પણ કરેલો. ત્યારબાદ દરબારશ્રી ભૂપતસિંહજી પણ ઠાકરમાં અડગ શ્રધ્ધા રાખીને તેમના પરમભક્ત બન્યા હતા. તેમણે પણ એક સાંતીની જમીન અને એક વાડીનો કોસ પાળિયાદ જગ્યાને અર્પણ કરેલ, આ ઉપરાંત પોતાની જાગીરમાંથી વર્ષાસન બાંધી આપેલું.

●

દિવસનો પહેલો પહોર ચાલે છે. જગ્યામાં બેઠક ઉપર અનેક માણસો દર્શન માટે ઉભા છે. ડાયરો પોતાની પરંપરા મુજબ કસુંબાની છોળો ઉડાડે છે. અવનવી વાતો ડાયરામાં જામી છે, સાથે દર્શનાર્થીઓનો કોલાહલ પણ ભળતો હોવાથી વાતાવરણ ઘોંઘાટિયું બની ગયું છે કોઈ કહે છે કે...

"ભાઈ, હવે તો બધુંય ગયું ન ગિરાસ રહેશે અને ન રહેશે એ ગિરાસના ભોગવનાર હવે એનો કોઈ ઉપાય નથી" કોઈ બુધ્ધિશાળી કહે છે કે ...

"ભાઈ, ખરી તકલીફ પડે ત્યારે તેમાંથી ઉગારનાર તો ઠાકર સિવાય કોઈ નથી, વિહળનાથ જો દયા કરે તો બધું ય સરખું થતા જરાય વાર ન લાગે." બંધાણના ઘેનમાં કાંઈ ખબર ન રહી અને પૂ.લક્ષ્મણજી મહારાજ ડાયરામાં આવીને બેસી ગયા. સહુની ઉપરની વાત સાંભળતા પોતે બોલ્યા :

"એ સાહેબ, ભાઈ રહેવા દે રહેવા દે એ તો ઠાકરના છે એને તારું દોરડું શું કામ બાંધે છે ?" વળી થોડીવાર થઈ ત્યાં ફરીથી બોલ્યા :

"એ ભૂંડાભાઈ રહેવા દે રહેવા દે હવે બધું થઈ ગયું છોડી દે, છોડી દે,"

થોડા સમયમાં ત્રીજી વખત બોલ્યા :

"ફટ છે તને અક્કલ છે કે નહીં! હવે કાઢ કમાણી લે"

ડાયરામાં સહુ એકબીજાની સામે જોવા લાગ્યા, કોઈને કાંઈ વાત સમજાઈ નહીં બધાને વિચારથી

સ્તબ્ધ અને દંગ થયેલા જોઈને ભીમ સ્વામી બોલ્યા : " તમે બોલ્યા એ કોયડો ઉકેલવો અઘરો છે. કંઈ સહુને સમજાય તેમ બોલો તો સારું "

" ભાઈ ભીમસ્વામી, ઠાકરના સેવક અને ફાંસીના માંચડે હોય એ સારુ કહેવાય ? સાહેબ માનતો નહોતો, પણ હવે ઠાકર પહોંચી ગયો ."

" બાપુ કોણ એવા સેવક છે જેના માટે આટલો દાખડો લેવો પડ્યો ? "

" ભાઈ, એ તો મારા ભગત છે મોકાભાઈ ભોજ, વિસામણ ખાચર, હાથીયા ઉનડ અને ઓઢા ઓઘડ ને આજ સાહેબ ફાંસીએ ચડાવતો હતો પણ...."

" હા બાપુ, પછી શું થયુ ? "

" એ તો આપોઆપ ખબર પડશે બાપ, ઉતાવળ ન કરો. "

ડાયરો બાપુની વાત સાંભળી આશ્ચર્યમાં પડી ગયો. જેઓ જાણતા હતા તે સમજી ગયા કે ચારેય આરોપીની ફાંસી ટળી ગઈ, પરંતુ જે અજ્ઞાન હતા તેમના મનમાં શંકા-કુશંકા ચાલતી રહી.

સવંત ૧૯૧૭ માં ટાટમ ગામના ઝાંપામાં ધીંગાણું થયેલું. લડાઈનું કારણ એ હતું કે ટાટમ ગામમાં ૧૬૫૩ વિઘા જમીન પાળિયાદના આ કાઠી દરબારોની હતી, જે તેમના સુવાંગ કબજા ભોગવટાની હતી. આ સિવાય બાકીનું ગામ ભાવનગર દરબાર અને પાળિયાદના આ ચારેય દરબારોનું સહિયારુ હતું.

ભાવનગર દરબારશ્રી એ આ ટાટમ ગામનો ભાગ તેમના ભાયાત રાઓલશ્રી અખેરાજજીને ભાયાત તરીકે ગિરાસ આપ્યો. આથી રાઓલશ્રીના માણસો અને પાળિયાદ દરબારો વચ્ચે સંવત ૧૯૧૬ માં ટાટમના ઝાંપામાં ધીંગાણું થયું. અખેરાજજીના ચાર માણસો આ ધિંગાણામાં માર્યા ગયા, જેનો કેસ એજન્સીમાં રાજકોટ પોલીટીકલ એજન્સી કોર્ટમાં ચાલતો હતો. સંવત ૧૯૧૭ માં પાળિયાદના ચારેય દરબારોને ફાંસીની સજા ફરમાવી.

કોર્ટમાં ફાંસીની સજાનો ચુકાદો સાંભળતા જ ચારેય દરબારો હતાશ થઈ જેલમાં આવ્યા. અરસ પરસ વાતો થવા લાગી.

" એ મોકાભાઈ, આ તો ઠીક નથી લાગતુ ભાઈ, સાહેબ ફાંસી આપે અને ફાંસીના માંચડે ચડીને કૂતરાના મોતે મરવું પડે હરે રામ, હે વિહળાનાથ આ કેવો ગજબ કર્યો મારા બાપ, ગાય પણ પોતાના વાછરૂંને ઘડીય નથી છોડતી અને તારા આ વાછરુ કમોતે મરશે ? અમે તો મરી જઈશું પણ લાજ તો તારી જશે બાપ. "

" સાવ સાચું કહો છો ઓઢાભાઈ, પણ કંઈક ટેક રાખીએ તો સમરથ ધણીના હજારો દાખલા આપણી નજર સામે જોયા છે, તો પછી આ વળી કઈ મોટી વાત છે ! "

" હા મોકાભાઈ, તો પછી અહીંથી જો ઠાકર છોડાવે તો આપણી મોરચાવાડીના ચારેય કોસ ઠાકરના. "

"હાઉં ભાઈ વિસામણ, તો પછી આ નાગોરી ભેંસ પણ શું કામ રાખે છે ? દઈ દે ઠાકરને ! સાધુડા ખીર ખાશે,"

ચારેય દરબારોએ આ રીતે ટેક ધારણ કરીને માનતા લઈ લીધી. રાત્રે સૌ સૂતા પરંતુ સવારે સૂર્યના કિરણ સાથે મોત ત્રાટકશે એ ભયથી ઉંઘ આવતી નથી એમને એમ પરોઢ થતાં સૌ ઉઠ્યા અંદર અંદર વાતે વળગ્યા.

મોકા ભોજ પોતે નજરે જોયેલી વાત કહેવા લાગ્યા : "ભાઈ હવે ફિકર નથી મને તો શ્રધ્ધા ફળી છે. ઠાકર આપણી ભેરે આવી ગયા છે. હમણાં જ મને રોઝા ઘોડા પર બિરાજેલા વિહળાનાથે દર્શન દીધા. મને કહ્યું કે અહીંથી સીધા જ પાળિયાદ જજો. દર્શન કર્યા પછી જ માથે પાઘડી અને ખભે ખેસ રાખજો આટલો ભણકાર થયા પછી મેં કશું જ ભાળ્યું નહીં."

"હાઉં બાપ હાઉં, મારો નાથ, મારો ઠાકર આવી ગયો. હવે ભલે સાહેબ ફીફા ખાંડતો. મોજ કરો બાપ."

સવારના સમયે ફાંસી આપવાની પ્રથા છે, પરોઢ થયું. સૂર્યના કૂમળા કિરણોએ જેલ ઉપર પ્રકાશ પાથરવાની તૈયારી કરી. થોડીવાર પછી રણકાર સાથે આઠ ડંકા પડ્યા, બ્યૂગલ બજી ઉઠ્યું અને પોલીસની ટુકડી જેલના દરવાજેથી પ્રવેશી. આ ચારેય ફાંસીના આસામીઓ તરફ ધસી આવી. પડછંદ શરીર, લીંબુની ફાડ જેવી આંખો અને ભારો ભારો દાઢીમૂછ ધરાવતા ચારેય દરબારો માટે પોલીસની ટુકડી પણ ઓછી પડતી હોય તેમ હાથમાં હાથકડી અને બરાબર બાંધીને પાછળ પહેલવાન જેવા ફાંસીગરો સાથે ફાંસીના માંચડા તરફ સૌને લઈ ચાલ્યા. માંચડા નજરે ચડ્યા એટલે ચારેયના મનમાં આપા વિસામણના નામનું અવિરત સ્મરણ શરૂ થઈ ગયું. માંચડો નજીક આવ્યો તો ત્યાં બધા અમલદારો અને શહેરના પ્રતિષ્ઠિત લોકોની બેઠક જોવા મળી.

સહુના વચ્ચે સાહેબ બેઠા છે. દરબારો આવી જતાં સાહેબે પોતાની ઘડિયાળ ઉપર દૃષ્ટિ કરી, સાહેબે ઉભા થઈને દરબારો પાસે આવતા તેમને પૂછયું :

"તુમ લોગોં કી કોઈ અંતિમ ઈચ્છા હે ક્યા ?"

"નહીં" સૌએ જવાબમાં કહ્યું.

ચારેય દરબારોના ગળામાં હીરની દોરીના ગાળિયા પરોવાઈ ગયા. નીચેનું ટેકણ ખેસવ્યું ત્યાં હીરની દોરી ધડોધડ તૂટી પડી. ચારેય દરબારો એવાને એવા સાહેબ સામે ઉભા રહ્યા.

ફરીથી હુકમ છૂટ્યો : "જોરસે મજબૂત ઔર અચ્છી દોરી લેકર લગાઓ."

ફરીથી સારી જાડી દોરી લઈને નવા ગાળિયા બનાવ્યા. ચારેયના ગળામાં નાખી સાહેબનો હુકમ થતાં ટેકણ ખેસવ્યું, ફરી એક વખત પહેલાની જેમ જ ધડાધડ દોરી તૂટી ગઈ અને દરબારો બચી ગયા.

સાહેબને આ ઘટનાથી નવાઈ લાગી અને ગુસ્સે થયા.

ફાંસીનો નિયમ છે કે આરોપી ત્રણ વખત બચી જાય તો ફાંસીની સજા રદ થઈ જાય. આથી છેવટ ત્રીજી વખત ખૂબ કાળજી સાથે દોરીઓને બરાબર ચકાસી અને ગાળિયા નાખી ટેકણ ખેસવ્યું, ત્રીજી વખત પણ જ્યારે દોરીઓ તૂટી પડી ત્યારે સાહેબે ગુસ્સામાં ટોપાને પછાડતાં ચારેય દરબારો સાથે હાથ મીલાવી અભિનંદન આપ્યા. ગુસ્સો ઉતારી પ્રેમથી બોલ્યા : “ તુમ લોગ નસીબદાર હો. મૈંને એક સાથ ચાર ચાર આદમીયોં કે ફાંસી કે ફંદે તીન બાર તૂટતે કભી નહીં દેખા તુમ સબકી સજા માફ કર દી જાતી હૈ .”

ચારેય દરબારોના આનંદની કોઈ સીમા ન રહી. સગાવહાલાં જે મૃતદેહ લેવા આવ્યા હતા તેમને એવાને એવા જીવતા જાગતા જોતાં હર્ષઘેલા બની ગયા. સૌ સ્વજનોની આંખો પ્રેમાશ્રુથી ઉભરાઈ રહી. સૌના હૃદયમાંથી ઉઠેલા ભાવ “ વિહળાનાથની જય ” થી છલકાઈ ઉઠ્યા.

જેલના માણસોના હૃદય પણ આ ઘટનાથી રોમાંચિત થઈ દ્રવી ઉઠ્યા. વિહળાનાથના નામનો જયઘોષ સાંભળીને તેમના સૌના હૃદયમાં પણ ઠાકર માટે આસ્થા જન્મી.

જેલમાંથી છૂટીને ચારેય સીધા ઘેર આવ્યા. સીધા દર્શન કરવા પાળિયાદ જવાને બદલે ઘરનો મારગ બદલ્યો. રાત્રે સૌ સ્નેહી સંબધી અને ગામના લોકોને મળ્યા. સહુ સાથે હેતપ્રેમની વાતો થઈ અને સૌ પોતપોતાને ઘેર ગયા.

દરબારો વચ્ચે પછી વાતો શરૂ થઈ.

“ભાઈ મોકાભાઈ, કાલ સવારે મોરચાવાડી ઠાકરને દઈ દો એણે આપણી પત રાખી આપણે જીભ કચરી છે.”

મોકાભાઈ આ સાંભળી બોલ્યા : અરે ભાઈ ગાયો દેવાય, ભેંસો દેવાય પણ અખેપાતર જેવી વાડી કેમ દેવાય ? એ દઈ દેવાથી તો છોકરાં ભૂખે મરે. ”

આમ થોડો સમય સૌ વાતો કરી, રાત જામતા સૌ નિદ્રાદેવીનો પાલવ પકડી સુખની નિદ્રામાં સરી પડ્યા. સવાર થતાં તૈયાર થઈ જગ્યામાં ઠાકરના દર્શને ગયા. જગ્યામાં ડાયરો જામ્યો છે. અવનવી રંગત સાથે ગીત-દુહા-છંદ અને કાવ્યોનો વરસાદ વરસી રહ્યો છે. આથી વાતાવરણ આનંદથી સમૃધ્ધ થઈ ગયું છે, એટલામાં આગળ મોકા ભોજ આવ્યા તથા તેમની પાછળ વીસામણ ખાચર, ઓઢા ઓઘડ અને ભાણ હાથિયા એમ ચારેય જણ ડાયરા તરફ ચાલ્યા આવે છે. સૌએ પૂ.લક્ષ્મણજી મહારાજ પાસે આવીને વંદન કર્યા એમની સાથે એક નાગોરી ભેંસ પણ લાવ્યા છે જે સૌ જૂએ એમ થોડે દૂર ઉભી રાખી છે. નાગોરી ભેંસ પોતે છૂટ્યા એટલે જગ્યાને અર્પણ કરવાની વાત કરી.

દરબારોની વાત સાંભળી મહારાજ ડાયરાની વચ્ચે ઉભા થઈ ગયા. તેમની આંખો લાલબંબોળ થઈ ગઈ, ડાયરાની સામે ધરીને તેમણે પોતાના બંને હાથની હથેળીઓ બતાવતાં કહ્યુ : “ ભાઈ, ગાયુ દેવાય, ભેંહુ દેવાય, પણ અખેપાતર કેમ દેવાય? ”

આ શબ્દો કહીને આગળ બોલ્યા :

"આ જુઓ, મારો ઠાકર હજી પણ તમારું જ દુઃખ વેઠે છે."

ચારેય દરબારો અને ડાયરાની નજર તેમની હથેળી પર પડી તો તેમના હથેળીના વેઢામાંથી લોહી નિતરી રહ્યું હતું. ચારેય દરબારોને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

ક્ષમા માગતા મોરચાવાડી ઠાકરને અર્પણ કરી તથા પોતાની ભૂલ માટે રૂા. ૧૦૧ /- ઠાકર સમક્ષ મૂકીને પોતાની માનતા પૂરી કરી.

•

સંત પુરુષો પોતાની વાણી ઉપર ખૂબ સંયમ રાખે છે. જરૂર સિવાયનો શબ્દ ઉચ્ચારતા નથી. ગમે ત્યારે જેમતેમ બોલવું અને મિથ્યા વાદવિવાદથી દૂર રહે છે. તેઓ વાણીનું સાચું મૂલ્ય પ્રભુત્વ અને પ્રબળતા સારી રીતે સમજતા હોય છે. કોઈ વખતે બોલાયેલ વચન નકામું જાય તો તે પોતાના સત્ માટે ખામીરૂપ સમજે છે. સત્‌ને લાંછનરૂપ એવું કંઈ પણ બને તો સંતપુરુષને તે પોતાનું મસ્તક છેદાયા જેવું લાગે છે. આટલા માટે જ સંત પુરૂષ જ્યારે પણ કોઈ વચન કહે તો પછી એ વચન ક્યારેય ખોટું પડતું નથી.

એક વખત પૂ.લક્ષ્મણજી બાપુ લીંબાળી ગામે પધાર્યા હતા સત્સંગવાર્તા કરતા સૌને પોતાની આવકમાંથી ઠાકર નિમિત્તે તેમનો ભાગ કાઢી પુણ્યકાર્ય કરવા સમજાવ્યું. જગતમાં જેટલા પણ જીવો છે એ બધા જીવોનો આધાર માણસ છે. પ્રભુએ મનુષ્યને દરેક પ્રાણીઓ કરતા વિશેષ ઈન્દ્રિયો અને બુધ્ધિબળ આપ્યું છે. આથી તેણે પોતાનું પોષણ કરવા ઉપરાંત અન્ય જીવોનું પણ શક્ય એટલું પોષણ કરવાની વૃતિ રાખવી જોઈએ. આ મનુષ્યની નૈતિક જવાબદારી છે. પોતાના પુરૂષાર્થથી પોતાને જે કંઈ પ્રાપ્ત થાય તેનો દસમો ભાગ એણે પુણ્યકાર્યમાં વાપરવો જોઈએ. એમ આપણા શાસ્ત્રો પણ કહે છે. જો મનુષ્ય આમ નથી કરતો તો તેનો એટલો ભાગ ગમે તે રીતે પણ તેના હાથમાંથી જતો રહે છે. તે પોતાના માટે તેનો ઉપયોગ કરી શકતો નથી. બાપુનો આ સત્સંગ સાંભળનાર ઘણા લોકો હતા પણ તેમાંથી માત્ર એક માણસ એવો નીકળ્યો કે જે પૂ.બાપુના વચનને દ્રઢતા પૂર્વક વળગી રહેવાની મનમાં ગાંઠ વાળીને સભામાંથી ગયો.

આ ભાઈનું નામ હતું ભીખા પટેલ. તે બહુ ઉંચી શ્રધ્ધા ધરાવતો માણસ હતો, એનું ઉદાર હૃદય રાજાને પણ શરમાવે એટલું વિશાળ હતું . પટેલે પોતે કરેલ સંકલ્પ મુજબ દર વર્ષે પોતાને જે પ્રાપ્ત થાય તેનો દશમો ભાગ પાળિયાદ જગ્યામાં જઈને ઠાકરના ચરણે ધરી આવતો.

બે ત્રણ વર્ષ આ રીતે કર્યા પછી એક વખત દશાંશ ભાગ જગ્યામાં જમા કરાવી માલ વેચવા ભાવનગર ગયા. માલ વેચીને પાંચેક હજાર રૂપિયાની કોથળીઓ ગાડામાં મૂકીને ઘેર પહોંચવા ચાલતા થયા. બજારમાંથી પસાર થતા કંઈક કાપડ લેવાનું મન થયું. આથી એક દુકાને જઈને બેઠા દુકાનમાં કોઈ રજવાડાના કામદારો સારી એને ઉંચી કિંમતની સાડીઓ ખરીદતા હતા. બે-ચાર સાડીઓ પસંદ કરીને પેક

કરાવી શેઠને ત્યાં મૂકી કામદારો જતા રહ્યા એટલે પટેલને વેપારીએ પૂછ્યું : “ ભાઈ તમારે શું લેવાનું છે. ? જવાબમાં પટેલે પેલી બાંધેલી સાડીઓ બતાવવા કહ્યું, તેમની વાત સાંભળી વેપારીએ હસતા હસતા કહ્યું :

“પટેલ એ તમારું કામ નથી. એક સાડીની કિંમત રૂ.૫૦૦/- થાય છે. આ તો રાજદરબારી વસ્તુ છે.”

આ સાંભળીને પટેલ પણ હસવા લાગ્યા અને બોલ્યા “ ભાઈ એથી શું થયું ? તમારે તો રૂપિયાનું કામ છે ને ! લ્યો આ રૂપિયા અને લાવો એ સાડીઓ.”

આમ કહીને પટેલે એ ચારેય સાડીઓ ખરીદી લીધી. સાડીઓ કિંમતી હતી એટલે ઘરમાં રખાય નહીં, આથી ગામના શેઠને ત્યા રૂ. ૨૦૦૦/- ની કિંમતની ચારેય સાડીઓ સચવાય એટલે તેમને ત્યાં મૂકી આવ્યા.

પટેલને શેઠ ઉપર વિશ્વાસ હતો. ઘણાં વર્ષોથી તેઓ ગામમાં વેપાર કરતા હતા. બંનેને સારી ઓળખાણ હતી એટલે આવા સારા માણસને ત્યાં મૂકવામાં વાંધો નહીં એમ વિચારીને પટેલે ત્યાં મૂકી હતી.

માયાની પ્રબળતા એવી છે કે ભલભલા તેનાથી પ્રભાવિત થઈ જાય છે અને ન કરવાનું કાર્ય કરી બેસે છે. થોડા સમય પછી શેઠનું મન માયામાં લપેટાઈ ગયું. આવી સારી સાડીઓ અને તે પટેલના દીકરાની ઓઢીને ફરે ! આવો નબળો વિચાર આવતા શેઠે કોઈ તરકટ ગોઠવવાનું વિચાર્યું. થોડે થોડે પોતાની દુકાનમાંથી માલ ઓછો કરી નાખી દુકાનને આગ લગાડી દીધી. આખા ગામમાં ઢોલ પીટાયો. આખું ગામ ભેગુ થઈને આગ ઓલવવાના પ્રયત્નમાં લાગી ગયું. પટેલ વાડીએ હતા એટલે તેનો દીકરો તેમને બોલાવી લાવ્યા. પટેલને જોઈ શેઠ માથુ કૂટવા લાગ્યા. વારંવાર દોડીને સળગી રહેલ દુકાનમાં પડવાનું નાટક કરવા લાગ્યા. હાજર લોકો તેમને પકડી રાખવા માંડ્યા. શેઠ મોટા અવાજે રડતા બોલવા લાગ્યા :

“ મને બીજું કોઈ દુઃખ નથી. માલ બળી ગયો તો ફરીથી મહેનત કરીને દુકાન ઉભી કરીશ પણ આ પટેલની ચારેય સાડીઓ બળી ગઈ તેને શું જવાબ આપીશ !”

વાત સાંભળી ભીખા પટેલને નવાઈ લાગી પોતે મનમાં વિચારવા લાગ્યા કે લક્ષ્મણજી બાપુએ કહ્યું હતું કે જે દશાંશ ભાગ કાઢે તેને ક્યારેય નુકસાન ન થાય, તો મારી સાડીઓ બળે જ નહીં આવો વિચાર કરતા શેઠને રડતા રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પટેલ શેઠને કહેવા લાગ્યા :

“ શેઠ જો તમારી વાત સાચી હશે તો અત્યારે ને અત્યારે જ તેનું પારખું થઈ જશે, લાવો તમારી પાઘડી અને મારી પાઘડી બંનેને વળ દઈને આ અગ્નિમાં નાખીએ જો બંને પાઘડી બળી જાય તો તમારી વાત સાચી અને જો તમારી એક જ પાઘડી બળે અને મારી પાઘડી એમને એમ એવી જ રહે તો તમારે મને મારી સાડીઓ પાછી આપવી પડશે.”

ભીખા પટેલની વાત હાજર સૌએ વધાવી લીધી. શેઠ મુંઝાયા પણ શું કરે ! લોકાએ બંનેની પાઘડીને વળ ચડાવીને અગ્નિમાં નાખી. સૌના આશ્ચર્ય વચ્ચે શેઠની પાઘડી બળી ગઈ અને પટેલની પાઘડીને જરા સરખો ડાઘ પણ ન લાગ્યો ! આખું ગામ પટેલની શ્રધ્ધા જોઈને ખૂબ આનંદ પામ્યું. શેઠ ખસિયાણા પડી ગયા. પટેલની ચારેય સાડીઓ પાછી મળી. આ ઘટના પછી આખું ગામ પોતાની કમાણીમાંથી દશાંશ ભાગ

સત્કાર્ય માટે કાઢવા લાગ્યું.

ભીખા પટેલના દીકરા રાયમલ અને તેના પુત્રનું નામ ઠાકરશી છે. હજુ પણ જેને અગ્નિદેવ પણ સ્પર્શ્યા નહીં અને સત્‌ની સાથે રહ્યા એ પાઘડી મોજુદ છે.

અડતાળા ગામે પૂ.લક્ષ્મણજી બાપુની પધરામણી થઈ છે, ડાયરા શાખના કણબી પટેલ પદ્માભાઈને ત્યાં બાપુનો કાયમી ઉતારો હતો. પટેલના કુટુંબને પાળિયાદ જગ્યામાં ઉંડી આસ્થા હતી. પૂ.બાપુ પદ્મા પટેલ ઉપર અત્યંત સ્નેહ રાખતા હતા. બાપુએ પ્રસન્નતા સાથે પટેલને કહ્યું કે " આ તમારી અનાજ ભરવાની મોટી બે કોઠીઓ છે, તેના નામ ગંગા અને જમુના રાખો. તેમાંથી અનાજ ખૂટશે જ નહીં. તેમજ આ તમારા ઘીના કૂડલામાંથી ઘી ખૂટશે નહીં. અનાજ તથા ઘી ક્યારેય વેચશો નહીં, જો વેચશો તો બધુંય જતું રહેશે. સુંડલામાં સમાઈ જાય એટલો જ સામાન રહેશે." પદ્મા પટેલ આબરૂદાર ગૃહસ્થ હતા. વાડી- ખેતરની સારી આવક હતી. વહેવારમાં પણ કુશળ હતા. પોતે ખૂબ સુખી હોવાથી ક્યારેય અનાજ-ઘી વગેરે વેચવાની જરૂર પડતી નહીં, પરંતુ નસીબજોગ એક વખત બાજુના ગામ પીપળમાં ત્યાંના પટેલને ત્યાં એમના પિતાશ્રીનું અવસાન થયું હોવાથી તેમનું બારમું-તેરમું હતું. માણસો ધાર્યા કરતા વધારે આવવાથી ઘી ખલાસ થઈ ગયું. તાત્કાલિક ઘી ક્યાંથી લાવવું એ સમસ્યા ઉભી થઈ. છેવટે સૌ જાણતા હતાં એટલે નક્કી થયું કે અડતાળા પદ્મા પટેલને ત્યાં જઈએ. પદ્મા પટેલ પાસેથી આગ્રહ કરી ઘી ઉછીનું લીધુ પાછું આપવા માટે ઘી ન મળતા થોડા દિવસ પછી ઘીના રૂપિયા આપ્યા. પટેલ વચન ચૂક્યાં અને તેમની દશા ફરી. ધીમે ધીમે સ્થિતિ ખરાબ થતી ગઈ અને છેવટે ગામ છોડવું પડ્યું. ગઢાળી ગામે રહેવા ગયા છેવટે જતાં તેમના દીકરાને ગઢાળી ગામ પણ છોડવું પડ્યું અને ઉગામેડી જવું પડ્યું.

●

પાળિયાદ જગ્યાની પરંપરા મુજબ દર વરસે સોનગઢ ગુરૂસ્થાન હોવાથી ત્યાં જવાનો ક્રમે પૂ.લક્ષ્મણજીબાપુ પગ રસ્તે ચાલીને સોનગઢ પધાર્યા. સોનગઢ ગુરૂગાદીને વંદન કરી પંચતીર્થની યાત્રાએ નીકળ્યા. અવલિયા ઠાકર, ગેબીનાથ, સૂરજદેવળ, તરણેતર, પાપનાશણા, ઝરિયા મહાદેવ, બટુકનાથ વિગેરે સ્થળોએ પોતે ફર્યા. પાછા ફરતી વખતે ઝરિયા મહાદેવથી આવતા ચોટીલાની બાજુમાં રાજાવડ ગામના પાદરમાંથી પસાર થયા. રાજાવડ ભરવાડોની વધુ વસ્તીવાળું ગામ છે. દિવસ ઉગતાં જ પૂ.લક્ષ્મણજી બાપુના દર્શન થવાથી સહુએ આગ્રહ કરીને એક દિવસ રોક્યા. જૂઠી સુંસરી ભરવાડને ત્યાં તેમનો ઉતારો હતો. એ ગામના બળદ બહુ વખણાતા હતા.

સવારમાં સહુ ડાયરામાં બેઠા છે, તેવામાં ત્યાંથી જૂઠીબાઈની એક ગાય નીકળી. જૂઠીબાઈએ કહ્યું કે,

જો આ ગાયને બારોબાર તૈયાર ગોઢલો (બળદ) અવતરે તો દર વરસે એક એક ગોઢલો જગ્યામાં આપવો. ડાયરા વચ્ચે બાઈએ કહેલ વાત મુજબ કુદરતી રીતે જ ગોઢલો આવ્યો ! પોતાના વચન મુજબ જૂઠીબાઈ દર વર્ષે એક ગોઢલો પાળિયાદ જગ્યામાં બાંધવા લાગી. તેના વંશજોએ પણ એ પરંપરા ચાલુ રાખી હતી.

●

ખસ ગામમાં સવારથી બૂંગિયો ઢોલ વાગી રહ્યો છે. માણસો તેનો અવાજ સાંભળી જગ્યામાં એકઠું થઈ રહ્યું છે. આસપાસના ગામના માણસો પણ જોવા માટે ખસ આવી રહ્યા છે. કેટલાક માણસો કે જે આગેવાની કરી રહ્યા છે તેઓ વારંવાર એકબીજા સાથે વાત કરી રહ્યાં છે. બીજા કોઈપણ કંઈ વાત કરવાની હિંમત કરતા નથી. સમય જતાં ગુપચુપ વધી ગઈ અને કેટલાક ઉતાવળિયા સ્વભાવના માણસોએ ભીમસ્વામી પાસે આવી વાત કરી કે,

" સ્વામી, આપ અહીં સમાધિ લેવાનું રહેવા દો. સરકારને જાણ થાય તો નાહકની અમારે ઉપાધિ થઈ પડે."

" ભલે બાપ, તો હું પાળિયાદ જઈશ. ત્યાં મને કોઈ ના નહીં કહે, પરંતુ આવું થશે તો આજથી ખસ ગામ કાયમ સુળાતી રહેશે."

સ્વામીની વાત સાંભળી લોકો મૂંઝવણમાં પડી ગયા. ખૂબ જ વિનંતી અને કાલાવાલા કર્યા ત્યારે સ્વામીએ કહ્યું : " જ્યારે શૂળ ઉપડે ત્યારે યાદ કરજો એટલે તમારું દુઃખ મટી જશે. "

ગામલોકો સૌ એ રીતે ભીમ સ્વામીને પાળિયાદ તરફ વળાવી ગામ ઝાંપેથી પાછા વળ્યા. પાળિયાદમાં પૂ.લક્ષ્મણબાપુ જગ્યામાં નહોતા. પોતે સરવા પધારેલા એટલે ઘેર રાઈબાઈમા, માકબાઈમા અને રૂપદેમા હતા. સ્વામીની વાત સાંભળી ત્રણેયે વિચાર કરીને સમાધિ ગળાવવા માંડી. સમાધિ તૈયાર થઈ ગઈ. માણસો સહુ એક પછી એક શ્રીફળ અબિલ, ગુલાલ ધરી દર્શન કરવા આવવા લાગ્યા. સમય થતાં "વિહળનાથની જય " ના બુલંદ અવાજે પડઘા ઉઠ્યા સ્વામી સમાધિમાં બેઠા એટલે રાઈબામા બોલ્યા :

" સ્વામી, તમે તો સમાધિ લ્યો છો પણ ઠાકર ઘેર નથી અને જગ્યામાં હજી કોઈ ટેલવો નથી એ નો કંઈ વિચાર કર્યો છે ?

ભીમસ્વામી ઉપર આપા વિસામણની પરમકૃપા હતી. એમની તપશ્ચર્યા પણ અમોઘ હતી, આથી થોડીવાર વિચાર કરીને બોલ્યા :

"આઈ, ઠાકર રૂપદેમાને ગાંડો-ઘેલો દીકરો આપશે."

"અરે સ્વામી આ તો જગ્યાનું કામ છે અને ગાંડો-ઘેલો દીકરો ?"

"હા.. હા.. ગાંડો-ઘેલો પણ ઈ ઠાકર હશે."

સ્વામીનું વચન સાંભળી ફરીથી રાઈબામા બોલ્યા :

"તો સ્વામી અમારૂં શું ?"

"હા આઈ, દીકરો રૂપદેમાને થશે અને રમાડશો તમે પછી કાંઈ ?"

પાળિયાદ જગ્યામાં આવી ભીમ સ્વામીએ સમાધિ લીધી. પૂ.લક્ષ્મણજી બાપુ પધાર્યા એટલે આ બધી વિગત તેમના જાણવામાં આવી. ખસ ગામે તેમને ત્યાં સમાધિ ન લેવા દીધી. તેનું પરિણામ ગામ હજુ પણ ભોગવે છે જ્યારે કોઈપણ પ્રકારનું દુઃખ કે સંકટ આવે તો નામ લેવાથી આવી પડેલું દુઃખ કે સંકટ દૂર થઈ જાય છે.

ભીમસ્વામીના વચન પ્રમાણે મહારાજશ્રી મોટા ઉનડબાપુનો સંવત ૧૯૦૩ માં જન્મ થયો. તેઓ રાઈબામા પાસે જ રહેતા અને તેમના હાથે તેમનો ઉછેર થયો. આમ, ભીમ સ્વામીએ સમાધિ પૂર્વે કહેલા શબ્દો તદ્દન સત્ય થયા. સંતોની વાણી ફળે છે તેનું આ દૃષ્ટાંત છે.

પૂ.લક્ષ્મણજી બાપુએ સંવત ૧૮૮૯ માં પૂ.વિસામણબાપુની સમાધિ પર દેવળ ચણાવ્યું અને તે જ સમયે શ્રાવણ સુદ-૯ને ગુરૂવારના દિવસે ખૂબ જ મોટો ઉત્સવ કર્યો શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે શ્રી રામ-લક્ષ્મણ જાનકીની દિવ્ય પ્રતિમાઓ દેવળમાં પધરાવી પ્રાણ પ્રતિષ્ઠા કરી.

પૂ.લક્ષ્મમણજી બાપુ ચલાળા રાઈબામા, ચોકડી ખાચર કુટુંબમાં માકબાઈમા સાથે પરણ્યા હતા. તેમના દીકરી જીવુબાને ખાચર એભલ મામૈયા વેરે પરણાવ્યા હતા. એક વખત હડદડ પોતે પરણ્યા હતા. જેમનું નામ રૂપદેમા હતું. તેમનાથી પૂ.મહારાજ મોટા ઉનડબાપુનો જન્મ થયો હતો.

"પરિત્રાણાય સાધુનામ્, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય, સંભાવામિ યુગે યુગે ॥"

શ્રીમદ્ ભગવદ્ગીતાના આ શબ્દોને ચરિતાર્થ કરતા હોય એવા સંતોના જીવન લોક કલ્યાણાર્થે ખર્ચાતા હોય છે. સદ્ધર્મને જાગૃત કરી દુષ્ટવૃત્તિઓનું નિયંત્રણ કરવા આ પૃથ્વી ઉપર પહેલા સંત જ પધારે છે. જ્યારે અતિ થાય ત્યારે સ્વયં ઈશ્વરને આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવો પડે છે. અવતારી ઈશ્વર અને અવતારી સંત આ વિશ્વને ફરીથી જીવવા લાયક બનાવી પોતાનું યુગધર્મનું કાર્ય કરે છે.

પૂ.લક્ષ્મણજી બાપુ એક વખત ગૌશાળાની નીરણ માટે ઝાલાવાડમાં લીંબડી પાસે પાંદરી ગામ ગયેલા સૌ સાથેના માણસોને તરસ લાગી. આજુબાજુમાં એવું કંઈ દેખાયું નહીં કે જ્યા પાણી મળી શકે. એવામાં મહારાજના ઘોડા એ એક જગ્યા ઉપર દાબડો માર્યો. બાપુના કહેવાથી ત્યાં ખોદવામાં આવ્યું. ફક્ત થોડે ઉંડે સુધી ખોદતાં જ ત્યાં પાણી આવ્યું. સૌએ પાણી પીધું અને પશુઓને પણ પાયું. હજુ હાલમાં પણ અહીં મીઠું પાણી ખૂટતું નથી આ સ્થાન 'વિહળ વીરડી' તરીકે ઓળખાય છે. અવતારી પુરૂષોની માયા સમજી શકવી અઘરી છે અને થોડું ઘણું પણ ભાગ્યના બળે સમજાઈ જાય તો તેનો બેડો પાર થઈ જાય છે.

## પૂ.શ્રી મોટા ઉનડબાપુ

ભીમસ્વામીએ સમાધિ લેતા પૂર્વે રાઈબામાને કહ્યા મુજબ રૂપદેમાની કૂખે પૂ.મોટા ઉનડબાપુનો જન્મ થયો. સ્વામીએ કહ્યા મુજબ ગાંડો-ઘેલો જેવી લાગતી આ વિભૂતિ જગ્યાના ગૌરવ જેવી બની રહી. લોકસેવા અને સદાવ્રતના કાર્યો પૂરજોશમાં ચાલતા રહ્યાં તેમના વિશે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. એ સમયમાં અક્ષરજ્ઞાનનું બહુ મહત્વ નહોતું એટલે ખેતી સાથે સંકળાયેલ વર્ગ અન્ય વ્યવસાય કરનાર લોકો ખેતીકામ અથવા કોઈ જ્ઞાતિગત વ્યવસાયની વડીલો પાસેથી તાલિમ મેળવી નાની વયથી જ કામે ચડી જતાં.

મોટા ઉનડબાપુ એવું પવિત્ર વ્યક્તિત્વ હતાં કે ભક્તોમાં વંદનીય બની રહ્યાં. સેવકો અને ભક્તો તેમને ઠાકરનું સ્વરૂપ માનીને પૂજતા. તેમના ધીરગંભીર અને માયાળુ સ્વભાવને કારણે લોકોનો સંબંધ જગ્યા સાથે વધુ ઘનિષ્ઠ રીતે જોડાયો.

જગ્યાના ઉત્સવો અને અન્ય આયોજનોમાં પણ તેઓ રસ લઈને ક્યારેક એવી સુંદર વાત કરી જતા કે લોકો દંગ રહી જતા.

સાધુત્વ બુધ્ધિ કૌશલ્ય, અક્ષરજ્ઞાન કે વિદ્વતાથી પ્રેરિત નથી હોતું. સાધુત્વ એક સંસ્કાર છે. આપણામાં કહેવત છે કે લોહીના સંસ્કાર વારસામાં પ્રગટ થાય છે, તે મેળવી શકાતા નથી. વારસો, સંસ્કાર ઘડતરનું મહત્વનું પરિબળ છે. આમ-સંતોનું દિવ્ય સાનિધ્ય અને જગ્યાના પવિત્ર વાતાવરણ વચ્ચે ઉછરેલા મોટા ઉનડબાપુ ઓછું બોલીને પણ વધારે કામ કરી ગયા.

લોકોની તેમના પ્રત્યેની શ્રધ્ધા, ભાવના, આસ્થા અને ભક્તિ ભરપૂર હતી. જો વાચન-લેખનની જાગૃતિ એ સમયમાં હોત તો એમના વિશે ઘણી વિગતો આપણે જાણી શક્યા હોત. કંઠોપકંઠ મળતી માહિતી મુજબ તેમના દૈવી ગુણોએ તેમને ઠાકરથી બહુ નજીક રાખ્યા હતાં.

કેટલાક વ્યક્તિત્વ એવા હોય છે જે સમાજમાં સીધી રીતે સક્રિય હોતા નથી એવું લાગે છે, પરંતું તેમની અંદર રહેલી પ્રબળ ઉર્જા આધ્યાત્મિક શક્તિ અને સામર્થ્ય પરોક્ષ રીતે સમાજ ઉપર ખૂબ જ ઉંડો પ્રભાવ સર્જવા શક્તિશાળી હોય છે. પરમ વંદનીય મોટા ઉનડબાપુ આ રીતે જગ્યાના ભક્તો માટે અમૃતકુંભ જેવા હતાં. જેનું પાન કરતા ભક્તોને તૃપ્તિ થતી નહોતી.

## પૂ.શ્રી દાદાબાપુ

આપા વિસામણ અંગે જેટલી માહિતી ઉપલબ્ધ છે તેટલી અન્ય ગાદીપતિઓ માટે પ્રાપ્ત થતી નથી. દૈવયોગે ચાલી આવતી આ પરંપરામાં દાદાબાપુના જીવનની ગુરૂગાદી સાથે સંકળાયેલ એક ઘટના આપણે જોઈએ, જો ઊંડુ સંશોધન આ દિશામાં થઈ શકે તો ઘણી માહિતી મળી શકવાની શક્યતા છે, પરંતુ વર્તમાન સંદર્ભમાં આ પરિશ્રમ મુશ્કેલ છે, લગભગ અશક્ય કહી શકાય.

અમસ્તો ય આપણો સનાતન ધર્મ શ્રધ્ધા અને જ્ઞાનના પાયા ઉપર ઉભેલ મજબૂત સ્થંભના આધારે પ્રગટ્યો છે, વિકસ્યો છે અને અનેક ઝંઝાવાતો વચ્ચે અડીખમ ઉભો છે. કોઈ કવિતા શબ્દો છે :

"શ્રધ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?"

અનેક આઘાતો અને આક્રમણો વચ્ચે પણ આ પ્રજા ટકી રહી છે. એ તેમણે ઋષિઓના ચિંતનમાંથી પ્રગટેલ જ્ઞાનને પચાવ્યું છે, તેની સાબિતી છે, આપણા પૂર્વજોએ શાસ્ત્રો દ્વારા આપેલ આ જ્ઞાને આજ સુધી આપણું માર્ગદર્શન કર્યુ છે. શાસ્ત્રોની વાતમાં ઉંડા ન ઉતરીએ તો પણ આપણા દેશની જે સંત પરંપરા છે. એમણે સાદા સરળ બોધ અને ભક્તિરચનાઓ દ્વારા સમાજમાં સતત તેનું સિંચન કર્યુ છે. કાઠીયાવાડને લાગે વળગે ત્યાં સુધી અહીંના સંતોએ હંમેશા લોકોની માનસિક અને શારીરિક ભૂખ ભાંગી છે. અહીં, વિશેષ પ્રમાણમાં વિદ્વાનો અને અન્નના કણને ઈશ્વર માનીને પૂજનારા સંતો અવતર્યા છે એટલે જ કવિને કહેવું પડ્યું છે કે,

" કાઠીયાવાડમાં કો'ક દી ભૂલો પડય ભગવાન,
તારા એવા કરૂં સન્માન, તને સરગ ભુલાવું શામળા !"

પાળિયાદ દાદાબાપુ જેઠીબામાને સંતાન નહોતું. સંતાન વિના માતા-પિતા શૂન્યતા અનુભવે છે. આ બંનેના મન-હૃદય પણ ઉદાસ અને ખિન્ન રહેતા. જેઠીબામા અને દાદાબાપુના મનમાં થતું કે અમારી ઠાકરની સેવામાં જરૂર કોઈ ખામી રહેતી હશે. જેથી તેના ફળસ્વરૂપે અમારે ત્યાં હજી ખોળાનો ખૂંદનાર, ભવિષ્યનો વારસદાર પોતાની નાનકડી પગલીઓ પાડી અમને આનંદ આપવા પધારતો નથી. જેઠીબામાનું મન અતિ ઉદાસ થઈ જતાં એક દિવસ હાથમાં માળા ગ્રહણ કરીને ગેબીનાથ અને ચંદનનાથબાપુનું સ્મરણ કરવા બેસી ગયા. એક-બે અને ત્રણ દિવસ એકધારા જાગરણ સાથે નામસ્મરણ કરતા રહ્યાં. ચોથી રાત્રિએ નામજપ કરતા થોડી વાર માટે તેમની આંખ મળી ગઈ તેમને ભાસ થયો કે કોઈ જાણે તેમના ખભે હાથ મૂકી કહી રહ્યું હતું " દીકરી, જરાય મૂંઝાઈશ નહીં. હિંમત હારતી નહીં, તારા માથે તો ભગતનું મોંઘેરુ ઓઢણું છે આમ વલોપાત કરવાથી દુઃખ નહીં મટે, બેન હું માકબાઈમા આ વાત તને કરી રહી છું ઓળખાણ પડી ! જો હવે તું

ગુરૂગાદી સોનગઢ જા. ત્યાં તારી ઈચ્છા પુરી થશે, ત્યાં તારા મોટા બહેન સોનબાઈબાના પગ પકડી લે એ જોગમાયાનો અંશ છે.''

આટલી વાણી સંભળાતા ઉંઘથી ઘેરાઈ રહેલ આંખો ફટ દઈને ખુલી ગઈ. બેબાકળા બની જેઠીબાઈમા માકબાઈમાને શોધી રહ્યાં, પરંતુ તેમના શબ્દો મુજબ મનમાં સોનગઢ જવાનો નિર્ધાર કર્યો. તેમણે વિચાર્યું કે સોનગઢ જઈ જગ્યાના સેવાકાર્યમાં જોડાઈ જવું. દાદાબાપુને સોનગઢ જવા તૈયાર કર્યા અને દંપતિ જગ્યામાં પહોંચી જગ્યાના નાના-મોટા દરેક કાર્યમાં સેવામાં લાગી ગયું. ખૂબ પરિશ્રમ સાથે તેમને આઠ આઠ દિવસ કામ કરતા જોઈને મા સોનબાઈએ કહ્યું : "બહુ સેવા થઈ, હવે રાખો બેન જેઠીબાઈ.''

રામા પટેલની દીકરી મોંઘીને બોલાવી સોનબાઈમાએ તેને કહ્યું : "મોંઘી, જા રામા પટેલને કહી ગાડુ જોડાવી લઈ આવ. મહેમાનને અનસુયામાના દર્શને લઈ જા, તું પણ સાથે જા''

ગાડુ આવી જતા જેઠીબાઈમા સામે જોઈને બોલ્યા :

"જાવ બેન, આજ અનસુયામાના દર્શન કરી આવો એટલે મન જરા હળવું થાય.''

ગાડુ ગયા પછી સોનબાઈમા ઘરનું કામકાજ આટોપી લાખાબાપુના ગોખલે હાથમાં માળા લઈને બેસી ગયા. જુદી જુદી આરાધના કરતા નામસ્મરણમાં લીન થઈ ગયા. પાંચ-દસ-પંદર મિનિટ એમ કરતા એક કલાક જેટલો સમય પસાર થઈ જાય છે. દાદાબાપુ એક-બે વખત ડોકું કાઢી ગયા પછી પોતાના ધર્મપત્નીને આ રીતે ધ્યાનમાં બેઠેલા જોઈ નવાઈ પામે છે. મનમાં વિચારે છે કે કોઈ દિવસ નહીંને આજે આમ કેમ? ઘેર મહેમાન છે અને હજી રસોડું ટાઢું ટમ છે''

તેમણે હળવેથી ખોખાંરો ખાધો. ખોંખારાનો અવાજ સાંભળી ધ્યાન ભંગ થવાથી સોનબાઈમા એ માળાને આંખે અડાડી પોતે ઉભા થયા. પતિને પગે લાગ્યા પણ તેમની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. દાદાબાપુ તેમનો દુઃખપૂર્ણ ચહેરો જોઈ રહ્યાં.

સોનબાઈમા ધીમેથી પતિ કશુંક કહે તે પહેલા રસોડા તરફ ગયા. તેમનું હૈયું ભરાઈ આવ્યું અને હીંબકા ભરતા રડી પડ્યા દાદાબાપુએ પાસે આવીને પૂછ્યું : "કેમ કોચવાઓ છો? શું દુઃખ આવી પડ્યુ છે?

"કાંઈ જ નહીં'' કહેતા આંખો લૂછવા લાગ્યા. મોઢા ઉપર હાસ્ય લાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ આંખો ફરીથી વરસવા લાગી.

દાદાબાપુ એ પૂછ્યું : "કોઈએ કાંઈ કહ્યું?''

"કોઈ શું કહે વળી''

"તો કેમ રડવું આવ્યું? કોઈ કારણ તો હશે ને?''

આ રીતે બંને વચ્ચે સંવાદ ચાલે છે. ત્યાં પાળિયાદ દાદાબાપુ અને જેઠીબાઈમા એ ઓસરીમાં આવી જોયું તો ઉપરનો સંવાદ તેમના કાને અથડાયો આ સંવાદ તેઓ શાંતિપૂર્વક સાંભળી રહ્યા.

સ્વસ્થતા મેળવતા આઈ સોનબાઈએ નિસાસો મૂકતા પોતાના પતિને કહ્યું : "બીજું કોઈ કારણ નથી પરંતુ બધાનું મંગળ કરનારા તમે સાવ અજાણ્યા કેમ રહો છો એ સમજાતું નથી."

"પણ માંડીને વાત કરો તો કોઈ ગમ પડે આમ કેવી રીતે મને ખબર પડે શું વાતને શું ચિત છે."

"લ્યો બોલ્યા... આઠ આઠ દિવસથી તમારા નામેરી પાળિયાદમાં ભગત અને બેન જેઠીબાઈ દિવસ રાત જોયા વિના આ જગ્યાની સેવા કરે છે, તે શું તમે નથી જાણતા ? આપણો ઠાકર કેમ સાવ નિમાણો થઈ ગયો છે ? ભાઈ જેઠીબાઈના નિઃસાસા મારાથી નથી ખમાતા. એમનું કંઈક કરો આટલી દયા દેખાડો."

"દયા મારા નાથની બીજું તો શું કહું ?"

"તમારી દયા, તમારા આશીર્વાદની પણ કોઈને જરૂર હશેને ?"

"મારી દયાની ? મારી દયાની વળી કોને જરૂર હોય અને દયા કરવાવાળો તો મારો ઠાકર હું વળી કોણ ? મારી દયા થવાથી શું વળે ?"

"મને પૂછો છો કે દયાથી શું વળે ! તમારી દયાથી તો અમૃતના વરસાદ વરસે, આંબા કોળે, લોકોના દુઃખ હરાય અને તેમના આંગણે બાળુડા કિલ્લોલ કરતા થાય ભગતરાજ."

"તમને આજે આ બધુ શું સૂઝયું છે કે પછી મારા વખાણ કરવાનું નીમ લીધું છે ?"

"તમારા વખાણ મારાથી શું થઈ શકે ! તમારા વખાણ તો આવનાર દિવસોમાં જગત કરશે પણ....

"પણ શું ?"

"આપણે આપણાં મહેમાનની આશા પૂરી ન કરી શકીએ ? એ ક્યાં પારકા છે કાલે બેન જેઠીબાઈના હૈયાની વાત હોઠે આવી ગઈ."

"કેમ શું કહેતા હતા ?"

"એમને સંતાન ન હોવાનું મોટુ દુઃખ છે આથી કોચવાય છે."

"આ બધું તો ઠાકરના હાથની વાત છે એમાં આપણાંથી શું થઈ શકે !"

આમ કહેતા દાદાબાપુએ આકાશ તરફ મીટ માંડી.

"કરવું જ હોય તો બધું જ થાય આપણને વિશ્વાસ હોવો જોઈએ." આટલું બોલીને સોનબાઈમા નીચું જોઈને ઉભા રહી ગયા.

"તો સાંભળો, એકલા વિશ્વાસથી કંઈ બધુ ન થઈ શકે, જ્યારે એમાં ભક્તિનું બળ ભળે ત્યારે જ ધાર્યું થઈ શકે."

"કંઈ સમજાય એવી રીતે વાત કરોને"

"આ સમજવા અને સાંભળવા માટે કઠણ છાતી અને વજ્રનું હૈયું હોવું જોઈએ. અવિચળ શ્રધ્ધા કે જે કયારેય ડગમગ ન થઈ જાય તે પણ જોઈએ બોલો તમારી છે તૈયારી ?"

" તો સાંભળો, તમને એ પણ કહી દઉં કે તૈયારી ન હોત તો તમને આ વાતેય ન કહી હોત. બોલો શું કસોટી કરવા માંગો છો ?"

દાદાબાપુ ગંભીર થઈને બોલ્યા : જુઓ, વાત એમ છે કે તપ અને પુણ્યના બળે કરીને ધારીએ તે બધું જ થઈ શકે. વિશ્વામિત્ર ઋષિએ પોતાના તપોબળથી નવી સૃષ્ટિની રચના કરી હતી ને ? જો તપ અને પુણ્યનો ઉપાય ન હોય તો એક બીજો ઉપાય પણ આપણા માટે પ્રભુએ ખુલ્લો રાખ્યો છે. જીવ આપો તો જીવ મળે એક હાથેથી આપીએ તો બીજા હાથેથી આપણને મળે. સુદામાની જેમ એક મુઠ્ઠી ચોખા પણ આપવાની આપણી તૈયારી હોવી જોઈએ. દ્રોપદીએ સાડીના પાલવનો છેડો ફાડી શ્રીકૃષ્ણને પાટો બાંધ્યો હતો એના નવ હજાર નવ્વાણું તાતણા હતા એટલા ચીર પુરીને મારા ઠાકરે દ્રોપદીની લાજ બચાવી હતી."

"બસ, હવે... તમારું કહેવાનું હું સમજી ગઈ હવે મને એ કહો કે મારે શું કરવાનું છે ?"

"તમારે તમારી સૌથી વધુ વહાલી વસ્તુ છોડવી પડે."

"હવે વધુ તાવણી કર્યા વગર સીધે સીધું જે કહેવાનું હોય તે મને સમજાય એમ કહી નાખો ને."

"તો ધ્યાન દઈને સાંભળો ઠાકરે આપણને ત્રણ દીકરા આપ્યા છે ભગુભાઈ, ટપુભાઈ અને નાનાભાઈમાં તમને સૌથી વહાલો પુત્ર કોણ છે ?"

" ટપુભાઈ મને વધુ વહાલો છે."

"તો વહાલી વસ્તુ આપી દેવાની તૈયારી હોય તો ઠાકર દયા કરે."

" તમારી સામે વાત કરવી એ અવિવેક ગણાય. પણ તમને જવાબ આપ્યા વગર નથી રહેવાતું. સાંભળો, મારી નસોમાં કાઠીયાણીનું લોહી વહે છે જરાય સંકોચ ન રાખશો. આમાં મારે તો ઉલટાનું રાજી થવા જેવું છે. ટપુભાઈને પણ તેની જનેતા કરતાં માસી વધુ વહાલા છે. મારે તો એને માસીના ઘેર મોકલવાનો છે ને ? સો વાતની એક વાત આપણા કુળમાં આ ક્યાં કોઈ નવાઈની વાત છે. મા માકબાઈમાએ ક્યાં હરસૂરબાપુને વહાલા કર્યા હતાં ?

થોડી વાર મૌન છવાઈ ગયું અને નિર્ણય લેવાઈ ગયો.

દાદાબાપુ સોનબાઈમા સાથે આટલી વાત કરી લાખાબાપુના ગોખલા તરફ આવ્યા. સુખાસન વાળીને તેમની સન્મુખ બેસી દીપક પ્રગટાવ્યો ધૂપ કર્યો કુળદેવી રાજરાજેશ્વરી માનું નામ લઈને જાદરાબાપુનું સ્મરણ કર્યું. ગોખલે મસ્તક નમાવીને ત્યાંથી ચરણામૃત હાથમાં લઈ પંચ પાત્ર સોનલબાઈમાને આપતા બોલ્યા :

"લ્યો આમાંથી બાઈ જેઠીબાઈ અને દાદાબાપુને ત્રણ ત્રણ આચમની ભરી ચરણામૃત આપો."

સોનબાઈમાએ બંનેને એ રીતે ચરણામૃત આપ્યું. પોતે પણ ચરણામૃતની અંજલી ભરી એમાં તુલસીપત્ર મુક્યું.

એક ક્ષણ પુરતા સોનબાઈમા આ નિર્ણયથી ખળભળી ગયા એ સમયે તેમને માકબાઈમા દેખાયા જાણે

કે તેમને કહી રહ્યા હોય કે,

"મારી બાઈ, દીકરો વહાલો લગાડવાની ઠેકડી કપાળમાં લખાવી ન દેતી બેન!

આ શબ્દોની ભ્રાંતિ સાથે જ તેમના મુખમાંથી શબ્દો બહાર પ્રગટ્યા:

"આજથી ટપુભાઈ તમારો" કહીને એ અંજલિ બંનેને અર્પણ કરી. બેન જેઠીબાએ તેમની સામે ખોળો પાથરી વંદન કર્યા. એમની દૃષ્ટિમાં કરૂણા અને વેદના જોતાં સોનબાઈમાં એ કહ્યું: "શું હજુ કાંઈ કહેવું છે?"

"ના, મા ના... કંઈ કહેવું નથી, પણ એક નાનકડી અરજ કરવી છે, મને કોઈ એંધાણી આપો. આજ તો મારા ભાગ્ય સોળે કળાએ ખીલી ગયા."

"સાંભળ્યું?" કહી દાદાબાપુએ સોનલમા તરફ જોયુ અને બોલ્યા:

"એમને કહોને કે સોનગઢના ઠાકર અને પાળિયાદનો ઠાકર કંઈ જુદા નથી. એની નિશાની એ કે ટપુભાઈને શીતળા નીકળ્યા હતા તેથી તેમનું મોઢું શિળિયાતુ હતું. તમારે ત્યાં પુત્ર થાય અને શિળિયાતા મોઢાવાળો હોય તો માનજો કે સોનગઢના ઠાકર એની ભેરે છે."

રાત્રિના સમયે વાળુ પાણી કરીને સૌ બેઠા હતા. સુતા પહેલા કુમકુમનો ચાંદલો કરી મા સોનબાઈએ ટપુભાઈને પૂછ્યુ કે,

"ભાઈ ટપુ, કાલે તારે માસીની સાથે પાળિયાદ જવું છે?"

"હા" કહીને ટપુભાઈ રાજી થઈ હસી રહ્યા

સવારે સૌ જાગ્યા તો ટપુભાઈ ચિરનિદ્રામાં સુતા હતાં. એમનો દેહ નિઃચેતન થઈને પલંગમાં સ્થિર પડ્યો હતો. આ જાણી માતાના હૃદયમાંથી એક ડુસકું સરી પડ્યું પરંતુ સ્વસ્થ થઈને સૌની ઉપર તેમણે દૃષ્ટિ માંડી મકકમતાપૂર્વક શોક દબાવીને તેમના મુખેથી શબ્દો સર્યા.

"કોઈએ કકળાટ કરવાનો નથી. મારા ટપુએ ગામ બદલ્યું છે."

મૃત્યુ પછીની બધી ક્રિયાઓ કરવામાં આવી બે-ત્રણ દિવસ રોકાઈને દાદાબાપુ તથા જેઠીબાઈમા પાળિયાદ આવી ગયા આ ઘટના પછી દસમા મહિને તેમને ત્યાં પુત્ર જન્મ થયો તેમને મળેલ એંધાણી મુજબ પુત્રનુ મુખ શિળિયાતુ હતું. છઠ્ઠીના દિવસે ઉનડબાપુ નામ નક્કી કરીને રાખવામાં આવ્યું.

આ સાથે દાદાબાપુના જીવનનો બીજો એક નાનકડો પરંતુ મહત્વનો પ્રસંગ પણ ઉલ્લેખનીય છે.

ઝાલાવાડમાં પણ વિસામણ બાપુના સમય પછી આ જગ્યા માટે લોકોનો ખૂબ જ ભાવ હતો. વઢવાણ તાલુકાના એક ગામ મોટા કેરાળામાં એક બાવાજી થઈ ગયા જેમનું નામ ભીમગર હતું. જ્ઞાતિએ પોતે સામંતગર આયર હતા. પણ ઠાકર ઉપર તેમને પૂર્ણ શ્રધ્ધા હતી સતત ઠાકરનું નામસ્મરણ કર્યા કરવાના તેમના તપને લીધે ઠાકર તેમના ઉપર સદાય પ્રસન્ન રહેતા.

એક વખત ભીમગરને વિચાર આવ્યો કે હું ઠાકરના દર્શને મારી ટેક મુજબ નિયમિત જાઉં છું. પરંતુ હવે મારી અવસ્થા થઈ છે એટલે દેહની મર્યાદા આવતી જાય છે. જો ઠાકર દયા કરે તો અહીં ઘેર બેઠા મને ઠાકરના દર્શન થાય. આવો વિચાર આવતા છેલ્લી વખત ઠાકરના દર્શન જગ્યામાં જઈને કરી લેવા પાળિયાદ જવા નીકળ્યા.

ચોમાસાનો સમય હતો અને વરસાદ ધીમી ધારે શરૂ હતો. ભાદર કાંઠે પહોંચતા વરસાદ વધતો ગયો કાંઠે પહોંચીને જુએ છે તો ભાદર નદી બે કાંઠે વહી રહી છે. ભીમગર પાણી ઉતરવાની રાહ જોતા કાંઠે બેસી રહ્યા. પાણી વરસાદ શરૂ હોવાથી ઘટવાનું નામ લેતું નહોતું. આમ ને આમ સાંજનો સમય થવા આવી ગયો. પોતાની પાસે નદી પાર કરવાનો કોઈ ઉપાય નહોતો. અહીં સુધી આવી પાછા પણ કેમ જવું ? કોઈ માર્ગ ન મળતાં મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે ઠાકરે ભીમા ભગતની લાજ રાખી હતી તો શું મારી નહીં રાખે ? શું ઠાકર મને ડૂબવા દેશે ? આવો વિચાર આવતા જ તેમનું મનોબળ વધી ગયું અને બે કાંઠે વહેતી ભાદરમાં ઝંપલાવી દીધું. પાણીનો પ્રવાહ બહુ જોરદાર હતો એટલે બાવાજી તણાવા લાગ્યા મનમાં થયું કે શું ઠાકરના દર્શન મને આજે નહીં થાય ? આવો વિચાર આવતાં જ તેમના મુખમાંથી આર્તવાણી વહી રહી :

"હે આપા દાદા ! તમે તો સમરથ છો. તમારો આ સાધુ આજ દર્શન કરવા આવતી વખતે ડૂબી મરશે તો હે ઠાકર એમાં મારે કંઈ કહેવાનું નથી, પરંતુ તમારી પત જશે. મારે તો ઉંમર થઈ હોવાથી અમસ્તુંય થોડા સમયમાં મરવાનું જ છે. તને કહેવાનું એ છે કે જો આજ આ રીતે મરીશ તો મલકમાં તમારી આબરૂના ધજાગરા થાશે. હે ઠાકર ! હવે આપણી બંનેની ભક્ત અને ભગવાનની લાજ રાખવી તમારા હાથમાં છે."

ભકતનો પોકાર ભગવાનના કાન સુધી પહોંચ્યા વગર રહેતો નથી. બાવાજીના મુખમાંથી પ્રાર્થનાની વાણી નીકળતા તેમના આશ્ચર્ય વચ્ચે જોસભેર વહેતા પાણીમાંથી કોઈએ એમનો હાથ પકડ્યો અને સાથે અવાજ પણ સંભળાયો :

"મુંઝાઈશ નહીં ભીમગર, હું કાંઠે જ ઉભો છું હાલ્યો આવ."

આ બોલ સાંભળી ભીમગરમાં હિંમત આવી ગઈ અને નદી પાર કરી ગયા.

કાંઠા ઉપર જઈને જુએ છે તો દાદાબાપુ હાથમાં ભગવું કપડું લઈને ઉભા છે. બાપુ એ ભગવું વસ્ત્ર ભીમગરને આપતા બોલ્યા :

"લે ભીમગર, આ લઈ લે ઠાકર તને ભગવું વસ્ત્ર આપે છે. તારી ટેકથી ઠાકર પ્રસન્ન છે."

આટલું કહેતા દાદાબાપુ ઘોડા ઉપર સવાર થઈ ત્યાંથી પાછા વળી નીકળ્યા. બાવા ભીમગરે પાળિયાદ આવી ઠાકરના દર્શન કર્યા બે દિવસ રોકાઈ જતી વખતે દાદાબાપુ પાસે રજા લેવા ગયા.

"શું કરુ બાપુ જીવ તમારા દર્શન કર્યા વિના શાંતિ પામતો નથી. પણ હવે ઉંમર થઈ ગઈ એટલે દર્શને આવવું અઘરુ પડે છે આ વાતનું મને મોટુ દુઃખ થાય છે" આટલું બોલતા બાવાજી ગળગળા થઈ ગયા.

એમની વાત સાંભળીને દાદાબાપુ બોલ્યા :

" ભાઈ ભીમગર, ઠાકરને તારા ઉપર બહુ પ્રેમ છે. જ્યાં તને ઠાકરે ભગવું વસ્ત્ર આપ્યું છે એ જ જગ્યાએથી ઠાકરનો દીધેલો એક પિત્તળનો ઘોડો તને મળશે એટલે તારે રોજ ઘેર બેઠા ઠાકરના દર્શન થશે. અને અહીં આવવું નહીં પડે ! હવે બસને ? "

ભીમગરના આનંદનો કોઈ પાર ન રહ્યો. ભાદરના કાંઠે આવીને તપાસ કરી તો જમીનમાંથી પિત્તળનો ઘોડો મળ્યો. એ લઈ મોટા કેરાળા આવી ત્યાં પીરની સ્થાપના કરી અને પૂજાપાઠ કરવાનું શરૂ કરી દીધું. આવી રીતે ઘોર કળિયુગમાં પણ શ્રધ્ધાનું બળ હોય તો ધર્મ આપણું રક્ષણ અવશ્ય કરે છે.

● ● ●

## પૂ.શ્રી ઉનડબાપુ

" પરકમ્મા " ગ્રંથના મુખ્ય વિષય તરીકે સોરઠી સંતો અને જગ્યાધારીઓનું વિહંગાવલોકન છે. સૌરાષ્ટ્ર અને માત્ર સૌરાષ્ટ્રમાં જ જોવા મળતી આ જગ્યાઓ વિશ્વમાં અભૂતપૂર્વ કહી શકાય એવું મહત્વ ધરાવે છે. ધર્મમાં આસ્થા અને સરળ-શુધ્ધ હ્રદયનો ભક્તિભાવ કેવા પરિણામો સર્જી શકે શકે છે તેનું જીવંત ઉદાહરણ છે. આ ગ્રંથમાં ઝવેરચંદ મેઘાણી લખે છે કે,

"... મારા સોરઠી સંતો કાઠી, કુંભાર,કોળી, કડીયા, માળી, રબારી, મુસ્લીમ અને હરિજન કોમોમાંથી નિપજેલા છે. જુદી જુદી જ્ઞાતિ મુજબ પોતપોતાના ધંધા-ધાપા કરતાં, ખેતરો ખેડતા, ઢોર ચરાવતા, કોઈ ઘરસંસારી, લોક સમાજની વચ્ચે રહેતા, ધરતીની ધૂળમાં આળોટતા, સાદા સરળ આ મારા સોરઠી સંતો મને વહાલા લાગે છે...."

પાળિયાદની ગાદી ઉપર પૂ.વિસામણ બાપુથી લઈને આ જ સ્વરૂપના મહાપુરૂષો આવતા રહ્યા છે. જગ્યા સંસારી હોવાથી ઉત્તરોત્તર ગાદી વારસદારને સોંપાય છે. બધા જ અત્યાર સુધીના વારસદારો પૂર્ણ ઠાકર સ્વરૂપ હોય છે.

પૂ.ઉનડબાપુના જન્મના કારણરૂપ વાત આપણે આગળ જોઈ ગયા. ઉમદા પ્રેમ અને ભાવનાના પરિણામ સ્વરૂપે અવતરનાર આ સંત લોકોમાં ખૂબ જ ચાહના મેળવી ગયા. તેમના સમયમાં એક તીર્થ તરીકે ભક્તોને અનેક સુવિધાઓ અને સેવા આજના સમયની તાતી જરૂરિયાત સ્વરૂપે મળતી થઈ. જગ્યાનો સારો એવો વિકાસ થયો.

ઉનડબાપુમાં સૌરાષ્ટ્રના સંતોના ગુણ ઉડીને આંખે વળગે એ રીતે પ્રગટતા જોવા મળ્યા. જેથી લોકોની શ્રધ્ધા અને આસ્થા આ ધામ માટે બેવડાતી ગઈ.

સૌરાષ્ટ્રમાં અન્નદાનનો મહિમા ખૂબ જ છે. આ જગ્યા આ બાબતમાં સદાવ્રત અને દાનપરાયણતા માટે વિખ્યાત છે. આ પરંપરાનું પાલન ઉનડબાપુએ જીવનપર્યંત કર્યું અને તેને વિશેષ ઉજળું કર્યું. વિસામણ બાપુની જગ્યાના વિકાસ અંગેનો ઈતિહાસ લખાશે ત્યારે ઉનડબાપુનું નામ તેના આધારસ્થંભ તરીકે લેવાશે.

"પીરાણું પાળિયાદ, વિહળે સ્થાપેલ વિશ્વમાં,
મૂકી નહીં મરિયાદ, અભંગ રાખ્યું ઉનડા,
લોભ હતો ન લગીર, મન મોહ્યું નહીં મેડીએ,
જપ-તપની જાગીર, અખિયાત રાખી ઉનડા,
ખૂટે તારી ખાણ તો ખોટ્યું બેસે ખલકમાં,

હરખ્યુ છે હિંદવાણ, અન્નદાનેથી ઉનડા,
દેવે વસેલા દીલ, હરિ તમારા હાથમાં,
શોભી ઉઠેલ શીલ, ઉનડ ક્યારે હવે આવશો ?"

કવિના હૃદયમાંથી પ્રગટેલી આ કવિતા ટૂંકમાં એમના વિશે ઘણું કહી જાય છે. ઉનડબાપુનું નામ સમાજ સુધારણા માટે વિશેષ જાણીતું છે. " રામચરિત માનસ "ના ઉંડા અભ્યાસી આ સંત સમાજની ઉપેક્ષા કેમ કરી શકે ? રામાયણના પાને પાને જનસાધારણના કલ્યાણની વાતો વિસ્તરેલી જોઈ શકાય છે. પોતે રામચરિત માનસ ઉપર નિત્યકથા કરતા અને સેવક તેમજ ભક્ત વર્ગને તેમના કલ્યાણ માટે કેમ જીવવું તેની માર્ગદર્શક વાતો માર્મિક રીતે સમજાવતા.

દારૂ, માંસાહાર અને જુગાર આ ત્રણ બાબતથી ઠાકરના સેવકે સદા દૂર જ રહેવું જોઈએ આવી પ્રતિજ્ઞા પણ સૌ પાસે લેવડાવતા. તેમણે પ્રસિધ્ધિ,આડંબર કે દેખાવ માટે નહીં પરંતુ જનકલ્યાણ માટે અનેક સમાજ ઉપયોગી કાર્યો કર્યા, આથી અનેક ગામોમાં અસંખ્ય લોકોએ ઉપરની ત્રણ ચીજોને ત્યાગવાની પ્રતિજ્ઞા લીધી. આમ થવાથી ગામમાંથી આ બદીઓ ઓછી થઈ જીવન જીવવામાં આ ત્રણ વસ્તુથી દૂર રહેનાર વ્યક્તિના જીવન સુખી થતાં બીજા પણ આમ કરવા પ્રેરાતા રહ્યાં. સમાજના નીચલા સ્તરના લોકોને પણ પોતાના મમતાપૂર્ણ વ્યવહાર અને પવિત્ર વાણીથી ધર્મ અને સંસ્કારના માર્ગે વાળવા આજીવન સતત પુરૂષાર્થ કરતા રહ્યાં.

ઉનડબાપુ નાનપણથી જ તુલસીદાસજીના ગ્રંથ " રામચરિત માનસ " પ્રત્યે પ્રેમ અને શ્રધ્ધા ધરાવતા હતાં. આ ગ્રંથનો સતત અભ્યાસ કરતા રહેતા અને તેમાંથી નીકળતા નવા નવા અર્થ લોકોને પોતાની મધુર વાણીથી પ્રવચનના માધ્યમથી કહી સંભળાવતા. આથી તેમના પરિચયમાં આવતા કે તેમની વાણી સાંભળતા ભક્તો અને સેવકો રામાયણના જ્ઞાનને સમજી પોતાના જીવનમાં તેનો ઉપયોગ કરવા તત્પર બની ધર્મના આચરણ તરફ વળતા.

રામચરિત માનસ ઉપરાંત શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવદ્, શિવપુરાણ, વેદ, રામાયણ વગેરે અન્ય શાસ્ત્રગ્રંથોના પણ તેઓ અભ્યાસુ હતાં. આ પ્રકારના ધાર્મિક ગ્રંથોનું ઉંડાણપૂર્વક અધ્યયન કરવાની પ્રવૃતિના કારણે એમની વાણી પ્રેરક બની રહેતી. તેમને સાંભળવા એ જીવનનો એક લ્હાવો બની જતો અને શ્રોતા આથી રસતરબોળ થઈ જીવનની દશા અને દિશા બદલવા પ્રેરાતા.

એમનું ધર્મમય અને પવિત્ર જીવન આત્માના દૈવી પ્રભાવથી પ્રકાશિત હતું. આ આત્મપ્રકાશ એવી રીતે વિસ્તરતો જોવા મળતો કે તેમની આસપાસનું વાતાવરણ દિવ્ય બની રહેતું.

તેમના જ્ઞાન, પ્રભાવ, ભક્તિ અને સેવાપરાયણ જીવનથી સંતો પણ પ્રસન્ન થતાં. ધર્મ પ્રસાર, ધર્મ રક્ષણ, ધર્મોન્નતિ,ધર્મ જાગૃતિ અને ધર્મના ઉત્કર્ષ માટેના પ્રયાસોથી પ્રભાવિત થઈને આ કર્તવ્યનિષ્ઠ ધર્મમાર્ગી સંતને અનેક સંત-મહંતોએ વિવિધ પદવી આપીને સન્માનીત કર્યા હતા. અહીં કેટલીક આવી

પદવીઓ વિશે સંક્ષિપ્તમાં જોઈએ.

(૧) ધર્મમાર્તન્ડ : " ધર્મરક્ષક મહામંડળ " સૌરાષ્ટ્રના ત્રીજા અધિવેશન પ્રસંગે પાળિયાદ ગામે પધારેલા સમસ્ત સૌરાષ્ટ્રના સંતો-મહંતો અને ભક્ત સમુદાયની ધર્મસભામાં પ્રમુખશ્રી ધર્મરક્ષક મહામંડળ સોરાષ્ટ્ર (પૂ.મહંતશ્રી માયારામજી-સાયલા) ના શુભ હસ્તે તા.૧૩/૯/૧૯૫૧ના રોજ ધર્મમાર્તન્ડની પદવી પ્રદાન કરવામાં આવી આ સભામાં પ્રધાનમંત્રીશ્રી મહંતશ્રી મંડલેશ્વર રામબાલકદાસ યોગેશ્વર-ધાંગધ્રા પણ ઉપસ્થિત હતા.

(૨) સ્વધર્મ સેવા માર્તન્ડ : શ્રી દ્વારકા શારદાપીઠના પરમપૂજ્ય શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજે તા.૨૩/૧/૧૯૬૧ ના દિવસે આ પદવી અર્પણ કરી તેમને સન્માનીત કર્યા હતા.

(૩) આધ્યાત્મ રત્ન : ધી યોગા-વેદાંત ફોરેસ્ટ અકાદમી, શિવાનંદનગર ઋષિકેશ- હિમાલય- ભારતના માન.અધ્યક્ષશ્રી સ્વામી શિવાનંદ તરફથી તા.૮/૨/૧૯૬૨ ના પુનિત દિવસે આ પદવી અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતુ.

(૪) માનસ વિશારદ : શ્રી દ્વારકા શારદાપીઠના પૂ.શ્રી જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજે તા.૧૪/૧/૧૯૬૭ મકરસંક્રાંતિના પવિત્ર દિવસે "માનસ વિશારદ" ની પદવી પ્રદાન કરેલ

ઉનડબાપુ ત્રેપન વર્ષ સુધી સતત ધર્મકાર્ય કરતા રહ્યા. હરદ્વારમાં પણ તેઓ અવાર-નવાર ધર્માર્થે જતા હતા. ત્રેપન વર્ષે તેમની તબિયત ખરાબ થતાં યોગ્ય સારવાર અપાઇ, પરંતુ પૂજાસ્થાને બેસી ધ્યાન-જપ કરતા તેમનો આત્મા પરમ ધામના પંથે નીકળી ગયો. તેમના લોકાભિમુખ અને ભક્તપ્રેમી જીવનને લીધે સેવકો, ભક્તો અને સંપર્કવાળા પ્રદેશોમાં ઘેરો શોક ફરી વળ્યો. તેઓ સૃષ્ટિના ક્રમ પ્રમાણે આપણી વચ્ચેથી અલખના પ્રવાસે ચાલી નીકળ્યા. પરંતુ તેમનું જીવનકાર્ય સૌ માટે આજે પણ પ્રેરણાદાયી બની રહ્યું છે. તેમણે આરંભેલ સમય અનુસારના સેવા યજ્ઞો પૂ.શ્રી અમરાબાપુએ આગળ વધાર્યા.

અહીં આપણે બે નાનકડા પ્રસંગનો ઉલ્લેખ કરીને પૂ.શ્રી ઉનડબાપુને ફરી એકવાર યાદ કરીએ.

આ એક પ્રસંગ શિવાનંદ આશ્રમ-ઋષિકેશનો છે. બાપુનો ઉતારો આ આશ્રમમાં હતો. ત્યાં કોઈ વિશેષ પ્રકારની દુર્ગંધ આવતી જે બાજુમાં વહેતા ઝરણામાં ભળીને આવતી ગંદકીની હતી. બાપુની દષ્ટિ પાસેની એક શિલા ઉપર પડી. થોડી જ વારમાં એ શિલા ફાટી અને તેમાંથી નિર્મળ જળનું ઝરણું નીકળ્યું. આમ થવાથી મેલા પાણીનું ઝરણું શુધ્ધ થઈ ગયું. દુર્ગંધ આવતી બંધ થઈ અને ત્યાં રહેતા સંન્યાસીઓ પ્રસન્ન થઈ ગયા. પથ્થરમાંથી આવતા પાણીની વાટકી ભરી સૌએ ચરણામૃત લીંધુ આશ્ચર્ય એ વાતનું હતું કે એક જ વાટકી પાણીમાંથી અનેક સંતોને ચરણામૃત આપવા છતાં વાટકી ભરેલ જ રહી.

આજ રીતે આપણે જોઈ ગયા કે ગુરૂગાદીની પ્રસાદી રૂપે જીવ સામે જીવની રીતે ઉનડબાપુનો જન્મ થયો હતો. તેની શિળીના ડાઘની સાબિતી પણ મળી હતી. ઉનડબાપુને સોનગઢ આઈ શ્રી સોનલબા માટે આથી ખૂબ જ ભાવ હતો. પોતે અવાર-નવાર ત્યાં દર્શને જતાં.

પાળિયાદમાં વાતવાતમાં સૌને કહી રાખ્યું હતું કે જ્યારે સોનલમા દેવ થાય ત્યારે મને તરત જાણ કરજો જેથી મારી ફરજ ન ચૂકાય. ૧૯૭૦ માં રાત્રે બાર વાગ્યે પાળિયાદ પોસ્ટઓફિસમાં તાર આવ્યો તારમાં આઈ સોનલમાના અવસાનના સમાચાર હતાં. બાપુને જાણ કરવામાં આવતા પોતે તરત તૈયાર થયા અને સાથે આવનારને પણ તૈયારી કરી જગ્યામાં આવી જવા કહી દીધું. સૌ તરત જ આવી જતા ગાડી લઈને સોનગઢ જવા રવાના થઈ ગયા. સવારે સોનગઢ પહોંચ્યા, સ્મશાનયાત્રાની તૈયારી ચાલી રહી હતી. બાપુને ચારમાંના એક કાંધિયા થવાનું હતું. નિયમ એવો છે કે કાંધિયા પગમાં કંઈ ચંપલ-બૂટ જેવું ન પહેરી શકે. સોનગઢથી થાન અગ્નિસંસ્કાર માટે જવાનું હતુ કારણકે અગ્નિસંસ્કાર સોનગઢ નહીં પરંતુ અસ્થળની જગ્યામાં થાનગઢ કરવાનો હતો. આ સ્થળ બે માઈલ જેટલું દૂર હતું. આથી કોઈએ બાપુને કહ્યું : "બાપુ તમે ઉઘાડા પગે આટલું કેમ ચાલશો, કંઈ નહી તો લાકડાની ચાખડી પહેરો. બાપુએ વિવેકપૂર્વક ના પાડતા કહ્યું :

"મને કોઈ વાંધો નહીં આવે, તમે ચિંતા ન કરો."

સૌના આશ્ચર્ય વચ્ચે માને કાંધ આપીને બાપુ ઉઘાડા પગે થાનગઢ સુધી ગયા, પરંતુ ન તો કોઈ કાંટો વાગ્યો કે ન કોઈ ફરફોલો ઉઠ્યો આ છે સંતનું સંતત્વ.

● ● ●

## પૂ.શ્રી અમરાબાપુ

પિતાના પગલે ચાલનાર આ સંત વિભૂતિએ ગાદીને અધિક શોભાવી અમરાબાપુના સમયમાં દેશ સ્વતંત્ર હતો. શિક્ષણનો ફેલાવો વધ્યો હતો. તેમણે માધ્યમિક સુધીનું શિક્ષણ બોટાદમાં મેળવ્યું. અભ્યાસમાં તેમની તેજસ્વીતા અલગ તરી આવતી હતી. તેઓશ્રીએ સેન્ટ ઝેવિયર્સ કોલેજ- અમદાવાદમાં સંસ્કૃત સાથે બી.એ.કર્યું. ગુજરાત યુનિવર્સિટીના ભાષાશાસ્ત્ર ભવનમાં અભ્યાસ કરી એમ.એ.ની પદવી મેળવી. આમ તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કર્યો હતો.

શાંત-સૌમ્ય મુખમુદ્રા, સપ્રમાણ દેહયષ્ટિ અને ચહેરા ઉપર સતત રમતું મંદ મંદ હાસ્ય તેમના વ્યક્તિત્વને અનેરો ઓપ આપતું હતું. તેઓએ ભારતના મોટાભાગના પ્રસિધ્ધ તીર્થસ્થાનોની યાત્રાઓ કરી અને તીર્થોમાં સદ્‌કાર્ય કર્યા. શાસ્ત્રોક્ત રીતે પૂ.ઉનડબાપુના અસ્થિવિસર્જન કરવા સાથે જુદા જુદા સ્થળોએ અન્નદાન-બ્રહ્મભોજન તથા દાન-પુણ્ય કર્યા અને કરાવ્યા. તેમના ધર્મપત્ની ઉમાબા આ તમામ કાર્યોમાં તેમની સાથે સદાય રહ્યા.

અયોધ્યામાં ભંડારો કર્યો ત્યારે સાધુ-સંતો-મહંતો તથા પૂજનીય અને આદરણીય વ્યક્તિઓને નિમંત્રી પ્રેમપૂર્વક સૌને ભોજન પ્રસાદ પીરસ્યો.

પૂ.ઉનડબાપુના પુણ્ય સ્મરણાર્થે સંવત ૨૦૩૨ના કારતક સુદ-૯ થી સુદ-૧૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરી ભાવિકોને જ્ઞાન અને ભક્તિનો અવિસ્મરણીય અવસર આપ્યો. આ સપ્તાહ દરમ્યાન અનેક મોટા સંતો-મહંતો અને વિદ્વાનોના દર્શન અને વાણીનો જનસમુદાયને અમૂલ્ય લાભ મળ્યો. શ્રી જગન્નાથજી મંદિર- અમદાવાદના પ.પૂ.મહંતશ્રી રામહર્ષદાસજી મહારાજના વરદ્ હસ્તે અમરાબાપુને "સનાતમ ધર્માલંકાર" ની પદવી અર્પણ કરવામાં આવી.

પૂ. અમરાબાપુ પણ અવકાશનો સઘળો સમય શ્રી રામચરિત માનસનો અભ્યાસ કરવામાં જ ઉપયોગમાં લેતા. નાનપણથી જ ઉનડબાપુના સાનિધ્યમાં તેમનો ઉછેર થયો હતો એટલે ધર્મસંસ્કાર બાબત તેઓ પણ તેમની બરાબરી કરે એવા બની રહ્યા. આમ રામાયણ ઉપરાંત અન્ય ગ્રંથોનુ તેમનું જ્ઞાન પણ ખૂબ ઉંડુ હતું. પોતે મિતભાષી હતા, પરંતુ તેમનો પ્રેમ નીતરતો ચહેરો દર્શન કરનારને ઘણું કહી જતો.

એક વખત જગ્યામાં પાણીની ટાંકી બની રહી હતી. તેના ઉપરથી મજૂરવર્ગની એક દીકરી પડી ગઈ ઉંચેથી પડવાને લીધે સૌના હ્રદય થડકારો ચૂકી ગયા. અમરાબાપુને સમાચાર મળતા તેને તેમની પાસે લાવવા કહ્યું બે શુધ્ધ સ્થિતિમાં લવાયેલ દીકરીને બાપુએ હાથ ફેરવતા જાણે કંઈ ન થયું હોય તેમ આળસ મરડતી બેઠી થઈ.

એક વખત ખસ ગામે હાઈસ્કૂલનું ઉદ્‌ઘાટન હતું. અમરાબાપુ ત્યાં પધારેલા. દીપચંદ ગાર્ડીએ પોતાના નામની શરત સાથે તેમાં દાન આપેલું. ધામધૂમથી લોકો સરઘસ આકારે ગામમાંથી શાળાના મકાન તરફ જઈ રહ્યા હતા. ગામના સાંકડા માર્ગમાંથી પસાર થતા કોઈએ બંદૂક ફોડી. ગમે તેમ પણ બંદૂક ફુટવાની સાથે વીજળી વાયર તૂટ્યો. ક્ષણ માટે થયું કે હમણાં જ કોઈ દૂર્ઘટના સર્જાશે અને ઉત્સવ બગડશે. બાપુનું ધ્યાન આ ઘટના તરફ હતું. ક્ષણનોય વિલંબ કર્યા વિના તેમણે પોતાનો જમણો હાથ ઉંચો કર્યો અને ચમત્કારની જેમ જ તૂટેલ વાયર થાંભલા ઉપર જ ગુંચળું વળી ગયો. ઉત્સવ સુપેરે સંપન્ન થઈ ગયો.

આ જગ્યાના સંતોની શક્તિ-ભક્તિ અને શ્રધ્ધા વિશે લોકોમાં આવા અનેક પરચાઓ સાંભળવા મળે છે. આપા વિસામણથી લઈ આજ સુધીના - લોકોના કામ કર્યાના, લોકોને ધર્મમાર્ગે વાળ્યાના, લોકોને સત્ય સમજાવ્યાના, લોકોના દુઃખ દૂર કર્યાના એટલા બધા પ્રસંગો જોવા સાંભળવા મળે છે કે આ જગ્યાના દરેક ગાદીપતિ માટે આપણા મનમાં અનન્ય ભાવ પ્રગટે. આવા પ્રસંગો કે જે સત્ય હકીકત રૂપે લોકોને અનુભવાતા હોય તેની આધારભૂત યાદી બનાવી શકાય તો તેના ઉપર એક આખું સ્વતંત્ર પુસ્તક લખવું પડે. આ સમગ્ર સંત પરંપરામાં વિહળાનાથથી લઈને વર્તમાન ગાદીપતિ પૂ.નિર્મળાબા સુધીના સમયમાં આવી અનેક ઘટનાના લોકો સાક્ષી છે.

આ જગ્યામાં અમાસના દર્શન અને પ્રસાદનું વિશેષ મહત્વ લોકોમાં જોવા મળે છે. દૂર દૂરથી પોતાના સંકલ્પ વિહળાનાથ પૂરા કરે એવા ભાવ સાથે લોકો પગે ચાલીને જગ્યામાં સવારમાં પહોંચી જાય છે. ચાલીને લોકોને આવવાના પાળિયાદની ચારે તરફના માર્ગો ઉપર ચા-પાણી અને નાસ્તાની સેવા કરનાર થોડા થોડા અંતરે સ્વયંભૂ અમાસની આગલી રાતે હાજર થઈ જાય છે. આ સ્વયં સંચાલિત વ્યવસ્થાને પણ ચમત્કાર માનીએ તો કશું ખોટું નથી. આ રીતે ચાલીને પાળિયાદ આવતા હજારો પદયાત્રીઓ માટેની ચા-નાસ્તા અને વિશ્રામની સુવિધા નિયમિત રીતે એવી ગોઠવાઈ જાય છે કે "વિહળાનાથની જય " જોનાર વ્યક્તિના મુખમાંથી આપોઆપ નીકળી પડે છે. આ વ્યવસ્થા જોઈ આપણને થાય કે સંત વિભૂતિનું ક્યારેય અવસાન થતું નથી. એ ખોળિયું ધારણ કરે કે ન કરે પરંતુ એક વખત સંતત્વના માર્ગે ચાલ્યા પછી અવિરત તેનો તેમના ભક્તો માટેનો પ્રેમ વાતાવરણમાં પ્રગટ થઈ કલ્યાણ કરતો રહે છે.

બાળકોની માનતાવાળા બાળકોને તેડીને, ઉંમરલાયક લોકો પોતાની શક્તિ અનુસાર ચાલીને તેમજ સ્વસ્થ લોકો ઉત્સાહ સાથે જય બોલાવતા, વાતો કરતા, ભજનો લલકારતા, વિશ્રામ અને નાસ્તો કરતા પોતપોતાના ગામથી અમાસની આગલી રાત્રિએ નીકળી સવારે વહેલા પાળિયાદ પહોંચે છે. સ્વયંભૂ પોતાની ઈચ્છા પૂર્ણ કરવા ટેક લીધા મુજબની અમાસ ભરતા આ શ્રધ્ધાળુઓની સંખ્યા વધતી જાય છે એ જ સૂચવે છે કે વિહળાનાથ આજે પણ જાગૃત સંત તરીકે પોતાનામાં આસ્થા રાખનારને ક્યારેય નિરાશ કરતા નથી.

પિતાના કાર્યને આગળ વધારી વધુ દીપાવવાનું કાર્ય અમરાબાપુએ ખૂબ સારી રીતે પાર પાડ્યું છે. ધર્મની ગાદી ઉપર બેઠા પછી ધર્મને ઉજાળવા સાથે અનેક લોકહિત અને સમાજહિત કરતી પ્રવૃતિઓને

એમણે ખૂબ વેગ આપ્યો. આ પ્રવૃતિઓથી જગ્યાનું આંગણું સદાય ધમધમતું થઈ ગયું. રોગ નિદાન કેમ્પ અને રોગોની મફત સારવાર, સમાજના નબળા વિદ્યાર્થીઓને પુસ્તક સહાય, તેજસ્વી બાળકોને આગળ અભ્યાસ માટેની આર્થિક સહાય, દર અમાસે નેત્રયજ્ઞ અને મફત સારવાર ગમે તે સ્તરની વ્યક્તિ માટે અન્નક્ષેત્ર, આદર્શ ગૌશાળા, અશ્વશાળા, વૈદ્યકિય સારવાર, એમ્બુલન્સની સુવિધા, વાર-તહેવારે સાધુ-સંતોને વસ્ત્રદાન કે અન્ય આવશ્યક સહાય, મકરસંક્રાંતિએ બ્રાહ્મણોને વસ્ત્રદાન અને અન્નદાન, વ્યસનમુક્તિ માટેના પ્રચાર અભિયાન જેવી અનેક પ્રવૃતિ જગ્યામાં થવા લાગી. એકી સાથે સેંકડો માણસો સાથે બેસીને પંગતમાં જમી શકે એવી અદ્યતન ભોજનશાળા તેમના સમયમાં તૈયાર થઈ ધાર્મિક મહિના અને તહેવારોમાં તો દર્શનાર્થીઓની ભીડ વધુ રહે છે. પરંતુ સામાન્ય દિવસોમાં પણ પાંચસોથી હજાર લોકો પાળિયાદ જગ્યામાં દર્શને આવતા હોય છે.

આમ-આ પીરાણું અને અહીંના વારસદાર એવા ગાદીપતિઓ સદાય ભક્તિ,પ્રેમ ઈશ્વર અને શ્રધ્ધાપૂર્ણ આસ્થા સાથે લોકકલ્યાણના કાર્યો કરતા આવ્યા છે. આ પરંપરા આજ સુધી વધુને વધુ ઉજળી રીતે સમાજને માટે કાર્ય કરી રહી છે.

● ● ●

# પૂ.મહંતશ્રી નિર્મળાબા

પૂ.અમરાબાપુ સ્વધામ પધાર્યા પછી તેમના બહેન પૂ.શ્રી નિર્મળાબાએ આ જગ્યાનું મહંતપદ સંભાળ્યું છે.

પૂ.ઉનડબાપુને પુત્ર અમરાબાપુ અને પુત્રી નિર્મળાબા એમ બે સંતાન હતા. પોતે વિદ્વાન, જ્ઞાની અને સારા વક્તા હોવાથી સંતાનોને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે જાગૃત હતા. પાળિયાદ અને બોટાદમાં મકાન બનાવેલ જેથી અભ્યાસ સારી રીતે થઈ શકે. ૧૯૬૫માં પૂ.નિર્મળાબાના અભ્યાસ માટે એક મકાન અમદાવાદમાં પણ બનાવ્યું. આ સ્થળે રહીને તેમણે ખૂબ સારી રીતે ચાર વર્ષની વયથી જ અમદાવાદની સારી ગણાતી સ્કૂલ “માઉન્ટ કારમેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ”માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો. તેમના વારસાઈ સંસ્કારમાં જ શિક્ષણપ્રેમ હોવાથી એકનિષ્ઠાથી અભ્યાસમાં પ્રવૃત્ત રહ્યા.

તેમના રસના વિષયોમાં પ્રવાસ કરવા અને ચિત્રકામના શોખ જેવી પ્રવૃત્તિઓ હતી. તેઓ સારા ચિત્રકાર છે. શિક્ષણ પ્રત્યેના પ્રેમના કારણે અંગ્રેજી મીડીયમવાળી “સન સાઈન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ”ની સ્થાપના કરી અને રસપૂર્વક અઠ્ઠાવીશ વર્ષ સુધી આ સ્કૂલનું સુંદર સંચાલન કર્યું. આ સ્કૂલ ચાલતી હતી ત્યારે તેમના સંચાલનની કુશળતાને લીધે અમદાવાદની સારી ગણાતી સ્કૂલોમાં તે એકથી પાંચ વચ્ચેનો ક્રમ જાળવતી હતી. આ બાબત તેમનામાં રહેલ શિક્ષણ અંગેની સૂઝ દર્શાવે છે. તેઓ અમરાબાપુથી ચૌદ વર્ષ નાના છે. આજે ભાઈએ કરેલ જગ્યાના વિકાસને વધુને વધુ સારી રીતે આગળ વધારવા પ્રયત્નશીલ છે.

૨૦૦ વર્ષથી સેવાકાર્યો અને ધર્મકાર્યો સાથે જોડાયેલી અને આજે વિશાળ વટવૃક્ષ જેવી વિકાસ પામેલી આ જગ્યા આપા વિસામણના વિચારોને ચરિતાર્થ કરવા સતત રીતે પુરુષાર્થ કરતી આવી છે. આ સંસ્થાના વર્તમાન ગાદીપતિ અને મહંત તરીકે જગદ્‌ગુરુ શ્રી રામેશ્વરાનંદાચાર્યજીના વરદ્ હસ્તે
તા.૨૪-૦૮-૨૦૦૧ના પવિત્ર દિવસે તેમની તિલકવિધિ થઈ હતી. શ્રી રામેશ્વરાનંદાચાર્યજી શ્રી રામાનંદાચાર્ય પીઠ, કૌશલેન્દ્ર મઠ પાલડી - દ્વારકાના મુખ્યાચાર્ય તરીકેનું સ્થાન ધરાવે છે.

તિલકવિધિથી લઈને જાગૃત સંચાલન દ્વારા આજ સુધીમાં જગ્યાના સર્વાંગી વિકાસ માટે તેમના વિચારો ઉદારવાદી અને આધુનિક રહ્યા છે. ભક્તો - સેવકો - યાત્રાળુઓને વધુ સારી રીતે સેવા મળતી થાય અને જગ્યાનું યોગ્ય રીતે સંચાલન થાય તે માટે તેમની દિર્ઘદષ્ટિ ખૂબ ઉપયોગી સાબિત થઈ છે. સેવકોને ત્યાં પધરામણી દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારના સેવકોને આનંદ આપે છે. ભક્તિના માર્ગે તેમનું બળ અને સમજણ વધે તેવા સતત પ્રયાસોમાં રહે છે. ભક્તોના પ્રશ્નો, તકલીફો, દુઃખો સમયે તેમને યોગ્ય સલાહ અને માર્ગદર્શન દ્વારા સત્ માર્ગે દોરે છે. કહેવાય છે કે મુશ્કેલીના સમયે કોઈ બે સારા શબ્દો સાંભળવા મળે તો

પણ અર્ધી મુશ્કેલી દૂર થઇ જાય છે. સંતોની વાણી અને આશિષ મડદામાં પણ પ્રાણ ફુંકવા સમર્થ છે.

એક વખત પૂ.બા જગ્યામાં સત્સંગ સભામાં પધાર્યા હતાં. કિર્તન - સત્સંગથી વાતાવરણ પવિત્ર થઇ ગયું હતું. આ પ્રસંગે સત્સંગ સભામાં ગોરડકા ગામના એક ભરવાડ વૃધ્ધ માજી દર્શને પ્રવેશ્યા. પૂ.બાને વંદન કરી ઉદાસ ચહેરો લઇને સામે ભક્તો વચ્ચે બેસી ગયા. બાએ કહ્યું : "બા, શું ચિંતામાં છો ?"

માજીએ રડમસ ચહેરે કહ્યું : "બા, ઠાકરે દિકરો તો આપ્યો છે. નામે ય સરસ મજાનું કશ્યપ રાખ્યું છે પરંતુ એ બોલી શકતો નથી."

બાએ કહ્યું : "ઠાકર દયા કરશે અને એ બોલતો થશે. બોલતો થાય એટલે પાળિયાદ આવી દર્શન કરાવી જજો."

ઠાકરની દયાથી થોડા સમયમાં જ કશ્યપ ધીમે ધીમે બોલતો થઇ ગયો.

માજી તથા ઝાલાભાઇ ભરવાડ પરિવાર પુત્રને લઇને પાળિયાદ દર્શન કરાવવા લાવ્યા. પુત્રના બોલતા થવાથી પિતાના આનંદનો કોઇ પાર નહોતો. તેમણે જગ્યામાં રસોઇ આપી અને પૂ.બાને વારંવાર નમન કર્યા.

આમ, સમજી શકાય તેવી વાત છે કે સંતની કૃપા અને ઠાકરની ઈચ્છા હોય તો ભક્તિ માર્ગે ચાલનારનું સંકટ નિવારણ અવશ્ય થાય છે. પૂ.બાનો એક નિર્ણય છે કે, "ઠાકરના નામે આવતું ઠાકરના નામે વાપરવું" આ સિધ્ધાંત મુજબ આ જગ્યામાં સદાય અન્નક્ષેત્ર ધમધમતું રહે છે. આ અન્નક્ષેત્રમાં કોઇ ભેદભાવ નથી. મનુષ્ય માત્ર તેનો લાભ લે છે. યાત્રાળુઓને પણ ભાવથી ભોજન પ્રસાદ પ્રાપ્ત થાય છે. આમ આ સ્થળ વર્તમાન સમયમાં સુંદર રીતે વિકસતું જાય છે.

સંસ્થામાં પૂ.અમરાબાપુએ ગૌશાળાનો સુંદર વિકાસ કર્યો હતો. આજે આ ગૌશાળાને આદર્શ ગૌશાળા બનાવવાનું શ્રેય પૂ.બા શ્રી નિર્મળાબાને જાય છે. ગૌશાળા બણકલ ગૌશાળા તરીકે ઓળખાય છે. પૂ.મોરારિબાપુના વરદ્ હસ્તે તા.૨૮-૧૦-૨૦૧૫ના દિવસે આ પૂર્ણ સુવિધાયુક્ત ગૌશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વિશાળ જગ્યામાં સુંદર છાપરાના છાંયે બાંધ્યા સિવાય મુક્ત વિહરતી અને શેઇડમાં આમ તેમ હરતી-ફરતી મુક્ત ગૌમાતાને જોઇ પ્રસન્નતા થાય છે. સ્વચ્છતા, સુવિધા, લાઇટ, પાણી અને છાયાની વ્યવસ્થા જોઇને હર્ષ થાય છે કે અહીં ગૌમાતા પણ જાણે કે સ્વર્ગના સુખનો અનુભવ કરે છે. તમામ અદ્યતન સુવિધાથી ઓપતી આ સુંદર ગૌશાળા ખરેખર દર્શનીય છે. હાલ આ ગૌશાળામાં ૬૫૦ ગૌમાતાઓ ઉપરાંત અન્ય પશુઓ પણ રખાયેલ છે. જે સૌને ભાગ્યશાળી માનવાનું મન થાય છે.

આપણી હિન્દુ સંસ્કૃતિમાં ગૌધનનું મહત્વ સમજાવવું પડે તેમ નથી. ગાયનું દૂધ સાત્ત્વિક, શક્તિવર્ધક અને રોગ પ્રતિકારક શક્તિ ધરાવતું શ્રેષ્ઠ દૂધ છે એ વાત વૈજ્ઞાનિક પરિક્ષણોથી પણ સાબિત થઇ ચૂકી છે. પહેલાના અતિ પ્રાચીન સમયમાં જ્યારે નાણાંનું અસ્તિત્વ નહતું ત્યારે ગાયને ધન ગણવામાં આવતું. જેની પાસે જેટલી ગાયો વધુ તેટલો તે વ્યક્તિ વધુ ધનવાન ગણાતો. આજે સમાજ દ્વારા દૂઝતી ગાયને

પૂજવામાં આવે છે અને ઘરડી ગાયને પ્લાસ્ટિક ખાવા છોડી દેવાય છે અથવા પાંજરાપોળમાં ભરતી કરાય છે. આ જોઈને અંતરમાં ખૂબ દૂ:ખ થાય છે, પરંતુ જ્યારે આવી કોઈ સુંદર ગૌશાળા જોવા મળી જાય ત્યારે એમ થાય છે કે હજી માણસનો આત્મા સાવ મરી ગયો નથી. તેને જો ધર્મના માર્ગે ચાલીને જગાડી શકાય તો રસ્તે રઝળતી ગૌમાતાના સાચા આશિષ અને લાભ મેળવી શકાય.

જગ્યામાં દર્શને આવતા યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે, શાંતિથી દર્શન કરી શકે, સત્સંગ કરી શકે અને વિશ્રામ લઈ શકે તે માટે વધારાના ઓરડાઓ અને તેમા સારી સુવિધા મળી શકે તેવું નિર્માણકાર્ય જેમ સાધન ઉપલબ્ધ બને તેમ તેમ કરાઈ રહ્યું છે. હાલમાં પણ ઉતારાના ઓરડાઓનું કામ શરૂ છે. અહીં આવતું નાણું ઠાકરની તિજોરીમાંથી આવે છે. ઠાકરે મોકલેલ ધનને ઠાકરના કામમાં વાપરી ઠાકરના ભક્તોને સુખરુપ વિસામો મળે એ રસ્તે સંસ્થા તન, મન, ધનથી કામ કરતી જોવા મળે છે.

ગૌશાળા અને ઉતારા વ્યવસ્થા ઉપરાંત અનેક સમાજસેવી પ્રવૃત્તિઓ પણ ચાલે છે અને પૂ.બાના સંચાલનમાં તેમાં પ્રાણ ફૂંકાઈ રહ્યો છે. પૂ.ઉનડબાપુના સમયથી આ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો જેનો આજે ખૂબ વિસ્તાર થયેલ જોવા મળે છે. અહીં અનેક પ્રકારના મેડીકલ કેમ્પ, રોગ નિદાન કેમ્પ, નેત્ર યજ્ઞ કેમ્પ તથા આરોગ્ય વિષયક આવશ્યક સેવાઓ જરૂરીયાતવાળા દર્દીઓને વિના મૂલ્યે મળી રહે છે.

ગરીબ, દુ:ખી, અસહાય, વિધવા તેમજ ત્યક્તા બહેનોને અનાજ તથા નાણાંકિય સહાય જગ્યા તરફથી આપવામાં આવે છે. આવી સેવા ગામે ગામ જ્યાં જરૂરી લાગે ત્યાં પહોંચીને આપવામાં આવે છે.

ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને કેળવણી પ્રાપ્ત કરવા માટે પણ સહાય આપવામાં આવે છે. આનંદની વાત તો એ છે કે ધર્મ, જ્ઞાતિ, વર્ગ જેવા કોઈપણ ભેદભાવ સિવાય પરિસ્થિતિ અનુસાર જ્યાં જરૂરી લાગે ત્યાં જરૂર મુજબની સેવા પહોંચાડાય છે.

પૂ.નિર્મળાબાના લગ્ન જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ગામ માંડાવડના દરબારશ્રી પૂજાવાળા સાહેબ સાથે થયેલ છે.

પૂ.શ્રી નિર્મળાબાના પુત્રી ગાયત્રીબાએ પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. ગાયત્રીબાના લગ્ન અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ગામ કાતરના દરબારશ્રી દાદબાપુના પુત્ર શ્રી ભયલુભાઈ વરુ સાથે થયેલ છે. તેમણે રાજકુમાર કોલેજમાં શિક્ષણ મેળવેલ છે. ગાયત્રીબા પણ પોતાના માતુશ્રીનું અનુસરણ કરીને જગ્યામાં સેવા આપી રહ્યા છે.

સૌરાષ્ટ્રના કાઠી અશ્વો વિશ્વપ્રસિધ્ધ છે. આજે તે લુપ્ત થવાને આરે છે ત્યારે આ જગ્યામાં તેના સંવર્ધન માટે અશ્વશાળા છે. કાઠી ભરત, મોતીકામ, વાસણો, દેગડા, કુંભ વગેરે પ્રાચીન હસ્તકલાની ચીજો અહીં મોટા પ્રમાણમાં સચવાઈ છે. આ રીતે આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિના રક્ષણનું કામ પણ થઈ રહ્યું છે.

ગોમા નદીના તીરે વસેલ આ દિવ્ય તિર્થસ્થાન સૌ માટે ધર્મ, શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે. દર અમાસે અહીં માનવમેળા જેવું દશ્ય સર્જાય છે. પગે ચાલીને, વાહનો લઈને પોતાની શ્રધ્ધાના બળે ઈચ્છિત

ફળ મેળવવા ઈચ્છતા અને મેળવી શકેલા ઠાકરના કૃપાપાત્ર ભક્તો અહીં આવીને માનતા પૂરી કરે છે અથવા માનતા માને છે. સવારથી સાંજ સુધી લોકપ્રવાહ આ તિર્થમાં આવતો જતો રહે છે. જાણે કે અસંખ્ય ઝરણાઓ ગંગામૈયાને ભેટવા નાચતા કૂદતા ખળખળી રહ્યા હોય એવો અમાસનો દિવસ હોય છે.

પૂ.ઉનડબાપુ વાચનના ખૂબ રસિયા હતા. શાસ્ત્રગ્રંથો હાથમાં આવે એટલે ખાવું - પીવું પણ વિસારે પડી જતું. આજ રીતે પૂ.બા શ્રી નિર્મળાબાને પણ વાચન ખૂબ પ્રિય છે. કોઈ સારું ચિંતનાત્મક પુસ્તક કે વિશાળ સમજૂતી આપતો ધર્મગ્રંથ હાથમાં આવી જાય તો તેમાં રસપૂર્વક ઉંડા ઉતરી જાય છે. જગ્યાની જવાબદારી ઉઠાવવા છતાં કશુક સારું વાંચી લેવાનો સમય તેઓ કોઈ પણ પ્રકારે કાઢી જ લે છે.

આ રીતે આપણે જાણીએ છીએ કે આ જગ્યાના મહંતો સમાજ સાથે હંમેશા જોડાયેલા રહે છે. જગ્યાની આ પરંપરા પૂ.બા નિર્મળાબા પણ પુરા ખંતથી નિભાવી રહ્યા છે. તુલસીદાસજીએ રામાયણમાં લખ્યું છે કે,

"પરહિત સરિસ ધરમ નહીં ભાઈ"

આપણી આ અને આવી સૌરાષ્ટ્રની ઓળખ જેવી દેહાણ જગ્યાઓ વર્તમાન સમયમાં પણ લોકો માટે એક મોટા વિસામારુપ છે. જ્યાં અંતર ઠરે ત્યાં પ્રભુ હાજરાહજૂર હોય છે. આ જગ્યામાં પ્રવેશતા જ અંતર ઠરે છે. જાણે કે આપણને કોઈ રક્ષા કવચ મળી ગયું, જાણે કે આપણને ઠાકરે શરણાગત માનીને સ્વીકારી લીધા. આવો અનુભવ થવો એ જ સાચો ધર્મ છે, એ જ સાચો ધાર્મિક છે, એ જ સાચો ભક્ત છે.

• • •

## બાળ ઠાકરશ્રી પૃથ્વીરાજબાપુ

પ.પૂ.શ્રી વિસામણબાપુથી લઈ આજ પર્યંત જ્યાં પેઢીએ પેઢીએ સવાયા પીર એવી પીરાયું પ્રગટે છે અને પૂ.મોરારીબાપુનાં શબ્દોમાં કહીએ તો **શ્રી વિહળ થી શ્રી નિર્મળ** સુધીની પરંપરા એવી પ.પૂ.શ્રી વિસામણબાપુની જગ્યા - પાળિયાદમાં પુત્ર રૂપે ઠાકરનું અવતરણ થાય એવી સમસ્ત વિહળ પરિવાર અને ધર્મપ્રેમી સેવક સમાજની પ્રબળ લાગણી, પ્રાર્થના અને માનતાયુના ફળ સ્વરૂપે પૂ.અમરાબાપુ પછી ૭૦ વર્ષે ઠાકર કૃપાએ અને પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહંતશ્રી નિર્મળાબાની ભક્તિ ફળ સ્વરૂપે ઠાકરની સેવામાં સમગ્ર જીવન સમર્પિત કરી, જગ્યાનાં સર્વતોમુખી વિકાસ માટે અથાગ પુરુષાર્થ કરતા, સેવા પરાયણ આદરણીય પૂ.શ્રી ભયલુબાપુ અને પૂ.શ્રી ગાયત્રીબાને ત્યાં તા.૧૪-૦૩-૨૦૧૭નાં રોજ બાળઠાકરશ્રી પૃથ્વીરાજબાપુનું અવતરણ થયું.

ભાવી ઠાકરનાં પ્રાગટ્યથી સમગ્ર વિહળ પરિવારમાં આનંદ, ભક્તિ અને શ્રધ્ધાનાં ઘોડાપૂર ઉમટ્યા. સર્વત્ર આનંદ છવાયો. ઠાકરે સૌની પ્રાર્થના સાંભળી.

આપણી દેહાણ પરંપરામાં પાળિયાદની આ જગપ્રસિધ્ધ જગ્યાની ધર્મગાદી પર બિરાજતા મહંતમાં સૌ પ્રત્યક્ષ ઠાકરનાં ભાવથી ભક્તિ કરતાં હોય છે.

પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર મહંતશ્રી નિર્મળાબાનાં ખોળામાં બિરાજતા પૂ.પૃથ્વીરાજબાપુમાં **" બંદઉ બાળ રૂપ સોઇ રામુ "** એ ભાવે બાળઠાકરનાં દર્શન કરી સૌ ધન્યતા અનુભવે છે.

## શાસ્ત્રસાર

" ન ચોર હાર્યમ્ ન ચ રાજહાર્યમ્ ।
ન ભ્રાતૃભાજ્યમ્ ન ચ ભારકારી ।
વ્યયે કૃતે વર્ધત એવ નિત્યમ્ ।
વિદ્યાધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્ ॥

આપણા વિદ્વાન ત્યાગપૂર્ણ અને ધર્મમય જીવનના ઉદાહરણ રૂપ ઋષિમુનિઓએ આપણને એવો સમૃધ્ધ જ્ઞાનનો વારસો આપ્યો છે કે જીવનને સાર્થક બનાવી શકાય.

જ્ઞાન કે વિદ્યા શું છે ? એનું મહત્વ એક નાના શ્લોક દ્વારા કેટલું સરસ રીતે ઋષિએ સમજાવ્યું છે ! " જેને ચોર ચોરી શકતો નથી, રાજા છીનવી શકતો નથી, જેમાં ભાઈઓ ભાગ પડાવી શકતા નથી કે જેનું કોઈપણ પ્રકારનું વજન લાગતું નથી, જે વાપરવાથી સતત વધતું જાય છે , એ વિદ્યારૂપી ધન બધાજ પ્રકારના ધનમાં શ્રેષ્ઠ ધન છે."

ઈશ્વરે વેદોની રચના કરી આ વેદજ્ઞાન બ્રહ્માજીના મુખેથી પ્રગટ થઈ ઋષિપરંપરામાં આવ્યું. ચાર વેદના મૂળ જ્ઞાનને ઋષિઓએ ઉપનિષદ્દ, શ્રુતિ, સ્મૃતિ, પુરાણગ્રંથો બ્રાહ્મણો અને અનેક પ્રકારના શાસ્ત્રોમાં વિભાજીત કરીને સમજી શકાય તેવું સરળ બનાવ્યું. ઉપવેદોની પણ રચના થઈ અને આમ કરતા આ જ્ઞાન વેદાંત સુધી પ્રસરતુ રહ્યું. આ બધુ સાહિત્ય મહર્ષી વેદવ્યાસના મુખેથી આપણાં સુધી પહોંચ્યું. વેદવ્યાસ કોઈ એક વ્યક્તિ નથી એ સમયના વિદ્વાનોના સમૂહે પોતપોતાની રીતે જ્ઞાનનો વિસ્તાર કર્યો. મૂળ આદિસ્વરૂપ વેદવ્યાસે આ જ્ઞાનપ્રાગટ્યનો પ્રારંભ કર્યો હતો એટલે પાછળથી આ જ્ઞાન પરંપરામાં જે જે વિદ્વાન ઋષિઓએ ફાળો આપ્યો તે બધા જ વેદવ્યાસ તરીકે ઓળખાયા. ઋગ્વેદ, યજૂર્વેદ, અથર્વવેદ અને સામવેદ એમ ચાર વેદ મુખ્ય માનવામાં આવે છે. આયુર્વેદ અને અન્ય વિવિધ વિષયો ઉપરના અન્ય કેટલાક ગ્રંથોને ઉપવેદ મનાય છે.

વેદોની ભાષા ખૂબજ અઘરી અને સમજવા માટે મુશ્કેલ હતી. આથી વેદનો અભ્યાસ કરનાર ઋષિઓને સરળ બનાવવું જરૂરી લાગ્યું. અનેક ઋષિઓએ તેનો ઊંડો અભ્યાસ કરીને પોતાને જે અને જેટલું સમજાયું તે અને તેટલું પોતાની રીતે સરળ બનાવીને લખ્યું. આ પ્રયાસથી વેદ આધારિત અનેક ગ્રંથોની રચના થઈ જેને જે તે ઋષિના નામથી ઓળખવામાં આવે છે.

વેદના સમયથી લઈને વેદાંત સુધીમાં આવું થોકબંધ જ્ઞાનલક્ષી સાહિત્ય આપણને મળ્યું, પરંતુ

છેલ્લી આઠ-દસ સદીમાં આ સાહિત્યમાંથી ઘણા ખરાનો આપણી ગુલામ અવસ્થામાં નાશ કરાયો અને ઘણું ખરું દેશમાંથી પગ કરીને વિદેશમાં ચાલ્યું ગયું. આપણા દુર્ભાગ્યે આપણા માટે આ એક કલંકરૂપ પ્રકરણ છે.આ છતાં - જે બચ્યુ છે એ પણ આપણે એક જ્ઞાનલક્ષી પ્રજા છીએ એવું ગૌરવ લેવા માટે પુરતું છે.

જીવનનો પાયો જો સદ્‌જ્ઞાન ઉપર આધારિત હોય તો જીવન જીવવા અને માણવા લાયક બની રહે છે. આમ તો, આખું જીવન જ્ઞાનની તરસ છીંપાવવા ક્ષણે ક્ષણ ઉપયોગમાં લઈએ તો પણ પૂર્ણજ્ઞાની બની શકાતું નથી. જ્ઞાનનો કોઈ અંત નથી પરંતુ અનંત સાગરની જેમ વિસ્તરેલું છે અગત્સ્ય મુનિ જેટલી તો આપણી શક્તિ નથી કે એક અંજલિમાં સંપૂર્ણ સાગરને શોષી લઈએ, પરંતુ આપણા મસ્તિષ્કમાં સમાઈ શકે તેટલું જ્ઞાન પણ સંઘરી શકાય તો ફાયદો જ ફાયદો છે,ગુમાવવાનું કશું જ નથી.

આપણે આ ગ્રંથમાં પૂ. આપા વિસામણના જીવનને કેન્દ્રમાં રાખી અને તેમની વારસાઈ પરંપરા સુધીની વાત કરી. આપણે તો તેમના જીવનના જાણીતા અંશો જ અહીં પામી શક્યા તેમનાં અજાણ પાસાઓને જાણી શકવાની શક્તિ આપણામાં નથી. જ્ઞાન હિમશિલા જેવું છે, તેના બહાર દેખાતા ભાગ કરતાં સમુદ્રના જળમાં ડૂબેલો ભાગ વધુ વિશાળ હોય છે. એવી રીતે જ્ઞાનની ટોચ જોઈને આપણે પોતાને મહાજ્ઞાની માની લઈએ છીએ. પરંતુ સમુદ્રના પેટાળમાં જે અગાધ જ્ઞાન વિસ્તરેલું છે તેનો આ અંશભાગ પણ નથી હોતો !

આપણે આ પ્રકરણમાં મુખ્યત્ત્વે ભક્તિમાર્ગને કેન્દ્રમાં રાખીને થોડી શાસ્ત્રચર્ચા કરી તેનો સાર મેળવવાનો પ્રયાસ કરવો છે. ભક્તનું જીવન કેવું હોય છે તે અહીં જોયા પછી ભક્તિના પ્રકાર, ભક્તિ દૃઢ કરવાના માર્ગો, ભક્તનો ઈશ્વર સાથે સંબંધ અને ભક્ત ઉપર ઈશ્વરની કૃપા રૂપ સિધ્ધિઓ જેવા મુદ્દા ઉપર થોડી શાસ્ત્ર આધારિત વાતો જાણીએ.

●

## : ભક્તિના પ્રકાર :

શાસ્ત્રો ભક્તિને નવ પ્રકારમાં વહેચે છે. આ બાબત આપણે ‘નવધાભક્તિ’ તરીકે જાણીએ છીએ આ નવધા ભક્તિને સમજીએ.

### ૧.વંદન :

મનુષ્ય, પશુ, પક્ષી, દરેક જીવમાં એક જ પરમાત્મા વસેલા છે; એવી સમજણ સાથે જીવવું જોઈએ. સહુ સાથે નમ્રતા અને આદરપૂર્વકનો વ્યવહાર રાખવો જોઈએ. સાધુ-સંત- વડીલ અને પ્રભુની પ્રતિમાને ભાવપૂર્વક કરાતુ વંદન પણ એક ભક્તિનો જ પ્રકાર છે. વંદનથી આપણામાં વિવેક પ્રગટે છે અને અહંકારથી

દૂર રહી શકાય છે. જગતમાં બે પ્રકારના વૃધ્ધો હોય છે વયવૃધ્ધ અને જ્ઞાનવૃધ્ધ- આ બંને વંદનને પાત્ર છે. એકની વય આપણાંથી મોટી છે એટલે તેમને વંદન કરવા એ વિવેક છે. જ્યારે બીજાનું આપણાંથી વયમાં નાનો હોવા છતાં જ્ઞાની વધુ છે. આમ બંને વંદનને પાત્ર છે.

## ૨.ચરણ સેવા :

સંત- સાધુ વિદ્વાન અને વડીલ આ બધાની ચરણ સેવા કરવાનો અવસર ભાગ્યશાળીને જ મળે છે. જ્યારે પણ આવો અવસર મળે ત્યારે સંત, સાધુ, વિદ્વાન, વડીલ, દરિદ્ર કે રોગીની સેવાનો અવસર ચૂકવો નહીં. આમ કરવાથી પ્રભુ ભક્ત ઉપર પ્રસન્ન રહે છે. પોતાની સ્થિતિ મુજબ કોઈપણ પ્રકારનું સેવાકાર્ય કરવાથી ભક્તિ પ્રબળ બને છે. સંતની અને સાધુની સેવા જ્ઞાન અને આશીર્વાદ આપે છે. વડીલ, દરિદ્ર અને રોગીની સેવાથી એ ત્રણેય પ્રસન્ન થાય છે. તેમને આશીર્વાદ આપવા નથી પડતાં પણ આપણી સેવાથી તેમના અંતઃકરણમાં જે આનંદ અને તૃપ્તિ થાય છે, એ સ્વયંભૂ આશીર્વાદ થઈ જાય છે. તેમનો અંતરાત્મા પ્રસન્ન થતા આપણા માટે તે મનોમન શુભકામના કરે છે. જે આપણને ભક્તિના માર્ગે ચાલવાનું બળ પ્રદાન કરે છે. પ્રભુના ચરણને સ્પર્શીને આંખે લગાડીએ છીએ એ જ રીતે અહીં ઉલ્લેખ કરાયેલા સૌ માટે પરમાત્મભાવ રાખીને વર્તવાથી ભક્તિના માર્ગે આપણું એક ડગલું આગળ મંડાય છે. ભક્તિને ખાંડાની ધાર કહેવાઈ છે, ત્યારે સેવાકેન્દ્રી રહેવાથી શૂળીનો ઘા સોયથી સરે છે. જીવન સમૃધ્ધ બને છે.

## ૩. શ્રવણ-કીર્તન :

ધર્મ પ્રત્યે ભક્તિના માર્ગે ચાલતા આપણી જિજ્ઞાસા જાગૃત થાય છે. જે આપણને ધર્મના માર્ગ તરફ દોરી જાય છે. કથાશ્રવણ કરવું, કીર્તન દ્વારા હરિગુણ ગાવા, નામ-જપ કરવા જેવી પ્રવૃતિઓથી ભક્તિ સન્માર્ગે વળે છે. કથાએ મનોરંજન નથી સદ્‌ગુણ કેળવાની એક સામૂહિક પાઠશાળા છે અને એવી નિષ્ઠા સાથે કથાશ્રવણ થઈ શકે તો અનેક સદ્‌ગુણો આપણી અંદર પ્રગટી શકે ભક્તકવિઓએ પોતાના હૃદયના ભાવથી રચેલા કીર્તન એક એક કડીમાં એક એક શાસ્ત્રનું જ્ઞાન આપી શકે છે. પાનબાઈએ ભક્તિભાવથી રચેલા ફક્ત બાવન ભજનમાં સમગ્ર શાસ્ત્રોનો સાર આવી જાય છે. કથાકારના શબ્દો કે કીર્તનકારના શબ્દએ સામાન્ય શબ્દો નથી હોતા. તેને ગંભીરતાથી લેવાનો ભાવ આપણામાં પ્રગટાવી શકીએ તો પછી જ્ઞાનના પ્રવાહને આપણા અંતરમાં સમાવી ભક્તિમાર્ગે નિર્ભયતાથી ચાલી શકાય. આમ શ્રવણ - કીર્તન નામસ્મરણ ભક્તિનો ત્રીજો પ્રકાર છે.

## ૪.ધર્માદર :

ધર્મનું પ્રાગટ્ય જ માણસને માણસ બનાવવા માટે થયું છે. એટલે ઈશ્વરના સ્વરૂપને એક ક્ષણ માટે પણ વિસારે ન પાડવું. ધર્મે પ્રબોધેલા બધા સદ્‌ગુણો જો ઈશ્વરનું વિસ્મરણ ન થાય તો આપણામાં સ્વયંભૂ પ્રગટે છે. ધર્મ દંડ કરતા ક્ષમાને મોટી માને છે. અસત્ય કરતા સત્યનું સમર્થન કરે છે. ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખીને જીવવાની વાત કરે છે. શાસ્ત્રો કહે છે "અતિ સર્વત્ર વર્જયેત્ " કોઈપણ પ્રકારની અતિશયતા નુકશાનકારક છે. આપણે માણસ છીએ. એથી સમજી શકાય કે ક્યારેક દૂર્બળ ક્ષણ જીવનમાં આવી જાય, પરંતુ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરરૂપી આપણા દુશ્મનોને ધર્મના સિધ્ધાંતો જ નિયંત્રણમાં રાખી શકે. આમાંથી કોઈ એકનું પણ વર્ચસ્વ આપણા ઉપર અસર કરી જાય તો ભક્તિમાર્ગે ચાલીને પગથિયા ચડતા આપણને ક્ષણમાત્રમાં ખીણમાં ગબડાવી શકે છે. નિર્મળતા ઉપર જણાવેલ દુશ્મનોના આક્રમણને ખાળવાનું અમોઘ શસ્ત્ર છે. ધર્માદર દ્વારા આપણી અંદર નિર્મળતા પ્રગટે છે, જે આપણને સંસાર જગતના દોષોથી બચાવે છે. માત્ર જ્ઞાન સાંભળવાથી ભક્ત નથી થઈ શકાતું પણ આ ધર્મપ્રેરિત જ્ઞાનને જીવનમાં આચરણમાં મૂકી શકીએ તો પછી ભક્તિમાર્ગ તરફ આગળ વધી શકવાની આપણી શક્તિ બેવડાઈ જાય છે. ધર્માદર ધાર્મિક જીવન દર્શાવે છે.

## ૫. સાધના :

ધર્માદર પ્રગટ થતાં ભક્તને ધર્મસાધના તરફ ડગ માંડવાની જાગૃતિ પ્રાપ્ત થાય છે. આ ક્રમ મુજબ તે સાધના તરફ વળે છે. શરીર-મન અને હૃદયના આનંદ અને શુધ્ધિકરણ માટે આ સાધનાપથ અત્યંત સહાયક બનીને ભક્તિ માર્ગમાં આગળ દોરી જાય છે. યમ, નિયમ, ધ્યાન, પ્રાણાયમ અને યોગના માર્ગે સમજણપૂર્વક યોગ્ય રીતે આગળ વધી શકાય છે. જ્ઞાનીઓ આ માર્ગ વધુ પસંદ કરે છે. પરંતુ તેના ભયસ્થાનો પણ છે. સાધનાથી એકાગ્રતા પ્રગટે છે, લક્ષ્ય નિર્ધારીત થાય છે. પ્રભુદર્શન અને પ્રભુ સાથે વાર્તાલાપ કરી શકવાની પણ ક્ષમતા પ્રગટ છે. આ માર્ગ ભક્તિ સાથે જ જોડાયેલ હોવાથી થોડો વિકટ હોવા છતાં ભક્તિને દૃઢ કરે છે. સાધનાથી સિધ્ધિ પ્રાપ્ત થાય છે. જો આ સિધ્ધિનો સદ્ઉપયોગ થાય તો સિધ્ધ બને છે અને દુરૂપયોગ થાય તો અધમગતિને પામે છે. ભક્ત સિધ્ધ હોય છે અને પોતાની શક્તિ સત્કાર્ય માટે વાપરતા જોવા મળે છે.

## ૬.દેવત્વ :

ભક્તિ જેમ જેમ દૃઢ થતી જાય છે તેમ તેમ ભક્તમાં દૈવીગુણો અવતરે છે. દાન, દયા, જપ, તપ, યજ્ઞ જેવા કર્મ કરવાની વૃતિ ભક્તમાં જાગે છે. સંપન્ન ભક્ત દાન કરીને સંતોષ મેળવી શકે છે. દયા કરનાર ભક્ત પણ એ દયાના કારણે ભક્તિમાર્ગે ચાલે છે. જપ કરનાર ભક્તનો સંબંધ ઈશ્વર સાથે જોડાય છે અને તેની

સઘળી ચિંતા ઈશ્વર કરે છે. તપ એ સાધનાનો ઉગ્ર પ્રકાર છે. દેહને કષ્ટ આપીને થતા તપથી આપણી પાત્રતા ઉભી થાય એટલે ઈશ્વર સ્વયં આવીને દર્શન આપે છે તેમજ ઈચ્છિત વરદાન પ્રાપ્ત કરી શકાય છે. જે ભક્તમાં સમર્થ્ય હોય તે સામર્થ્ય અનુસાર યજ્ઞના માર્ગે પણ ભક્તિ કરી શકે છે રાજા દશરથે પુત્રેષ્ઠી યજ્ઞ દ્વારા ચાર સંતાન પ્રાપ્ત કર્યા હતા. જેમાં રામ આજે પણ ઈશ્વરનો અવતાર ગણાય છે અને પૂજાય છે. આ રીતે દેવત્ત્વ સુધી ધીમે ધીમે આપણને દોરી જાય એવી શક્તિ ભક્તિમાં છે.

## ૭.ગુણોદય :

હાડ-ચામનાં પીંડ તરીકે જન્મતા આપણે પ્રભુકૃપાથી જો ભક્તિના માર્ગે ચાલીએ તો સદ્‌ગુણોના અધિકારી બની શકીએ છીએ. જો આમ ન થાય તો આપણા અને પશુ-પ્રાણીમાં કોઈ અંતર રહેતું નથી. ભક્તિમાર્ગ ઉપર ચાલવાથી આપણી અંદર જે પરિવર્તન આવે છે તે ગુણલક્ષી હોય છે. ભક્તિ આપણને ઈશ્વર સન્મુખ લાવીને ખડા કરી દે છે. ઈશ્વર સમીપ હોવાથી દુર્ગુણો આપણાથી દૂર ભાગે છે અને ગુણોદય થાય છે. મનુષ્ય તરીકે આપણી નબળાઈઓ આપણને છોડીને નાસવા લાગે છે. ભક્તિરૂપી ગંગાજળ પવિત્રતા તરફ દોરી જાય છે અને આપણે માનવીય વર્તન કરવા પ્રેરાઈએ છીએ. આમ જ્યારે સદ્‌ગુણોનો પ્રભાવ આપણા ઉપર વધે છે. ત્યાર પછી ભક્તિમાર્ગમાં વિઘ્નો આવી શકતા નથી. આપણી ગાડી આ માર્ગ ઉપર પૂરપાટ ચાલવા લાગે છે આમ- ગુણોદયથી પ્રભુ પ્રસન્ન રહે છે, અને તેના હૃદયમાં ભક્ત તરીકેનું સ્થાન આપણે મેળવી શકીએ છીએ.

## ૮.ભજનભાવ :

ભગવાન ત્યારે જ ભક્તને આધીન થાય છે જ્યારે તેનો ભજનભાવ હૃદયના ઊંડાણથી પ્રગટે છે. નરસિંહ મહેતાની જેમ કેદારો રાગ ગાઈ એટલે પ્રભુ હાજર થઈ જાય છે. સંસારમાં રહીને દરેક સંસારીકાર્ય નિષ્કામ ભાવે કરવા છતાં આપણી વૃત્તિ ઈશ્વરમાં સ્થિર રહે છે. આઠે પહોર આનંદમાં રહીને પ્રભુ પાસે ભક્તિ દ્વારા જઈ શકાય છે. હરિ સ્મરણ વગરની કોઈ ક્ષણે ન રહી જાય એવી જાગૃતિ સાથે ભજનભાવ જળવાઈ રહે ત્યારે ભક્ત અને ભગવાન એક થઈ જાય છે. ઉઠતા, બેસતા, ચાલતા, સૂતા, જાગતા જ્યારે ભક્ત હરિનું નામ સ્મરણ ચૂકતો નથી, ત્યારે હરિ તેને પોતાનો ગણી હૈયે ચાંપે છે.

## ૯.શરણાગતિ :

આ બધા જ વિકલ્પો પાર કર્યા પછી ભક્ત પોતાનું મહત્ત્વ વિસારી શકે છે. જ્યારે આમ ભક્તિ તરબોળ થાય છે ત્યારે ઈશ્વર સાથે એકાત્મભાવ જન્મે છે. ભક્ત અને ભગવાનમાં કોઈ જુદાપણું રહેતું નથી. શરણાગતિ સ્વીકારી ભક્ત ઈશ્વરની દરેક ઈચ્છા મસ્તકે ચડાવે છે. એથી સુખ-દુઃખ દ્વંદ્વથી છૂટી જાય છે. કોઈ

પણ આપત્તિ સમયે તે ગાઈ ઉઠે છે. " ભલું થયું ભાંગી જંજાળ, સુખથી ભજશું શ્રી ભગવાન " આવી પાત્રતા આવતાં ભક્તને પોતાના દુઃખ કરતા બીજાના દુઃખ મોટા લાગે છે અને તેના નિવારણ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રાર્થનાનો નિયમ છે કે આપણે કરીએ તે કરતા કોઈ બીજું આપણા માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરે તો પ્રભુ જલ્દી સાંભળે છે. આમ, પ્રભુના શરણાગત થઈને રહેવું એ ભક્તિમાર્ગનું ટોચનું પગથિયું છે. શરણાગત થયા પછી આપણી જવાબદારી ઈશ્વર સંભાળી લે છે. આથી જ ભક્તોની પ્રાર્થના સાંભળી તેમના કામ ઈશ્વર પ્રેમથી કરે છે. શરણાગત થવાથી ભક્તિ પૂર્ણ બને છે અને ભક્ત જગતના સંકટો માટે પ્રાર્થના કરી પ્રભુ પાસે ધાર્યું કરાવી શકે છે.

આમ આ નવ પગથિયા ભક્તિનું રહસ્ય સમજાવે છે. તેમાં પણ રાધાજીએ પ્રબોધેલ પ્રેમલક્ષણા ભક્તિના સહારે અનેક ભક્તો તરી ગયા છે. પ્રભુ ગીતામાં કહે છે કે " જે કોઈ પણ પ્રકારની આસક્તિ રાખ્યા સિવાય અનાસક્ત ભાવે મને પ્રેમથી ભજે છે એ મને સૌથી વહાલો લાગે છે. "

આમ પ્રભુને પ્રાપ્ત કરવાનો, જીવનને ઉન્નત બનાવવાનો સૌથી સરળ માર્ગ ભક્તિ અને પ્રભુપ્રેમ છે. આકરાવ્રત, તપ, અનુષ્ઠાન કરી શકવાની શક્તિ કે તૈયારી ન હોય તો બસ હૃદય ખોલીને પ્રભુને પ્રેમ કરીએ અને રાત્રિ-દિવસ તેની ભક્તિમાં મસ્ત રહીએ એટલે ભગવાનને આપણી મુક્તિ માટે આવવું જ પડે છે.

●

## : ભક્તિ દૃઢ કરવાના માર્ગો :

નરસિંહ મહેતાએ ગાયું છે કે,

'ભૂતળ ભક્તિ પદારથ મોટો બ્રહ્મલોકમાં નાંહી રે..."

પ્રભુ પાસે પહોંચવાના ચાર રાજમાર્ગ શાસ્ત્રોએ દર્શાવ્યા છે (૧) જ્ઞાનયોગ (૨) કર્મયોગ (૩) ધ્યાનયોગ અને (૪) ભક્તિ યોગ. આ ક્રમ અનુસાર પ્રથમ માર્ગ અઘરો છે કે જે જ્ઞાન સાથે જોડાયેલ હોવાથી અમુક કક્ષાના મુમુક્ષુઓ જ આ માર્ગે જાય છે. બીજો માર્ગ કર્મયોગનો છે, જે કર્મ પ્રધાન છે. તેથી દરેક કર્મ કરવામાં જાગૃતિ રાખવી પડે છે. ત્રીજો માર્ગ ધ્યાનકેન્દ્રી છે. એક પ્રકારની આધ્યાત્મિક પાત્રતાથી આ માર્ગે ચાલવાનું હોય છે અને ચોથો માર્ગ ભક્તિમાર્ગ છે જે જનસાધારણ માટે અતિ સરળ છે. માત્ર ઈશ્વરને પ્રેમ કરો અને તેને સમર્પિત થઈ પોતાનું જીવન જીવો એટલે પ્રભુ સામે ચાલીને આપણી પાસે આવે છે. તે શરણાગતનો આધાર કહેવાય છે આથી શરણાગત બની ભક્તિમાર્ગે પગલું માંડતા જ એ બે ડગલા સામે ચાલે છે.

## ૧.જ્ઞાનયોગ :

જ્ઞાન અંગે આપણે આગળ વાત કરી ગયા કે જ્ઞાનને કોઈ સીમાડા નથી બાંધી શકાતા. ગમે તેટલું પ્રાપ્ત કરવા છતાં પૂર્ણજ્ઞાનની કક્ષા આવતી નથી. ભક્તિ કરવા માટે બીજું તો ઠીક પણ ઈશ્વર અંગેનો કોઈ પ્રાથમિક વિચાર તો હોવો જોઈએ ને ? હિન્દુ ધર્મમાં જ્ઞાનનો આશ્રય લઈને ઈશ્વરના વિવિધ ગુણાત્મક સ્વરૂપોની કલ્પના કરવામાં આવી છે. જેમ કે શિવ એટલે કલ્યાણ અને ઐશ્વર્ય આપનાર દેવ, વિષ્ણુ એટલે મોક્ષ અને લક્ષ્મીનો આશીર્વાદ વરસાવતા દેવ, બ્રહ્મા એટલે જ્ઞાન-ચિંતન અને સાધના દ્વારા પ્રાપ્તિ કરાવનાર દેવ અને શક્તિ એટલે આપણને રક્ષનાર દેવી.

ખૂબ ચિંતન, મનન અને અર્થપૂર્ણતા સાથે આપણાં વિવિધ દેવદેવીઓની કલ્પના કરવામાં આવી છે. જ્ઞાનયોગમાં શાસ્ત્રો કેન્દ્રમાં હોય છે અને શાસ્ત્રાજ્ઞા અનુસાર આપણે ભક્તિના માર્ગે ચાલવાના કેટલાક નિયમોને અનુસરવા પડે છે. આ નિયમો આપણે ગુરૂ પાસેથી જાણી તેમના માર્ગદર્શન મુજબ આગળ વધી શકીએ છીએ.

જ્યાં જ્ઞાનની વાત આવે ત્યાં સાથે સાથે તર્ક પણ આવે છે. આથી અનેક પ્રકારની મૂંઝવણ તેમજ મતમતાંતર ઊભા થાય છે જ્ઞાનનો પાયો તર્ક છે. તર્કથી જ શરૂઆત કરીને સદ્‌જ્ઞાન સુધી પહોંચી શકાય છે. આમ તર્ક કેટલાક ભ્રમ પણ ઊભા કરે છે. આ પરિસ્થિતિમાં ભક્તિ માર્ગે ચાલવું મુશ્કેલ બની રહે છે. ગમે ત્યારે કોઈ તર્ક પેદા થઈ આપણને ભ્રમમાં નાખી શકે છે. શાસ્ત્રોમાં અનેક ગુરૂઓ કર્યા પછી પણ માર્ગ ન મળ્યાના અનેક દાખલા જોવા મળે છે.

જ્ઞાનયોગનો માર્ગ અધિક લાંબો છે, તેના માટે ધીરજની ખૂબ આવશ્યકતા છે. સામાન્ય દૃષ્ટાંતથી આ વાત સમજીએ તો પરીક્ષામાં અનેક વખત નાપાસ થવા છતાં જો પ્રયત્ન ચાલુ રહી શકે. તો એક વખત એવો આવે પણ ખરો કે આપણે પાસ થઈ જઈએ!

જ્ઞાનને સત્ય સાથે ગાઢ સંબંધ છે. જ્ઞાન તે જ કહેવાય કે જે સત્ય સાબિત થઈ શકે જો આમ નથી તો આગળ જતાં જે તે જ્ઞાન અવશ્ય અસત્ય સાબિત થાય છે અને પોતાનું મહત્વ ગુમાવે છે આ વાત એના જેવી છે કે કોઈ વ્યક્તિ સમાજમાં ખૂબ આદરમાન મેળવતી હોય પરંતુ જો તેનામાં તે માટેની પાત્રતા ન હોય અને દંભ હોય તો ગમે ત્યારે એ સત્ય બહાર આવે છે અને તેના આદરમાનનો અસ્ત થઈ શકે છે.

આથી જ્ઞાનયોગના માધ્યમથી ભક્તિ પ્રાપ્ત જરૂર થઈ શકે પરંતુ એ મખમલનો એવો ગાલીચો છે કે, જેની અંદર તીક્ષ્ણ સોયો જડેલી છે. નરી નજરે ન દેખાતી આ સોયો તેના ઉપર ચાલતી વખતે કષ્ટ આપે છે. જ્ઞાનયોગના માર્ગે ચાલીને ભક્તિ પ્રાપ્ત કરવાનું અશક્ય તો નથી પરંતુ દુષ્કર જરૂર છે. આથી જ્ઞાનના માર્ગે જે એક કક્ષા સુધી પહોંચી ચૂક્યા છે તે આ માર્ગને પસંદ કરી શકે છે. ધન અને જ્ઞાન આ બે વસ્તુ અહંકારની જનેતાઓ છે. આથી આ માર્ગે સમજી -વિચારીને જ જઈ શકાય.

## ૨.કર્મયોગ :

ભક્તિને પ્રાપ્ત કરવા કર્મયોગનો માર્ગ પણ પસંદ કરી શકાય. પરંતુ અહીં પણ એ વાત યાદ રાખવી જરૂરી છે.

" જેવી કરે છે કરણી, તેવી તુરત ફળે છે.
બદલો ભલા-બુરાનો અહીં ને અહીં મળે છે."

અથાત્ કર્મની ગતિ ન્યારી છે. કીડીને પણ ઈજા ન થાય તેનું ધ્યાન રાખનારના હાથે કતલ થઈ જાય એવું પણ શક્ય છે. એટલા માટે જ કહેવાય છે કે "જ્યારે અનેક જન્મના શુભ સંચિત કર્મ ભેગા થાય છે ત્યારે એક મહાપુરૂષનો જન્મ થાય છે." ભક્તિમાર્ગ પણ કર્મપ્રધાન તો છે જ. ભક્ત દ્વારા થતી આરાધ્યની આરાધના એ કર્મ જ છે. હવે જો પ્રભુનું નામ સંકીર્તન ચાલતું હોય, ધૂન બોલાતી હોય, તાળીઓના તાલ પડી રહ્યા હોય, જીભ નામ સ્મરણ કરી રહી હોય અને આપણું મન કોઈ મલ્ટીપ્લેક્ષ થીયેટરમાં આવેલ નવી ફિલ્મના પડદા સુધી પહોંચી ગયું હોય તો આને કેવું કર્મ કહીશું? આપણું પારબ્ધ ત્રણ પ્રકારના કર્મથી ઘડાય છે. (૧) સંચિત કર્મ (૨)ક્રિયમાણ કર્મ અને (૩) પારબ્ધ કર્મ. ગત જન્મના કર્મ એ આપણા સંચિત કર્મ સ્વરૂપે સારી કે નબળી મૂડી છે. તેના આધારે આપણને આ જન્મ મળ્યો હોય છે. હવે, આ જન્મમાં આપણે જે કર્મ કરીએ તે ક્રિયમાણકર્મ કહેવાય છે અને આ પછીના જન્મના તે સંચિત કર્મ બને છે. આથી આ જન્મના અનુભવ ઉપરથી સમજીને આ જન્મે સદ્કર્મ તરફ વળીએ તો આ જન્મના પ્રારબ્ધફળના પ્રમાણમાં આવતા જન્મે વધુ સારુ પ્રારબ્ધ પ્રાપ્ત થઈ શકે?

આમ આ કર્મના ચક્રવ્યુહને ભેદીને વ્યક્તિ વિકાસ કે પડતીના માર્ગે પ્રતિ જન્મમાં આગળ-પાછળ પછડાતો રહે છે. આથી કર્મજાગૃતિ આપણા સારા પ્રારબ્ધ માટે અતિશય આવશ્યક છે.

આ જીવન દરમ્યાન ભક્તિમાર્ગ ઉપર ચાલી, ઈશ્વરના આદેશાનુસાર જીવન જીવી, સ્વકલ્યાણને બદલે પરકલ્યાણને વધારે મહત્વ આપી જાગૃત મનુષ્ય તરીકે જીવન જીવીશું તો તે આપણાં હિતમાં હશે. પ્રભુ આપણને ઘટનાઓ દ્વારા ચેતવે છે. જો તે સમજાઈ જાય તો કર્મ સન્માર્ગે વળી શકે છે, પરંતુ જો ન સમજાય તો એ કંઈ કાન પકડીને આપણને પાછા વાળવા નથી આવતો. આમ, યોગ્ય કર્મની પસંદગી કરી, યોગ્ય માર્ગે ચાલી સત્કર્મોની મૂડી મેળવનાર ભક્તિમાર્ગ ઉપર સફળતાપૂર્વક ચાલી શકે છે.

## ૩. ધ્યાન યોગ :

સાંસારિક વિટંબણાઓ વચ્ચે સ્થિર મનથી કરવાની આ ક્રિયા ધ્યાનયોગના માર્ગથી ઓળખાય છે. આપણું શરીર એક નાનકડું બ્રહ્માંડ છે એટલે જ ઋષિઓએ શાસ્ત્રમાં લખ્યુ છે કે "પિણ્ડે સૌ બ્રહ્માંડે, બ્રહ્માંડે સૌ પિણ્ડે"

આમ, આપણા શરીરના સામર્થ્યથી આપણે સાવ અજાણ છીએ. જેટલી શક્તિઓ બ્રહ્માંડમાં કાર્ય કરી રહી છે તે બધી જ શક્તિઓ અંશ સ્વરૂપે આપણા શરીરમાં પણ રહેલ છે. નવાઈ લાગે એવી આ વાત છે. પરંતુ આધુનિક વિજ્ઞાને પણ આ વાતને સ્વીકારી છે. વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે આપણા જીવન દરમ્યાન આપણે જે શક્તિઓનો ઉપયોગ કરીએ છીએ તે એક ટકા કરતાંય ઓછી હોય છે એટલે કે આપણી સો ટકા શક્તિમાંથી આપણે માત્ર એક ટકા કરતાં પણ ઓછી શક્તિનો ઉપયોગ કરીએ છીએ. જે લોકો પોતાના જીવનમાં શ્રેષ્ઠ કામ કરી જાય છે તે પણ એક કે બે ટકાથી વધુ શક્તિ વાપરતા નથી, વાપરી શકતા નથી. આનો અર્થ એવો થઈ શકે કે આપણામાં ઈશ્વરે અમાપ ક્ષમતા મૂકી છે.

ધ્યાનયોગથી ભક્તિમાર્ગે ચાલવાના પ્રશ્ને આ વાત અગત્યની છે. આપણે જ્યારે ધનુષ્યમાંથી બાણ છોડીએ છીએ ત્યારે પણછને ખેંચીએ છીએ. જેટલી શક્તિથી આ પણછ ખેંચવામાં આવે તેટલે દૂર સુધી આ તીર જાય છે અને જેટલી ચોક્કસાઈથી લક્ષ્ય નોંધવામાં આવે છે, તેટલું લક્ષ્ય સિધ્ધ થાય છે. આમ ધ્યાનયોગથી એકાગ્રતા,મનની કેન્દ્રિતતા અને લક્ષ્ય પ્રત્યેની નિષ્ઠા જન્મે છે. જે ભક્તિમાર્ગે ચાલવામાં ખૂબ સહાયક બને છે. કવિએ કહ્યું છે કે " મન કે હારે હાર હૈ મન કે જીતે જીત " આમ મનવિજય એ ભક્તિમાર્ગ પર ચાલવા માટેનું પ્રથમ ચરણ છે. ધ્યાન ક્રિયાથી મન કેન્દ્રિત થઈ માર્ગ સરળ બનાવે છે.

ધ્યાન સહજ સાધ્ય નથી. તે કઠિન પરિશ્રમ અને સાધના માગતી ક્રિયા છે, પરંતુ ધીમે ધીમે ધ્યાન સ્થિર થયા પછી આપણા વિચારો વિશાળ બને છે. વ્યક્તિગતને બદલે વિશ્વગત વિચાર પ્રબળ બને છે. ધ્યાન સિધ્ધ થયા પછી થયેલ આપણી ઉર્જાશક્તિનો વધારો ભક્તિમાર્ગે હસતા-રમતા ચાલી શકવાનું સામર્થ્ય આપે છે. ધ્યાનનો વિષય ખૂબ ગહન છે. પરંતુ એ ગહન ગુફામાં એક વખત પ્રવેશી શકાય તો સ્વર્ણિમ પ્રકાશ આપણને સત્કારવા ત્યાં તત્પર હોય છે. જ્ઞાનયોગ, કર્મયોગ અને ધ્યાનયોગ ભક્તિના માર્ગને સરળ અને પ્રકાશવાન બનાવે છે.

## ૪.ભક્તિ યોગ :

જન સાધારણ માટે સરળતાથી ઉપલબ્ધ જ્ઞાન, કર્મ કે ધ્યાનના વજન વગરના આ ભક્તિયોગની કેટલીક સાધારણ શરતો છે. જે પળાય એટલે પ્રભુપ્રાપ્તિ સરળતાથી થઈ શકે છે.

આ માર્ગે ચાલવાથી જ્ઞાન આપણને દોરે છે, કર્મ આપણને સત્ય તરફ વાળે છે અને ધ્યાન આપણને આપણાં લક્ષ્ય સુધી દોરી જાય છે, પરંતુ આ માટે આપણે સમર્પિત, શ્રધ્ધાવાન અને આસ્થાપૂર્ણ હોવા જોઈએ.

સમર્પણ, શ્રધ્ધા અને આસ્થાથી શરણાગત ભાવ જન્મે છે. શરણાગતિ એ એવું છત્ર છે કે પછી બીજી કોઈપણ સાધનની જરૂર રહેતી નથી. દૃષ્ટાંત સમજીએ તો સિમેન્ટના પાકા મકાનમાં બેઠા હોઈએ અને

વરસાદ વરસે તો છત્રીની જરૂર પડે ખરી?

ભક્તનું સમર્પણ,ભક્તની શ્રધ્ધા, ભક્તની આસ્થા અનેક વિઘ્નોને પાર કરીને પ્રભુના ચરણ સુધી પહોંચી શકે છે. પ્રભુ સમજી જાય છે કે આના ઉપર હવે મારે કૃપાદૃષ્ટિ કરવી જ જોઈએ આમ "પ્રભુકૃપા હિ કેવલમ્"ભક્તના હૃદયને ભીંજવી શકે છે.

ભક્તિમાર્ગ કલિકાલમાં તો શ્રેષ્ઠ માર્ગ છે. કારણ કે અત્યારના અનેક પ્રકારના પ્રલોભનો વચ્ચે સંત-મહાત્માઓ પણ ગોથાં ખાઈ જાય છે. ત્યારે સામાન્ય માણસનું શું ગજુ ? જગતના પ્રપંચોથી દૂર રહી એકનિષ્ઠાથી ઈશ્વરની ભક્તિ કરનારને બીજી કોઈ ચિંતા રહેતી નથી. સંસારમાં રહીને પણ પ્રભુને મેળવી શકવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે.

ધર્મના જુદા જૂદા વિચારોમાં અનેક માર્ગ જોવા મળે છે. પરંતુ જ્યારે આપણાં અને અન્યના કલ્યાણ અંગે વિચારીએ ત્યારે ભક્તિમાર્ગ સરળ લાગે છે.

સમાજ આજે પણ એવા ભક્તોનો ઋણી છે અને તેમને ભાવપૂર્વક યાદ કરે છે જેમણે ઈશ્વરપ્રાપ્તિ અને લોકો માટે પોતાના દેહ ઘસી નાખ્યાં. પૂ.વિસામણબાપુ આ દૃષ્ટિએ પોતાની રીતે ઠાકરને રીઝવવામાં સફળ થાય છે. આજે પણ તેમનું નામ આદરપૂર્વક લેવાય છે અને લોકોની મનોવાંછના પુરી થાય છે.

આમ, જ્ઞાન, કર્મ, ધ્યાન અને ભક્તિ એકબીજાની સાથે જોડાઈને એક બીજાને સહાયક બને છે, પરંતુ ભક્તિમાર્ગ ઉપર ચાલીને પ્રભુને સામે જ ઉભેલા જોવા હોય તો આજથી જ પ્રારંભ કરી દઈએ. ઈશ્વર આ માર્ગે સાવ હાથવગા છે.

●

## ભક્તનો ઈશ્વર સાથે સંબંધ :

ભક્ત અને ઈશ્વર વચ્ચે સીધો સંબંધ હોય છે. ભક્તિના અંતિમ પગથિયે જ્યારે ભક્ત પગ મૂકે છે ત્યારે સામે જ વૈકુંઠ, કૈલાસ, બ્રહ્મલોક અને શક્તિલોકનું દ્વાર આવી જાય છે. આ દ્વારને ખોલવા નથી પડતા ઈશ્વરના જે સ્વરૂપમાં ભક્તની દૃઢ આસ્થા હોય છે તે મુજબના માર્ગે તે પ્રભુના દ્વારે પહોંચે છે. અહીં પહોંચતા જ પ્રભુસ્થાનના દ્વાર આપમેળે ખૂલી જાય છે. પ્રભુના પાર્ષદો, ગણો, સેવકો કે સેવિકાઓ ભક્તને માન-આદર સાથે પ્રભુના જે તે સ્વરૂપ સન્મુખ ઉભા કરી દે છે.

સમગ્ર જીવન દરમ્યાન તેણે જે ભક્તિપૂર્ણ જીવન પ્રસાર કર્યું હોય તેના લેખા-જોખા થઈને પ્રભુ તેને તેનું કર્મફળ આપી તે મુજબ પોતાની પાસે સ્થાન આપે છે. જ્યાં સુધી તેનું પૂણ્યફળ સમાપ્ત નથી થતું ત્યાં સુધી તે ભક્ત આત્માને પૃથ્વી ઉપર પુનઃ જન્મ લેવો નથી પડતો. શાસ્ત્રો તો ભક્તિના ફળને શાશ્વત પણ ગણાવે

છે. ભક્તની કક્ષા જો અત્યંત ઉચ્ચ પ્રકારની હોય તો આવા ભક્તોનો આત્મા ઈશ્વર સાથે જોડાઈ તેમના સ્વરૂપમાં વિલિન થઈ જાય છે. આ કક્ષાએ પહોંચેલ ભક્તને પછી પૃથ્વી ઉપર પુનઃજન્મ નથી લેવો પડતો આત્મા અને પરમાત્માની વચ્ચે એક એવું ઐક્ય સધાઈ જાય છે કે પછી તે બંને ભિન્ન રહેતા નથી.

પોતાના સુખ અને આનંદ માટે જીવે તેને સાધારણ મનુષ્ય ગણી શકાય. પરંતુ સૌના આનંદ માટે જીવનનો ઉપયોગ કરે તેને ભક્તિનો માર્ગ સહજપણે મળી જાય છે. ભકત બનવા શ્રધ્ધા, આસ્થા, સમર્પણ અને શરણાગતિના ગુણ આપણી અંદર પ્રગટાવવા જોઈએ. શ્રધ્ધા આપણી ભક્તિને દૃઢ કરે છે, આસ્થા આ શ્રધ્ધાને ટકાવી રાખે છે. સમર્પણ આપણને અન્ય માટે જીવતા શીખવાડે છે અને શરણાગતિ આપણને નિર્ભય બનાવે છે.

ભક્તિમાં જ્યારે આપણે આ સ્થિતિ પ્રાપ્ત કરીએ ત્યારે આપણે ભક્ત બન્યાનો આનંદ મેળવી શકીએ. કોઈ પણ વ્યક્તિ ભક્ત છે કે નહીં ? ભક્તિ તેને વરી છે કે નહીં ? આ બાબત કોઈને કહેવી પડતી નથી. સમાજ જેમ ભક્તની કસોટી કરે છે તેમ પ્રભુની કસોટીમાંથી પણ તેને પાર ઉતરવું પડે છે. આ કસોટીઓ કે જે સમાજ કરે કે ઈશ્વર તેમાંથી નિષ્ઠાપૂર્વક જે પાર ઉતરે તેના તરફ લોકોનો ભાવ જન્મે છે. ઈશ્વરનો પ્રેમ તેને મળે છે અને ભક્તના બિરુદ માટે લાયક બને છે.

આપણે કોઈપણ ભક્ત કે ઈશ્વરની કૃપાપાત્ર મનુષ્યનું જીવન જોઈએ તો આ વાત સાચી રીતે સમજી શકાય છે.ભક્તના જીવનમાં આગળ વર્ણવેલા ચારેય ગુણ અચૂક જોવા મળે છે. ભક્તની શ્રધ્ધા તૂટતી નથી, ભક્તની આસ્થા ડગમગતી નથી, ભક્ત સમર્પણ કરવામાં પાછી પાની કરતો નથી અને ભક્ત ક્યારેય ભય પામતો નથી કારણકે તે પ્રભુનો શરણાગત હોય છે. આથી જ્યારે આપણને કોઈ સંતપુરૂષના દર્શન થાય ત્યારે આ ચારેય ગુણનો અનુભવ થાય છે. સંત માટે આપણા હૃદયમાં આનંદ થાય છે. સંતમાં આપણને ઈશ્વર દેખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંતો જંગમ (હાલતા ચાલતા) વૃક્ષો જેવા હોય છે. જેની છાંયમાં આપણને શીતળતા મળે છે. જેના રસથી આરોગ્ય મળે છે અને જેના ફળથી પોષણ મેળવીને આપણે આધ્યાત્મમાર્ગે અથવા ભક્તિના માર્ગે પગલા માંડવા સમર્થ બનીએ છીએ.

ભક્તનું જોડાણ જગત કરતા ઈશ્વર સાથે વધુ હોય છે. જગતની ઘટનાઓ તેને વિચલિત કરી શકતી નથી. એ આ માયાજાળથી અલિપ્ત રહીને મસ્ત હોય છે, પરંતુ ઈશ્વરથી સહેજ પણ અંતર પડે તો તે સહન કરી શકતો નથી. તેના મુખમાંથી શબ્દો વહી નીકળે છે કે,

" હે પ્રાણાધાર, મારા પ્રભુ મને તારાથી એક ક્ષણ પણ વેગળો કરીશ નહીં, જગત મારાથી દૂર થઈ જશે તો વાંધો નથી, પરંતુ સદાય મને તારી પાસે રાખજે."

સાચા ભકતના આ શબ્દો ઈશ્વર પણ સાંભળે છે. ભક્તને થતી પીડા પણ ઈશ્વરના પ્રસાદ રૂપે હોય છે જે તેને સતત ઈશ્વર સાથે જોડી રાખે છે.

આમ, ભક્ત અને ઈશ્વર જુદા ભલે લાગતા હોય પરંતુ સાંકળના મંકોડા જેમ એકબીજા સાથે જોડાયેલા હોય તેમ મજબુત રીતે જોડાયેલા હોય છે. આ સાંકળ એવી અતૂટ હોય છે કે તેને જૂદી પાડવી અશક્ય છે.

આથી જ ભક્તના કામ ભગવાન કાયમ કરે છે. જ્યારે ભક્તના કામ થતા સમાજ જૂએ છે ત્યારે સમાજને એનામાં શ્રધ્ધા બેસે છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે શ્રધ્ધાનું બળ કેટલું પ્રબળ હોય છે ! અડગ હિમાલય જેવી શ્રધ્ધા પ્રગટાવીએ એટલે આપણને ભક્તના માધ્યમથી ઈશ્વર દર્શનનો લ્હાવો પ્રાપ્ત થશે એ વાતમાં જરા પણ શંકા રાખવા જેવું નથી.

●

## : ધર્મના ચાર પુરૂષાર્થ :

મનુષ્યે આ જગતમાં જન્મ લઈને જીવન દરમ્યાન ચાર પુરૂષાર્થ કરવાના હોય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેય પુરૂષાર્થ ધર્મ દ્વારા સૂચવાયેલ અર્થમાં કરવામાં આવે તો આપણું જીવન દીપી ઉઠે છે અને સફળ થાય છે. જો આ પુરૂષાર્થ કરવામાં શાસ્ત્રો દ્વારા સૂચવાયેલ સીમાનું ઉલ્લંઘન થાય તો તેટલા અંશે આપણે નિષ્ફળ જીવન પામીએ છીએ. આ ચારેય પુરૂષાર્થ દરેક શાસ્ત્ર સંમત માર્ગે કરવા જોઈએ. આપણને ઈશ્વર દ્વારા પ્રાપ્ત થયેલ જીવન આ પુરૂષાર્થ કરવા માટે અને મનુષ્ય કહેવા લાયક બનવા માટે જ હોય છે.

આજ રીતે આ ચાર પૈકીના પ્રથમ પુરૂષાર્થ ધર્મને પણ શાસ્ત્રો ચાર પ્રકારમાં વહેંચે છે. આમ, જોઈએ તો આપણું જીવન ધર્મ માટે જ હોય છે. પરંતુ ધર્મ કરવા માટેના સાધનો દરેક વ્યક્તિ પાસે સમાન હોતા નથી. કર્મ અનુસાર દરિદ્ર કે શ્રીમંતાઈનું જીવન આપણે પામીએ છીએ. દરિદ્રતાના કેટલાક દુઃખ હોય છે. તેમ શ્રીમંતાઈના પણ કેટલાક દુઃખ જીવનમાં જોવા મળે છે. બીજી રીતે કહીએ તો આપણું જીવન ધૂપ-છાંવ / તડકી-છાંયડી જેવું હોય છે. ગરીબ હોય કે અમીર દુઃખ વગરનો એક પણ માણસ આ પૃથ્વીના પટ પર જોવા મળતો નથી. આ બાબત જ શ્રીકૃષ્ણના કર્મના સિધ્ધાંતને પુરવાર કરે છે.

સારી વાત એ છે કે, ઈશ્વરે એકે એક જીવને ધર્મ કરવાની શક્તિ આપી છે. આમ છતાં, ધર્મના માર્ગે ન ચાલી શકાય તો એ દોષ આપણો છે, નહીં કે ઈશ્વરનો !

આ વાતને સમજાવતાં શાસ્ત્રો લખે છે કે “ ધર્મના ચાર પુરૂષાર્થરૂપી સાધનો એવા છે કે જેમાંનું કોઈ એક સાધન તો દરેકને પ્રાપ્ત થઈ શકે છે. આથી કોઈ એક સાધનથી પણ જીવનને ધર્મમય બનાવી શકાય છે.” આપણે આ ચાર પુરૂષાર્થને અહીં ટૂંકમાં સમજીએ.

જપ, તપ, દાન અને યજ્ઞના નામથી ઓળખાતા આ ચારમાંથી કોઈપણ એક સાધનોનો ઉપયોગ કરવાથી પણ જીવનમાં ધર્મ પ્રવેશીને આપણું કલ્યાણ કરે છે. ચારેય સાધનોનો સાથે ઉપયોગ કરી શકવાની

શક્તિ ઈશ્વરે શ્રીમંતોને આપી છે. પરંતુ લક્ષ્મીમોહ અને સફળતાનો નશો તેમને એવું કરતા રોકે છે. દરિદ્ર પાસે બે જ સાધન હોય છે. પરંતુ દુઃખના રોદણાં રોવામાં તેમને પણ આ બે માંથી એકેય સાધનનો ઉપયોગ કરવાનું જ્ઞાન પ્રગટતું નથી. આમ, શ્રીમંત કે ગરીબ બંનેમાં જે ભાગ્યશાળી હોય તે જ આ સાધનોમાંથી એક સાધનનો સહારો લઈને પણ ધર્મ સિધ્ધ કરી શકે છે.

પ્રથમ બે પુરૂષાર્થ છે, જપ અને તપ. આ દરિદ્ર કે શ્રીમંત બંને કરી શકે છે. કારણકે આ પુરૂષાર્થ કરવામાં ધનની આવશ્યકતા નથી. પ્રભુના નામના જપ કરવામાં કોઈ જાતનો ખર્ચ થાય ખરો ? તપ કરવામાં કોઈ જાતનો ખર્ચ થાય ખરો ? માત્ર આપણને મળેલ આ હાડ-ચામનો દેહ અને તેની અંદર રહેલું ચેતનતત્વ જ્યાં સુધી કાર્યરત હોય ત્યાં સુધી આ બંને પુરૂષાર્થ કરી લેવાથી ધર્મ થાય છે.

બીજા બે પુરૂષાર્થ દાન અને યજ્ઞના છે. જે કરવા માટે ધનની જરૂરિયાત રહે છે. ધનિકો નિર્ધનો કરતા વધારે ભાગ્યશાળી છે કે પ્રભુએ તેમને ધર્મના ચારેય પુરૂષાર્થ કરી શકવાની તક આપી છે. આમ, છતાં એવું જોવા મળે છે કે પ્રભુની વિશેષ કૃપા હોવા છતાં લક્ષ્મીનું ગુમાન અને પોતાને અન્યથી ચડિયાતા સમજવાની ભૂલ ધનિકોને ધર્મમાર્ગે ચાલતા અટકાવે છે. તેની સામે ભલે દુઃખના માર્યા પરંતુ ગરીબો ઈશ્વરથી વધારે નજીક હોય છે.

આપણે જાણીએ છીએ કે ધનથી જ્ઞાન મોટું છે. કારણ કે જ્ઞાન આપણને સાચવે છે. જ્યારે ધનને આપણે સાચવીએ છીએ. કોઈ સંતના શબ્દો છે કે "ધનિકોએ ઈશ્વરને ધનથી સેવવા જોઈએ અને ગરીબોએ નામ સ્મરણથી સેવવા જોઈએ" આ રીતે ધર્મના પુરૂષાર્થ જીવનમાં સિધ્ધ થઈ શકે. રામ નામમાં એવી શક્તિ છે કે પત્થર પણ તરી જાય. તો આપણે તો મનુષ્ય છીએ ! 'હે રામ' 'હે કૃષ્ણ' 'હે શિવ' 'હે જગદંબા' આમાનું કોઈ પણ આપણી જીભ ઉપર સ્થાન લઈ લે એટલે ધર્મનો પ્રવેશ આપણા જીવનમાં સરળતાપૂર્વક થઈ શકે છે.

આપા વિસામણ 'હે ઠાકર' ના જપથી જગતમાં પૂજનીય બની ગયા અને અનેક ભક્તોને તારી ગયા. આપણે પણ ધર્મના કોઈપણ એક પુરૂષાર્થને જીવનમાં ઉતારીને જીવી શકીએ તો પ્રભુ આપણા સુખના પ્રવેશદ્વારને ઉઘાડવા માટે તૈયાર બેઠા છે. જીવનના ચાર પુરૂષાર્થ સાથે ધર્મના પુરૂષાર્થને જોડીને જીવન સફર કાપીએ તો આપણી નાવમાં ન તો ક્યારેય છેદ પડે કે ન તો તેને તોફાન નડે. ધર્મના પુરૂષાર્થ કોઈ પણ હોય તે આપણને જીવન સાગરના સામા કિનારે પ્રભુ પાસે લઈ જાય છે.

●

# : આપણા છ દુશ્મનો :

આપણે સૌ આ છ દુશ્મનોને સારી રીતે ઓળખીએ છીએ. તેમ છતાં તે એવા આકર્ષક, શક્તિશાળી અને મોહી લેનારા છે કે એમાંના કોઈને કોઈ એક અથવા વધુના પંજામાં આપણે સપડાઈએ છીએ આપણે જ્યારે તેના સકંજામાં આવી જઈએ ત્યારે જ આપણને ખબર પડે છે કે, "માર્યા ઠાર - હવે શું કરવું?"

ત્યારે પ્રભુ સાંભળે તો ઠીક છે નહીંતર પછી પીડાઈ પીડાઈને પ્રાણ ત્યાગવા સિવાય કોઈ માર્ગ રહેતો નથી ! આ આપણા પરમ દુશ્મનો છે (૧) કામ (૨) ક્રોધ (૩) મદ (૪) લોભ (૫)મોહ અને (૬) મત્સર.

આ છ એ છ દુશ્મન અદૃશ્ય રહીને કામ કરવાની શક્તિ ધરાવે છે. દરેક આપણી અંદર જ સંતાયેલા છે, છતાં આપણે તેને જોઈ-જાણી શકતા નથી. આપણી અંદર જ રહીને આપણી વિરુધ્ધ ખટપટો કરે છે. છ માંથી કોઈ પણ એક જ્યારે આપણને પીડવાનું શરૂ કરે છે. ત્યારે બીજા બધા પણ આવીને તેને સાથ આપવા ગોઠવાઈ જાય છે. બધા એક બીજા સાથે સંકલન કરીને આપણા વિનાશની યોજના બનાવે છે. ક્યારેક બોમ્બની જેમ એકાએક, તો ક્યારેક ઉધઈની જેમ ધીમે ધીમે કોરી-કરકોલીને આપણને નુકશાન પહોંચાડે છે. જેમ કોઈ વસ્તુ ઉપર ધૂળ જામી ગઈ હોય તો તે ખંખેરવામાં ન આવે ત્યાં સુધી તે શું છે ? તે ખબર પડતી નથી. એ જ રીતે આપણા આત્માને આ છ દુશ્મનો સાથે મળીને એવી રીતે ઢાંકી દે છે કે આત્માને જાગૃત કરી તેના ઉપર ચડેલા સાંસારિક પડ ન હટાવીએ ત્યાં સુધી આપણે આ દુશ્મનો સામે લડી શકતા નથી.

આ દુશ્મનો માત્ર આત્માથી ડરે છે. આમ, આત્મજાગૃતિ એ આ દુશ્મનો માટે મિસાઈલ જેવું કામ કરી શકે છે. કામથી મોહ, મોહથી લોભ, લોભથી ક્રોધ, ક્રોધથી મદ ઉપજે છે અને છેલ્લે મત્સરરૂપી ઈર્ષ્યા આપણો સર્વનાશ કરે છે. આત્માની શક્તિ અમોઘ છે. આત્મજાગૃતિના પરિણામે આ દરેક દુશ્મન સાથે પૂરી તાકાતથી લડી તેમને હરાવી શકાય છે. તેમને ઓળખીને આપણા દેહરૂપી ખોળિયાથી દૂર રાખવા જરૂરી છે. જેથી તેની છાયા આપણા મન ઉપર ન પડે મન ઉપર તેમની છાયા પડવાથી મન આત્માને દૂષિત કરવા મથે છે. આત્મા તટસ્થ હોવાથી તેને કાંઈ અસર થતી નથી. પરંતુ મન સ્વચ્છંદ બનીને આપણા દેહ, વાણી, વૃત્તિને બેફામ બનાવી આ દુશ્મનોના હાથમાં સોંપી દે છે. આમ મન જ દરેક અનિષ્ટ કે ઈષ્ટનું કારણ છે.

શાસ્ત્ર જ્ઞાન અમોઘ છે. જ્ઞાન અનંત છે. જ્ઞાન ઉપર વાત કરતા રહીએ તો ક્યારેય તેનો પૂર્ણવિરામ આવે નહીં, આમ શાસ્ત્રો આપણને જીવન જીવવાનો માર્ગ બતાવે છે. આપણાં ચરિત્રો આપણે જીવન જીવવામાં શું સાવધાની રાખવી તેનું દૃષ્ટાંત પુરૂ પાડે છે.

પૂ.આપા વિસામણ એક મહાન વિભૂતિ હતાં. તેમનું જીવન અને ભક્તિમય આરાધના આપણા માટે પ્રેરક છે. 'ઠાકર' કહેતા જો ઠાકરને આપણી સામે જોવો હોય તો આઠેય પહોર ભક્તિના રસમાં ડૂબેલા રહેવું પડે, દીનદુઃખિયાના આસું લૂછવા પડે. આજે આટલી પેઢીઓ પસાર થઈ જવા છતાં આ જગ્યાની ચેતના થોડી પણ ઓછી થઈ હોય અવું નથી લાગતું. તે આ પ્રભુભક્તિનું ફળ છે જે જીવન સત્‌ના આધારે જીવાય ત્યાં સત્‌ ટકી રહેલ હોય તો તે તેમની ભક્તિ અને કૃપાનું ફળ છે. અનેક ઈચ્છાઓ પૂર્ણ કરવા આશાભેર અહીં ઠાકરના દર્શને આવતા લોકોની આસ્થા પણ ધન્ય છે. જે જગ્યાને જીવતી અને ચેતનવંતી રાખી રહી છે.

ભક્તજીવન વિશે લખવાનું ક્યારેય ખૂટે નહીં. તેમના જીવનની એક એક ક્ષણ ઉપર ચાહીએ તેટલું લખી શકાય. આ પુસ્તકમાં આપણે જે કંઈ વાતો જાણી, જે કંઈ બોધથી માહિતગાર થયા તે તો ટાંકણીના માથા જેટલું પણ ન કહેવાય. આપા વિસામણની આ યશસ્વી, તેજસ્વી અને ઉપકારક વાતો આપણાં જીવનમાં શુભ્રતા લાવે અને આપણે જીવન સાર્થક કરવામાં સફળ બનીએ. આપા વિસામણના જીવનમાંથી પ્રાપ્ત થતા અનારાધાર અમૃતનું જીવનમાં આરાધન કરીએ.

● ॥ ઈતિ શુભમ્ ॥ ●